॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશોક અને એના અભિલેખ

લેખક

હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી



યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના સહયોગ દ્વારા





ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તક—પરિચય

"આ લઘુગ્રંથમાં અશોક અને એના સર્વ જ્ઞાત અભિલેખોનો પરિચય આપવામાં આવ્યો છે. એમાં બૌદ્ધ અનુશ્રુતિઓ અનુકાલીન અને સાંપ્રદાયિક હોઈ, અશોકના પોતાના અભિલેખોની સમકાલીન સામગ્રીને સ્વાભાવિક રીતે વધુ પ્રમાણિત ગણવામાં આવી છે. બૌદ્ધ અનુશ્રુતિમાં તો અશોક ચંડાશોકમાંથી ધર્માશોક બની બૌદ્ધ ધર્મના અભ્યુદય તથા પ્રસારમાં કેવો ફાળો આપે છે એ બતાવ્યું છે, જ્યારે એના અભિલેખો પરથી એ મહાન રાજવીના ઉદાત્ત ધર્મ-અધિશીલનનો તથા ધર્મ-અનુશાસનનો તાદૃશ તથા પ્રમાણિત ખ્યાલ આવે છે. આનુષંગિક રીતે અશોકે ભારતનાં તત્કાલીન ભાષા, લિપિ, અભિલેખ, કલા, સ્થાપત્ય ઈત્યાદિમાં ગણનાપાત્ર પ્રદાન કરેલું છે, પરંતુ એનું સહુથી કીમતી—અમૂલ્ય પ્રદાન રહેલું છે એની ઉદાત્ત ધર્મભાવનામાં તેમ જ તેના પ્રસારને લગતા એના અથાગ ઉત્સાહમાં. એના અભિલેખોમાં અભિવ્યક્ત થયેલો ધર્મ આજે પણ સાંસ્કૃતિક અભ્યુદય તથા સર્વજનકલ્યાણની ભાવનાનો સંદેશો આપે છે."

[ આમુખમાંથી

કિંમત : રૂ. ૬—૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશોક અને એના અભિલેખ

લેખક
હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના સહયોગ દ્વારા

ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશોક અને એના અભિલેખ

લેખક

હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના સહયોગ દ્વારા

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ-૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમ આવૃત્તિ ] [ ૧૯૭૨

© ગુજરાત યુનિવર્સિટી

કિંમત : રૂ. ૬-૮૦

મુદ્રક
જિતેન્દ્ર મગનલાલ પુરોહિત
કાર્યકારી વ્યવસ્થાપક,
ગુજરાત યુનિવર્સિટી પ્રેસ
અમદાવાદ-૯

પ્રકાશક
કંચનલાલ ચંદુલાલ પરીખ
કુલસચિવ,
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્વબોલ

સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણની પરિપાટીને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. આમ છતાં ઉચ્ચ શિક્ષણના અભિલાષી વિદ્યાર્થીઓના જ્ઞાનની ક્ષિતિજો સર્વાંશે વિસ્તરી નથી. પરિણામે યુનિવર્સિટી-વિદ્યાર્થીના જ્ઞાનજગતનો વ્યાપ વામણો ભાસે છે. વિદ્યાર્થીઓને યોગ્ય વાચનસામગ્રી પૂરી પાડવાના હેતુથી તથા શિક્ષણનું માધ્યમ દરેક રાજ્યમાં તેની પ્રાદેશિક ભાષા હોવી જોઈએ એ દ્વિવિધ હેતુને લક્ષમાં લઈ ઉચ્ચ કોટિના પ્રમાણિત ગ્રંથ પ્રાદેશિક ભાષામાં અધિક સંખ્યામાં પ્રકાશિત થાય તે માટે ભારત સરકારે પ્રત્યેક રાજ્યને એક કરોડ રૂપિયા ફાળવીને આ કામ દરેક રાજ્ય સરકારને સોંપેલ છે. આ હેતુથી ગુજરાત રાજ્યે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં વિદ્યાવિષયક પ્રકાશનો ઉપલબ્ધ કરવા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ રચી તેને આ કામ સોંપેલ છે.

આ યોજના હેઠળ મૌલિક ગ્રંથો તેમ જ અંગ્રેજી તથા અન્ય ભાષાઓના પ્રમાણભૂત ગ્રંથોના અનુવાદ તૈયાર કરવા માટે ગુજરાતના અનુભવી, સન્નિષ્ઠ અને વિદ્વાન પ્રાધ્યાપકોની સેવા મેળવી આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા બોર્ડે બીડું ઝડપ્યું છે તે માટે સૌના સહકારની અપેક્ષા છે.

આ યોજના હેઠળ પ્રકાશિત થતાં પ્રકાશનોમાં ગુજરાત યુનિવર્સિટી પ્રકાશિત પરિભાષા તથા ગુજરાતી ભાષાની પ્રતિભાને અનુરૂપ હોય તેવી અન્ય પ્રયોગશીલ પરિભાષાનો ઉપયોગ કરવાની નીતિ અપનાવેલ છે

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને વિના વિલંબે ગુજરાતી ગ્રંથો મળી રહે તે હેતુથી આ યોજના અન્વયે ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તૈયાર થયેલ 'અશોક અને એના અભિલેખો' પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવું છું. શ્રી. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી જેવા વિદ્વાન, સન્નિષ્ઠ અને અનુભવ અધ્યાપકને હાથે આ ગ્રંથ લખાયો છે તે આનંદની વ ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાત યુનિવર્સિટીએ ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરવાની પોતાની યોજના હેઠળ તૈયાર થયેલ અને આવા બીજા ગ્રંથો યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહયોગી પ્રકાશનની યોજના હેઠળ પ્રકાશિત કરવાની સંમતિ આપી તે બદલ કુલપતિશ્રી ને સિન્ડિકેટના સભ્યો તથા કુલસચિવ ને પ્રકાશન અધિકારીનો હું ખાસ આભાર માનું છું.

બોર્ડના સભ્યો તથા વહીવટી સેવકવર્ગે આ કાર્યમાં જે ઉત્સાહ બતાવ્યો છે તેની નોંધ લેતાં મને ખુશી ઊપજે છે.

આશા છે કે ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત આ ગ્રંથ તદ્‌વિષયક વિદ્યાર્થીઓનો તથા અધ્યાપકોનો આવકાર પામશે.

આશા રાખું છું કે કૉલેજોના આચાર્યો આ ને આવા ગ્રંથોની થોકપ્રતો પોતાનાં પુસ્તકાલયો અને પાઠ્યપુસ્તક ગ્રંથાલયોમાં વસાવી આ પ્રવૃત્તિને પગભર બનાવશે.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ<br>
અમદાવાદ—૬.<br>
૨૫ જૂન, ૧૯૭૨.

ઈશ્વરભાઈ પટેલ<br>
અધ્યક્ષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશક-સંસ્થાનું નિવેદન

શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાને વધુ વ્યાપક બનાવવાના હેતુથી વિદ્યાર્થીઓ માટે ગુજરાતીમાં વાચનસામગ્રી ઉપલબ્ધ કરવા ગુજરાત યુનિવર્સિટીએ કેટલીક યોજનાઓ ઘડી છે. વિવિધ ક્ષેત્રો અને વિષયો પર અધિકારી વિદ્વાનો પાસેથી આધારભૂત માહિતી મળે તે માટે લઘુગ્રંથો તૈયાર કરવાની યોજનાનો પણ તેમાં સમાવેશ થાય છે. જુદા જુદા વિષયોમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાના જે અભ્યાસક્રમો યુનિવર્સિટીએ નિયત કરેલા છે તેને વિશદ રીતે સમજવામાં વિદ્યાર્થીઓને ઉપકારક નીવડે તે આ યોજનાનો મુખ્ય હેતુ છે. આ યોજના હેઠળ ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી કૃત "અશોક અને તેના અભિલેખો" એ પુસ્તિકા પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે.

ડૉ. શાસ્ત્રી જેવા અનુભવી અને સન્નિષ્ઠ પ્રાધ્યાપકના હાથે આ પુસ્તક તૈયાર થયેલ છે તે આનંદની વાત છે. આ કામ માટે ખાસ વખત કાઢીને ટૂંક સમયમાં હસ્તપ્રત તૈયાર કરી આપવા બદલ હું તેમનો આભારી છું.

આ પુસ્તક પ્રકાશન અંગેનું તમામ ખર્ચ આપવા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્યે સ્વીકાર્યું હોઈ તે અંગેની યોજના અન્વયે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે યોજના માટે અમે બોર્ડના અને તેના સંચાલકોના આભારી છીએ.

આશા છે કે ઇતિહાસના શિક્ષકો અને વિદ્યાર્થીમિત્રો ઉપરાંત આ વિષયમાં રસ ધરાવતી અન્ય વ્યકિતઓને પણ આ પુસ્તિકા ઉપયોગી નીવડશે.

ગુજરાત યુનિવર્સિટી, કં. ચં. પરીખ
અમદાવાદ--૯. કુલસચિવ.
જૂન ૨૭, ૧૯૭૨.
સૌર આષાઢ ૬, ૧૮૯૪ (શક).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

ગઈ સદીના પૂર્વાર્ધ દરમિયાન 'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા'ના શૈલલેખો, સ્તંભલેખો અને ગુફાલેખો ઉકેલાયા ને પ્રકાશિત થયા તથા એ રાજા મૌર્યવંશનો સમ્રાટ અશોક હોવાનું માલૂમ પડયું ત્યારથી ભારતના પ્રાચીન ઇતિહાસમાં અશોક મૌર્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. 'ભારતના અભિલેખોના સંગ્રહ'ના ગ્રંથ ૧ તરીકે ૧૮૭૭માં અશોકના અભિલેખોનો પહેલો સંગ્રહ પ્રકાશિત થયો ત્યારથી એના અભિલેખોનો પદ્ધતિસર અભ્યાસ થતો રહ્યો છે. સમય જતાં અશોકના વધુ ને વધુ અભિલેખ મળતા રહ્યા છે, જેમાં કંદહારમાં મળેલો ગ્રીક તથા અરામાઇક શૈલલેખ ખાસ નોંધપાત્ર છે. અશોકના અભિલેખોના નવા નવા સંગ્રહ પણ અવારનવાર પ્રકાશિત થતા રહ્યા છે. એમાં સંવત ૨૦૨૨(ઈ.સ. ૧૯૬૫--૬૬)માં પ્રસિદ્ધ થયેલ **अशोक के अभिलेख** નામે સંગ્રહ અદ્યતન છે. અશોક વિશે ભારતના પ્રાચીન ઇતિહાસમાં ખાસ પ્રકરણ લખાયાં છે, એટલું જ નહિ, એને વિશે નાનામોટા અનેક સ્વતંત્ર ગ્રંથ પણ લખાતા રહ્યા છે.

આ લઘુગ્રંથમાં અશોક અને એના સર્વ જ્ઞાત અભિલેખોનો પરિચય આપવામાં આવ્યો છે. એમાં બૌદ્ધ અનુશ્રુતિઓ અનુકાલીન અને સાંપ્રદાયિક હોઈ, અશોકના પોતાના અભિલેખોની સમકાલીન સામગ્રીને સ્વાભાવિક રીતે વધુ પ્રમાણિત ગણવામાં આવી છે. બૌદ્ધ અનુશ્રુતિમાં તો અશોક ચંડાશોકમાંથી ધર્માશોક બની બૌદ્ધ ધર્મના અભ્યુદય તથા પ્રસારમાં કેવો ફાળો આપે છે એ બતાવ્યું છે, જ્યારે એના અભિલેખો પરથી એ મહાન રાજવીના ઉદાત્ત ધર્મ-અધિશીલનનો તથા ધર્મ-અનુશાસનનો તાદૃશ તથા પ્રમાણિત ખ્યાલ આવે છે. આનુષંગિક રીતે અશોકે ભારતનાં તત્કાલીન ભાષા, લિપિ, અભિલેખ, કલા, સ્થાપત્ય ઇત્યાદિમાં ગણનાપાત્ર પ્રદાન કરેલું છે, પરંતુ એનું સહુથી કીમતી—અમૂલ્ય પ્રદાન રહેલું છે એની ઉદાત્ત ધર્મભાવનામાં તેમ જ તેના પ્રસારને લગતા એના અથાગ ઉત્સાહમાં. એના અભિલેખોમાં અભિવ્યક્ત થયેલો ધર્મ આજે પણ સાંસ્કૃતિક અભ્યુદય તથા સર્વજનકલ્યાણની ભાવનાનો સંદેશો આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશોકની કલા અને સ્થાપત્યની નમૂનેદાર કૃતિઓના પ્રકાશન અંગે ભારતના પુરાતત્ત્વ સર્વેક્ષણના સૌજન્યનો કૃતજ્ઞતાપૂર્વક ઋણસ્વીકાર કરવામાં આવે છે.

આ લઘુગ્રંથ લખાવવા તથા પ્રકાશિત કરવા ગુજરાત યુનિવર્સિટીનો આભારી છું.

'સુવાસ',
૧૯૨, આઝાદ સોસાયટી,
અમદાવાદ-૧૫.
૭-૩-૧૯૭૧

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


પૂર્વબોલ

પ્રકાશક સંસ્થાનું નિવેદન

પ્રસ્તાવના

ખંડ ૧ : અશોક

પ્રકરણ — પૃષ્ઠ

૧. જીવનરેખા — ૧–૨૦

પ્રાસ્તાવિક ૧, કુલ અને પૂર્વજો ૨, કુમાર અશોક ૩, રાજ્યારોહણ ૩, રાજ્યાભિષેક ૪, 'દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા' ૪, કલિંગનો વિજય અને રાજાનો હૃદયપલટો ૭, બૌદ્ધ ધર્મનો સક્રિય ઉપાસક ૮, પત્નીઓ અને સંતાનો ૧૨, રાજ્યકાલ અને અંતિમ દિવસો ૧૪, સમયાંકન ૧૫.

૨. અભિલેખો — ૨૧–૩૬

શિલાલેખોના પ્રકાર ૨૧, વિષયો ૨૪, સાર ૨૪, લેખોનાં સ્વરૂપ ૩૨, સમયાંકન ૩૪.

૩. રાજ્ય અને એનો વહીવટ — ૩૭–૫૪

રાજ્યવિસ્તાર ૩૭, સરહદી રાજ્યો ૪૧, રાજ્યના અંતર્ગત પ્રદેશો ૪૩, રાજ્યતંત્ર ૪૪, અશોકનું પ્રજા-વાત્સલ્ય ૪૫, પ્રાણીઓ તરફનું વાત્સલ્ય ૪૭, અધિકારીઓ ૪૭, મંત્રી ૪૮, પરિષદ ૪૮, મહામાત્ર ૪૮, દૂત ૪૯, પ્રાંતિક વહીવટ ૫૦, અન્ય અધિકારીઓ ૫૧, સુધારાવધારા ૫૧.

૪. બૌદ્ધ ધર્મનો પ્રભાવ — ૫૫–૬૪

હૃદયપલટો ૫૫, બૌદ્ધ ધર્મનો અંગીકાર ૫૫, સક્રિય ઉપાસક ૫૬, ધર્મોપદેશ ૫૬, શૈલલેખો ૫૭, શિલાસ્તંભો ૫૯, સંઘની અખંડિતતા ૫૯, ધર્મપર્યાયોની ભલામણ ૫૯, સ્તૂપો અને વિહારોનું નિર્માણ ૬૩, બૌદ્ધ ધર્મનો પ્રસાર ૬૩.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૫. ધર્મ-ભાવના ૬૫--૭૫

વિશાળ ધર્મદૃષ્ટિ ૬૫, સર્વધર્મ-સદ્ભાવ ૬૬, ધર્મનું સ્વરૂપ ૬૬, ધર્મનું આચરણ ૬૭, દયાત્મક પ્રબંધો ૭૦, દાન ૭૧, કલ્યાણ ૭૨, ધર્મની વ્યાપક દૃષ્ટિ ૭૩, ધર્મમય જીવનદૃષ્ટિ ૭૩.

૬. ધર્મનો ઉપદેશ અને પ્રસાર ૭૬--૮૪

રાજકુલમાં ધર્મ-પ્રસાર ૭૬, પ્રજાજનોમાં પ્રસાર ૭૭, ધર્મયાત્રા ૭૭, ધર્મપ્રદર્શનો ૭૮, અધિકારીઓ દ્વારા ધર્મોપદેશ ૭૯, ધર્મ-મહામાત્રોની નિમણૂક ૮૧, સાર્વજનિક પરમાર્થનાં કાર્ય ૮૧, હિંસક કૃત્યોના પ્રતિબંધ ૮૨, આત્મપરીક્ષણ અને ધ્યાન ૮૨, ધર્મલેખો અને ધર્મશ્રાવણો ૮૨, ધર્મોપદેશ દ્વારા થયેલો ધર્મ-પ્રસાર ૮૪.

૭. વાસ્તુકલા અને શિલ્પકલામાં પ્રદાન ૮૫--૧૦૧

નગરો ૮૫, પાટલિપુત્રનો રાજપ્રાસાદ ૮૬, સ્તૂપો અને વિહારો ૮૭, સ્મારક સ્તંભો ૯૦, સ્તંભોનું સ્વરૂપ ૯૩, શિરાવટીનું કલાસૌંદર્ય ૯૫, સ્તંભોનાં વિધાન અને સ્થાપન ૯૮, શૈલગૃહો ૯૯, નહેરો ૧૦૦.

૮. અશોકના ઉત્તરાધિકારીઓ ૧૦૨--૧૧૧

૯. અશોક અને મૌર્ય સામ્રાજ્યની પડતી ૧૧૨--૧૧૮

૧૦. ઇતિહાસમાં અશોકનું સ્થાન ૧૧૯--૧૨૮

ખંડ ૨ : અશોકના અભિલેખો

૧. પ્રાસ્તાવિક ૧૩૧--૧૪૧

શોધ, વાચન અને અધ્યયન ૧૩૧, વર્ગીકરણ ૧૩૭, કાલાનુક્રમ અને સંખ્યા ૧૩૯.

૨. લિપિ અને ભાષા ૧૪૨--૧૫૦

લિપિઓ ૧૪૨, અક્ષર વિન્યાસ ૧૪૪, ભાષા ૧૪૪.

૩. આરંભિક ગૌણ શૈલલેખો ૧૫૧--૧૫૩
૪. ચૌદ મુખ્ય શૈલલેખ ૧૫૪--૧૬૦
૫. કલિંગના અલગ શૈલલેખ ૧૬૧--૧૬૩
૬. ગુફાલેખો ૧૬૪
૭. ફલકલેખ ૧૬૫
૮. ગૌણ સ્તંભલેખો ૧૬૬--૧૬૭
૯. સાત મુખ્ય સ્તંભલેખ ૧૬૮--૧૭૨
પરિભાષા ૧૭૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિત્રોની યાદી


૧. અભિલેખોનાં પ્રાપ્તિસ્થાનોનો નકશો
૨અ. અશોકનું રાજ્ય
આ. અશોકના વિદેશી સંપર્ક
૩. અશોકના અભિલેખોની બ્રાહ્મી લિપિ
૪. અશોકના અભિલેખોની ખરોષ્ઠી લિપિ
૫. કોલુહા સ્તંભ
૬. લૌરિયા-નંદનગઢ સ્તંભ
૭. રામપુરવા સ્તંભની સિંહ-શિરાવટી
૮. સાંકિસા સ્તંભની ગજ-શિરાવટી
૯. રામપુરવા સ્તંભની વૃષભ-શિરાવટી
૧૦. સારનાથ સ્તંભની શિરાવટી
૧૧. અલાહાબાદ સ્તંભ-શિરાવટીનું ફલક
૧૨. સુદામા ગુફા (સામાન્ય દેખાવ)
૧૩. લોમશ ઋષિ ગુફા (સામાન્ય દેખાવ)
૧૪. લોમશ ઋષિ ગુફાનું પ્રવેશદ્વાર
૧૫. અશોકના ધર્મલિખ દર્શાવતો ગિરનાર શૈલ
૧૬. ગિરનાર શૈલલેખ નં. ૧--૨
૧૭. દિલ્હી-ટોપરા સ્તંભ અભિલેખ નં. ૧
૧૮. રુમ્મિનદેઈ ગૌણ સ્તંભ-અભિલેખ.


[ચિત્રો માટે જૂઓ પુસ્તકના અંતે.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

# ૧. જીવનરેખા

'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા' અશોકના અભિલેખ વંચાયા ને પ્રકાશિત થયા, ત્યારથી એ મહાન રાજવીની ઉદાત્ત ધર્મભાવનાએ સહુને પ્રભાવિત કર્યા છે. અશોકે કરાવેલી યાદગાર વાસ્તુકૃતિઓએ, ખાસ કરીને એના શિલાસ્તંભો તથા એની કલાત્મક શિરાવટીઓએ, વાસ્તુકલા તથા શિલ્પકલાના પ્રોત્સાહક તરીકે તેને નામના અપાવી છે. બૌદ્ધ સાહિત્યમાં તેની બૌદ્ધ ધર્મના પ્રોત્સાહક તરીકે કીર્તિગાથા ગાયેલી હતી જ, પરંતુ એના અભિલેખોના પ્રકાશન અને શિલાસ્તંભો વગેરેના અભિજ્ઞાન પછી એ ધર્મ તથા કલાના પ્રોત્સાહક તરીકે ખ્યાતિ પામ્યો. વળી એના અભિલેખોમાં વ્યકત થયેલી ઉદાત્ત ધર્મભાવના તેમ જ એ ભાવનાના વ્યાપક પ્રસાર માટેની એની તમન્ના પરથી એને ભારતના જ નહિ, જગતના ઈતિહાસમાં એક મહાન રાજવી તરીકે ગરવું સ્થાન પ્રાપ્ત થયું છે.

અશોકના હૃદયમાં જે તીવ્ર ધર્મભાવના જાગ્રત થઈ તેને પોતે યથાશકિત અમલમાં મૂકવા માંડી એટલું જ નહિ પોતાના સમસ્ત રાજ્યના પ્રજાજનોમાં તે ધર્મનું આચરણ પ્રસરે તે માટે તેણે ધર્મ-અનુશાસન(ધર્મ-ઉપદેશ)ના લેખ લખાવ્યા ને સર્વત્ર એની જાહેર ઉદ્‌ઘોષણા કરાવી. ધર્મોપદેશ તથા ધર્માચરણની આ ભાવના પોતાના વંશજોમાં તથા પ્રજાજનોમાં ચિરકાલ ટકે તે હેતુથી તેણે એ ધર્મ-લેખ શિલા પર કોતરાવ્યા. શરૂઆતમાં અશોકે આ લેખ પર્વતો (શૈલો અર્થાત્ મોટી શિલાઓ) પર કોતરાવ્યા. પરંતુ આગળ જતાં શિલાના ગોળ ઉત્તુંગ સ્તંભ ઘડાવી એના પર કોતરાવ્યા ને એ સ્તંભોને ધર્મપ્રતીકો ધરાવતી કલાત્મક શિરાવટીઓ વડે વિભૂષિત કર્યા. શિલા પર કોતરાયેલા આ અભિલેખો અશોકની ઇચ્છા અનુસાર ચિરકાલ ટકયા છે ને એથી એ લેખોએ એમાં વ્યકત થયેલાં એનાં ઉદાત્ત વિજ્ઞાપનો તથા અનુશાસનોને અમર નામના અપાવી છે.

પરંતુ આ અભિલેખ મુખ્યત: એની ધર્મભાવના, ધર્માચરણ અને ધર્મોપદેશને લગતા હોઈ, એમાં વ્યકિત તરીકે તથા રાજા તરીકે અશોકનું ચરિત નિરૂપે તેવી બાબતોનો જવલ્લે જ સમાવેશ થાય છે. અશોકના અંગત ઈતિહાસ વિશે પાલિ, સંસ્કૃત, પ્રાકૃત, ચીની વગેરે સાહિત્યમાં કેટલીક હકીકત મળી આવે છે, પરંતુ એ લખાણ અનેક શતકો પછી અનુશ્રુતિઓ રૂપે લખાયેલાં છે ને એમાંની ઘણી બાબતો તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટતઃ સાંપ્રદાયિક દૃષ્ટિએ ઉપજાવેલી કે અતિશયોક્તિથી નિરૂપેલી જણાય છે. આથી સમકાલીન અભિલેખોની સરખામણીએ આ અનુકાલીન આનુશ્રુતિક વૃત્તાંતોનો ઇતિહાસના પ્રમાણિત સાધન તરીકે ઉપયોગ કરવામાં ઘણી સાવધતા રાખવી પડે છે. છતાં કેટલીક જરૂરી માહિતી માટે એ અનુશ્રુતિઓ જ ઉપકારક નીવડે છે ને એમાંની કેટલીક માહિતી વાસ્તવિક કે શ્રદ્ધેય લાગે છે.

અશોકના અંગત ઇતિહાસ વિશે પ્રમાણિત માહિતી પ્રમાણમાં ઘણી ઓછી મળે છે.

**કુલ અને પૂર્વજો :** અશોક મૌર્ય કુલનો હતો. આગળ જતાં કોઈ નંદ વંશના છેલ્લા રાજા અને મુરા નામે વૃષલ (શૂદ્ર) સ્ત્રીમાંથી મૌર્યની ઉત્પત્તિ થયાનું જણાવે છે, પરંતુ એ સંભવિત નથી. બૌદ્ધ અનુશ્રુતિ મૌર્ય એ એક ક્ષત્રિય જાતિ હોવાનું ને એ જાતિ શાક્યોની શાખા હોવાનું જણાવે છે, જ્યારે આચાર્ય હેમચન્દ્ર એ કુલનામને મયૂરપોષકો સાથે સાંકળે છે.[૧] ગમે તેમ, મૌર્ય કુલ એ ભગવાન બુદ્ધના સમયમાં ગણતંત્ર ધરાવતી એક મહત્ત્વની જાતિ હતી. સમય જતાં તેનું એક કુલ રાજકુલ તરીકે સત્તારૂઢ થયું ને આગળ જતાં તે કુલની ઉત્પત્તિ માટે જાતજાતના મત પ્રચલિત થયા.

મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યનું નામ ભારતના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. એણે મગધના મદાંધ નંદ રાજાની સત્તાનું નિકંદન કાઢયું એટલું જ નહિ, ભારતના ઉત્તર-પશ્ચિમ પ્રદેશોને ગ્રીક શાસનમાંથી મુક્ત કરી વિદેશી આક્રમણ સામે સમર્થ નીવડે તેવા વિશાળ સામ્રાજ્યનું સંગઠન સાધ્યું. એની આ સિદ્ધિ ઘણે અંશે એના પ્રેરક અને માર્ગદર્શક ગુરુ ચાણક્ય ઉર્ફે કૌટિલ્ય વિષ્ણુગુપ્તને આભારી હતી. ભારતના મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત અને સીરિયાના ગ્રીક સમ્રાટ સેલુક વચ્ચે વિગ્રહ પછી કાયમી મૈત્રી બંધાઈ હતી. ત્યારે મગધનું પાટનગર પાટલિપુત્ર (હાલનું પટના) હતું. સેલુકનો ગ્રીક એલચી મૅગસ્થની ત્યાં વર્ષો સુધી રહ્યો હતો.

ચંદ્રગુપ્ત પછી એનો પુત્ર બિંદુસાર ગાદીએ આવ્યો. એના સમયમાં મૌર્ય સામ્રાજ્યની સત્તા સાબૂત રહી. સીરિયાના ગ્રીક રાજા સાથેની મૈત્રીય ચાલુ રહી. મિસરના ગ્રીક રાજા સાથે પણ મૌર્ય રાજાને તેવો સંબંધ હતો. બિંદુસારના સમયમાં ગંધાર દેશની તક્ષશિલા નગરીએ મૌર્ય સૂબા સામે બળવો કર્યો ત્યારે રાજાએ કુમાર અશોકને ત્યાં મોકલ્યો ને ત્યાંનો મામલો થાળે પડયો[૨]

---

૧. Raychaudhuri, *Political History of Ancient India*. pp. 266 f.

૨. *Ibid*, pp. 297 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિંદુસારને અનેક રાણીઓ હતી. તેના પુત્રોમાં સુસીમ કે સુમન જ્યેષ્ઠ હતો ને વિગતશોક કે તિષ્ય કનિષ્ઠ હતો; અશોક બિંદુસારનો બીજો પુત્ર, સુસીમ વગેરેનો સાવકો ભાઈ અને વિગતશોકનો સહોદર ભાઈ હતો એવી અનુશ્રુતિ છે. 'અશોકાવદાન' અને 'દિવ્યાવદાન' કહે છે કે અશોકની માતા અંગ દેશની ચંપા નગરીની બ્રાહ્મણ કન્યા હતી, જ્યારે 'મહાવંશ' પ્રમાણે એ મૌર્ય કુલની હતી. એનું નામ સુભદ્રાંગી કે ધર્મા હતું; સિંહલી સાહિત્યમાં એનું નામ 'ધર્મા' આપ્યું છે. એ બિંદુસારની પટરાણી હતી. એના કુલગુરુ આજીવિક સંપ્રદાયના હતા.[1]

**કુમાર અશોક:** 'અશોકાવદાન'માં જણાવ્યા મુજબ બિંદુસારના સમયમાં તક્ષશિલામાં બળવો થયો ત્યારે રાજાએ કુમાર અશોકને ત્યાં મોકલ્યો. સૈન્ય લઈને એ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાંના લોકો તેને મળવા આવ્યા ને કહેવા લાગ્યા કે અમને કુમાર સામે ને રાજા બિંદુસાર સામે કોઈ વિરોધ નથી; દુષ્ટ અમાત્યો અમારી અવહેલના કરે છે તેની સામે અમારો વિરોધ છે. અશોકે તક્ષશિલામાં શાંતિ સ્થાપી.

પછી એની નિયુક્તિ ઉજ્જનમાંના ઉપરાજ તરીકે થઈ. ત્યારે ત્યાં તે વિદિશાના શ્રેષ્ઠી દેવની સુંદર અને સુશિક્ષિત કન્યા દેવીને પરણ્યો. કહે છે કે તેનો પિતા શાક્ય જાતિનો હતો. અવન્તિની પાટનગરી ઉજ્જન હતી. ત્યાં દેવીને પહેલાં મહેન્દ્ર નામે પુત્રનો અને પછી સંઘમિત્રા નામે પુત્રીનો જન્મ થયો.[2] અશોક અવન્તિમાં ઓછામાં ઓછાં ૧૧ વર્ષ રહ્યો.

**રાજ્યારોહણ:** પાલિ અનુશ્રુતિ અનુસાર અશોક પિતાની ગંભીર માંદગીના સમાચાર મળતાં ઉજ્જનથી પાટલિપુત્ર પહોંચી ગયો ને પિતાનું મૃત્યુ થતાં સુસીમ ઉર્ફે સુમનને[3] (તથા તેના સર્વ સહોદરોને[4]) મારી તેણે રાજગાદી હસ્તગત કરી.[5] કહે છે કે અશોકને બિંદુસારના મહામાત્ય રાધગુપ્તનો ટેકો હતો.[6] આ અનુકાલીન

---

૧. Raychaudhuri, ibid., p. 300; Barua, *As'oka and His Inscriptions*, pp. 35 f.; Thapar, *As'oka and the Decline of the Mauryas*, p. 26.

૨. Barua, *op. cit.*, pp. 51 f.; Thapar, *op. cit.*, pp. 22 ff.

૩. ઉત્તરી અનુશ્રુતિમાં 'સુસીમ' નામ છે ને દક્ષિણી અનુશ્રુતિમાં 'સુમન'.

૪. 'દીપવંસ' તથા 'મહાવંસ'માં ૯૯ ભાઈઓની હત્યાનો ઉલ્લેખ છે, જ્યારે તારાનાથ તેને બદલે ૬ ભાઈઓ જણાવે છે.

૫-૬. Thapar, *As'oka and the Decline of the Mauryas*, pp. 25 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંપ્રદાયિક અનુશ્રુતિમાં ઐતિહાસિક તથ્ય રહેલું હોવાનું પ્રમાણ મળ્યું નથી. અભિલેખોમાં તો અશોક પોતાના રાજ્યાભિષેકને ૧૨ વર્ષ થયા બાદ પણ ભાઈઓનો સદ્ભાવપૂર્વક ઉલ્લેખ કરે છે. અશોકે પોતાનો કનિષ્ઠ બંધુ જે તેનો સહોદર હતો તેને ઉપરાજ નીમેલો એવી અનુશ્રુતિ છે. તેનું નામ તિષ્ય કે વીતાશોક કે વિગતશોક હતું. કહે છે કે એ શરૂઆતમાં ભોગવિલાસમાં પરાયણ રહેતો, પરંતુ આગળ જતાં એણે ધાર્મિક વૃત્તિના થઈ શ્રમણત્વની દીક્ષા લીધી.[૧]

**રાજ્યાભિષેક :** 'દીપવંસ'માં આપેલી અનુશ્રુતિ અનુસાર અશોકનું મૂળ નામ 'પ્રિયદર્શન' હતું, શરૂઆતમાં એણે રાજા તરીકે વિધિસર અભિષેક પામ્યા વિના રાજ્ય કર્યું, ચાર વર્ષ બાદ એ 'અશોક' તરીકે અભિષેક પામ્યો અને એ પછી છ વર્ષે એનો 'પ્રિયદર્શી' તરીકે પુનરભિષેક થયો.[૨]

અશોક પોતાના અભિલેખોમાં જ્યાં જ્યાં પોતાની કોઈ પ્રવૃત્તિઓનો સમયનિર્દેશ કરે છે ત્યાં ત્યાં તે હમેશાં પોતાના અભિષેકથી ગણાતાં વર્ષોની સંખ્યા આપે છે. આથી એના સમયમાં કોઈ સળંગ સંવતને બદલે તે તે રાજાના રાજ્યકાલનાં વર્ષ ગણવાની પ્રથા પ્રચલિત હોવાનું અને અશોકનો રાજ્યકાલ એના અભિષેકથી ગણાતો હોવાનું સ્પષ્ટ થાય છે. પરંતુ તે પરથી એના રાજ્યારોહણ અને રાજ્યાભિષેક વચ્ચે અમુક વર્ષોનો ગાળો રહેલો હતો કે કેમ એ બાબતમાં કંઈ નિર્ણાયક અનુમાન તારવવું મુશ્કેલ છે.

**'દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા' :** અશોકના અભિલેખોમાં 'અશોક' નામ અપવાદરૂપે બે જ[૩] જગ્યાએ પ્રયોજાયું છે. ઘણાખરા અભિલેખોમાં આ ધર્મલેખો લખાવનાર અને ધર્મશાસન ફરમાવનાર રાજા માટે સામાન્ય રીતે 'દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા' એવો શબ્દપ્રયોગ થયેલો છે.[૪] કેટલીક વાર સંક્ષેપમાં એને બદલે માત્ર 'દેવોનો પ્રિય' કે 'રાજા' શબ્દ વપરાયો છે.[૫] અલગ કલિંગ લેખોમાં

---

૧. Thapar, *op. cit.*, pp. 27 f.

૨. સિલોનના એક ગ્રંથમાં અશોકના પિતામહ ચંદ્રગુપ્ત માટે પણ 'પ્રિયદર્શન' શબ્દ પ્રયોજાયો છે. R. G. Bhandarkar, *Aśoka*, p. 4.

૩. ગૌણ શૈલલેખ નં. ૧ ની માસ્કી પ્રતમાં તથા ગુજર્રા પ્રતમાં.

૪. ચૌદ શૈલલેખોમાં, સાત સ્તંભલેખોમાં, સારનાથ-કૌશાંબી-સાંચીના સ્તંભલેખમાં, રુમ્મિનદેઈ સ્તંભલેખમાં અને નિગ્લીવા સ્તંભલેખમાં.

૫. દા.ત., શૈલલેખ નં. ૧૨ અને ૧૩માં, સ્તંભલેખ નં. ૭માં અને સારનાથ-કૌશાંબી-સાંચીના સ્તંભલેખમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'દેવોનો પ્રિય' તેમ જ 'રાજા' શબ્દ જ પ્રયોજાયો છે. ગૌણ શીલલેખોમાં તથા રાણીના સ્તંભલેખમાં માત્ર 'દેવોનો પ્રિય' શબ્દ દેખા દે છે. બૈરાટના શિલાફલક લેખમાં 'પ્રિયદર્શી રાજા' શબ્દ પ્રયોગ થયો છે; જ્યારે કંદહારના શીલલેખમાં તેમ જ ત્રણેય ગુફાલેખોમાં 'રાજા પ્રિયદર્શી' શબ્દ વપરાયા છે.

આ પરથી એવું ફલિત થાય છે કે આ રાજા સામાન્યત: 'દેવોના પ્રિય' તરીકે અને વિશેષત: 'પ્રિયદર્શી રાજા' (કે 'રાજા પ્રિયદર્શી') તરીકે ઓળખાતો. આથી મોટે ભાગે એ પોતાનો 'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા' તરીકે ઉલ્લેખ કરે છે. એમાં 'દેવોનો પ્રિય' એ 'तत्रभवान्' જેવો માનવાચક શબ્દ છે જે એ જમાનામાં રાજાઓને ઉદ્દેશીને ખાસ પ્રયોજાતો. અશોકના શીલલેખ નં. ૮માં એ શબ્દ અગાઉના રાજાઓ માટે પણ વપરાયો છે. નાગાર્જુની પર્વતના ગુફાલેખોમાં એ શબ્દ અશોકના અનુગામી રાજાઓ પૈકીના દશરથના નામની સાથે પ્રયોજાયો છે. સિલોનના સમકાલીન રાજા તિષ્ય તથા પછીના કેટલાક રાજાઓ પણ 'દેવોના પ્રિય' કહેવાતા.[૧] અભિષેકવિધિ પ્રસંગે રાજા પર સવિતા, અગ્નિ, સોમ, બૃહસ્પતિ, ઈન્દ્ર, રુદ્ર, મિત્ર અને વરુણ જેવા દેવો કૃપા વરસાવે તેવા મંત્ર ભણવામાં આવતા. અશોક જેવા ધર્મિષ્ઠ રાજવી માટે 'દેવોનો પ્રિય' શબ્દપ્રયોગ ઘણો સાર્થક નીવડયો હતો.[૨]

જે અભિલેખોમાં અશોક માટે 'પ્રિયદર્શી' નામ વપરાયું નથી ને 'દેવોનો પ્રિય' શબ્દપ્રયોગ જ થયો છે, તે લેખ રચનાની દૃષ્ટિએ વર્ષ ૧૨ની પહેલાંના જણાતા હોઈ, 'પ્રિયદર્શી' નામ તે પછીના સમયમાં પ્રચલિત થયું લાગે છે એવું ધારવામાં આવેલું[3], પરંતુ કંદહારના વર્ષ ૧૦ના લેખમાં પણ એને 'રાજા પ્રિયદર્શી' કહ્યો છે.

---

૧. D. R. Bhandarkar, *As'oka*, p. 7; Thapar, *As'oka and the Decline of the Mauryas*, p. 226.

૨. પછીના સમયમાં 'देवानांप्रिय' અલુક્ સમાસ હોય ત્યારે તેનો અર્થ 'મૂર્ખ' અથવા 'કમઅક્કલ' થાય છે. (D. R. Bhandarkar, *As'oka*, p. 6.) પ્રાચીન કાલમાં એ પદ भवत्, दीर्घायुष् અને आयुष्मत् ની જેમ માનવાચક અર્થમાં પ્રયોજાતું એવું પતંજલિ-કૃત महाभाष्य( ૨, ૪, ૫૬ )માં જણાવેલું છે.

3. Barua, *As'oka and His Inscriptions*, p. 17.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર એ પછી છ વર્ષે અશોકનો પુનરભિષેક થયો ને ત્યારથી તે 'પ્રિયદર્શી' તરીકે ઓળખાયો.[1] ભારતીય પરંપરા પ્રમાણે રાજાનો પુનઃરભિષેક રાજાઓના અધિરાજ થવાના પ્રસંગે થતો.[2] તો ત્યારે અશોકે કોઈ અન્ય રાજાઓ પર આધિપત્ય પ્રાપ્ત કર્યું હશે ? અશોકનાં પરાક્રમોમાં તો તેણે કલિંગ જીતી લીધાનું પરાક્રમ જાણવા મળે છે ને તે પરાક્રમ તેના અભિષેક પછી આઠ વર્ષે થયું હતું.

'મુદ્રારાક્ષસ' નાટક (અંક ૬)માં અશોકના પિતામહ ચંદ્રગુપ્ત માટે 'પ્રિયદર્શન' બિરુદ પ્રયોજાયું છે. 'દીપવંસ'માં અશોક માટે ઘણી વાર 'પ્રિયદર્શી' શબ્દ વપરાયો છે. વાલ્મીકિએ રામાયણમાં રામ માટે 'પ્રિયદર્શન' શબ્દ પ્રયોજ્યો છે. પછીના સમયમાં 'પ્રિયદર્શન' રાજબિરુદ તરીકે પ્રયોજાતું એવું 'રાજેન્દ્રકૌસ્તુભ'માં નોંધાયું છે.[3]

ગમે તેમ, અશોકને માટે પછીથી 'પ્રિયદર્શી' નામ પ્રચલિત થયું ને અભિષેક પછી ૧૨ વર્ષ બાદ લખાયેલા તેના સર્વ અભિલેખોમાં એ જ નામ પ્રયોજાયું છે.

આમ એના અભિલેખોમાં 'પ્રિયદર્શી' નામ વ્યાપક રીતે વપરાયું હોવા છતાં, આગળ જતાં આ રાજા 'અશોક' નામે જ ઓળખાયો.[4]

'અશોક' એ એનું મૂળ વ્યકિતનામ લાગે છે, જ્યારે 'પ્રિયદર્શી' એ એનું રાજ્યાભિષેક પ્રસંગે પાડવામાં આવેલું રાજા તરીકેનું નામ જણાય છે; ને 'દેવોનો પ્રિય' એ તો એ કાલમાં રાજાઓ માટે પ્રયોજાતું સામાન્ય બિરુદ હતું.[5]

**ધર્માશોક :** બૌદ્ધ સાહિત્યમાં અશોકની આરંભિક કારકિર્દી વિશે જાતજાતની વાતો પ્રચલિત છે. તારાનાથ કહે છે કે પહેલાં એ 'કામાશોક' તરીકે ઓળખાતો, કેમ કે એ

૧-૨. B. M. Barua, *As'oka and His Inscriptions*, p. 14.

૩. R. K. Mookerji, *Aos'ka* p. 12; Thapar, *op. cit.*, p. 226.

૪. પુરાણો વગેરે સાહિત્યમાં આ નામ જ વપરાયું છે. મહાક્ષત્રપ રુદ્રદામાના જૂનાગઢ શૈલલેખ(ઈ.સ. ૧૫૦)માં પણ એનો 'અશોક મૌર્ય' તરીકે ઉલ્લેખ કરેલો છે.

૫. Thapar, *op. cit.*, p. 227.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણાં વર્ષ ભોગવિલાસમાં પરાયણ રહેલો.[૧] કહે છે કે એ દેખાવમાં ઘણો કદરૂપો હતો, તેના અંત:પુરની સ્ત્રીઓએ તેને આવું કહેતાં તેણે તે પાંચસોય સ્ત્રીઓને અગ્નિદાહની કારમી સજા કરી.[૨] આવી રીતે એણે પાંચસો મંત્રીઓનો પણ શિરચ્છેદ કરાવેલો. આવાં ક્રૂર કર્મોને લઈને એ 'ચંડાશોક' ( ચંડ અશોક ) તરીકે પંકાયો.[૩] ગાદી માટે એણે નવાણું સાવકા ભાઈઓની હત્યા કરેલી ને તેથી તે 'ચંડાશોક' તરીકે ઓળખાયો એવું પણ કહેવાય છે.[૪]

કહે છે કે અશોકે પૃથ્વી પર એક નરકાગાર બનાવરાવ્યું તે તેમાં તે અનેક નિર્દોષ જનોને નરકની વિવિધ કારમી યાતનાઓનો અનુભવ કરાવતો તેમ જ તે જાતે જોઈને તેની મજા માણતો. એક દિવસ એમાં એક બૌદ્ધ ભિક્ષુને એ યાતનાઓને ધૈર્યથી સહન કરતાં જોઈ અશોકને બૌદ્ધ ધર્મના ઉદાત્ત તત્ત્વમાં રસ ઉત્પન્ન થયો ને તે એ અહિંસાપ્રધાન ધર્મને માર્ગે વળી 'ધર્માશોક' બન્યો.[૫] અશોકની ચંડતાને લગતી વાતો દેખીતી રીતે બૌદ્ધ ધર્મનો અંગીકાર કરતાં એ ઘણો સુધરી ગયો એવું બતાવવાના હેતુથી સાંપ્રદાયિક શ્લાઘાની દૃષ્ટિએ ઊપજી હોવાનું જણાય છે.

**કલિંગનો વિજય અને રાજાનો હૃદયપલટો :** શૈલલેખ નં. ૧૩માં જણાવ્યા મુજબ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ અભિષેક પછી આઠ વર્ષે કલિંગદેશ ( ઓરિસ્સા ) જીતી લીધો. તે માટે જે યુદ્ધ થયું, તેમાં દોઢ લાખ માણસોને કેદ કરી લઈ જવાયા, એક લાખ માણસ હણાયા અને અનેકગણા માણસ મરણ પામ્યા. આ ખાનાખરાબીને કારણે અશોકના મનમાં ભારે સંતાપ અને પશ્ચાત્તાપ થયો, ખાસ કરીને ધર્મિષ્ઠ જનોને તથા તેમના સ્વજનોને એવી હેરાનગતિ નડે તેથી. કલિંગનો વિજય સિદ્ધ થયા પછી દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આ અંગેનો પોતાનો અનુતાપ વ્યકત કરી જાહેર કર્યું કે અપકાર કરનારને શકય હશે તેટલી ક્ષમા આપવામાં આવશે. અટવીજનોને શાન્તિ માટે અનુરોધ કરી, અનુતાપમાંય પોતાનો પ્રભાવ દર્શાવ્યો.

લાખો જીવોને સંતાપ દે તેવા હિંસક સંગ્રામ દ્વારા નવા વિજય મેળવવાની નીતિને પોતે તિલાંજલિ દીધી ને પોતાના પુત્રો પૌત્રો વગેરેને પણ તેમ કરવા અનુરોધ કર્યો. દેવોના પ્રિયે હવે ધર્મવિજયને મુખ્ય વિજય માન્યો, કેમ કે એમાં પ્રીતિરસ રહેલો હોય છે ને એ આ લોકમાં તેમ જ પરલોકમાં ફળ આપે છે.

---

૧–૫. R. K. Mookerji, *As'oka*, p. 4; Barua, *op. cit.*, p. 22; Thapar, *op. cit.*, pp. 28 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ધર્મવિજય દેવોના પ્રિયના ધર્માનુશાસન (ધર્મોપદેશ) દ્વારા સધાય છે. આ ધર્માનુશાસન એના રાજ્યના પ્રદેશોમાં તેમ જ આસપાસનાં અન્ય રાજ્યોમાં પણ પ્રવર્તતું.

કલિંગના સ્થાનિક અધિકારીઓને પણ દેવોના પ્રિયે સૂચના આપી કે હું મારી સર્વ પ્રજાનું ઐહિક તથા પારલૌકિક હિતસુખ ઇચ્છું છું, તેથી તેઓના તરફ કડક નીતિ ન રાખતાં તેઓ મારાથી ઉદ્વિગ્ન ન રહે ને મારામાં વિશ્વાસ રાખે તેમ વર્તવું.[૧]

આમ કલિંગ પરના આક્રમણમાં અશોકે વિજય પ્રાપ્ત કર્યો, પરંતુ તેમ કરવામાં ત્યાંની પ્રજામાં જે પારાવાર ખાનાખરાબી થઈ તેથી તેના હૃદયમાં ભારે સંતાપ અને પશ્ચાત્તાપ થયો ને તેણે આવા હાનિકર વિજયને બદલે હિતકર ધર્મ-વિજય પ્રાપ્ત કરવાની નીતિ અપનાવી. આમ કલિંગયુદ્ધે અશોકનો હૃદયપલટો કરાવ્યો. રાજાને માટે સદા આવશ્યક મનાતી વિજિગીષા તજી અશોક સર્વત્ર ધર્મોપદેશ દ્વારા ધર્મવિજય મેળવવાના માર્ગે વળ્યો. ધર્મિષ્ઠ રાજવી ખરેખર 'દેવોનો પ્રિય' થયો ને સર્વ પ્રજાજનોને માટે 'પ્રિયદર્શી' બન્યો.

**બૌદ્ધ ધર્મનો સક્રિય ઉપાસક** : હિંસક યુદ્ધને સ્થાને અશોકે ધર્મની અભિરુચિ અપનાવી, ત્યારે એને એ સમયના ધર્મસંપ્રદાયોમાં બૌદ્ધ ધર્મ તરફ સવિશેષ અનુરાગ થયો.

આ સંબંધી બૌદ્ધ સાહિત્યમાં જાતજાતની અનુશ્રુતિઓ આપવામાં આવી છે:

અશોક એના પિતા બિંદુસારની જેમ રોજ હજારો બ્રાહ્મણો, પરિવ્રાજકો વગેરેને ભિક્ષા આપતો હતો. એક દિવસ એણે તેઓની વિચિત્ર રીતભાત જોઈ માનાર્હ શ્રમણો (સાધુઓ) તથા બ્રાહ્મણોને તેડાવ્યા. એમાં આવેલા પરિવ્રાજકો, આજીવિકો, નિર્ગ્રન્થો વગેરેમાં પણ એને અન્તઃસાર જણાયો નહિ.[૨] હવે એ બૌદ્ધ સંપ્રદાય તરફ વળ્યો. આ ઘટના અભિષેક પછીના ચોથા વર્ષે બની. સિલોનના પાલિ ગ્રંથો અનુસાર રાજા અશોકને બૌદ્ધ ધર્મનાં ત્રિશરણ (બુદ્ધ, ધર્મ અને સંઘ) તથા પંચશીલ અંગીકાર કરી બુદ્ધશાસન ઉર્ફે સદ્ધર્મ (અર્થાત્ બૌદ્ધધર્મ) અપનાવવાની પ્રેરણા સ્થવિર ન્યગ્રોધે આપી હતી. કેટલાક આ ન્યગ્રોધને અશોકે રાજ્યારોહણ માટે મારી નાખેલા મોટા ભાઈ સુમનની વિધવા પત્નીને પતિના મૃત્યુ પછી જન્મેલા પુત્ર તરીકે ઓળખાવે છે.

૧. અલગ કલિંગ શાસનોના આધારે.

૨. Barua, *op. cit.*, pp. 24 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ત્યારે ન્યગ્રોધની ઉંમર સાત વર્ષની હોય.[૧] એણે ત્યારે દીક્ષા લીધી હોય, તો એ શ્રામણેર (સગીર શ્રમણ) હોય, શ્રમણ કે સ્થવિર ન હોય. અશોકને બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાની પ્રેરણા કોઈ શ્રમણ કે સ્થવિરે આપી હોય, તો તે ત્યારે તરુણ છતાં પુખ્ત વયનો હોવો જોઈએ. અર્હત્ સ્થવિર ન્યગ્રોધ અને શ્રામણેર ન્યગ્રોધ એ બે ભિન્ન વ્યક્તિઓ હશે ને અહીં નામસામ્યને લઈને એ બે વચ્ચે ગોટાળો થયો હશે.[૨]

'દિવ્યાવદાન' જેવા સંસ્કૃત ગ્રંથોમાં સ્થવિર ન્યગ્રોધની જગ્યાએ સ્થવિર સમુદ્રનું નામ આપવામાં આવ્યું છે.[૩]

અશોક હવે શાક્ય (બૌદ્ધ) સંઘના ઉપાસક વર્ગમાં ભળ્યો. રાજરસોડામાં હવે ૬૦,૦૦૦ બ્રાહ્મણો અને પરિવ્રાજકોને બદલે ૬૦,૦૦૦ બૌદ્ધ શ્રમણોને ભિક્ષા અપાવા લાગી.[૪]

આગળ જતાં અશોકે પાટલિપુત્રના કુક્કુટારામ વિહારની મુલાકાત લીધી. એક દિવસે એ વિહારના ભિક્ષુઓ પાસેથી બુદ્ધશાસનનો વિસ્તાર ૮૪,૦૦૦ સ્કન્ધ જેટલો હોવાનું જાણી અશોકે જંબુદ્વીપનાં ૮૪,૦૦૦ નગરોમાં એકેક વિહાર બંધાવવાનું ફરમાવ્યું. આ વિહારોના બાંધકામની દેખરેખ સ્થવિર ઈન્દ્રગુપ્તને સોંપવામાં આવી. ૯૬ કરોડના ખર્ચે ત્રણ વર્ષમાં એ બધું કામ પૂરું થયું. દરેક વિહારમાં પૂજા માટે ચૈત્ય કરવામાં આવ્યું હતું. અજાતશત્રુએ બંધાવેલા સ્તૂપમાં પધરાવેલાં ભગવાન બુદ્ધનાં પવિત્ર અસ્થિઓનું વિભાજન કરી અશોકે એ આ સર્વ ચૈત્યોમાં પધરાવ્યાં.[૫] આ ચૈત્ય સ્તૂપ રૂપે હતાં; તેને 'ધર્મરાજિકા' પણ કહેતા.[૬] પાટલિપુત્રમાં અશોકે પોતાના નામનો 'અશોકારામ' વિહાર બંધાવ્યો.[૭]

અગાઉનો ચંડાશોક હવે ધર્માશોક થયો. એનું શાસન સમગ્ર જંબુદ્વીપ પર પ્રવર્ત્યું ને બૌદ્ધ ધર્મની કીર્તિમાં અભિવૃદ્ધિ થઈ. ઈતર સંપ્રદાયના અનુયાયીઓ બૌદ્ધ સંઘમાં ભળી એમાં પોતાના મતોનો પ્રચાર કરી ખટરાગ કરાવવા લાગ્યા, ત્યારે મૌદ્ગલીપુત્ર તિષ્યે સંઘને સાબૂત રાખ્યો.[૮]

---

૧. Thapar, *op. cit.*, p. 34.

૨. Basak, *Aśokan Inscriptions*, **p. 31.**

૩. Thapar, *op. cit.*, p. 35.

૪. Basak, *op. cit.*, p. 25.

૫-૬-૭. *Ibid.*, pp. 25 f.

૮. Basak, *op. cit.*, pp. 22 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સ્થવિરે બૌદ્ધ સંઘની ત્રીજી સંગીતિ (પરિષદ) ભરી ને બૌદ્ધ ધર્મના પ્રસાર માટે આસપાસના દેશોમાં સ્થવિરોને મોકલ્યા.[૧] સ્થવિર મહેન્દ્રે સિલોનમાં બૌદ્ધ ધર્મ પ્રસાર્યો. ત્યારે ત્યાં દેવોનો પ્રિય તિષ્ય નામે રાજા રાજ્ય કરતો હતો. તે દેવોના પ્રિય ધર્માશોક તરફ પરમ આદર ધરાવતો. દેવોના પ્રિય તિષ્યે શ્રામણેર સુમનને ધર્માશોક પાસે મોકલી ભગવાન બુદ્ધનાં અસ્થિ મંગાવ્યાં ને ચૈત્યપર્વત પર મોટો સ્તૂપ બંધાવ્યો. સ્થવિર મહેન્દ્ર પાસે સિલોનના અનેક ભાવિક જનોએ ઉપદેશ ગ્રહણ કર્યો ને એમાંના કેટલાક પુરુષોએ દીક્ષા લેવા માંડી. સ્ત્રીઓની દીક્ષા માટે રાજાએ ધર્માશોક પાસે અમાત્ય મોકલી સ્થવિરા સંઘમિત્રાને તેડાવ્યાં ને તેમની સાથે બોધિવૃક્ષની શાખા મંગાવી. આ શાખા અનુરાધપુરના મહામેઘવનારામમાં રોપવામાં આવી.[૨] ત્યાં હાલ જે બોધિવૃક્ષ રહેલું છે, તે એ શાખામાંથી થયું મનાય છે. મહેન્દ્ર અને સંઘમિત્રા અશોકનાં સંતાન હતાં;[૩] તેઓએ પોતાનું બાકીનું જીવન સિલોનમાં જ વ્યતીત કર્યું.

'દિવ્યાવદાન'માં મૌદ્‌ગલીપુત્ર તિષ્યને બદલે ઉપગુપ્તનું નામ આપ્યું છે.[૪]

આ આનુશ્રુતિક વૃત્તાંતોમાં કેટલુંક તથ્ય રહેલું હોવા સંભવે છે, જ્યારે એમાંની કેટલીક વિગતોમાં સ્પષ્ટતઃ અસંગતિ, અતિશયોક્તિ કે અસંભવિતતા રહેલી છે.

અશોકના અભિલેખોમાં બૌદ્ધ ધર્મને લગતા કેટલાક ઉલ્લેખ આવે છે ને એમાંના અમુક અભિલેખ તો બૌદ્ધ ધર્મને લગતા જ છે. આ લેખો અને ઉલ્લેખો પ્રમાણિત હોઈ, તેમાંથી મળતી માહિતી વધુ શ્રદ્ધેય ગણાય. એ માહિતી ટૂંકમાં આ પ્રમાણે છે:

કલિંગવિજય પછી દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાને તીવ્ર ધર્મશીલન, ધર્મકામિતા અને ધર્માનુશસ્તિની ભાવના થઈ. હૃદયપલટાના આ પ્રસંગે એણે બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો લાગે છે.

શરૂઆતમાં એક વર્ષ લગી એ ઉપાસક[૫] રહ્યો, પરંતુ સક્રિય બન્યો નહિ. એ પછી એ સંઘ પાસે ગયો ને સક્રિય થયો.[૬] આનો અર્થ એ લાગે છે કે શરૂઆતમાં

---

૧. Thapar., *op. cit.*, pp. 42 ff.

૨. महावंस, परिच्छेद ११-१९.

૩. યુઅન શ્વાંગે ભૂલથી તેમને અશોકનાં ભાઈબહેન માન્યાં છે.

૪. Barua, *op. cit.*, pp. 22 ff.

૫. બૌદ્ધ ધર્મના ગૃહસ્થ અનુયાયીને 'ઉપાસક' કહે છે.

૬. ગૌણ શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશોક બૌદ્ધ ધર્મનો અંગીકાર કરી અમુક સ્થવિરનો અનુયાયી બની સંતુષ્ટ રહેલો, પરંતુ એક વર્ષ પછી એણે ભિક્ષુ સંઘની મુલાકાત લીધી ને ત્યારથી તે સક્રિય ઉપાસક બનવા પ્રેરાયો.

અભિષેકને દસ વર્ષ થયે અશોકે બોધિતીર્થની યાત્રા કરી.[૧] અભિષેકને બાર અને તેર વર્ષ થયાં ત્યારે ચૌદ ધર્મલેખ લખાવ્યા ને એને રાજ્યમાં ઠેકઠેકાણે શૈલો પર કોતરાવ્યા. આ દરમિયાન રાજાએ હોમ માટેની જીવહિંસાની મનાઈ ફરમાવી, જેમાં હિંસા રહેલી હોય તેવા મેળાવડા બંધ કરાવ્યા ને રાજરસોડામાં ભોજન માટે થતી હજારો પ્રાણીઓની હત્યા અટકાવી.[૨] શરૂઆતમાં રોજ બે મોર અને કવચિત્ એક મૃગની છૂટ રાખી ને તે ત્રણેય પ્રાણીઓની હત્યા પણ પછી નહિ કરવામાં આવે એમ જાહેર કર્યું.[૩] પ્રાણીઓની હિંસા ન કરવા તેમ જ જીવોને ઈજા ન કરવા વિશે જાહેર ઘોષણા કરાવી તેમ જ પ્રાદેશિક અધિકારીઓ દ્વારા ધર્માનુશાસન કરાવ્યું. રાજા તરીકે તેના સર્વ વ્યવહારમાં ધર્મભાવના વધારવાની વૃત્તિ વ્યાપી ને તેણે ધર્મ માટે ખાસ મહામાત્ર (અમાત્ય) નીમ્યા. અશોકની ધર્મભાવનામાં સર્વ સંપ્રદાયો તરફ સદ્ભાવ અને સમાદર રહેલો હતો. એ શ્રમણો તથા બ્રાહ્મણોને દાન દેતો. ખલતિક (બરાબર) પર્વત પર આજીવિકો માટે ગુફાઓ કરાવતો.

અભિષેકને ચૌદ વર્ષ થયાં ત્યારે અશોકે નેપાલની તરાઈ પાસે બંધાયેલા કનકમુનિ[૪] બુદ્ધના સ્તૂપને બમણો મોટો કરાવ્યો.[૫] અભિષેકને વીસ વર્ષ થયે અશોકે આ પ્રદેશનાં બૌદ્ધ તીર્થોની યાત્રા કરી ત્યારે તેણે ત્યાં જઈ પૂજા કરી ને શિલાસ્તંભ ઊભો કરાવ્યો.[૬] એવી રીતે જ્યાં શાકયમુનિ બુદ્ધ[૭] જન્મ્યા હતા તે લુંબિની તીર્થની[૮] ય યાત્રા કરી, ત્યાં પૂજા કરી, શિલાસ્તંભ ઊભો કરાવ્યો. ને લુંબિની ગામને કરમુક્ત કરી જમીન મહેસૂલના દરમાં રાહત આપી.[૯]

---

૧. મુખ્ય શૈલલેખ નં. ૮.

૨–૩. મુખ્ય શૈલલેખ નં. ૧.

૪. છેલ્લા સાત માનુષ બુદ્ધોમાંના પાંચમા બુદ્ધ. શાકય મુનિ ગૌતમ બુદ્ધ એમાંના સાતમા છે. સાત બુદ્ધોનાં પ્રતીક સાંચીના મહાસ્તૂપનાં તોરણો પર પણ કોતરાયાં છે.

૫–૬. નિગ્લીવ સ્તંભલેખ.

૭. શાકય જાતિમાં જન્મેલા ગૌતમ બુદ્ધ.

૮. શુદ્ધોદનનાં પત્ની માયાદેવીએ કપિલવસ્તુથી પિયેર જતાં રસ્તામાં આ સ્થળે પુત્ર પ્રસવ્યો હતો.

૯. રુમ્મિનદેઈ સ્તંભલેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિષેકને ૨૬ વર્ષ થયે, દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ રાજ્યમાં ઠેકઠેકાણે શિલાસ્તંભ ઊભા કરાવી તેના પર છ ધર્મલેખ કોતરાવ્યા. બીજે વર્ષે એમાંના એક સ્થગે સાતમો લેખ ઉમેરાવ્યો. આ ધર્મલેખો અગાઉ શૈલ પર કોતરાયેલા ધર્મલેખોનાં જેવા છે.

એ સમયે બૌદ્ધ સંઘમાં કેટલાક ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓ સંઘમાં તડ પાડતાં હતાં. આથી દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ સંઘને સમગ્ર (અખંડિત) રાખવાનું શાસન ફરમાવ્યું. કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી સંઘમાં તડ પાડે, તો તેમને સફેદ વસ્ત્ર પહેરાવી અન્ય આવાસમાં વસાવવામાં આવશે એવું ફરમાવ્યું. આ લેખની એક નકલ ઉપાસકો પાસે પણ મુકાવી. આ શાસનના સતત સ્મરણ તથા પાલન માટે પાટલિપુત્ર, કૌશાંબી વગેરે સ્થળોના મહામાત્રોને સૂચના આપવામાં આવી. આ લેખ સારનાથ, કૌશાંબી અને સાંચીના શિલાસ્તંભ પર કોતરેલો છે.

મગધનો પ્રિયદર્શી રાજા સંઘને અભિવાદન કરી તેની કુશળતા તથા સગવડ પૂછતો; ને બુદ્ધ, ધર્મ અને સંઘ તરફ આદર દર્શાવતો.[૧] ભગવાન બુદ્ધનાં વિવિધ વચનો પૈકી અમુક ધર્મસૂત્રો માટે ખાસ ભલામણ કરી—વિનયસમુકસ, અલિય-વસાનિ, અનાગત-ભયાનિ, મુનિગાથા, મોનેયસૂત, ઉપતિસ-પસિન અને રાહુલોવાદ. આ ધર્મસૂત્રોનું ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ તથા ઉપાસકો અને ઉપાસિકાઓ ખાસ અધિશીલન કરે તેવી ભલામણ કરી.[૨]

આમ રાજા અશોકે સર્વ સંપ્રદાયોમાં વ્યકત થયેલ વ્યાપક ધર્મ ઉપરાંત બૌદ્ધ ધર્મને લગતી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો અને બૌદ્ધ ધર્મ તથા બૌદ્ધ સંઘની અભિવૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

ભારતની પ્રાચીન વાસ્તુકૃતિઓમાં કેટલાક બૌદ્ધ સ્તૂપ અશોકે કરાવેલા જણાય છે.[૩] અશોકે કરાવેલા અનેક શિલાસ્તંભોની શિરાવટીમાં બૌદ્ધ પ્રતીકોનો ખાસ સમાવેશ થાય છે.[૪]

**પત્નીઓ અને સંતાનો** : પાલિ ગ્રંથોમાં જણાવ્યા મુજબ અશોક અવન્તિમાં ઉપરાજ તરીકે વહીવટ કરતો હતો ત્યારે તે વિદિશાની શ્રેષ્ઠી-કન્યા દેવીને પરણ્યો હતો ને તેનાથી તેને મહેન્દ્ર અને સંઘમિત્રા નામે બે સંતાન થયાં હતાં.[૫] સંઘમિત્રાને કુમાર અગ્નિબ્રહ્મા વેરે પરણાવવામાં આવી. એમને સુમન નામે પુત્ર થયો. આગળ

---

૧–૨. કલકત્તા-બૈરાટ ફલકલેખ.

૩-૪. વિગતો માટે જુઓ પ્રકરણ ૭.

૫. Barua, *op. cit.*, pp. 51 f.; Thapar, *op. cit.*, pp. 22 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતાં મહેન્દ્ર, સંઘમિત્રા, અગ્નિબ્રહ્મા અને સુમન—એ સહુએ બૌદ્ધ શ્રમણ તરીકે દીક્ષા લીધી.[૧] દેવી વિદિશામાં રહ્યાં. ત્યાં તેમણે એક બૌદ્ધ વિહાર બંધાવ્યો. સ્થવિર મહેન્દ્ર અને સ્થવિરા સંઘમિત્રાએ સિલોન જઈ બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો.[૨]

પાલિ અનુશ્રુતિ પ્રમાણે અશોકની પ્રિય અગ્રમહિષી (પટરાણી)નું નામ અસન્ધિમિત્તા (આસન્દિમિત્રા?[૩]) હતું ને એ અશોકના રાજ્યના ૩૦મા વર્ષે મૃત્યુ પામી. વિદિશા-મહાદેવી દેવી અને અગ્રમહિષી અસન્ધિમિત્રા એક હોવાનું સૂચવાયું છે,[૪] પણ એ બહુ સંભવિત નથી.[૫]

અશોકના એક સ્તંભલેખમાં કારુવાકી નામે રાણીનો ઉલ્લેખ આવે છે. એ 'બીજી રાણી' તરીકે ઓળખાતી ને એને તીવર નામે પુત્ર હતો.

'મહાવંસ'માં જણાવ્યા મુજબ અશોકે રાણી અસન્ધિમિત્તાના મૃત્યુ પછી ચોથા વર્ષે તિષ્યરક્ષાને પટરાણી બનાવી.[૬] અવદાન-કથાઓ અનુસાર અશોક પર એનો ઘણો પ્રભાવ હતો.[૭] 'કારુવાકી' એનું મૂળ નામ હોવાનું સૂચવાયું છે.[૮] કહે છે કે એ રાણીને અશોકના અતિ-અનુરાગને લઈને બોધિવૃક્ષ પર ભારે ઈર્ષા આવતી. આથી એણે ત્રીજા વર્ષે એ વૃક્ષનો નાશ કર્યો.[૯] 'દિવ્યાવદાન'માં આ રાણીનું નામ 'તિષ્યરક્ષિતા' આપ્યું છે. એમાં વળી આ રાણીએ અશોકનો માનીતો પુત્ર કુણાલ જે એનો સાવકો પુત્ર હતો તેને કપટથી અંધ કરાવ્યો હોવાનું જણાવ્યું છે.[૧૦] આ રાણીની આખી વાત પાછળથી સાંપ્રદાયિક દૃષ્ટિએ ઉપજાવી કાઢેલી લાગે છે.

---

૧. Barua, *op. cit.*, p. 54.

૨. महावंस, परि. १३–१९.

૩. રાજ્યારોહણ સમયની પત્ની (Barua, *op. cit.*, p. 53).

૪. Barua, *op. cit.*, p. 53.

૫. Thapar, *op. cit.*, p. 23.

૬. २०, ३.

૭-૮. Thapar, *As'oka and the Decline of the Mauryas*, p. 30.

૯. महावंस, २०, ४; दिव्यावदान, २७ (पृ. २५४–५५).

૧૦. पृ. २६२–२६३.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'કારુવાકી' એ તિષ્યરક્ષાનું વ્યકિતનામ હોવાનું સૂચવાયું છે.[1] કુણાલ 'ધર્મવર્ધન' તરીકે પણ ઓળખાતો. એની માતાનું નામ 'પદ્માવતી' હતું.[2] કુણાલનો ઉલ્લેખ જૈન અનુશ્રુતિમાં પણ આવે છે. પરંતુ એને અંધ કર્યો હોવાનું માનવા જેવું નથી કેમ કે ધર્મવર્ધન કુણાલ તક્ષશિલામાં ઉપરાજ નિમાયો એવી બૌદ્ધ અનુશ્રુતિ છે અને પુરાણોમાં જણાવ્યા પ્રમાણે કુણાલે અશોકના ઉત્તરાધિકારી તરીકે આઠ વર્ષ સુધી રાજ્ય કરેલું. 'તીવર' અને 'કુણાલ' એક જ પુત્રનાં નામ હશે ને તો કારુવાકી અને પદ્માવતી પણ એક જ હોય એવું પણ સૂચવાયું છે.[3]

'રાજતરંગિણી'માં જણાવ્યા મુજબ કાશ્મીરમાં અશોકનો ઉત્તરાધિકાર જલૌક નામે રાજપુત્રને પ્રાપ્ત થયો હતો.[4] ગંધારમાં વળી વીરસેન નામે પુત્ર સત્તારૂઢ થયો એમ તારાનાથ નોંધે છે.[5] અશોકને સંઘમિત્રા ઉપરાંત ચારુમતી નામે પુત્રી હોવાનું પણ નોંધાયું છે.[6] આ સંતાનોની માતાઓ કોણ હતી તે જાણવા મળતું નથી.

આમ અશોકને બે કે બેથી વધુ રાણીઓ હતી, બે કે બેથી વધુ પુત્ર હતા અને એક કે બે પુત્રીઓ હતી.

**રાજ્યકાલ અને અંતિમ દિવસો :** અશોકના અભિલેખોમાં અભિષેક પછીના વર્ષ ૮ થી વર્ષ ૨૭ સુધીના ઉલ્લેખ આવે છે. પુરાણો પ્રમાણે અશોકે ૩૬ વર્ષ રાજ્ય કર્યું. પાલિ ગ્રંથો પ્રમાણે તેણે અભિષેક પછી ૩૭ વર્ષ અને એ પહેલાં ૪ વર્ષ એમ મળી કુલ ૪૧ વર્ષ રાજ્ય કર્યું.

બંને અનુશ્રુતિઓ પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યે ૨૪ વર્ષ રાજ્ય કર્યું હતું, પરંતુ બિંદુસારના રાજ્યકાલ વિશે થોડાં વર્ષોનો ફેર પડે છે. પુરાણો બિંદુસારે ૨૫ વર્ષ રાજ્ય કર્યાનું જણાવે છે, જ્યારે સિલોનની અનુશ્રુતિ એને બદલે ૨૮ વર્ષનો આંકડો આપે

---

૧. Thapar, *op. cit.*, p. 30.

૨. दिव्यावदान, पृ. २६०–२६१.

૩. Barua, *op. cit.*, p. 54.

૪. ૧. ૧૦૭–૫૨. એ પરમ માહેશ્વર હતો ને એણે મ્લેચ્છોને હાંકી કાઢયા. એણે રાજ્યના મુખ્ય અધિકારીઓની સંખ્યા વધારી સાતને બદલે અઢારની કરી. એણે કીર્તિ-આશ્રમ નામે બૌદ્ધ વિહાર બંધાવેલો.

૫. Raychaudhuri, *Political History of Ancient India*, p. 350; Thapar, *op. cit.*, p. 190.

૬. Thapar, *op. cit.*, pp. 13, 30.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આમ સિલોનની અનુશ્રુતિ બિંદુસારનો રાજ્યકાલ ૩ વર્ષ જેટલો અને અશોકનો રાજ્યકાલ ૧+૪=૫ વર્ષ જેટલો વધુ હોવાનો સૂચવે છે. આમાંથી બિંદુસારનાં ૩ અને અશોકના ૧ વર્ષની સામે પુરાણોની સાલવારીમાં અભિષેક પહેલાંનાં ૪ વર્ષ મૂકી, આ બે અનુશ્રુતિઓના આંકડાઓ વચ્ચે મેળ મેળવવાનું સૂચવાયું છે.[૧] પુરાણોમાં મૌર્ય વંશનો કુલ રાજ્યકાલ ૧૩૭ વર્ષનો જણાવ્યો છે, તેમાં એક પરંપરા પ્રમાણે વ્યકિતગત રાજ્યકાલનો સરવાળો ૪ વર્ષ ઓછો ને બીજી પરંપરા પ્રમાણે ૭ વર્ષ ઓછો થાય છે,[૨] તે અશોકનાં ૪ વર્ષ તથા બિંદુસાર અને અશોકનાં ૩+૪=૭ વર્ષ ઓછાં હોવાને લીધે હશે ? ગમે તેમ, અશોકે ઓછામાં ઓછાં ૩૭ અને વધુમાં વધુ ૪૧ વર્ષ રાજ્ય કર્યું લાગે છે.

સિલોનની અનુશ્રુતિ અનુસાર અશોકનાં અંતિમ વર્ષ દુ:ખમય નીવડયાં. ત્રીસમા વર્ષે અગ્રમહિષી આસન્દિમિત્રા મૃત્યુ પામી ને ચાર વર્ષ પછી રાણી બનેલી તિષ્યરક્ષાએ અશોકને અતિપ્રિય બોધિવૃક્ષનો નાશ કર્યો. ‘દિવ્યાવદાન’ પ્રમાણે એ રાણીએ વળી અશોકના પ્રિય પુત્ર કુણાલને કપટથી અંધ કર્યો. એમાં વળી એમ પણ જણાવ્યું છે કે અશોક બૌદ્ધ ભિક્ષુસંઘને અઢળક દાન આપવામાં રાજકોશ ખાલીખમ કરી નાખતો હોઈ એના અમાત્યોની વિનંતીથી યુવરાજ સંપ્રતિએ તે પર કડક અંકુશ મૂકયો ને અશોકની રાજસત્તા ઔપચારિક અને પોકળ બની ગઈ.[૩]

પરંતુ આ આનુશ્રુતિક વૃત્તાંતોમાં કંઈ ઐતિહાસિક તથ્ય રહેલું હશે કે કેમ એ શંકાસ્પદ છે. રાજા અશોકની ધર્મપરાયણ નીતિથી રાજકુટુંબની તેમ જ અધિકારી વર્ગની કોઈ વ્યકિતઓને રાજનીતિ તથા અર્થકારણની દૃષ્ટિએ અસંતોષ રહેતો હોય એ સંભવિત છે, પરંતુ એને લઈને એ રાજવીનું જીવન અંતિમ વર્ષોમાં દુ:ખમય અને દુ:ખાન્ત નીવડયું એમ માનવું અસ્થાને છે. વસ્તુત: આવી આનુશ્રુતિક કથાઓ ઘણી વાર પાછળથી ઉપજાવી કાઢેલી હોય છે.

**સમયાંકન:** સિકંદરની ભારત પરની ચડાઈ (ઈ. પૂ. ૩૨૭-૩૨૫) અને એ બાદ થયેલા એના મૃત્યુ(ઈ. પૂ. ૩૨૩)ના સમય પરથી ચંદ્રગુપ્ત મૌર્યના

---

૧. Barua, *op. cit.*, pp. 58 f.

૨. વિગતો માટે જુઓ હરિપ્રસાદ શાસ્ત્રી, ‘પુરાણોમાં આપેલી મૌર્ય વંશની સાલવારી’, ગુજરાતી સાહિત્ય પરિષદ ૨૦મું સંમેલન હેવાલ, પૃ. ૨૫૫-૬૧.

3. Barua, *op. cit.*, pp. 60 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યકાલનો આરંભ ઈ. પૂ. ૩૨૨ના અરસામાં મૂકવામાં આવ્યો છે.[૧] ચંદ્રગુપ્તે એ અનુસાર લગભગ ઈ. પૂ. ૩૨૨થી ૨૯૮ સુધી રાજ્ય કર્યું ગણાય; ને સિલોનની અનુશ્રુતિ અનુસાર બિંદુસારનો રાજ્યકાલ લગભગ ઈ. પૂ. ૨૯૮થી ૨૭૦ સુધીનો ગણાય. આ હિસાબે અશોકના રાજ્યારોહણનો સમય ઈ. પૂ. ૨૭૦નો અંકાય.

પાલિ ગ્રંથો અનુસાર અશોકનો અભિષેક ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી ૨૧૮ વર્ષે થયો.[૨] સિલોનમાં હાલ ભગવાન બુદ્ધનું પરિનિર્વાણ ઈ. પૂ. ૫૪૪માં થયું ગણાય છે, એ અનુસાર અશોકનો અભિષેક ઈ. પૂ. ૩૨૬માં થયો ગણાય. પરંતુ ત્યારે તો મગધમાં નંદવંશનું રાજ્ય પ્રવર્તતું હતું. બુદ્ધનું પરિનિર્વાણ અગાઉ ઈ. પૂ. ૪૮૩માં થયેલું ગણાતું એવું માલૂમ પડે છે. એ અનુસાર અશોકનો અભિષેક ઈ.પૂ. ૨૬૫ના અરસામાં થયો ગણાય. ચીનની અનુશ્રુતિ અનુસાર બુદ્ધનું પરિનિર્વાણ ઈ.પૂ. ૪૮૬માં થયું હોવાનું મનાય છે; એ ગણતરીએ અશોકનો અભિષેક ઈ.પૂ. ૨૬૮ના સુમારમાં થયો ગણાય.

અશોકના રાજ્યકાલના નિર્ણય માટે એના શૈલલેખ નં. ૧૩માં કરેલા સમકાલીન વિદેશી રાજાઓનો ઉલ્લેખ ઉપયોગી નીવડયો છે. એમાં આ પાંચ રાજાઓનો ઉલ્લેખ કરેલો છે—યવનરાજ અંતિયોક, તુલમાય, અંતેકિન, મગ અને અલિકસુંદર. આમાંનો યવનરાજ અંતિયોક એ સીરિયાનો ગ્રીક રાજા અંતિયોક બીજો (ઈ.પૂ. ૨૬૧--૨૪૬) છે. તુલમાય એ મિસરનો ગ્રીક રાજા તોલમાય (ટોલેમી) બીજો (ઈ.પૂ. ૨૮૫--૨૪૭) છે. અંતેકિન એ ગ્રીસ પાસે આવેલ મકદુનિયાનો રાજા અંતિગોન ગોનત (ઈ.પૂ. ૨૭૬--૨૩૯) છે. મગ એ ઉત્તર આફ્રિકામાં આવેલ કિરિનીનો રાજા મગ (લગભગ ઈ.પૂ. ૨૫૮થી લગભગ ઈ. પૂ. ૨૫૦) છે. અલિકસુંદર એ પ્રાયઃ ગ્રીસમાં આવેલ એપિરસનો રાજા અલેકસાંદર (ઈ.પૂ. ૨૭૨થી લગભગ ઈ.પૂ. ૨૫૫) છે.[૩] આ બધા રાજાઓના રાજ્યકાલમાં ઈ.પૂ. ૨૫૮થી ૨૫૫નાં વર્ષ સામાન્ય હોઈ અશોકનો આ અભિલેખ એ દરમ્યાન લખાયો હોવો જોઈએ. આ લેખ અશોકના અભિષેક પછી ૧૩ વર્ષે લખાયો લાગે છે. આ ગણતરીએ એનો અભિષેક ઈ.પૂ. ૨૭૧--૨૬૮ દરમ્યાન થયો હોવો જોઈએ.

---

૧. V. A. Smith, *Early History of India* (4th edition), pp. 122 ff.

૨. **महावंस**, ५, २१. અહીં રાજ્યાભિષેકનો ઉલ્લેખ છે, રાજ્યારોહણનો નહિ.

૨. કેટલાક એને એને બદલે ગ્રીસમાંના કોરિન્થના રાજા અલેકસાંદર (ઈ.પૂ. ૨૫૨—લગભગ ઈ.પૂ. ૨૪૪) તરીકે ઓળખાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધી દૃષ્ટિએ જોતાં અશોકના રાજ્યાભિષેકનો સમય ઈ.પૂ. ૨૬૮માં આંકવો સહુથી વધુ બંધ બેસે છે. અશોકે એ પછી ૩૬ કે ૩૭ વર્ષ રાજ્ય કર્યું કહેવાય છે એ અનુસાર અશોકનો રાજ્યકાલ ઈ.પૂ. ૨૩૧ કે ૨૩૨ના અરસા સુધી ચાલ્યો ગણાય.

અશોકનો રાજ્યાભિષેક આમ ઈ.પૂ. ૨૬૮માં થયો હોય, તો પુરાણો પ્રમાણે બિંદુસારનું રાજ્ય ઈ.પૂ. ૨૯૩માં અને ચંદ્રગુપ્તનું રાજ્ય ઈ.પૂ. ૩૧૭માં શરૂ થયું ગણાય. પરંતુ ચંદ્રગુપ્તના રાજ્યનો આરંભ સિકંદરના મૃત્યુ (ઈ.પૂ.૩૨૩) પછી આટલો મોડો થયો લાગતો નથી. તેથી અશોકના રાજ્યારોહણ અને રાજ્યાભિષેક વચ્ચે ૪ વર્ષનો ગાળો હોવાની બૌદ્ધ અનુશ્રુતિ શ્રદ્ધેય જણાય છે ને તે વિગત પુરાણોમાં નોંધાઈ લાગતી નથી. આથી ચંદ્રગુપ્તનું રાજ્યારોહણ ઈ.પૂ. ૩૨૧માં, બિંદુસારનું ઈ.પૂ. ૨૯૭માં અને અશોકનું ઈ.પૂ. ૨૭૨માં થયું એ ગણતરી બરાબર બંધ બેસે છે.[૧]

આથી અશોકના અભિલેખોમાં તેમ જ બૌદ્ધ અનુશ્રુતિમાં જણાવેલાં એના રાજ્યકાલની ઘટનાઓનાં વર્ષ ઈ.પૂ. ૨૬૮ના આધાર પર ગણાવાં ઘટે.

---

૧. જો બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર બિંદુસારનો રાજ્યકાલ ૨૫ને બદલે ૨૮ વર્ષનો ગણીએ તો એમાં જણાવેલ અશોકના રાજ્યારોહણ-રાજ્યાભિષેક વચ્ચેનો ૪ વર્ષનો ગાળો રદ કરવો પડે.

બુદ્ધનિર્વાણ માટે ઈ.પૂ. ૪૮૩નું વર્ષ લેતાં અશોકના રાજ્યાભિષેક માટે ઈ.પૂ. ૨૬૫નું વર્ષ આવે ને તેમાં જ ૪ વર્ષ ઉમેરતાં રાજ્યારોહણ માટે ઈ.પૂ. ૨૬૯ આવે; ને બિંદુસારનાં ૨૮ને ચંદ્રગુપ્તનાં ૨૪ વર્ષ તેમાં ઉમેરતાં ચંદ્રગુપ્તનું રાજ્યારોહણ ઈ.પૂ. ૩૨૧માં આવે એવું પણ બંધ બેસાડી શકાય. પરંતુ અશોકનો શૈલલેખ ૨૩ જે એના રાજ્યાભિષેકને ૧૩ વર્ષ થયે લખાયો છે ને જે તેમાં જણાવેલા સમકાલીન વિદેશી રાજાઓના રાજ્યકાલના આધારે ઈ.પૂ. ૨૫૮થી ૨૫૫ દરમ્યાન લખાયો લાગે છે તેનો મળે તેમ નથી.

થાપરે પણ અશોકનું રાજ્યારોહણ ઈ.પૂ. ૨૭૨માં, બિંદુસારનું ઈ.પૂ. ૨૯૭માં અને ચંદ્રગુપ્તનું ઈ.પૂ. ૩૨૧માં ગણ્યું છે, ને છતાં બુદ્ધનિર્વાણ માટે ઈ.પૂ. ૪૮૩નું વર્ષ લીધું છે (પૃ. ૧૫), પરંતુ તેમાં અશોકનો રાજ્યાભિષેક (ઈ.પૂ. ૨૬૮), બુદ્ધ નિર્વાણ (ઈ.પૂ. ૪૮૩) પછી ૨૧૮ વર્ષે થયો હોવાની અનુશ્રુતિ બંધ બેસતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ

## અશોકને લગતી બૌદ્ધ દંતકથાઓ

સિલોનના પાલિ સાહિત્યમાં 'દીપવંસ' તથા 'મહાવંસ' જેવા ગ્રંથોમાં અશોક વિશે જે દંતકથાઓ આપી છે તેનો સાર[1] આ પ્રમાણે છે:

અશોકે પિતાનું મૃત્યુ થતાં નવ્વાણુ ભાઈઓને મારીને ગાદી મેળવી, તેમાંના સહુથી મોટા ભાઈ સુમનના મરણોત્તર પુત્ર નિગ્રોધ જે શ્રામણેર ( બાલ શ્રમણ ) થયો હતો તેની પાસેથી બૌદ્ધ ધર્મનો ઉપદેશ સાંભળી તે ધર્મ અંગીકાર કર્યો, સાઠ હજાર બ્રાહ્મણોની જગ્યાએ સાઠ હજાર બૌદ્ધ ભિક્ષુઓને ભોજન કરાવવા માંડયું, ત્રણ વર્ષમાં ચોર્યાસી હજાર સ્તૂપ બંધાવરાવ્યા, રાજ્યારોહણ પછી ચાર વર્ષે પોતાનો રાજ્યાભિષેક ઉજવાવ્યો ને ત્યારથી તેનામાં રાજત્વનો દિવ્ય પ્રભાવ દેખાવા લાગ્યો; અશોકના નાના ભાઈ તિષ્ય, જમાઈ અગ્નિબ્રહ્મા, દૌહિત્ર સુમન, પુત્ર મહેન્દ્ર તથા પુત્રી સંઘમિત્રાએ શ્રામણત્વની દીક્ષા લીધી; અશોકના અભિષેકના અઢારમા વર્ષે પાટલિપુત્રના અશોકારામમાં મોગ્ગલિપુત્ર તિષ્યની અધ્યક્ષતા નીચે બૌદ્ધ ભિક્ષુઓની ત્રીજી સંગીતિ મળી; એ વર્ષે સિલોનમાં દેવોનો પ્રિય તિષ્ય ગાદીએ આવ્યો ને એણે અશોક પાસેથી બૌદ્ધ ધર્મના અંગીકારની પ્રેરણા મેળવી; સંગીતિ પૂરી થતાં મોગ્ગલિપુત્ર તિષ્યે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે વિદેશોમાં ભિક્ષુઓ મોકલેલા, તે પૈકી મહેન્દ્રે સિલોન જઈ ત્યાં બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો; રાજા તિષ્યે અશોકને વિનંતી કરી સંઘમિત્રાને સિલોન તેડાવ્યાં ને તેમણે સ્ત્રીઓને દીક્ષા આપી તેમ જ બોધિવૃક્ષની શાખા ત્યાં રોપાવી; સિલોનમાં મહાવિહાર વગેરે વિહાર બંધાયા; અશોક પાસેથી ભગવાન બુદ્ધનાં પવિત્ર અસ્થિ મંગાવી સિલોનમાં થૂપારામ સ્તૂપ બાંધવામાં આવ્યો. ત્રીજી સંગીતિમાં અશોકે સર્વ ભિક્ષુઓની વ્યક્તિગત તપાસ કરાવેલી; મોગ્ગલિપુત્ર તિષ્યે વૈભજ્યવાદીઓને ભગવાન બુદ્ધના ખરા અનુયાયી ઠરાવેલા ને તેનાથી ભિન્ન વિચારસરણી ધરાવતા સાઠ હજાર ભિક્ષુઓને કાઢી મૂકેલા. આગળ જતાં અશોકનો સહુથી નાનો ભાઈ તિષ્ય, જે ઉપરાજનો અધિકાર ધરાવતો હતો, તેણે પણ બૌદ્ધ

---

૧. Smith, *As'oka*, Ch. VI.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ અંગીકાર કર્યો ને પછી શ્રમણત્વની દીક્ષા પણ લીધી. અશોકના અભિષેકના ૨૮મા વર્ષે એની પ્રિય રાણી અસન્ધિમિત્રા મૃત્યુ પામી. એ પણ બૌદ્ધ ધર્મમાં અનુરાગ ધરાવતી. ચાર વર્ષ બાદ અશોકે તિષ્યરક્ષિતાને રાણી કરી, એ પછી ચાર વર્ષે એ રાણીએ ઈર્ષાથી બોધિવૃક્ષનો નાશ કરવા કોશિશ કરી, પણ તેમાં તે નિષ્ફળ નીવડી. એ પછી ચાર વર્ષે અશોક મૃત્યુ પામ્યો. એણે ૩૭ વર્ષ રાજ્ય કરેલું.

ભારતના સંસ્કૃત બૌદ્ધ સાહિત્યમાં, ખાસ કરીને 'દિવ્યાવદાન'માંના 'અશોકાવદાન'માં તેમજ પદ્યબદ્ધ 'અશોકાવદાન'માં અશોક વિશે જે દંતકથાઓ આપવામાં આવી છે, તેનો સાર[૧] આ પ્રમાણે છે:

રાજા બિંદુસારને સુસીમ નામે પુત્ર હતો. સુભદ્રાંગી નામે બ્રાહ્મણ પત્નીથી રાજાને અશોક અને વિગતાશોક નામે બે પુત્ર થયા. અણમાનીતા કુમાર અશોકને સાધનસરંજામ વિના તક્ષશિલાનો બળવો શમાવવા મોકલવામાં આવ્યો ને છતાં એ એમાં સફળ થઈ પાછો ફર્યો. મહામાત્ય ખલ્લતકે જ્યેષ્ઠ રાજપુત્ર સુસીમની ઉદ્ધતાઈ જોતાં અશોકને ગાદીએ બેસાડવાનું નક્કી કર્યું. સુસીમ તક્ષશિલામાં બળવો શમાવવા ગયો ત્યારે રાજાનું મૃત્યુ થતાં અશોકને રાજમુકુટ પહેરાવવામાં આવ્યો. પોતાનો અધિકાર પ્રાપ્ત કરવા જતાં સુસીમ મૃત્યુ પામ્યો. અશોક શરૂઆતમાં ઘણો ક્રૂર હતો. એણે પાંચસો અમાત્યોની ખડ્ગથી હત્યા કરી, પાંચસો સ્ત્રીઓને જીવતી બળાવી, ચંડગિરિક નામે મારો રોકી નરકાગાર કરાવ્યું, તેમાં ચમત્કારિક રીતે સાજાસમા રહેલા બલપંડિત કે સમુદ્ર નામે ભિક્ષુની પ્રેરણાથી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. અજાતશત્રુએ રામગ્રામના નાગરક્ષિત સ્તૂપ સિવાયના સાત સ્તૂપોમાંથી અસ્થિ લઈ બંધાવેલા સ્તૂપમાંથી ભગવાન બુદ્ધનાં અસ્થિ કઢાવી અશોકે એને ૮૪ હજાર નવા સ્તૂપોમાં ફાળવી દીધાં. ભદન્ત ઉપગુપ્તના માર્ગદર્શન નીચે લુંબિનીવન, કપિલવસ્તુ, બોધગયા, ઋષિપત્તન (સારનાથ), કુશિનગર, શ્રાવસ્તી વગેરે બૌદ્ધ તીર્થસ્થાનોની યાત્રા કરી. યુક્તિપ્રયુક્તિથી ભાઈ વીતાશોકને બૌદ્ધ ધર્મ અંગીકાર કરાવ્યો. બૌદ્ધ ધર્મનો દ્વેષ કરતા બ્રાહ્મણ પરિવ્રાજકોને અશોક ક્રૂર સજા કરતો, તેમાં અજાણતાં વીતાશોકની હત્યા થઈ જતાં અશોકે દેહાંતદંડની સજા નાબૂદ કરી.

યુઅન શ્વાંગ, જે સાતમી સદીમાં ચીનથી ભારતના પ્રવાસે આવેલો, તે વીતાશોકને બદલે મહેન્દ્રનું નામ આપે છે. તે જણાવે છે કે મહેન્દ્ર શરૂઆતમાં વિલાસી હતો, પરંતુ સંયોગવશાત્ તેનો હૃદયપલટો થતાં તેણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો ને સિલોન જઈ ત્યાં

---

૧. Smith, *As'oka*, Ch. VII.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ધર્મ પ્રસાર્યો. રાણી અસંધિમિત્રાના મૃત્યુ બાદ અશોક તિષ્યરક્ષિતાને પરણ્યો, તે પોતાના સાવકા પુત્ર કુનાલ પર મોહિત થઈ, પણ કુનાલે તેના પ્રણયનો અસ્વીકાર કરતાં તેના પર દ્વેષ રાખ્યો તે તેને તક્ષશિલા મોકલી ત્યાં તેની આંખો ફોડી નખાવી. આગળ જતાં રાજાને આ વાતની ખબર પડતાં એણે તિષ્યરક્ષિતાને જીવતી સળગાવરાવી ને એમાં સંડોવાયેલા સહુને સજા કરી. ઘોષ નામે ભિક્ષુની કૃપાથી કુનાલને તેની દૃષ્ટિ પાછી મળી.

તિષ્યરક્ષિતાએ અગાઉ અશોકનો અસાધ્ય રોગ મટાડવાનું બીડું ઝડપેલું. એણે એવા રોગવાળા એક ગોવાળને મરાવી તેના પેટમાં રહેલો મોટો કીડો શોધી કાઢેલો ને તે કીડાને ડુંગળી વડે મરી ગયેલો જોઈને રાજાને ડુંગળી ખવરાવી સાજો કરેલો.

અશોક કુક્કુટારામના ભિક્ષુઓને સો કરોડ સુવર્ણ આપવા માગતો હતો. તે પૈકી તેણે ૯૬ કરોડ આપ્યા ને વૃદ્ધ થઈ હવે એ બાકીના ચાર કરોડ આપવાની તજવીજ કરતો હતો ત્યાં અમાત્યોની સલાહથી યુવરાજ સંપ્રતિએ ભંડારીને મનાઈ કરીને ધીમે ધીમે સર્વ સત્તાનો દોર પોતાના હાથમાં લીધો. અશોક હવે નામનો રાજા રહ્યો છતાં એણે ભિક્ષુઓને પૃથ્વીનું દાન કર્યું. અમાત્યોએ એના બદલામાં બાકીના ચાર કરોડ પૂરા કર્યા ને સંપ્રતિને ખાલી ગાદી મળી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૨. અભિલેખો

અશોકના અંગત ઇતિહાસ માટે એના અભિલેખો વિપુલ અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અનુકાલીન અનુશ્રુતિઓની સરખામણીએ અશોકના પોતાના અભિલેખો ઘણી પ્રમાણિત માહિતી પૂરી પાડે છે.

અશોકના અભિલેખોનો સંગ્રહ કનિંગહમે કરેલો તે ૧૮૭૭માં પ્રકાશિત થયો. હુલ્શે કરેલું તેનું સંસ્કરણ ૧૯૨૫માં પ્રગટ થયું. તે પછીયે અશોકના કેટલાક વધુ અભિલેખ પ્રકાશમાં આવ્યા છે. ડૉ. રાજબલી પાણ્ડેયે તૈયાર કરેલો નવો સંગ્રહ ૧૯૬૫માં પ્રસિદ્ધ થયો છે.

આ અભિલેખ ભારતમાં બિહાર, ઉત્તર પ્રદેશ, પૂર્વ પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસા, આન્ધ્ર પ્રદેશ અને મૈસૂર રાજ્યમાં આવેલા છે. એ ઉપરાંત નેપાલની તરાઈમાં, પશ્ચિમ પાકિસ્તાનના વાયવ્ય સરહદ પ્રદેશમાં તેમ જ અફઘાનિસ્તાનના ઉત્તર-પૂર્વ તથા દક્ષિણ ભાગમાં પણ કેટલાક લેખ મળ્યા છે. અભિલેખોનાં પ્રાપ્તિસ્થાનોના નકશા માટે આકૃતિ ૧ જુઓ.

**શિલાલેખોના પ્રકાર** : આ બધા અભિલેખ શિલા પર કોતરેલા છે. શિલાના પ્રકારની દૃષ્ટિએ આ શિલાલેખોના ચાર પ્રકાર પડે છે : ૧. શૈલલેખો ( શૈલ અર્થાત્ મોટી શિલા પર કોતરેલા લેખ ), ૨. સ્તંભલેખો (સ્તંભ પર કોતરેલા લેખ), ૩. ગુફાલેખો ( ગુફાની દીવાલ પર કોતરેલા લેખ ) અને ૪. ફલકલેખ ( ફલક અર્થાત્ નાની શિલા પર કોતરેલા લેખ ).

૧. શૈલલેખો ચાર પ્રકારના છે :

(૧) ચૌદ શૈલલેખો — ગિરનાર ( જિ. જૂનાગઢ, ગુજરાત ), કાલસી ( જિ. દેહરાદૂન, ઉત્તર પ્રદેશ ), માનસેહરા ( જિ. હજારા, પશ્ચિમ પાકિસ્તાન ), શાહબાજગઢી ( જિ. પેશાવર, પશ્ચિમ પાકિસ્તાન ), અને એર્રગુડી ( જિ. કર્નૂલ, આન્ધ્ર પ્રદેશ ) પાસે આ લેખમાલાની એકેક પ્રત કોતરેલી છે ( આકૃતિ ૧૨ ).

ધૌલી ( જિ. પુરી, ઓરિસા ) તથા જૌગઢ( જિ. ગંજામ, આન્ધ્ર પ્રદેશ )માં આ લેખમાલાના લેખ નં. ૧થી ૧૦ અને નં. ૧૪ કોતર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોપારા(જિ. થાણા, મહારાષ્ટ્ર)માં લેખ નં. ૮નો તથા નં. ૯નો એકેક અંશ મળ્યો છે, તે પરથી આ લેખમાલાની એક પ્રત ત્યાં કોતરવામાં આવી લાગે છે.

લેખ નં. ૩ અને ૪ની આજ્ઞાઓ અભિષેક વર્ષ ૧૨માં ફરમાવેલી છે. લેખ નં. ૫માં અભિષેક વર્ષ ૧૩નો ઉલ્લેખ આવે છે. લેખ નં. ૮ માં વર્ષ ૧૦નો અને લેખ નં. ૧૩માં વર્ષ ૮નો ઉલ્લેખ છે.

(૨) બે અલગ શૈલલેખો—કલિંગવિજયને લગતો લેખ નં. ૧૩ કલિંગ (ઓરિસા)માં આવેલ ધૌલી અને જૌગઢની લેખમાલામાં રદ કરવામાં આવ્યો. એની સાથે લેખ નં. ૧૧ અને ૧૨ પણ રદ કરાયા. આ ત્રણ લેખોને રદ કરીને અહીં બીજા બે ખાસ લેખ ઉમેરવામાં આવ્યા છે. આ બંને લેખ તે તે સ્થળના[1] સ્થાનિક અધિકારીઓને ઉદ્દેશી લખાયા છે.

(૩) ગૌણ શૈલલેખો—એક લેખની પ્રતો સહસરામ (જિ. શાહાબાદ, બિહાર), રૂપનાથ (જિ. જબલપુર, મધ્ય પ્રદેશ), બૈરાટ (જિ. જયપુર, રાજસ્થાન), ગુજર્રા (જિ. દતિયા, મધ્ય પ્રદેશ), બ્રહ્મગિરિ, સિદ્ધપુર અને જટિંગ-રામેશ્વર (ત્રણેય જિ. ચીતલદુર્ગ, મૈસૂર), માસ્કી (જિ. રાયચુર, આન્ધ્ર પ્રદેશ), એર્રગુડી (જિ. કર્નૂલ, આન્ધ્ર પ્રદેશ), ગોવિમઠ (જિ. રાયચુર), પાલકિગુંડુ (જિ. રાયચુર), રાજુલ--મંડગિરિ (જિ. કર્નૂલ) અને અહરૌરા(જિ. મિરજાપુર, ઉત્તર પ્રદેશ)માં મળી છે. તાજેતરમાં ઇન્દ્રપ્રસ્થ(દિલ્હી)માં પણ એક પ્રતનો પત્તો લાગ્યો છે.

બ્રહ્મગિરિ, સિદ્ધપુર, જટિંગ-રામેશ્વર, એર્રગુડી અને રાજુલ-મંડગિરિમાં કેટલુંક વધુ લખાણ ઉમેરાયું છે. પહેલાં ત્રણ સ્થળોએ જે ઉમેરાયું છે તેને ગૌણ શૈલ લેખ નં. ૨ તરીકે ઓળખવામાં આવે છે. બીજાં બે સ્થળોએ પણ લગભગ એ જ લખાણ ઉમેરેલું છે, પરંતુ એમાં થોડુંક વિશેષ આપેલું છે.

(૪) ઇતર ગૌણ શૈલલેખો—હાલના અફઘાનિસ્તાનનો ઘણો પ્રદેશ અશોકના રાજ્યની અન્તર્ગત હતો. કંદહાર પાસે આવેલા ધર્મલેખમાં એક શૈલ પર ગ્રીક ભાષામાં અને અરામાઈ ભાષામાં અશોકનો દ્વિભાષી ધર્મલેખ કોતરેલો છે. આ લેખ 'રાજા પ્રિયદર્શી'નો વર્ષ ૧૦નો છે. ગીક ભાષાનો એક બીજો શૈલલેખ પણ ત્યાં મળ્યો છે. લઘમાન (લમ્પાક) જિલ્લાના પુલ-ઇ-દારુન્તમાં મળેલો શૈલખંડ જે હાલ કાબુલ મ્યૂઝિયમમાં રાખેલો છે તે પર અરામાઈ ભાષામાં એવો

---

૧. ધૌલી લેખમાં ત્યાંના સ્થાનનું નામ 'તોસલી' અને જૌગઢ લેખમાં ત્યાંના સ્થાનનું નામ સમાપા આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મલિખ કોતરાયો છે. તક્ષશિલા( જિ. રાવળપિંડી, પશ્ચિમ પંજાબ )માં પ્રિયદર્શીનો એક ખંડિત અરામાઈ લેખ મળ્યો છે.

૨. સ્તંભલેખો પાંચ પ્રકારના છે :

(૧) સાત સ્તંભલેખો — ટોપરા કે સિવાલિક( જિ. અંબાલા, પૂર્વ પંજાબ )માંથી અને મેરઠ કે મીરત( જિ. મેરઠ, ઉત્તર પ્રદેશ )માંથી એકેક સ્તંભ ચૌદમી સદીમાં સુલતાન ફીરોઝશાહ તઘલકે દિલ્હીમાં ખસેડાવી ત્યાં ઊભો કરાવેલો છે. આથી એ બે સ્તંભ અનુક્રમે દિલ્હી-ટોપરા સ્તંભ અને દિલ્હી-મેરઠ સ્તંભ તરીકે ઓળખાય છે. એવી રીતે ઉત્તર પ્રદેશના કોસામ( પ્રાચીન કૌશાંબી )નો એક સ્તંભ અલ્હાબાદના કિલ્લામાં ઊભો કરેલો છે, આથી એ અલ્હાબાદ-કોસામ સ્તંભ તરીકે ઓળખાય છે. બિહારના ચંપારન જિલ્લામાં ત્રણ સ્થળોએ એકેક સ્તંભ આવેલો છે : રાધિયા ગામ પાસે અથવા લૌરિયા ગામના અરરાજ મંદિર પાસે, માથિયા ગામ પાસે અથવા લૌરિયા ગામના નંદનગઢ પાસે, અને રામપુરવા ગામ પાસે. દિલ્હી-ટોપરા સ્તંભ પર લેખ નં. ૭ સહેજ પાછળથી ઉમેરાયો છે. બાકીના છયે સ્તંભો પર લેખ નં. ૧--૬ કોતરેલા છે.

સ્તંભલેખ નં. ૧, ૪, ૫ અને ૬ અભિષેક વર્ષ ૨૬માં લખાયેલા છે; લેખ નં. ૭ વર્ષ ૨૭માં લખાયો છે.

વારાણસીમાં અભિલેખોવાળો એક સ્તંભ હતો તે ૧૮૦૯ના હુલ્લડમાં નાશ પામ્યો. પટના( પ્રાચીન પાટલિપુત્ર )માં સ્તંભલેખના સંખ્યાબંધ ટુકડા મળેલા. આ બે સ્તંભો પર કયા લેખ કોતરવામાં આવેલા એ જાણવા મળ્યું નથી.

આ સર્વ સ્તંભ ઉત્તર ભારતમાં આવેલા છે.

(૨) સંઘભેદના નિષેધનો સ્તંભલેખ — આ લેખની એક પ્રત અલ્હાબાદ-કોસામ સ્તંભ પર, એક પ્રત સારનાથ( જિ. વારાણસી પાસે, ઉત્તર પ્રદેશ )ના સ્તંભ પર અને એક પ્રત સાંચી( જિ. ભોપાલ, મધ્ય પ્રદેશ )ના સ્તંભ પર કોતરેલી છે. કોસામ કરતાં સાંચીમાં એક વાકય અને એ બંને કરતાં સારનાથમાં કેટલાંક વાકય વધારે છે.

(૩) રાણીનો સ્તંભલેખ — આ લેખ અલ્હાબાદ-કોસામ સ્તંભ પર કોતરવામાં આવ્યો છે.

(૪) રુમ્મિનદેઈ સ્તંભલેખ — આ લેખ નેપાલની તરાઈમાં બસ્તી જિલ્લામાં રુમ્મિનદેઈ ( લુમ્બિની દેવી ) મંદિરના સ્તંભ પર કોતરેલો છે. તેમાં તે સમયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લુમ્બિની ગ્રામનો ઉલ્લેખ આવે છે. આ સ્તંભ અભિષેક વર્ષ ૨૦માં ઊભો કરાવેલો છે.

(૫) નિગ્લીવ સ્તંભલેખ — નેપાલની તરાઈમાં નિગ્લીવ ગામ પાસે આવેલ નિગાલી સાગર નામે તળાવની પશ્ચિમ પાળ પર આવેલા સ્તંભ પર અશોકનો એક બીજો લેખ કોતર્યો છે. આ સ્તંભલેખ પણ અભિષેક વર્ષ ૨૦માં કરાવેલો છે.

(૬) અમરાવતીમાં મળેલો એક શિલાલેખ અશોકના સ્તંભલેખના ખંડ જેવો લાગે છે.

૩. ગુફાલેખો — બિહારના ગયા જિલ્લામાં આવેલ બરાબર નામે ડુંગરમાં ચાર ગુફાઓ આવેલી છે. તેમાંની કર્ણ ચૌપર, સુદામા અને વિશ્વ ઝોપડી નામે ઓળખાતી ત્રણ ગુફાઓમાં એકેક લેખ કોતરેલો છે. પહેલા બે લેખ અભિષેક વર્ષ ૧૨ના છે; ત્રીજો લેખ વર્ષ ૧૯નો છે. હાલનું ‘ બરાબર ’ નામ ત્યાંના એક મધ્યકાલીન સંસ્કૃત લેખમાં જણાવેલા ‘ પ્રવરગિરિ ’ નામ સાથે સામ્ય ધરાવે છે. અશોકના સમયમાં આ પર્વત ‘ ખલતિક ’ ( તાલિયા માથાવાળો ) નામે ઓળખાતો; ને કર્ણ ચૌપર ગુફા ન્યગ્રોધ (વડ) ગુફા તરીકે ઓળખાતી.

૪. ફલકલેખ — બૈરાટ(રાજસ્થાન)માં ગૌણ શૈલલેખ ધરાવતા શૈલની પાસે નાની શિલા પર એક લેખ કોતરેલો. સ્તંભલેખ નં. ૭માં ‘ શિલાફલક ’ શબ્દ આ અર્થમાં પ્રયોજાયો લાગે છે. આ લેખને હાલ કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમમાં રાખેલો છે. બૈરાટ પાસેના ભાબ્રા કે ભાબ્રૂ ગામમાં આવેલા આ લેખને પહેલાં બૈરાટ કે ભાબ્રા ( કે ભાબ્રૂ )ના ગૌણ શૈલલેખ નં. ૨ તરીકે ઓળખવામાં આવેલો, પણ હવે એને કલકત્તા-બૈરાટ શૈલલેખ તરીકે ઓળખવામાં આવે છે. ઘણા આને અશોકના ગૌણ શૈલલેખ નં. ૩ તરીકે ઓળખાવે છે, પરંતુ એને ફલકલેખ તરીકે ઓળખવો વધુ ઉચિત છે.

**વિષયો**: દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા પોતાના આ લેખોને ‘ ધર્મલિપિ (ધર્મલેખ) તરીકે ઓળખાવે છે, કેમ કે એ લેખો મુખ્યત: ધર્મને લગતા છે.

**સાર**: આ લેખોનો સાર નીચે પ્રમાણે છે:

**૧. ચૌદ શૈલલેખો** — (૧) આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી છે. હોમ માટે જીવની હત્યા કરવી નહિ, સદોષ મેળાવડા ભરવા નહિ, ભોજન માટે રાજરસોડામાં પ્રતિદિન લાખો પ્રાણીઓની હત્યા થતી, તેને બદલે હવે ત્રણ જ પ્રાણીઓની હત્યા થશે — બે મોર અને એક મૃગ. તે મૃગ પણ હમેશાં નહિ. એ ત્રણ પ્રાણીઓની પણ પછી હત્યા કરાશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) પ્રિયદર્શીના સમસ્ત રાજ્યમાં તેમ જ સરહદી રાજ્યોમાં સર્વત્ર રાજાએ બે ચિકિત્સાઓનો પ્રબંધ કર્યો છે — મનુષ્યચિકિત્સા અને પશુચિકિત્સા. પશુઓ તથા મનુષ્યો માટે માર્ગો પર કૂવા ખોદાવ્યા છે અને વૃક્ષો રોપાવ્યાં છે.

(૩) અભિષેકના બારમા વર્ષે પ્રિયદર્શીએ આ આજ્ઞા કરી છે: મારા સમસ્ત રાજ્યમાં યુક્તો, રજ્જુકો અને પ્રાદેશિકો અન્ય કર્મની જેમ ધર્માનુશાસન (ધર્મોપદેશ) માટે દર પાંચ વર્ષે પ્રદેશમાં ફરતા રહે. આ બાબતમાં પરિષદ પણ યુક્તોને આજ્ઞા કરશે.

(૪) સેંકડો વર્ષોથી પ્રાણીઓની હત્યા, ભૂતોની ઈજા, બ્રાહ્મણ-શ્રમણો તરફ વિષમ વર્તાવ ઇત્યાદિ વધ્યું જ છે. પ્રિયદર્શી રાજાના ધર્માચરણથી હવે ભેરીઘોષ ધર્મઘોષ થયો છે ને એના ધર્માનુશાસનથી પ્રાણીઓની અહિંસા, ભૂતોની બિન-ઈજા, બ્રાહ્મણ-શ્રમણો તરફ સારો વર્તાવ, માતાપિતાની સેવા ઇત્યાદિ ધર્માચરણ વધ્યું છે ને વધશે. રાજાના પુત્રો પૌત્રો વગેરે પણ ધર્માચરણને હમેશાં વધારશે. અભિષેકને બાર વર્ષ થયે રાજાએ આ લખાવ્યું છે.

(૫) કલ્યાણ કરવું મુશ્કેલ છે. મેં બહુ કલ્યાણ કર્યું છે. મારા પુત્રો પૌત્રો વગેરે તેને અનુસરતા રહેશે, તે સત્કાર્ય કરશે. પાપ કરવું સહેલું છે. અભિષેકને તેર વર્ષ થયાં મેં ધર્મ-મહામાત્ર નીમ્યા છે. તે સર્વ સંપ્રદાયોમાં ધર્માચરણ અને ધર્મવૃદ્ધિ માટે તેમ જ ધાર્મિક જનોનાં હિતસુખ માટે નિમાયા છે. અહીં (પાટલિપુત્રમાં) તથા બહારનાં નગરોમાં ભાઈઓ વગેરે સંબંધીઓનાં અંતઃપુરોમાં બધે તે નિમાયા છે. લાંબો વખત ટકે અને મારી પ્રજા એને અનુસરે તે માટે આ ધર્મલિપિ લખાવી છે.

(૬) ઘણા વખતથી સર્વ સમયે કામનું સંપાદન અને વિજ્ઞાપન થતું નહિ. મેં સર્વ સમયે સર્વત્ર વિજ્ઞાપકો રાખ્યા છે, જે મને પ્રજાનું કામ વિજ્ઞાપિત કરે. હું સર્વત્ર પ્રજાનું કામ કરું છું. કામના સંપાદનમાં મને સંતોષ થતો નથી. સર્વલોકના હિતને મેં કર્તવ્ય માન્યું છે. તેનાથી કોઈ મોટું કર્મ નથી. હું જે કંઈ કરું છું તે શા માટે? પ્રાણીઓના ઋણમાંથી મુક્ત થઉં તે માટે. હું તેઓને અહીં સુખી કરું ને તેઓ પરલોકમાં સ્વર્ગ પામે. આ ધર્મલિપિ લાંબો વખત ટકે ને મારા પુત્રો પૌત્રો વગેરે એને અનુસરે માટે તે લખાવી છે. આ ભારે પુરુષાર્થ સિવાય કરવું મુશ્કેલ છે.

(૭) પ્રિયદર્શી રાજા સર્વત્ર ઇચ્છે છે કે સર્વ સંપ્રદાયો વસે, કેમ કે તે સર્વે સંયમ અને ભાવશુદ્ધિ ઇચ્છે છે. પરંતુ લોકો વિવિધ રુચિ ધરાવે છે. તે બધું કરશે કે એનો એક ભાગ પણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮) લાંબા વખતથી દેવોના પ્રિયો (રાજાઓ) વિહારયાત્રા કરતા, જેમાં *મૃગયા અને એવી બીજી મજાઓ થતી*. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા, અભિષેકને દસ વર્ષ થયે, સંબોધિ ગયા. તેથી ધર્મયાત્રા થઈ. તેમાં દર્શન, દાન, ધર્મોપદેશ વગેરે થાય છે. તેમાં રાજાને ઘણી પ્રીતિ છે.

(૯) લોકો વિવિધ મંગલ (માંગલિક ક્રિયાઓ) કરે છે. આમાં માતાઓ (સ્ત્રીઓ) બહુ નિરર્થક મંગલ કરે છે. મંગલ કરવું ઘટે, પણ તે અલ્પફળદાયી છે. ધર્મમંગલ મહાફળદાયી છે. તેમાં દાસો અને સેવકો તરફ સારો વર્તાવ, પ્રાણીઓ વિશે સંયમ, શ્રમણ-બ્રાહ્મણોને દાન વગેરે હોય છે. પિતા, પુત્ર, ભાઈ, સ્વામી વગેરેએ પ્રચાર કરવો કે ધર્મ મંગલ કરવા જેવું છે, કેમ કે એ આ લોકમાં ફળદાયી ન નીવડે તો પરલોકમાં અનંત પુણ્ય ઉત્પન્ન કરે છે, જ્યારે બીજું મંગલ ફળદાયી નીવડે ને ન પણ નીવડે; વળી એ આ લોકને લગતું જ હોય છે.

(૧૦) લોકો હાલ તેમ જ ભવિષ્યમાં ધર્મોપદેશ સાંભળે ને તેને અનુસરે એ સિવાય બીજી કોઈ બાબતમાં રાજા યશ કે કીર્તિ ઇચ્છતો નથી. રાજા જે કંઈ પુરુષાર્થ કરે છે તે પારલૌકિક માટે જ કરે છે, જેથી સહુ અલ્પ પરિસ્રવવાળા થાય. પરિસ્રવ એટલે અ-પુણ્ય. ભારે પુરુષાર્થ વિના એ કરવું મુશ્કેલ છે.

(૧૧) પ્રિયદર્શી રાજા કહે છે—ધર્મદાન જેવું દાન નથી. તેમાં દાસો અને સેવકો તરફ સારો વર્તાવ, માતાપિતાની સેવા, શ્રમણ-બ્રાહ્મણોને દાન, પ્રાણીઓની અહિંસા વગેરે હોય છે. પિતા પુત્ર ભાઈ સ્વામી વગેરેએ આને માટે ભલામણ કરવી. ધર્મદાન કરવાથી આ લોકનું સુખ મળે છે તેમ જ પરલોકનું અનંત પુણ્ય ઉત્પન્ન થાય છે.

(૧૨) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા સર્વ સંપ્રદાયોને—પ્રવ્રજિતોને તેમ જ ગૃહસ્થોને દાન અને પૂજાથી સંમાને છે, જેથી સર્વ સંપ્રદાયોની સારવૃદ્ધિ થાય. સારવૃદ્ધિ બહુ પ્રકારની છે. તેનું મૂળ છે વાક્‌સંયમ. વિનાપ્રસંગે પોતાના સંપ્રદાયની સ્તુતિ અથવા પારકા સંપ્રદાયની નિંદા ન કરવી. તે તે પ્રસંગે પણ થોડી જ કરવી. પારકા સંપ્રદાયની સ્તુતિ કરનાર પોતાના સંપ્રદાયની વૃદ્ધિ કરે છે તેમ જ પારકા સંપ્રદાયનું ભલું કરે છે. એથી ઊલટું કરનાર પોતાના સંપ્રદાયની હાનિ કરે છે તેમ જ પારકા સંપ્રદાયનું બૂરું કરે છે. માટે સમવાય જ સારો છે. અન્યોન્યના ધર્મને જાણે ને સેવે. દેવોના પ્રિયની ઇચ્છા છે કે સર્વ સંપ્રદાયો બહુશ્રુત અને સારા સિદ્ધાન્તો ધરાવે. સર્વ સંપ્રદાયોની સારવૃદ્ધિ થાય તે માટે ધર્મ મહામાત્રો, સ્ત્રીઓની દેખરેખ રાખનાર મહામાત્રો, વ્રજભૂમિના અધ્યક્ષો વગેરે પ્રકારના અધિકારીઓને નીમવામાં આવ્યા છે. આથી પોતાના સંપ્રદાયની વૃદ્ધિ અને ધર્મની દીપ્તિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૩) અભિષેકને આઠ વર્ષ થયાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ કલિંગ દેશ જીત્યો. દોઢ લાખ માણસ ત્યાંથી પકડીને લઈ જવાયા, એક લાખ ત્યાં માર્યા ગયા ને અનેકગણા મૃત્યુ પામ્યા. તે પછી હવે કલિંગ દેશ પ્રાપ્ત થતાં દેવોના પ્રિયને તીવ્ર ધર્મશીલન, ધર્મકામતા અને ધર્માનુશાસન થયેલ છે. વિજય મેળવતાં જે જે વધ, મરણ કે અપવાહ થાય છે તેને માટે દેવોના પ્રિયને ભારે વેદના થાય છે. જેઓમાં ધર્મભાવના રહેલી હોય તેવા બ્રાહ્મણો શ્રમણો વગેરે સર્વત્ર વસે છે. તેમાં તેઓને કે તેઓના સ્નેહીઓને દુઃખ પહોંચે છે. યવનદેશ સિવાય કોઈ દેશ એવો નથી કે જ્યાં આ સંપ્રદાયો ન હોય. કલિંગ દેશ મેળવતાં જેટલા માણસ માર્યા ગયા, મૃત્યુ પામ્યા કે લઈ જવાયા, તેનો સોમો કે હજારમો ભાગ પણ આજે દેવોના પ્રિયને મોટો લાગે છે. જે પણ અપકાર કરશે તેને દેવોનો પ્રિય ક્ષમા કરાય તેટલું ક્ષમા કરશે. દેવોના પ્રિયના રાજ્યમાં જે અટવી છે તેની સાથે પણ અનુનય (સામ) કરે છે.

ધર્મવિજયને દેવોના પ્રિયે મુખ્ય વિજય માન્યો છે. તે દેવોના પ્રિયે અહીં અને સર્વ સરહદો પર—જ્યાં અંતિયોક નામે યવનરાજ છે ને તેની પાર ચાર રાજાઓ છે ને નીચે ચોલ-પાંડ્ય છે, તામ્રપર્ણી સુધી, છસો યોજનો સુધી મેળવ્યો છે. જ્યાં દેવોના પ્રિયના દૂતો નથી જતા, ત્યાં પણ તેનો ધર્મોપદેશ સાંભળી ધર્મને આચરે છે ને આચરશે. એનાથી જે વિજય મળે છે, તે પ્રીતિરસવાળો હોય છે. દેવોનો પ્રિય તે પ્રીતિને નહિ પણ પારત્રિક સુખને મહાફળદાયી માને છે. એ માટે આ ધર્મલિપિ લખાવી છે, જેથી પુત્રો પૌત્રો વગેરે નવા વિજયને મેળવવા જેવો ન માને ને ધર્મવિજયને જ વિજય માને. તે આ લોક તેમ જ પરલોકને લગતો છે.

(૧૪) આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી છે. એ સંક્ષેપમાં છે, મધ્યમસર છે, વિસ્તારથી છે. ને બધું બધે પ્રયોજ્યું નથી, કેમ કે રાજ્ય ઘણું મોટું છે. બહુ લખ્યું છે ને લખાવીશ. આમાં તે તે મુદ્દાની મધુરતાને માટે પુનઃ પુનઃ કહેલું છે, જેથી લોકો તેમ આચરે. તેમાં કંઈ અપૂર્ણ લખ્યું હશે તે પ્રદેશના કે સંક્ષેપના કારણે કે લહિયાના દોષને લઈને.

**બે અલગ શૈલલેખો:** (૧) દેવોના પ્રિયના વચનથી તોસલીના (કે સમાપાના) નગરવ્યવહારક મહામાત્રોને આમ કહેવાનું: હું જે કંઈ જોઉં છું તે ઇચ્છું છું. આ બાબતમાં તમને અનુશાસન કરું છું, કેમ કે તમે હજારો માણસો પર નિમાયા છો. સર્વ મનુષ્ય મારી સંતતિ છે. મારી સંતતિઓની જેમ સર્વે માણસો આ લોક તથા પરલોકનાં હિતસુખ પામે તેમ ઇચ્છું છું. તમે મારો આ મુદ્દો પૂરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજતા નથી. તમે આ ધ્યાન રાખો. કોઈ બંધન કે પરિકલેશ પામે, ત્યારે તમારે મધ્યમ નીતિ રાખવી. ઈર્ષ્યા, ક્રોધ, નિષ્ઠુરતા વગેરેને વશ ન થવું. આવું દેવોના પ્રિયનું અનુશાસન છે. તેનું પાલન મહાફળદાયી છે. એથી તમે સ્વર્ગ પામશો તેમ જ મારા ઋણમાંથી મુકત થશો.

આ લિપિ તિષ્યે (પુષ્યે) સાંભળવી. નગરવ્યવહારકો આ અનુશાસન હમેશાં પાળે તે માટે આ લિપિ લખાવી છે. એ માટે હું મહામાત્રને પાંચ પાંચ વર્ષે બહાર મોકલીશ. ઉજ્જયિનીથી પણ કુમાર એ માટે બહાર જશે ને ત્રણ વર્ષની મુદત વટાવી જશે નહિ. એવી રીતે તક્ષશિલાથી પણ.

(૨) દેવોનો પ્રિય આમ કહે છે—તોસલીમાં કુમાર અને (કે સમાપામાં) મહામાત્રોને રાજવચન કહેવું: હું જે કંઈ જોઉં છું તે ઇચ્છું છું. તમને અનુ-શાસન કરું છું. સર્વ મનુષ્ય મારી સંતતિ છે. સંતતિઓની જેમ સર્વ માણસો આ લોક તથા પરલોકનાં હિતસુખ પામે એમ ઇચ્છું છું.

નહિ જિતાયેલા સરહદી લોકોને થાય કે રાજા અમારા વિશે શું ઇચ્છતા હશે? રાજા એમ ઇચ્છે છે કે મારાથી તેઓ ઉદ્વેગ ન પામે, ને મારામાં વિશ્વાસ રાખે ને મારા તરફથી સુખ જ પામે. રાજા ક્ષમા કરી શકાય તેટલી ક્ષમા કરશે. મારા નિમિત્તે ધર્મ આચરે અને આ લોક તથા પરલોક પામે. જેવા પિતા, તેવા અમારા રાજા છે એવી શ્રદ્ધા ધરાવે એવું તમારે તેમને જણાવવું, તે માટે હું તમને અનુ-શાસન કરું છું. તમે આમ કરશો તો સ્વર્ગ પામશો તેમ જ મારા ઋણમાંથી મુકત થશો. આ લિપિ અહીં એટલા માટે લખાવી છે કે જેથી મહામાત્રો સરહદી લોકો-ના આશ્વાસન તથા ધર્માચરણ માટે યુકત થાય. આ લિપિ દરેક ચાતુર્માસના તિષ્યે સાંભળવી ને વચ્ચે પણ સાંભળવી.

**ગૌણ શૈલલેખો** : (૧) દેવોનો પ્રિય આમ કહે છે—અઢી વર્ષથી વધુ વખત થયો, હું ઉપાસક છું. પરંતુ એક વર્ષ મેં પુરુષાર્થ નહિ કરેલો. એક વર્ષથી વધુ વખત થયો, હું સંઘથી ઉપેત થયો ને મેં સારી રીતે પુરુષાર્થ કર્યો. આ સમયે મનુષ્યો દેવોથી અમિશ્ર હતા તે હવે મિશ્ર થયા. પુરુષાર્થનું એ ફળ છે. એ મોટા માણસ જ નહિ, નાના માણસ પણ પુરુષાર્થ વડે પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે આ ઘોષણા કરાવી છે કે જેથી નાના તેમ જ મોટા પુરુષાર્થ કરે. સરહદી લોકો પણ આ જાણે. આ બાબત સારી રીતે વધશે. આ બાબત વારાફરતી પર્વતો પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાવો. જ્યાં શિલાસ્તંભ હોય, ત્યાં શિલાસ્તંભ પર લખાવો. આ ઘોષણા મેં ૨૫૬ પ્રવાસે (કે નકલોમાં)[૧] કરાવી છે.

(૨) દેવોનો પ્રિય આમ કહે છે—દેવોનો પ્રિય જેમ કહે તેમ કરવું. રજ્જૂકોએ રાષ્ટ્રિકોને આજ્ઞા કરવી—માતાપિતાની સેવા કરવી, પ્રાણીઓ પર દયા કરવી, સત્ય બોલવું. હસ્ત્યારોહોને, કારણકોને અને રથારોહોને એવી આજ્ઞા કરવી. બ્રાહ્મણોને આજ્ઞા કરવી—તમે પુરાણી પરંપરા પ્રમાણે અન્તેવાસીઓને ભણાવો.

**અફઘાનિસ્તાનના શૈલલેખો** : (૧) રાજા પ્રિયદર્શી અભિષેકને દસ વર્ષ થયે આમ જણાવે છે: રાજા પ્રાણીઓની હિંસા નહિ કરે, શિકારીઓ અને માછીમારો પણ ન કરે. લોકો માતાપિતાની તેમ જ વડીલોની સેવા કરે. રાજાએ કરેલા ધર્માનુશાસન પ્રમાણે સર્વ માણસો ધર્મ આચરે.

(૨) અભિષેક થયાને દસ વર્ષ થયાં, પ્રિયદર્શી રાજાએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે ને સર્વત્ર માણસો તથા પ્રાણીઓ તરફની હિંસા રદ કરી છે. રાજરસોડામાં હવે પ્રાણીઓની હત્યા થતી નથી. શિકારીઓ તથા માછીમારોએ પણ પ્રાણીઓની હત્યા ન કરવી. જે ધર્મથી યુકત થાય છે ને માતાપિતાની તથા વડીલોની સેવા કરે છે તે સહુ પોતાનાં હિતસુખની વૃદ્ધિ કરશે.

**સાત સ્તંભલેખો** : (૧) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—અભિષેકને છવ્વીસ વર્ષ થયે મેં આ ધર્મલિપિ લખાવી છે. આ લોકનું અને પરલોકનું સુખ મેળવવું મુશ્કેલ છે, સિવાય તીવ્ર ધર્માનુરાગ અને તીવ્ર ઉત્સાહ. મારા અનુશાસનથી એ વધ્યું છે ને વધશે. સર્વ પ્રકારના મારા પુરુષો (અધિકારીઓ) પણ ચપળ જનોને ધર્મ માટે પ્રોત્સાહિત કરશે. એવી રીતે સરહદના મહામાત્રો પણ.

(૨) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—ધર્મ સારો છે. ધર્મ એટલે અલ્પ આસિનવ, બહુ કલ્યાણ, દયા, દાન, સત્ય અને પવિત્રતા. ચક્ષુ-દાન પણ મેં બહુ પ્રકારનું દીધું છે. બેપગાં, ચોપગાં, પંખીઓ અને જળચરો પર પણ મેં પ્રાણદાન સુધીનો વિવિધ અનુગ્રહ કર્યો છે. બીજાં પણ મેં ઘણાં કલ્યાણ કર્યાં છે. એટલા માટે મેં ધર્મલિપિ લખાવી છે કે લોકો એને અનુસરે ને એ લાંબો વખત ટકે.

---

૧. '**વ્યુથ**'નો અર્થ **વ્યુષ્ટ** કરી અહીં બુદ્ધનિર્વાણ સંવતનું વર્ષ અભિપ્રેત હોવાનું સૂચવાયેલું, પરંતુ **વ્યુથ** એટલે **વ્યુષિત** અર્થ લઈ અહીં **વિવાસ**=પ્રવાસનો અર્થ લેવો ઘટે એવો ઘણા વિદ્વાનોનો મત છે. ડૉ. બરુઆ વળી નકલોનો અર્થ સૂચવે છે (ઉપર્યુકત, પૃ. ૧૭).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—લોકો પોતે કરેલા કલ્યાણને જ જુએ છે, પાપને જરાય જોતા નથી. આ આસિનવ (આસ્નવ—પાપ કરવાની વૃત્તિ) તરફ લઈ જતાં હોય છે—ચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, અભિમાન, ઈર્ષા. એ સારી રીતે જોવું—આ મારા ઐહિક માટે છે, આ બીજું મારા પારલૌકિક માટે છે.

(૪) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—અભિષેકને છવીસ વર્ષ થયે મેં આ ધર્મલિપિ લખાવી છે. રજ્જુકોને મેં લાખો માણસો પર નીમ્યા છે. તેઓને આરોપ કે દંડની બાબતમાં મેં સ્વતંત્રતા આપી છે, જેથી તેઓ આત્મવિશ્વાસથી કામ કરે ને જાનપદ જનનું હિતસુખ કરે. જેવી રીતે સંતતિ કુશળ ધાત્રીને સોંપી માણસ નિશ્ચિત થાય, તેમ મેં જાનપદના હિતસુખ માટે રજ્જુકોને નીમ્યા છે. તેઓએ વ્યવહાર-સમતા અને દંડ-સમતા ઇચ્છવી. બંધનબદ્ધ, પ્રાપ્તદંડ અને પ્રાપ્તવધ મનુષ્યોને મેં ત્રણ દિવસો રાહતના આપ્યા છે. તે દરમ્યાન તેઓનાં સંબંધીઓ તેઓના જીવિત માટે પ્રયત્ન કરશે ને તેઓ પોતે પારલૌકિક કાર્યો કરશે.

(૫) દેવોનો પ્રિય પ્રિયદર્શી આમ કહે છે—અભિષેકને છવીસ વર્ષ થયે મેં આ પ્રાણીઓને અવધ્ય કર્યાં છે—શુક, શારિકા, હંસ, અમુક પ્રકારના કાચબા, અમુક પ્રકારના મત્સ્ય, અમુક પ્રકારના સસલા, અમુક પ્રકારના મૃગ, અમુક પ્રકારના કપોત વગેરે તેમ જ જે કામમાં નથી આવતાં કે ખવાતાં નથી તેવાં બધાં ચોપગાં. બકરી, ઘેટી અને ડુક્કરી જે ગાભણી હોય કે દુધાળી હોય, તે અવધ્ય છે ને તેનાં છ મહિના સુધીનાં બચ્ચાં પણ. કૂકડાની ખસી કરવી નહિ. જીવવાળા થૂલાને બાળવું નહિ. જંગલને તોફાન માટે કે હિંસા માટે બાળવું નહિ. જીવને જીવથી પોષવો નહિ. ત્રણ ચાતુર્માસી પૂર્ણિમાઓએ, તિષ્યની (પોષ) પૂર્ણિમાએ, ચતુર્દશી, પંચદશી અને પ્રતિપદના દિવસે, ને ખાસ કરીને ઉપવાસના દિવસોએ મત્સ્યનો વધ કરવો નહિ કે મત્સ્યનું વેચાણ કરવું નહિ. એ દિવસોમાં હાથીના વનમાં તથા માછલીના વાડામાં બીજા જીવોનેય હણવા નહિ. પર્વદિનોએ આખલા, બકરા, ઘેટા, ડુક્કર વગેરેને ખસી કરવી નહિ તેમ જ ઘોડા અને આખલાને ડામ દેવો નહિ. અભિષેકને છવીસ વર્ષ થયાં, મેં એ ગાળામાં કેદીઓને પચીસ વાર છોડાવ્યા છે.

(૬) દેવોનો પ્રિય પ્રિયદર્શી આમ કહે છે—અભિષેકને બાર વર્ષ થયે મેં લોકોના હિતસુખ માટે ધર્મલિપિ લખાવી, જેથી તેઓ તેને અનુસરી ધર્મવૃદ્ધિ પામે. નજીકના તેમ જ દૂરના જનોને તેમ જ સર્વ વર્ગોને સુખ આપવાનું ધ્યાન રાખું છું. સર્વ સંપ્રદાયોને પણ વિવિધ રીતે સંમાનું છું. લોકો પાસે જાતે જવાને મેં મુખ્ય માન્યું છે. અભિષેકને છવીસ વર્ષ થયે મેં આ ધર્મલિપિ લખાવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — લાંબા વખતથી રાજાઓ ઇચ્છતા કે લોકોમાં ધર્મવૃદ્ધિ કેવી રીતે થાય. પરંતુ તે થતી નહોતી. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાને થયું, લોકોમાં ધર્મવૃદ્ધિ કેવી રીતે થાય. આ બાબતમાં મને થયું, ધર્મની ઘોષણાઓ કરાવું ને ધર્મનાં અનુશાસન કરું; એ સાંભળી લોકો ધર્મ આચરશે ને વધારશે. એ માટે મેં ધર્મની ઘોષણાઓ કરાવી ને ધર્મનાં અનુશાસન ફરમાવ્યાં, રજ્જુકો વગેરેને પણ મેં એવી આજ્ઞા કરી છે. મેં ધર્મસ્તંભ કર્યા છે; ધર્મ મહામાત્ર કર્યા છે. માર્ગો પર વડ રોપાવ્યા છે, આંબાવાડીઓ રોપાવી છે. અર્ધા અર્ધા કોશે કૂવા ખોદાવ્યા છે ને વિસામા કરાવ્યા છે. અગાઉના રાજાઓએ અને મેં લોકો માટે આ સગવડો કરી છે, જેથી તેઓ ધર્માચરણ કરે.

પ્રવ્રજિતો અને ગૃહસ્થો માટે મેં ધર્મ-મહામાત્ર રોકયા છે. તેઓને સંઘ માટે, તેમ જ બ્રાહ્મણો, આજીવિકો અને નિર્ગ્રન્થો (જૈનો) માટે તથા બીજા બધા સંપ્રદાયો માટે રોકયા છે.

એ અને બીજા ઘણા મુખ્ય અધિકારીઓને મારા અને રાણીઓના તેમ જ કુમારો વગેરેના દાનની વહેંચણી માટે રોકવામાં આવ્યા છે.

ધર્મનાં સત્કાર્ય આ છે — દયા, દાન, સત્ય, શૌચ (પવિત્રતા), મૃદુતા અને સાધુતા (ભલાઈ). તે લોકોમાં વધશે. મેં જે સારાં કર્મ કર્યાં છે તેને લોકો અનુસર્યા છે. તેથી ધર્મવૃદ્ધિ થઈ છે. તે બે રીતે થઈ છે — નિયમનથી અને ધ્યાનથી. તેમાં નિયમન નજીવું છે; ધ્યાન મહત્ત્વનું છે. આ ધર્મલિપિ એટલા માટે લખાવી છે કે એ લાંબો વખત ટકે ને મારા પુત્રો પૌત્રો વગેરે તેને અનુસરે. અભિષેકને સત્તાવીસ વર્ષ થયે મેં આ ધર્મલિપિ લખાવી છે. આ ધર્મલિપિ જ્યાં શિલાસ્તંભો કે ધર્મફલકો છે ત્યાં કરવાની છે, જેથી એ લાંબો વખત ટકે.

**સંઘભેદના નિષેધનો સ્તંભલેખ** : દેવોનો પ્રિય પ્રિયદર્શી આજ્ઞા કરે છે — કૌશાંબીમાં (કે તે તે અન્ય સ્થળે) મહામાત્રને કહેવાનું કે મેં સંઘને સમગ્ર (અખંડિત) કર્યો છે. ભિક્ષુઓ કે ભિક્ષુણીઓમાંથી કોઈએ સંઘમાં ભેદ (તડ) કરવાનો નથી. જે તેમ કરશે તેને શ્વેત વસ્ત્ર પહેરાવી અન્ય આવાસમાં વસાવવામાં આવશે.

(સાંચીના લેખમાં —) મારી ઇચ્છા છે કે સંઘ સમગ્ર (રહી) લાંબો વખત ટકે.

(સારનાથના લેખમાં —) આ શાસન ભિક્ષુસંઘને તથા ભિક્ષુણી સંઘને વિજ્ઞાપિત કરવું. આવી એક લિપિ તમારી પાસે રહે. આવી એક લિપિ ઉપાસકો પાસે મૂકો. દર પર્વદિને ઉપાસકો તે ધ્યાનમાં લે તેમ જ એકેક મહામાત્ર લે જ. તમારો અધિકાર જ્યાં સુધી પહોંચે ત્યાં બધે આ અનુશાસન અનુસાર તમારે (તેમને) ફેરવતા રહેવા. એવી રીતે સર્વ કોટ અને જિલ્લાઓમાં પણ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાણીનો સ્તંભલેખ**—દેવોના પ્રિયના વચનથી સર્વત્ર મહામાત્રોને કહેવાનું કે અહીં બીજી રાણીનું જે કંઈ દાન હોય તે એ રાણીનું છે. એ બધું બીજી રાણી, તીવરની માતા, કારુવાકીનું જ ગણવું.

**રુમ્મિનદેઈ સ્તંભલેખ**—દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ અભિષેકને વીસ વર્ષ થયે અહીં બુદ્ધ શાકયમુનિ જન્મ્યા છે માટે જાતે આવીને પૂજા કરી. શિલાસ્તંભ ઊભો કરાવ્યો. લુંબિની ગામને કરમુકત કર્યું ને તેના મહેસૂલનો દર આઠમા ભાગનો કર્યો.[1]

**નિગ્લીવ સ્તંભલેખ**—દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ અભિષેકને ચૌદ વર્ષ થયે બુદ્ધ કનકમુનિના[2] સ્તૂપને બમણો મોટો કરાવ્યો. અભિષેકને વીસ વર્ષ થયે જાતે આવી પૂજા કરી ને શિલાસ્તંભ ઊભો કરાવ્યો.

**ગુફાલેખો**—(૧) રાજા પ્રિયદર્શીએ અભિષેકને બાર વર્ષ થયે આ વડ-ગુફા આજીવિકોને આપી.

(૨) રાજા પ્રિયદર્શીએ અભિષેકને બાર વર્ષ થયે ખલતિક પર્વતમાં આ ગુફા આજીવિકોને આપી.

(૩) રાજા પ્રિયદર્શીના અભિષેકને ઓગણીસ વર્ષ થયાં. મેં ખલતિક પર્વતમાં આ ગુફા આપી.

**ફલકલેખ**—મગધનો પ્રિયદર્શી રાજા સંઘને અભિવાદન કરીને સુખશાતા કહે છે.—અમને બુદ્ધ, ધર્મ અને સંઘ વિશે કેટલો આદર છે તે તમને વિદિત છે. ભગવાન બુદ્ધે જે કંઈ ભાખ્યું છે તે બધું સારું જ ભાખ્યું છે. છતાં અમને લાગે છે કે સદ્ધર્મ આ રીતે લાંબો વખત ટકશે તે મારે કહેવું જોઈએ. આ ધર્મસૂત્રો—વિનયસમુત્કર્ષ, આર્યવાસ (આર્ય જીવનની રીતો), અનાગતભય, મુનિગાથા, મૌનેયસૂત્ર, ઉપતિષ્યપ્રશ્ન અને જે રાહુલ-અવવાદ(બોધ)માં મૃષાવાદ વિશે ભગવાન બુદ્ધે કહેલું તે—નું ઘણા ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ વારંવાર શ્રવણ અને મનન કરે. એ રીતે ઉપાસકો અને ઉપાસિકાઓ પણ. મારું અભિપ્રેત જાણે તે માટે હું આ લખાવું છું.

**લેખોનાં સ્વરૂપ**—અશોક પોતાના મુખ્ય શૈલલેખો તથા સ્તંભલેખોને સામાન્યત: 'ધર્મલિપિ' તરીકે ઓળખાવે છે, જેમ કે શૈલલેખ નં. ૧, ૫, ૬ અને ૧૪

---

૧. જમીનમહેસૂલમાં સામાન્ય રીતે ધાન્યનો છઠ્ઠો ભાગ લેવામાં આવતો. તે દર અહીં ઘટાડયો.

૨. છેલ્લા સાત બુદ્ધોમાંના પાંચમા બુદ્ધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સ્તંભલેખ નં. ૧, ૨, ૪, ૬ અને ૭ને અહીં લિપિ એટલે લેખ એવું અભિપ્રેત છે; ને આ સર્વ લેખ ધર્મને લગતા છે. ક્વચિત્ 'લિપિ' લેખની પ્રત કે નકલનો અર્થ ધરાવે છે.

સ્તંભ નં. ૭માં એ 'ધર્મશ્રાવણો' અને 'ધર્માનુશાસનો' અર્થાત્ ધર્મ-ઘોષણાઓ અને ધર્મોપદેશોનોય ઉલ્લેખ કરે છે. કેટલાક લેખોમાં 'ધર્મનિયમો'-(ધર્મ-નિયમનો)ની જાહેરાત છે.

આ સર્વ લેખ અશોકે રાજા તરીકે લખાવ્યા છે, તેથી 'અર્થશાસ્ત્ર'ની પરિભાષામાં એ 'શાસનો' ગણાય. શાસનોના અનેક પ્રકાર છે. કેટલાંક શાસન પ્રજ્ઞાપન (વિજ્ઞાપન) અર્થાત્ જાહેરાત રૂપે હોય છે, જેમાં 'આથી જણાવ્યું છે' કે 'આમ કહે છે' એવા શબ્દ પ્રયોજાય છે. શૈલલેખ નં. ૩, ૫, ૬, ૯ અને ૧૧માં તેમ જ સાતેય સ્તંભલેખોમાં 'દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે' એવો શબ્દપ્રયોગ કરેલો છે. બાકીના શૈલલેખો પણ જાહેરાત તરીકે લખાયેલા છે. આ જાહેરાતો સર્વત્રગ અર્થાત્ સર્વ સ્થળો માટેની છે.

ગૌણ શૈલલેખો પણ આ પ્રકારના છે. એનો આરંભ 'દેવોનો પ્રિય આમ કહે છે' એ વાક્યથી થાય છે. એને 'શ્રાવણ' કહ્યાં છે.

કલિંગના અલગ શૈલલેખ તે તે નગરના મહામાત્રોને ઉદ્દેશીને લખાયેલા છે. સંઘભેદના નિષેધને લગતા સ્તંભલેખ પણ એ પ્રકારના છે. રાણીનો સ્તંભલેખ સર્વ સ્થળોના મહામાત્રોને ઉદ્દેશીને છે. આવાં શાસનોને 'આજ્ઞાલેખ' તરીકે ઓળખવામાં આવે છે.

કલિંગના અલગ શૈલલેખ નં. ૨ ને 'રાજવચનિક' કહ્યો છે. રાણીનો સ્તંભલેખ 'સર્વત્રગ' છે.

ગુફાલેખો દાનને લગતા હોઈ 'પરિદાન-લેખો' છે.

રુમ્મિનદેઈ અને નિગ્લીવના સ્તંભલેખ સામાન્યતઃ રાજાની અંગત ધર્મ-પ્રવૃત્તિઓની જાહેરાત રૂપે હોઈ 'પ્રાવૃત્તિક લેખ' સ્વરૂપના છે, પરંતુ રુમ્મિનદેઈ સ્તંભલેખમાં કરમુક્તિ અને કરદાનમાં અનુગ્રહને લગતો જે ઉત્તરાર્ધ છે તે 'પરીહાર-લેખ'(અર્થાત્ અનુગ્રહલેખ)નું સ્વરૂપ ધરાવે છે.

સ્તંભલેખ નં. ૪માં રજ્જકોને અભિહાર અને દંડની બાબતમાં અધિકાર આપતો ભાગ 'નિસૃષ્ટિ-લેખ' ગણાય. સ્તંભલેખ નં. ૫ માંના મુદ્દા અનુગ્રહરૂપે હોઈ 'પરીહારલેખ'નું સ્વરૂપ ધરાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકંદરે જોતાં આ સર્વ લેખ ધર્મવિષયક હોઈ 'ધર્મલેખ' છે. એમાંના કેટલાકમાં રાજાની પોતાની પ્રવૃત્તિઓની જાહેરાત છે, તો કેટલાકમાં અધિકારીઓને આજ્ઞા કરેલી છે. પરંતુ સર્વ લેખોનો ઉદ્દેશ સાર્વજનિક ઘોષણા અને વિજ્ઞાપનનો છે. પૂર્તકાર્યો તથા દાનોના ઉલ્લેખોનો ઉદ્દેશ પણ અંગત યશ કે કીર્તિને બદલે અનુકરણીય દૃષ્ટાન્ત તરીકેનો છે.

**સમયાંકન**—અશોકના કેટલાક અભિલેખોમાં તે તે લેખ રાજાએ કયા કયા વર્ષે લખાવ્યો તે જણાવ્યું છે ને તે વર્ષ એના અભિષેકથી ગણેલાં છે.

કંદહારના લેખ અશોકના રાજ્યકાલના વર્ષ ૧૦ ના છે.

ચૌદ શૈલલેખોમાં લેખ નં. ૩માં 'અભિષેકને બાર વર્ષ થયે મેં આ ફરમાવ્યું છે' અને નં. ૪માં 'અભિષેકને બાર વર્ષ થયે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આ લખાવ્યું છે' એવો ઉલ્લેખ આવે છે. વળી સ્તંભલેખ નં. ૬ માં 'અભિષેકને બાર વર્ષ થયે મેં ધર્મલિપિ લખાવી' એવો ઉલ્લેખ આવે છે. આ ઉલ્લેખો પરથી અશોકે બાર વર્ષે ધર્મલિપિઓ લખાવી અને એ ધર્મલિપિઓ તે ઉપર જણાવેલા શૈલલેખ હોવાનું સ્પષ્ટ થાય છે. શૈલલેખ નં. ૧ અને ૨ પણ એ વર્ષે લખાયા લાગે છે. આ ચાર લેખો વચ્ચે વિષયનો કે લેખનનો કોઈ ક્રમ રહેલો ન હોઈ, એ લેખ અલગ અલગ રીતે લખાયા લાગે છે.

લેખ નં. ૫ માં 'અભિષેકને તેર વર્ષ થયે મેં ધર્મ-મહામાત્ર કર્યા' એવો ઉલ્લેખ આવે છે, એથી એ લેખ એ વર્ષે કે એ પછી લખાયો છે. લેખ નં. ૬ થી ૧૩ પણ એ વર્ષે લખાયા હશે. લેખ નં. ૧૪ આ આખી લેખમાલાના ઉપસંહારરૂપે હોઈ છેક છેલ્લે, પ્રાયઃ અભિષેકને ૧૪ વર્ષ થયે, લખાયો લાગે છે.

ગુફાલેખોમાંના પહેલા બે લેખ અભિષેક વર્ષ ૧૨ના છે. ત્રીજો લેખ વર્ષ ૧૯નો છે.

રુમ્મિનદેઈ અને નિગ્લીવના સ્તંભલેખ વર્ષ ૨૦ના છે.

સાત સ્તંભલેખોમાંના લેખ નં. ૧, ૪, ૫ અને ૬ વર્ષ ૨૬ના છે, જ્યારે લેખ નં. ૭ વર્ષ ૨૭નો છે. આ પરથી આ લેખમાલાના પહેલા છ લેખ વર્ષ ૨૬માં અને સાતમો લેખ વર્ષ ૨૭માં લખાયો લાગે છે. છેલ્લો લેખ એક જ સ્થળે અને જુદા મરોડમાં કોતરાયો હોઈ સ્પષ્ટતઃ પાછળથી ઉમેરાયો છે.

બાકીના અભિલેખ સમયનિર્દેશ વિનાના છે. એની અંદર આવતા અમુક ઉલ્લેખો પરથી એનો સાપેક્ષ સમયાન્વય તારવી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ અંગે બે મુદ્દા લક્ષમાં લેવા જેવા છે. એક તો એ કે આ લેખોમાં 'લખાવી' કે 'લખાવ્યું' એ શબ્દ પ્રયોજાયો છે તે માત્ર લખાવવાના અર્થમાં કે કોતરાવવાના અર્થમાં? ધૌલી અને જૌગડની લેખમાલાના પહેલા વાક્યમાં 'આ ધર્મલિપિ અમુક પર્વત પર લખાવી' એવા શબ્દ પ્રયોજાયા છે તેમ જ રૂપનાથ અને સહસરામના ગૌણ શૈલલેખમાં 'પર્વતો પર લખાવો' અને 'શિલાસ્તંભ પર લખાવવો' એવો શબ્દપ્રયોગ થયો છે એ પરથી અહીં 'લખાવવું' શબ્દ 'કોતરાવવું' એવા અર્થમાં વપરાતો હોવાનું સ્પષ્ટ થાય છે.

વળી આ ઉલ્લેખ પરથી આ ગૌણ શૈલલેખો લખાયા ત્યારે પર્વતો ઉપરાંત શિલાસ્તંભો પર લેખો કોતરાવવાની પ્રથા પ્રચલિત થઈ ચૂકી હોવાનું માલૂમ પડે છે. ને સ્તંભલેખો અશોકના અભિષેક વર્ષ ૨૦થી કોતરાતા હોવાનું જાણવા મળ્યું છે. આથી આ ગૌણ શૈલલેખોમાં અશોકની ધર્મોપદેશની આરંભિક કારકિર્દીનું નિરૂપણ હોવા છતાં એ લેખ તે પહેલાં કોતરાયા હોય એવું ભાગ્યે જ સંભવે છે.

કલિંગના અલગ શૈલલેખોમાંય કોઈ સમયનિર્દેશ કરવામાં આવ્યો નથી. એ લેખો શૈલલેખ નં. ૧–૧૦ અને ૧૪ની લેખમાલા પછી અલગ કોતરાયા હોઈ એ શૈલલેખ નં. ૧–૧૪ની લેખમાલા પછી લખાયા હોવાનું સ્પષ્ટ છે. આ લેખોમાં સરહદી પ્રાંતોમાં સૂબાગીરી કરતા કુમારોનો ઉલ્લેખ હોવાથી તેમ જ તે કુમારોને ત્રણ ત્રણ વર્ષે પ્રાંતમાં ફરતા રહેવાની સૂચના હોવાથી, આ લેખો અશોકના રાજ્યકાલનાં છેલ્લાં વર્ષો દરમ્યાન લખાયા હોવાનું સૂચવાયું છે,[૧] કેમ કે એ કુમારો ત્યારે, પ્રાય: અભિષેક વર્ષ ૨૭ પછી, પુખ્ત વયના થયા હોય ને બીજું એ કે મુખ્ય શૈલલેખોના સમયે સરહદો સાથે સારા સંબંધ હતા, જ્યારે 'દિવ્યાવદાન'માં જણાવ્યા મુજબ અશોકના રાજ્યકાલના છેલ્લા ભાગમાં સરહદો પર અશાંતિ પ્રવર્તી હતી.

સ્તંભલેખ નં. ૭માં એ ધર્મલિપિ જ્યાં શિલાસ્તંભો કે શિલાફલકો હોય ત્યાં કોતરાવવાનો ઉલ્લેખ આવે છે એ પરથી ત્યારે શિલાફલકો પર લેખો કોતરાવવાની પ્રથા પ્રચલિત થઈ ચૂકી લાગે છે; ને ગૌણ શૈલલેખોમાં માત્ર પર્વતલેખો અને શિલાસ્તંભલેખોનો ઉલ્લેખ કરેલો છે, શિલાફલક લેખોનો ઉલ્લેખ કર્યો નથી. આ પરથી બૈરાટ ફલકલેખ સ્તંભલેખ નં. ૭ (વર્ષ ૨૭) પહેલાં લખાયો હોવો સંભવે છે; ને ગૌણ શૈલલેખ એ ફલકલેખની પહેલાં લખાયા લાગે છે.

સ્તંભલેખ નં. ૭(વર્ષ ૨૭)માં રાજાનાં પોતાનાં તથા દેવીઓનાં (રાણીઓનાં) તેમ જ દેવીકુમારો(રાણીઓથી જન્મેલા રાજકુમારો)નાં દાનોનો ઉલ્લેખ આવે

૧. Barua, *As'oka and His Inscriptions*, pp. 17 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ પરથી દ્વિતીય દેવી (રાણી) કારુવાકીના દાનને લગતો સ્તંભલેખ વર્ષ ૨૭ની પહેલાં લખાયો હોવા સંભવે છે.

સંઘભેદના નિષેધને લગતા સ્તંભલેખમાં તેના સમયાંકન માટેનું કોઈ સૂચન મળતું નથી. પરંતુ એ સ્તંભલેખોના વહેલામાં વહેલા જ્ઞાત વર્ષ અર્થાત્ વર્ષ ૨૦ની પહેલાં લખાયો નહિ હોય. સારનાથના સ્તંભલેખમાં ઉપસથ(ઉપવાસ)દિનોનો ઉલ્લેખ આવે છે, તે મુખ્ય સ્તંભલેખ નં. ૫(વર્ષ ૨૬)માં આવતા ઉપસથદિનોના ઉલ્લેખનું સ્મરણ કરાવે છે. આ પરથી આ સ્તંભલેખ વર્ષ ૨૬ના અરસામાં લખાયો હોવો સંભવે છે.

આમ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ પોતાના વિશાળ રાજ્યનાં જુદાં જુદાં સ્થળોએ ધર્માચરણ અને ધર્મોપદેશને લગતા જુદા જુદા પ્રકારના ઓછામાં ઓછા એકંદરે પાંત્રીસ જેટલા ધર્મલેખ લખાવ્યા હોવાનું અને એ લેખોને પર્વતો (શૈલો), શિલાસ્તંભો, શિલાફલકો અથવા ગુહાભિત્તિઓ પર કોતરાવ્યા હોવાનું માલૂમ પડે છે. એમાં આપેલા સમયનિર્દેશ પરથી એની આ પ્રવૃત્તિ એના અભિષેકના વર્ષ ૧૦થી ૨૭ સુધીના સમયમાં ઘણી સક્રિય હોવાનું જાણવા મળે છે.[1]

---

૧. આ અભિલેખોમાં જણાવેલાં વર્ષ ગત (પૂરાં થયેલાં) સમજવાનાં છે, નહિ કે વર્તમાન (ચાલુ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૩. રાજ્ય અને એનો વહીવટ

મૌર્ય રાજા અશોકને પિતામહ ચંદ્રગુપ્ત અને પિતા બિંદુસારનો રાજ્યવારસો મળ્યો હતો. ચંદ્રગુપ્ત મૌર્યે મગધના નંદ રાજાઓનું વિશાળ રાજ્ય જીતી લીધું હતું, પંજાબને વિદેશી શાસનમાંથી મુક્ત કર્યું હતું ને દક્ષિણમાં મૈસૂર સુધી તેમ જ પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી પોતાની સત્તા પ્રસારી હતી. વળી એણે સિકંદરના એશિયાઈ મુલકોના વારસ સેલુક પાસેથી એરિઆ (હેરાત), આરાકોસિયા (કંદહાર), ગેડ્રોસિયા (મકરાણ) અને પરોપનિસદઈ (કાબુલ)ના પ્રદેશ પણ મેળવ્યા હતા, જે સિંધુ નદીની પશ્ચિમે અને હિંદુકુશની દક્ષિણે, હાલ અફઘાનિસ્તાનમાં, આવેલા છે. બિંદુસારે આ વિશાળ રાજ્ય સાચવી રાખ્યું. અશોકે કલિંગ જીતીને મૌર્ય રાજ્યની સત્તા દક્ષિણ-પૂર્વમાં ઓરિસા સુધી વિસ્તારી.

**રાજ્યવિસ્તાર**—અશોકના અભિલેખોનાં સ્થાનો પરથી તેમ જ અભિલેખોમાં આવતા ઉલ્લેખો પરથી એના રાજ્યના વિસ્તાર તથા મુખ્ય પ્રદેશો વિશે કેટલીક માહિતી મળે છે. અલબત્ત આ અભિલેખો ધર્મવિષયક હોઈ એમાં રાજ્યને વિશે પ્રાસંગિક ઉલ્લેખો જ આવે છે ને એના અભિલેખો પૈકી હજી કેટલાક અજ્ઞાત હશે. આથી એ પરથી એના રાજ્યના વિસ્તાર તથા એના પ્રદેશો વિશે જે માહિતી મળે છે તે સંપૂર્ણ ગણી શકાય નહિ.

અશોક પોતાના રાજ્ય માટે 'વિજિત' (જીતેલો પ્રદેશ, વિજય દ્વારા પ્રાપ્ત કરેલો પ્રદેશ) શબ્દ પ્રયોજે છે ને કહે છે કે વિજિત મોટું (વિશાળ) છે.

તેરમા શૈલલેખમાં એ 'રાજ-વિષય' અને 'અન્તો'નો અર્થાત્ રાજાના પૂર્ણ શાસન નીચેના વિસ્તારનો અને સરહદી પ્રદેશોનો અલગ અલગ ઉલ્લેખ કરે છે. 'રાજ-વિષય'માં એ યવન-કમ્બોજ, નાભક-નાભપંતિ, ભોજ-પિતિનિક અને અન્ધ્ર-પુલિન્દનો સમાવેશ કરે છે. પાંચમા શૈલલેખમાં એ યવન-કંબોજ-ગંધાર તથા રાષ્ટ્રિક-પિતિનિકને 'અપરાંત' અર્થાત્ પશ્ચિમી સરહદના પ્રદેશો તરીકે ગણાવે છે. આ બધા પ્રદેશ એના રાજ્યની અંદરના સરહદી પ્રાંત હોવાનું માલૂમ પડે છે (નકશો ૨).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સરહદી પ્રાંતોમાં ઉત્તરમાં યવન, કંબોજ અને ગંધાર પ્રદેશ આવ્યા હતા. એમાં ગંધાર દેશ જાણીતો છે. એની રાજધાની તક્ષશિલા વિદ્યાધામ તરીકે સુપ્રસિદ્ધ હતી. અશોકે પોતે ત્યાં કુમાર તરીકે સૂબાગીરી કરી હતી. એના રાજ્યકાલમાં પણ ત્યાં કુમારનો વહીવટ ચાલુ હતો. હાલ એ પશ્ચિમ પંજાબમાં ઉત્તરે આવેલા રાવળપિંડી જિલ્લામાં તકિસલા તરીકે ઓળખાય છે. યવન અને કંબોજ પ્રાંત એની વાયવ્યે આવ્યા લાગે છે. ડૉ. દે. રા. ભાંડારકર ધારે છે કે મુખ્ય શૈલલેખોનાં સ્થાન અશોકના સરહદી પ્રાંતોનાં પાટનગર સૂચવે છે ને એ અનુસાર શાહબાજગઢી (જિલ્લો પેશાવર) એ યવન પ્રાંતનું અને માનસેહરા (જિલ્લો હજારા) એ કંબોજ પ્રાંતનું વડું મથક લાગે છે.[૧] પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં કંદહાર (દક્ષિણ અફઘાનિસ્તાન) પાસે અશોકના ગ્રીક ભાષામાં લખેલા ને ગ્રીક લિપિમાં કોતરેલા લેખ મળ્યા છે એ પરથી અશોકના રાજ્યનો યવન પ્રાંત કંદહારની આસપાસ આવેલો હોવાનું ફલિત થાય છે. કેમ કે ત્યારે 'યવન' શબ્દ ઈરાન તથા ભારતમાં ગ્રીક લોકો માટે પ્રચલિત હતો. આથી સિકંદરના સમયના લેખકોએ જેને 'આરાકોસિયા' નામે ઓળખાવ્યો છે તે પ્રદેશ જ અશોકના સમયમાં 'યવન' નામે ઓળખાતો હશે ને ત્યારે ત્યાં યવનો (ગ્રીકો)ની વસાહત હશે. તો યવન અને ગંધાર દેશની બાજુમાં જણાવેલો કંબોજ દેશ તે ગ્રીક લેખકોએ 'પરોપનિસદઈ' નામે ઓળખાવેલો, કાબુલની આસપાસનો પ્રદેશ હોવો જોઈએ. કાબુલ નદીના ડાબા કાંઠા પર આવેલ લમગાન (લમ્પાક) પાસે અશોકનો આરામી લિપિમાં લખેલો અભિલેખ મળ્યો છે. એ કંબોજ પ્રાંતનું વડું મથક હોવું સંભવે. શાહબાજગઢી અને માનસહેરા ગંધાર પ્રાંતમાં હોવા સંભવે છે, કેમ કે ગંધાર દેશનો વિસ્તાર પશ્ચિમમાં પુષ્કલાવતી (પેશાવરની ઈશાને આવેલ ચરસદ્દી)ની આસપાસના પ્રદેશ સુધી હતો, જેમાં પુરુષપુર (પેશાવર)નો સમાવેશ થતો; પૂર્વ ભાગમાં તક્ષશિલા (પ. પંજાબ) મુખ્ય નગરી હતી.

યવન-કંબોજની જેમ નાભક-નાભપંતિને સાથે જણાવ્યા હોઈ તે બે પ્રદેશ પાસપાસે આવ્યા હોવા જોઈએ. બ્રહ્મવૈવર્ત પુરાણમાં ઉત્તરકુરુ દેશમાં નાભિકપુર નામે નગર જણાવ્યું છે, પરંતુ એ દેશ હિમાલયની પેલી પાર આવેલો હોઈ અહીં બંધ બેસે નહિ. ડૉ. બરુઆ સૂચવે છે તેમ નાભક પૂર્વ પંજાબમાં આવેલ નાભા અને નાભપંતિ એ એની નજીકમાં આવેલ પતિયાળા પ્રદેશ હોવો જોઈએ. આ પ્રદેશ હૈમવત દેશોમાં ગણાતા (Barua, *op. cit.*, p. 102). એ હાલના હિમાચલ રાજ્યની પાસે આવેલા છે.

---

૧. D. R. Bhandarkar, *As'oka*, p. 32.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી આવે છે ભોજ-પિતિનિક કે રાષ્ટ્રિક-પિતિનિક. 'પિતિનિક'ને બદલે 'પેતેનિક' પાઠાંતર પણ છે. આ શબ્દનો અર્થ કેટલાક પેઠનિક=પ્રતિષ્ઠાનિક કરે છે,[૧] તો તે ગોદાવરી તટે આવેલ પ્રાચીન પ્રતિષ્ઠાન (પૈઠણ) નગરની આસપાસના પ્રદેશનો અર્થ દર્શાવે. બીજા કેટલાક 'પેતેનિક'નો અર્થ પૈત્રયણિક (વંશપરંપરાગત) ઘટાવે છે ને તેને રાષ્ટ્રિક તથા ભોજનું વિશેષણ માને છે.[૨] એને બદલે ડૉ. બરુઆ સૂચવે છે તેમ આ શબ્દ અહીં રાષ્ટ્રિક-પુત્રો અને ભોજપુત્રોના અર્થમાં અર્થાત્ રાષ્ટ્રિકો અને ભોજોના ફાંટાઓના અર્થમાં પ્રયોજાયો લાગે છે (*op. cit.*, p. 84). રાષ્ટ્રિક એટલે ઉપ-રાજ (vice-roy), પણ અહીં એ જાતિવિશેષનું નામ છે. પશ્ચિમ ઘાટની ગુફાઓમાંના અભિલેખોમાં 'મહારઠી' અને 'મહાભોજ' નામે લોકોનો ઉલ્લેખ આવે છે તે આ રાષ્ટ્રિક અને ભોજ લોકો હોવા જોઈએ. મહારાષ્ટ્રના ઠાણા જિલ્લામાંના સોપારા ગામ પાસે અશોકના મુખ્ય શૈલલેખોની એક પ્રત કોતરાઈ હોવાનું માલૂમ પડયું છે. શૂર્પારિક (સોપારા) જે ઉત્તર કોંકણનું પ્રસિદ્ધ પાટનગર હતું તે ત્યારે આ પશ્ચિમ સરહદી પ્રાંતનું વડું મથક હશે.[૩] ભોજ લોકોનો પ્રદેશ વિદર્ભ હતો.[૪]

પશ્ચિમી સરહદી પ્રાંતોમાં વાયવ્ય સરહદ અને કોંકણની વચ્ચે આવેલા સૌવીર, સિન્ધુ, કચ્છ, સુરાષ્ટ્ર અને લાટને ગણાવવામાં આવ્યા નથી. પરંતુ સુરાષ્ટ્ર મૌર્ય રાજ્યનો પ્રાંત હતો. તેનું વડું મથક ગિરિનગર (જૂનાગઢ પાસે) હતું ને અશોકના સમયમાં ત્યાં તુષાસ્ફ નામે યવનરાજ રાષ્ટ્રિય (રાજ્યપાલ) તરીકે વહીવટ કરતો હતો એવું રાજા મહાક્ષત્રપ રુદ્રદામાના જનાગઢ શૈલલેખમાંથી જાણવા મળે છે.

---

૧. Bhandarkar, *As'oka*, p. 33; પાંડેય 'प्रतिष्ठानिक' રૂપ લે છે (अशोक के अभिलेख, पृ. ८). પરંતુ प्रतिष्ठान—पतिट्ठानમાં ઠ છે, જ્યારે આ શબ્દમાં त છે. વળી અહીં એ શબ્દ જાતિવિશેષના અર્થમાં ઉદ્દિષ્ટ છે, પ્રતિષ્ઠાન નગરના નિવાસીઓના સામાન્ય અર્થમાં નહિ (Bhandarkar, *As'oka*, p. 33; Barua, *op., cit.*, p. 83).

૨. Bhandarkar, *As'oka*, p. 34.

૩. Bhandarkar, *As'oka*, pp. 36 f.

૪. Barua, *op., cit.*, p. 86.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાન્ત દેશોમાં દક્ષિણ છેડે અન્ધ્ર--પુલિન્દ[૧] દેશ આવેલા હતા. અન્ધ્ર દેશ ગોદાવરી અને કૃષ્ણા નદીની વચ્ચે આવ્યો હતો.[૨] પુલિન્દ એ કૃષ્ણા અને તુંગભદ્રાની વચ્ચે આવેલો પ્રાંત લાગે છે (Barua, *op. cit.*, pp. 90 f). અશોકના પૂર્ણ શાસન નીચેના 'વિજિત'ની દક્ષિણ સીમા સૂચવતો આ સમસ્ત પ્રદેશ ઘણો મહત્ત્વનો હોવો જોઈએ. ત્યાં મુખ્ય શૈલલેખોની એક પ્રત એર્રગુડીમાં મળી છે. બ્રહ્મગિરિ અને સિદ્ધપુરના ગૌણ શૈલલેખો પરથી માલૂમ પડે છે તેમ આ પ્રાંતમાં કુમારનો વહીવટ ચાલતો હોઈ એ અશોકના રાજ્યનો મહત્ત્વનો સરહદી પ્રાંત હોવાનું માલૂમ પડે છે. એ સમયે આ પ્રાંતનું વડું મથક સુવર્ણગિરિ હતું. એ માસ્કી (જિ. રાયચુર)ની દક્ષિણે આવેલ કનકગિરિ હોવા સંભવે છે.[૩] આ પ્રાંતના પેટા વિભાગ ઇસિલનું વડું મથક ઇસિલ સિદ્ધપુરની સમીપમાં આવ્યું મનાય છે.[૪] બ્રહ્મગિરિ, સિદ્ધપુર અને જટિંગ-રામેશ્વરનો સમાવેશ આ વિભાગમાં થતો હશે. ગોવિમઠ અને પાલકિગુંડુ પણ એ પ્રાંતમાં જ હશે. એર્રગુડી અને એની ઉત્તરે આવેલ રાજુલ-મંડગિરિ કૃષ્ણા નદીની દક્ષિણે હોવા છતાં તેનો સમાવેશ આ પ્રાંતમાં થતો હશે.

અશોકના રાજ્યના દક્ષિણ-પૂર્વ ભાગમાં કલિંગ પ્રાંત આવ્યો હતો. એ હાલનું ઓરિસા છે. એ પ્રાંતની પાટનગરી તોસલી હતી, તે હાલ ધૌલી તરીકે ઓળખાય છે. એ ઓરિસાના પુરી જિલ્લામાં ભુવનેશ્વરની દક્ષિણે આવેલું છે. સમાપા નામે બીજી નગરી કલિંગમાં હતી, તે દક્ષિણે હાલ આંધ્ર પ્રદેશમાં આવેલા ગંજામ જિલ્લામાં આવેલ જૌગઢ છે. મુખ્ય શૈલલેખોની પ્રત આ બંને સ્થળોએ કોતરેલી છે; ને પુરવણીના લેખોમાં રાજાએ તે તે નગરીના મહામાત્રોને આજ્ઞા કરી છે.

પૂર્વ ભારતમાં અશોકના રાજ્યનો વિસ્તાર ક્યાં સુધી હતો એ નક્કી કરવું મુશ્કેલ છે. અશોકના સ્તંભલેખ અને ગુફાલેખ બિહારમાં મળ્યા છે ને એ તો એના રાજ્યનો મુખ્ય પ્રદેશ હતો. પરંતુ બંગાળા અને આસામમાં અશોકનો કોઈ અભિલેખ મળ્યો નથી. પાલિ ઇતિહાસગ્રંથો તામ્રલિપ્તિને અશોકની રાજધાની

---

૧. અભિલેખમાં 'પારિંદ'—'પાલદ' રૂપ પ્રયોજાયાં છે. ભાંડારકર પારિંદ અને પુલિંદને જુદા ગણે છે (*As'oka*, pp. 36 f.) પરંતુ બરુઆએ બતાવ્યું છે તેમ આ પારિંદ કે પારદ અને પુલિંદ એક હોવા સંભવે છે (*op. cit.*, pp. 90 f.).

૨. Bhandarkar, *As'oka*, p. 36.

૩–૪. Raychaudhuri, *op. cit.*, p. 371, f.n. 1.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સાંકળે છે.[૧] તામ્રલિપ્તિ એ દક્ષિણ બંગાળમાં આવેલું સુપ્રસિદ્ધ બંદર હતું, જ્યાંથી મગધના લોકો પણ સિલોન જવા વહાણમાં બેસતા. ચીની પ્રવાસી ફા-હ્યાન પણ તામ્રલિપ્તિ અને પાટલિપુત્ર વચ્ચેના ગાઢ સંબંધને સમર્થન આપે છે.[૨] કર્ટિયસ વગેરે ગ્રીક લેખકો ગાંગપ્રદેશ(બંગાળ)ને પ્રાચ્ય પ્રદેશ(મગધ)ના રાજ્યનો અન્તર્ગત ભાગ ગણાવે છે.[૩] યુઅન શ્વાંગ તો તામ્રલિપ્તિ ઉપરાંત કર્ણસુવર્ણ (પશ્ચિમ બંગાળ), સમતટ (પૂર્વ બંગાળ) અને પુણ્ડ્રવર્ધન(ઉત્તર બંગાળ)માં અશોકના સ્તૂપ જોયાનું નોંધે છે.[૪] છતાં સમતટ (પૂર્વ બંગાળા) અને કામરૂપ (આસામ) પર મગધની સત્તા અશોકના સમયમાં નહિ, પણ આગળ જતાં સમુદ્રગુપ્તના સમયમાં પ્રસરી હોવી સંભવે છે. દક્ષિણ કે પશ્ચિમ બંગાળામાં અશોકના અભિલેખ ભવિષ્યમાં મળે પણ ખરા.

ઉત્તરમાં અશોકનું રાજ્ય નેપાલ સુધી વિસ્તૃત હતું. એના બે સ્તંભલેખ નેપાલની તરાઈમાં મળ્યા છે. એવી રીતે ઉત્તર પ્રદેશના ઉત્તર ભાગમાં આવેલ દેહરાદૂન જિલ્લાના કાલસી ગામમાં પણ અશોકના અભિલેખ (ચૌદ શૈલ અભિલેખ) મળ્યા છે. આથી અશોકના રાજ્યનો વિસ્તાર ઉત્તરમાં હિમાલયની ગિરિમાળા સુધી સુધ હોવાનું સ્પષ્ટ થાય છે.

આમ અશોકનું રાજ્ય ઘણું વિશાળ હતું. એમાં હાલના ભારતના તામિલનાડુ અને કેરળ તથા આસામ સિવાયનાં બધાં રાજ્યોના પ્રદેશોનો સમાવેશ થતો હતો, જ્યારે ઉત્તરમાં એ નેપાલને અને ઉત્તર પશ્ચિમે પશ્ચિમ પાકિસ્તાન ઉપરાંત અફઘાનિસ્તાનના પૂર્વ ભાગને આવરી લેતું હતું.

**સરહદી રાજ્યો** : અશોકના અભિલેખોમાં પ્રત્યન્ત (સરહદી) રાજ્યોના બે સમૂહોનો ઉલ્લેખ આવે છે, જે એના વિજિતની બહાર આવેલા હતા (નકશો ૨).

નીચેના (દક્ષિણના) સમૂહમાં ચોળ, પાંડય, સત્યપુત્ર, કેરલપુત્ર અને તામ્રપર્ણી સુધીનાં રાજ્યોનો સમાવેશ થતો. ચોળ પ્રદેશ અન્ધ્ર અને પાંડય પ્રદેશની વચ્ચે આવ્યો હતો. પૂર્વમાં એ કોરોમંડલ સમુદ્રતટ સુધી, ઉત્તરમાં પ્રાય: પેન્નાર નદી સુધી અને દક્ષિણમાં કાવેરી નદી સુધી વિસ્તૃત હતો.[૫] દક્ષિણ ભાગમાં એનું પાટનગર ઉરગપુર (ઉરૈયુર—જિ. ત્રિચિનોપોલી) હતું, જ્યારે ઉત્તર ભાગમાં એનું પાટનગર

---

૧-૪. Barua, *op. cit.*, p. 65.

૫. Barua, *op. cit.*, p. 110.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્કોટ હોવું સંભવે છે.[૧] ઉત્તરમાં તાંજોર પ્રદેશનો એમાં સમાવેશ થતો.[૨] ચોળ પ્રદેશના લોક દ્રમિલ (દ્રવિડ) તરીકે ઓળખાતા. પાંડય પ્રદેશ ચોળની દક્ષિણે આવેલો હતો. એનું પાટનગર મદુરા હતું. ઉત્તરમાં એ કાવેરી નદી સુધી વિસ્તૃત હતો ને હાલના કોઈમ્બતુર જિલ્લાનો તેમાં સમાવેશ થતો.[૩] પરંતુ દક્ષિણમાં એનો વિસ્તાર ક્યાં સુધી હતો એ નિશ્ચિત થયું નથી, કેમ કે કેટલાક એની પાર જણાવેલો તામ્રપર્ણી પ્રદેશ તે સિલોન એવું માને છે, તો બીજા કેટલાક એને મદુરાની દક્ષિણે ભારતની અંદર આવેલો તિન્નેવેલી પ્રદેશ માને છે.[૪]

સત્યપુત્ર અને કેરલપુત્ર નામે પ્રદેશ ચોળ અને પાંડયની પશ્ચિમે આવેલા હતા ને એ પશ્ચિમ સમુદ્રના મલબાર કિનારા સુધી વિસ્તરેલા હતા. એના નામના 'પુત્ર' શબ્દ પરથી એ પ્રદેશનાં નામ ઉત્તરમાંથી સ્થળાંતર કરીને ત્યાં આવી વસેલા સત્ય અને કેરલ નામે જાતિઓના નામ પરથી પડયાં લાગે છે. આમાં 'કેરલપુત્ર'[૫] એ સ્પષ્ટતઃ હાલનું કેરલ છે. એ સત્યપુત્રની દક્ષિણે અને પાંડયની પશ્ચિમે આવેલું હતું. કેરલને 'ચેર' પણ કહેતા. સત્યપુત્ર પ્રદેશ કેરલ પ્રદેશની ઉત્તરે, ચોળ પ્રદેશની પશ્ચિમે અને બ્રહ્મગિરિ (મૈસૂર)ની દક્ષિણે હતો. અભિલેખોમાં તામ્રપર્ણીને સ્પષ્ટતઃ 'દ્વીપ' તરીકે ઓળખાવ્યો નથી. છતાં તે સિલોન હોય એ વિશેષ સંભવિત છે.[૬]

સરહદી રાજ્યોનો બીજો સમૂહ ઉત્તરપશ્ચિમે આવેલો હતો, જે ૬૦૦ યોજન સુધી વિસ્તૃત હતો. એમાં સહુથી નજીકમાં અંતિયોક નામે યવનરાજનું રાજ્ય આવેલું હતું ને એની પાર તુરમાય, અંતેકિન, મગ અને અલિકસુદર નામે ચાર રાજાઓનાં રાજ્ય આવેલાં હતાં. આમાં યવનરાજ અંતિયોક તે સીરિયાનો ગ્રીક રાજા અંતિયોકસ બીજો—થીઓસ છે. સિકંદરના સામ્રાજ્યના ભાગલા પડતાં એમાંના એશિયાઈ મુલકો પર પોતાની સત્તા જમાવનાર સેલુક નિકેતોરનો એ પૌત્ર હતો ને પશ્ચિમ એશિયામાં સીરિયાથી માંડીને છેક બાહ્લિક (બલ્ખ-હિંદુકુશ પાસે) સુધી સત્તા

---

૧. Bhandarkar, *op. cit.*, p. 42.

૨. Barua, *op. cit.*, p. 110.

૩. Bhandarkar, *op. cit.*, pp. 42 f.

૪. Barua, *op. cit.*, pp. 112 ff.

૫. Bhandarkar, *op. cit.*, pp. 41 f.

૬. Mookerji, *Aśoka*, p. 132.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવતો. એ ઈ.પૂ. ૨૬૧થી ૨૪૬ સુધી રાજપદે હતો.[૧] તુરમાય અર્થાત્ તુલમાય તે મિસરનો ગ્રીક રાજા ટોલેમી ૨ જો ફિલાડેલ્ફસ હતો. એણે ઈ.પૂ. ૨૮૫ થી ૨૪૭ સુધી રાજ્ય કર્યું.[૨] અંતેકિન કે અંતેકિની એ ગ્રીસ પાસે આવેલ મકદુનિયાનો રાજા અંતિગોનસ ગોનેતસ છે. એ ઈ.પૂ. ૨૭૮ કે ૨૭૭ કે ૨૭૬ થી ૨૩૯ સુધી રાજપદે હતો.[૩] મગ એ ઉત્તર આફ્રિકામાં આવેલ સીરીની દેશનો રાજા મગસ (લગભગ ઈ.પૂ. ૨૮૫--૨૫૮) છે.[૪] અલિકસુદર અર્થાત્ અલિકસુંદરના અભિજ્ઞાન માટે બે મત છે. ઘણા વિદ્વાનોના મતે એ ગ્રીસમાંના એપિરસ રાજ્યનો રાજા અલકસંદર ( ઈ.પૂ. ૨૭૨થી ૨૫૫) છે, તો બીજા કેટલાકના મત મુજબ એ ગ્રીસમાંના કોરિંથ રાજ્યનો રાજા અલકસંદર ( ઈ.પૂ. ૨૫૨--લગભગ ૨૪૪) છે.[૫] આ ચારેય રાજ્યોને અંતિયોકના રાજ્યની સમીપનાં કહેલાં છે. આમ અશોક દક્ષિણે સિલોન સુધી અને ઉત્તર-પશ્ચિમે સીરિયા, મકદુનિયા, ગ્રીસ અને ઉત્તર આફ્રિકા સુધીનાં સમકાલીન રાજ્યો સાથે સંપર્ક ધરાવતો.

**રાજ્યના અંતર્ગત પ્રદેશો**—અશોક સામાન્ય રીતે પોતાને 'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા' તરીકે ઓળખાવે છે. બૈરાટ ફલકલેખમાં એ પોતાને 'મગધનો રાજા પ્રિયદર્શી' કહે છે. પાંચમા શૈલલેખની ગિરનાર પ્રતમાં તેમ જ પ્રાયઃ સારનાથના સ્તંભલેખમાં એ પાટલિપુત્રનો પણ ઉલ્લેખ કરે છે. મગધ ( દક્ષિણ બિહાર) એના રાજ્યનો મૂળ અને મુખ્ય પ્રદેશ હતો અને પાટલિપુત્ર (પટના) એનું પાટનગર હતું (નકશો ૨). વિજિતની અંદર આવેલા અન્ય પ્રદેશોમાં પશ્ચિમ સરહદનાં રાજ્યોનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. એમાં યવન, કંબોજ, ગંધાર, રાષ્ટ્રિક-પેતેનિક, ભોજ-પેતેનિક અને અન્ધ્ર-પુલિન્દનો સમાવેશ થતો, દક્ષિણ-પૂર્વે કલિંગ (ઓરિસા), ઉત્તરે નેપાલ અને પ્રાયઃ પૂર્વમાં કર્ણસુવર્ણ પ્રદેશ આવેલો હતો.

---

૧-૩. Bhandarkar, *op. cit.*, p. 48; Mookerji, *Aśoka*, p. 166; Raychaudhuri, *op. cit.*, p. 331; Mookerji, *AIU*, p. 88; Thapar, *op. cit.*, pp. 40 f.

૪. એનો સમય નિશ્ચિત નથી. લગભગ ઈ.પૂ. ૩૦૦થી લગભગ ઈ.પૂ. ૨૫૦ મુકાયો છે ( Bhandarkar, *op. cit.*, p. 49 ). તેનું મૃત્યુ ઈ.પૂ. ૨૫૮માં થયું એ વધુ સંભવિત છે ( Mookerji, *AIU.*, pp. 93 f. ); બસાક 'લગભગ ૨૮૫--૨૫૮ ઈ.પૂ.' આપે છે ( *Aśokan Inscriptions*, p. 75 ).

૫. Bhandarkar, *op. cit.*, p. 49; Barua, *op. cit.*, p. 7 Basak, *op. cit.*, p. 75; Thapar, *op. cit.*, p. 41.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મગધ અને કર્ણસુવર્ણનો સમાવેશ ભારતના પ્રાચ્ય (પૂર્વ) દેશમાં થતો. એની પશ્ચિમે મધ્ય દેશ આવેલો હતો. એમાં કુરુ-પંચાલ, કાશી-કોશલ, મત્સ્ય વગેરે પ્રદેશોનો સમાવેશ થતો. આ દેશનો વિસ્તાર ઉત્તરમાં કાલસીના શૈલલેખો અને લૌરિયા નંદનગઢ તથા રામપુરવાના સ્તંભલેખોથી દક્ષિણમાં સહસરામ, અહરૌરા અને રૂપનાથના શૈલલેખોથી ને પશ્ચિમમાં મેરઠ અને ટોપરાના સ્તંભલેખોથી તેમ જ બૈરાટ અને ગુજર્રાના શૈલલેખોથી સૂચિત થાય છે. સારનાથ અને કૌશાંબીનો સમાવેશ એની અંદર થતો. કૌશાંબી વત્સદેશની અને બૈરાટ (વિરાનટગર) મત્સ્ય દેશની પાટનગરી હતી.[૧]

પશ્ચિમ દેશમાં સુરાષ્ટ્ર અને કોંકણનો સમાવેશ થતો. આ સમસ્ત વિભાગનો મુખ્ય પ્રદેશ અવન્તિ હતો, જેની પાટનગરી ઉજ્જયિની (ઉજ્જન) હતી. વિદિશા (જેની નજીકમાં સાંચી આવેલ છે) આકર(પૂર્વ માલવ)ની પાટનગરી હતી.[૨]

મધ્ય દેશ અને પ્રાચ્ય દેશની દક્ષિણે વિન્ધ્ય દેશ ગણાતો. રૂપનાથ, અહરૌરા અને સહસરામના શૈલલેખો એની ઉત્તર સીમા સૂચવે છે, જ્યારે સાંચીનો સ્તંભલેખ એની પશ્ચિમ સીમા દર્શાવે છે. દક્ષિણે એ નર્મદા અને મહા નદી સુધી વિસ્તૃત હતો.[૩]

દક્ષિણ દેશમાં કલિંગ અને અન્ધ્ર-પુલિન્દનો સમાવેશ થતો. એ સમસ્ત વિભાગનું વડું મથક સુવર્ણગિરિ હતું.[૪]

વિંધ્યદેશમાં તથા અન્ય પ્રદેશોમાં અટવિ (જંગલ) પ્રદેશ આવેલા હતા.[૫]

અશોકના અભિલેખો મુખ્યત: રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિઓને લગતા હોઈ ને એમાં પ્રાદેશિક કે સ્થાનિક બાબતો ભાગ્યે જ આવતી હોઈ, એમાં એના રાજ્યની અંદરના પ્રદેશો કે વહીવટી વિભાગોના જૂજ ઉલ્લેખ જ આવે છે.

**રાજ્યતંત્ર**—મૌર્યકાલીન રાજ્યતંત્ર તથા વહીવટ વિશે કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'-માંથી તથા ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં રહેલા સીરિયાના ગ્રીક એલચી મેગસ્થનીના લુપ્ત ગ્રંથનાં ઉપલબ્ધ અવતરણોમાંથી જે માહિતી મળે છે, તેના સંદર્ભમાં અશોકના અભિલેખોમાં આવતા એને લગતા કેટલાક પ્રાસંગિક ઉલ્લેખ ઠીક ઠીક ઉપયોગી નીવડે છે.

---

૧–૫ Barua, *op. cit.*, Chapter III.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં પોતાના વિજિતમાંની પ્રજાને 'જાનપદો' તરીકે ને અન્તર્ગત સરહદી રાજ્યોની પ્રજાને તેમ જ બહારનાં સ્વતંત્ર સરહદી રાજ્યોની પ્રજાને 'અન્તો' તરીકે ઓળખાવી છે. અશોક પોતાના શાસન નીચેના રાષ્ટ્રનો 'વિજિત' કે 'વિજય' તરીકે ઓળખાવે છે. એમાં મગધ, ગંધાર વગેરે દેશો ઉપરાંત પાટલિપુત્ર, તક્ષશિલા, કૌશાંબી, ઉજ્જયિની, તોસલી, સમાપા, સુવર્ણગિરિ, ઇસિલ જેવાં નગરો અને નગરીઓનો ઉલ્લેખ આવે છે. કેટલાક અભિલેખોનાં સ્થાનો પરથી બીજાં અમુક નગરો સૂચિત થાય છે, જેમ કે લુમ્બિની પરથી કપિલવસ્તુ, માનસેહરા પરથી રાજપુર, શાહબાજગઢી પરથી પુષ્કરાવતી, કાલસી પરથી શ્રુઘ્ન, ગિરનાર પરથી ગિરિનગર, સોપારા પરથી શૂર્પારક, બૈરાટ પરથી વિરાટનગર, સાંચી પરથી વિદિશા, બરાબર પરથી ગયા અને સારનાથ પરથી વારાણસી.[૧]

રાજાનો વિધિસર રાજ્યાભિષેક થતો. અશોકના રાજ્યકાલની ઘટનાઓનાં વર્ષ રાજ્યાભિષેકના વર્ષથી ગણાતાં. એના અભિલેખોમાં પુનર્વસુ અને તિષ્ય (પુષ્ય) નક્ષત્રનો અનેક વાર ઉલ્લેખ આવે છે. એમાંનું એક રાજ-નક્ષત્ર અને બીજું દેશ-નક્ષત્ર હશે; એ બેમાં તિષ્યનો મહિમા વધારે હોઈ, એ રાજાનું જન્મનક્ષત્ર હોવું સંભવે છે.[૨] રાજાનો રાજ્યાભિષેકદિન દર વર્ષે ઊજવાતો ને ત્યારે ટૂંકી કેદ-સજા પામેલા કેદીઓને મુક્ત કરવામાં આવતા.[૩]

**અશોકનું પ્રજા-વાત્સલ્ય**—રાજા તરીકે અશોક પ્રજા તરફ ઘણું વાત્સલ્ય ધરાવતો. કલિંગના અલગ શૈલલેખોમાં એ કહે છે, 'સર્વ મનુષ્ય મારી સંતતિ છે. જેવી રીતે હું મારાં સંતાનો માટે ઇચ્છું કે તેઓ આ લોકનાં તેમ જ પરલોકનાં હિતસુખ પામે, તેવી રીતે હું સર્વ મનુષ્યોની બાબતમાં પણ ઇચ્છું છું.' 'જેથી તેઓ પામે કે જેવો પિતા તેવો આપણો રાજા છે; તે જેવી પોતાના પર અનુકંપા ધરાવે તેવી આપણા પર અનુકંપા ધરાવે છે. જેવાં સંતાન, તેવાં આપણે રાજાનાં છીએ.'

રાજ્યશાસ્ત્રમાં રાજ્યાભિષેક પામેલા રાજાને સર્વવિધ સત્તાધિકાર રહેલા હતા, પરંતુ વાસ્તવિક અમલમાં મંત્રીઓની પરિષદનાં મંતવ્યોને લક્ષમાં લેવાં આવશ્યક ગણાતાં. રાજા તરીકે અશોક પ્રજાજનોને લગતા કામકાજ તરફ ઘણું ધ્યાન આપતો. શૈલલેખ નં. ૬માં એ જણાવે છે કે કામના નિકાલ અને વિજ્ઞાપન માટે હું મને

---

૧. Barua, *op. cit.*, p. 126.
૨. Bhandarkar, *op. cit.*, p. 11.
૩. સ્તંભલેખ નં. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ કાલે અને સર્વત્ર મળવાની છૂટ આપું છું; મહામાત્રોને કંઈ તાકીદનું કામ સોપાયું હોય ને એ બાબતમાં પરિષદમાં કંઈ વિવાદ (મતભેદ) કે પુનર્વિચારણા ઉપસ્થિત થાય તો તે મને તરત જ જણાવવું, કેમ કે હું સર્વલોકહિતને સહુથી મોટું કર્તવ્ય માનું છું. એનાથી મોટું કોઈ કર્મ નથી. પ્રજાજનોના કામકાજની બાબતમાં અશોક કામ કરતાં ધરાતો નહિ ને તે કહેતો કે હું જે કંઈ કરું છું તે ભૂતોના (પ્રાણીઓના) ઋણમાંથી મુક્ત થવા માટે.

અશોકે કલિંગ દેશ જીત્યો ત્યારે તેમ કરતાં લાખો માણસોને જે ખુવારી અને હેરાનગતિ થઈ તેનાથી તેને પાર વિનાનો સંતાપ અને પશ્ચાત્તાપ થયો. આથી એણે જાહેર કર્યું કે જે કોઈ તોફાન કરશે, તેને જેટલું માફ કરી શકાય તેટલું માફ કરવામાં આવશે. પોતાના રાજ્યની અટવી (જંગલ) સાથે પણ એ અનુનયની નીતિ રાખે છે ને છતાં તે સ્પષ્ટત: પશ્ચાત્તાપમાંય પોતાનો પ્રભાવ દર્શાવી તેઓએ શરમાવું જોઈએ ને તોફાન કરવાં ન જોઈએ એ સ્પષ્ટ કરે છે.[1]

અસ્રથી મેળવાતા વિજયને એણે નિવાર્ય હોય ત્યાં સુધી નિવારવા ને અનિવાર્ય બને ત્યારે પણ તેમાં સહનશીલતા અને હળવી સજાનું વલણ અપનાવવા ભલામણ કરી છે. એને બદલે એ ધર્મવિજયને ચાહતો, જે સર્વત્ર પ્રીતિરસથી ભરેલો હોય છે.[2]

અશોક સજા પામેલા અપરાધીઓ તરફ અનુકંપા ધરાવતો. અંગચ્છેદની રૂએ ચક્ષુ:છેદની સજા પામેલા અનેક અપરાધીઓને એ ચક્ષુર્દાન આપતો અર્થાત્ ચક્ષુ:છેદની સજા માફ કરતો.[3] ક્યારેક પ્રાણદાન સુધીની કૃપા કરતો.[4] કેદીઓને એ રાહતના ત્રણ દિવસ આપતો, જેથી એ દરમ્યાન એમના સગાંસંબંધીઓ તેઓની દેહાંતદંડની સજા હળવી કરાવે શકે ને તેઓ પોતે દાન ઉપવાસ વગેરે વડે પરલોકનું પાથેય બાંધી શકે.[5]

પોતાના રાજ્યમાં તેમ જ આસપાસનાં બીજાં રાજ્યોમાં રાજા અશોકે મનુષ્યો તથા પશુ માટે દવાદારૂની સગવડ કરી ને ઔષધ તરીકેની વનસ્પતિ જ્યાં જ્યાં ન હોય ત્યાં ત્યાં મંગાવીને રોપાવી.[6] રસ્તાઓ પર દર આઠ કોસે કૂવા ખોદાવ્યા

---

૧-૨. શૈલલેખ નં. ૧૩.

૩-૪. સ્તંભલેખ નં. ૨.

૫. સ્તંભલેખ નં. ૪.

૬. શૈલલેખ નં. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને વૃક્ષ રોપાવ્યાં.[૧] આંબાવાડીઓ રોપાવી ને આરામગૃહ બંધાવ્યાં તથા વારિગૃહ કરાવ્યાં.[૨]

**પ્રાણીઓ તરફનું વાત્સલ્ય**—અશોકનું વાત્સલ્ય મનુષ્યો પૂરતું મર્યાદિત નહોતું. એ સર્વ પ્રાણીઓ તરફ સહાનુભૂતિ અને વાત્સલ્ય ધરાવતો. યજ્ઞો, મિજબાનીવાળા મેળાવડાઓ અને રાજરસોડામાં થતા ભોજન માટે થતા પ્રાણીઓના વધની એણે મનાઈ ફરમાવી.[૩] આગળ જતાં અનેક પશુઓ પંખીઓ જળચરો અને નાનાં જીવજંતુઓને અવધ્ય જાહેર કર્યાં. તેમાં ભોજન ઔષધિ વગેરે કામમાં ન આવતાં તમામ ચોપગાંનો, ગાભણી તથા દુધાળી માદાઓનો અને છ મહિનાની ઉમર સુધીનાં બચ્ચાંનો સમાવેશ થતો.[૪] ઉપરાંત જીવવાળા થૂલાને તથા પ્રાણીઓથી ભરેલાં જંગલોને બાળવાની પણ મનાઈ ફરમાવી.[૫] પર્વદિનોએ માછલાં તથા જાનવરોનો વધ અટકાવ્યો.[૬] जीवो जीवस्य भक्षणमूने બદલે जीवेन जीवे नो पुंसितविये( जीवेन जीवो न पोषितव्यः)ની ભલામણ કરી. પોતે ઉપદેશેલા अनारंभो प्राणानं (પ્રાણીઓનો અવધ) એ ઉપદેશવચનને અમલમાં મૂકયું. એવી રીતે अविहोसा भूतानं (ભૂતોને ઈજા ન કરવી તે) એ ઉપદેશવચન અંગે પણ અશોકે ઘણાં પગલાં લીધાં. કૂકડાની ખસી કરવી નહિ, પર્વદિનોએ આખલા, બકરા, ઘેટા, ડુક્કર વગેરે પ્રાણીઓને ખસી કરવી નહિ અને પર્વદિનોએ ઘોડાઓને અને બળદોને ડામ દેવો નહિ એવી આજ્ઞાઓ ફરમાવી.[૭]

વળી એણે પ્રાણીઓના સુખ માટે કેટલાંક રચનાત્મક પગલાં લીધાં. ઔષધિનો પ્રબંધ તેણે મનુષ્યોની જેમ પશુઓ માટે પણ કર્યો.[૮] કૂવા અને વૃક્ષોની સગવડ પણ મનુષ્યો તેમ જ પશુઓ માટે કરાવી.[૯] વારિગૃહોની સગવડ પણ મનુષ્યો ઉપરાંત પશુઓ માટે કરાવી.[૧૦]

આ માહિતી સ્તંભલેખ નં.૫માં વિગતે આપી છે.

**અધિકારીઓ**—આટલા વિશાળ રાજ્યના વહીવટ માટે રાજાએ અનેક મોટાનાના અધિકારી નીમવા પડતા.

---

૧-૨. શૈલલેખ નં. ૨; સ્તંભલેખ નં. ૭.

૩. શૈલલેખ નં. ૧.

૪-૬. સ્તંભલેખ નં. ૫.

૭. સ્તંભલેખ નં. ૫.

૮. શૈલલેખ નં. ૨.

૯-૧૦. સ્તંભલેખ નં. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુમાર**—મહત્ત્વના પ્રાંતો માટે **કુમારની** નિમણૂક કરવામાં આવતી. તક્ષશિલા, ઉજ્જયિની, સુવર્ણગિરિ અને તોસલીમાં કુમાર (રાજપુત્ર) કે આર્યપુત્ર (રાજપિતાના પુત્ર, રાજાના ભાઈ) નિમાયા હતા.[૧] સુરાષ્ટ્રના રાજ્યપાલ તરીકે યવનરાજ તુષાસ્ફની નિમણૂક થઈ હતી.[૨]

**પુરુષ**—'અર્થશાસ્ત્ર'માં જેને 'અમાત્ય' કહે છે, તેને માટે અશોકના અભિલેખોમાં 'પુરુષ' (રાજપુરુષ) શબ્દ પ્રયોજાયો છે. સ્તંભલેખ નં. ૧માં ઉત્કૃષ્ટ, નિકૃષ્ટ અને મધ્યમ એમ ત્રણ પ્રકારના પુરુષોનો ઉલ્લેખ આવે છે.

**મંત્રી**—મંત્રણા કરી સલાહ આપનાર પુરુષ(અમાત્ય)ને 'મંત્રી' કહેતા.

**પરિષદ**—રાજા અને મહામાત્રો અથવા મહામાત્ર અને મહામાત્ર વચ્ચેના મતભેદની મંત્રણા પરિષદમાં અર્થાત્ મંત્રી-પરિષદમાં કરવામાં આવતી. પરિષદ યુકતોને સૂચના આપતી. પરિષદમાં રાજાના મૌખિક આદેશો તથા તાકીદનાં કામોની વિચારણા થતી ને તેનો નિર્ણય રાજાને પ્રતિવેદકોએ તાત્કાલિક જણાવવો એવી અશોકે સૂચના આપેલી.[૩]

**મહામાત્ર**—કાર્યવાહક પુરુષો(અમાત્યો)માં જે જે મુખ્ય હોય તે સહુને 'મહામાત્ર' કહેતા. અન્યત્ર એને 'મહામાત્ય' કે 'પ્રધાન' કહેતા.

કેન્દ્રીય રાજ્યતંત્રમાં જુદાં જુદાં ખાતાંના વડા તરીકે પણ મહામાત્ર નિમાતા. અર્થશાસ્ત્ર'માં ખાતાના વડા માટે 'અધ્યક્ષ' શબ્દ પ્રયોજાયો છે, જેમ કે સુવર્ણાધ્યક્ષ, કોષ્ઠાગારાધ્યક્ષ, પણ્યાધ્યક્ષ, આયુધાગારાધ્યક્ષ, શુલ્કાધ્યક્ષ, સુરાધ્યક્ષ, ગણિકાધ્યક્ષ, મુદ્રાધ્યક્ષ વગેરે.

અશોકના અભિલેખોમાં અમુક ખાતાંના મહામાત્રોનો ઉલ્લેખ આવે છે. અભિષેકને તેર વર્ષ થયે, એણે ધર્મ-મહામાત્રોની નિયુક્તિ કરી.[૪] અગાઉ આવો કોઈ પ્રબંધ નહોતો. રાજ્યતંત્રમાં આ સુધારો અશોકે દાખલ કર્યો.

તે સર્વ સંપ્રદાયોમાં ધર્મની સ્થાપના તથા અભિવૃદ્ધિ થાય, સર્વ વર્ણમાં ધર્મયુક્તનું હિત-સુખ થાય, સર્વ સંપ્રદાયોમાં પરસ્પર સહિષ્ણુતા અને સદ્ભાવ ખીલે અને દરેક સંપ્રદાયના સાર(તત્ત્વ)ની વૃદ્ધિ થાય, પ્રવ્રજિતો તથા ગૃહસ્થો

---

૧. કલિંગનો અલગ શૈલલેખ નં. ૧; ગૌણ શૈલલેખ નં. ૧ (બ્રહ્મગિરિ અને સિદ્ધપુર).

૨. રુદ્રદામાનો જૂનાગઢ શૈલલેખ.

૩. શૈલલેખ નં. ૬.

૪. શૈલલેખ નં. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર અનેકવિધ અનુગ્રહ કરવામાં આવે, રાજકુટુંબમાં રાજા રાણીઓ, રાજકુમારો તથા રાજકુમારીઓમાં દાન તથા ધર્મની ભાવના વિકસે, અપરાન્ત(પશ્ચિમ સરહદ)ના પ્રદેશોમાં ધર્મની વૃત્તિ ખીલે અને કેદીઓને ઘટિત રાહત આપવામાં આવે એનું ધ્યાન રાખતા.

કેટલાક મહામાત્ર સ્ત્રી-અધ્યક્ષ તરીકે ફરજ બજાવતા.[1] તે ખાસ કરીને રાજાના અન્તર્ગૃહ(અંતઃપુર)નું ધ્યાન રાખતા. સ્ત્રી-અધ્યક્ષોમાં ગણિકાધ્યક્ષોનો પણ સમાવેશ થતો હશે. રાજકુલમાં તથા સમાજમાં જાતીય નીતિ(સદાચાર)નું ધોરણ જળવાઈ રહે ને તેમાં ધર્મની ભાવના ખીલતી રહે તે માટે આ સ્ત્રીઓ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર મનાતી.

એવી રીતે કેટલાક મહામાત્ર વ્રજભૂમિ અર્થાત્ ગોચરભૂમિનું ધ્યાન રાખતા.[2] કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં એને 'વિવીતાધ્યક્ષ' કહ્યા છે. એ ગોધ્યક્ષની પણ ફરજ બજાવતા હશે.

સરહદ સંભાળતા મહામાત્ર 'અન્ત-મહામાત્ર' કહેવાતા.[3]

મહામાત્રોના એવા બીજા પણ નિકાય (વર્ગ) હતા.[4]

**દૂત**—મૌર્યકાલમાં મગધના રાજાને આસપાસનાં વિદેશી રાજ્યો સાથે ગાઢ સંબંધ હતો. ચંદ્રગુપ્ત મૌર્યના પાટનગરમાં સીરિયાના ગ્રીક રાજા અંતિયોક(૧લા)નો ગ્રીક એલચી મેગસ્થની રહેતો.[5] બિંદુસારના સમયમાં સીરિયાના રાજાએ દીમાકો નામે એલચી અને મિસરના રાજા તોલેમી ૨ જાએ દાયોનિસિયો નામે એલચી મોકલેલો.[6] અશોક મૌર્યે યવન, કંબોજ વગેરે સરહદી પ્રાંતોમાં તેમ જ સીરિયા, મિસર, મકદુનિયા, સીરિની અને ગ્રીસમાં તથા ચોળ[7] પાંડય વગેરે દક્ષિણનાં રાજ્યોમાં દૂત (એલચી) મોકલેલા. ત્યાં ત્યાં આ દૂતો અશોકનું ધર્માનુશાસન પ્રસારતા. અશોક એને ધર્મ-વિજય ગણતો ને તે માટે ગૌરવ અનુભવતો.[8]

---

૧–૨. શૈલલેખ નં. ૧૨.
૩. સ્તંભલેખ નં. ૧.
૪. શૈલલેખ નં. ૧૨.
૫. Raychaudhuri, *op. cit.*, pp. 273 f.
૬. એજન, પૃ. ૨૯૯.
૭–૮. શૈલલેખ નં. ૧૩.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાંતિક વહીવટ**—રાજ્યના મહત્ત્વના પ્રાંતોના વહીવટ માટે આર્યપુત્ર કે કુમારને નીમવામાં આવતા. સુવર્ણગિરિમાં આર્યપુત્ર અને તક્ષશિલા તથા ઉજ્જયિનીમાં કુમાર વહીવટ સંભાળતા. રાજ્યના પ્રાંત માટે સામાન્યતઃ 'રાજ-વિષય' શબ્દ પ્રયોજાતો; એમાં યવન-કમ્બોજ અને અન્ધ્ર-પુલિન્દ જેવા પ્રદેશોનો સમાવેશ થતો.

શૈલલેખ નં.૩માં પ્રાંતિક વહીવટના સંદર્ભમાં યુકત, રજ્જુક અને પ્રાદેશિક નામે ત્રણ પ્રકારના ઉચ્ચ અધિકારીઓનો ઉલ્લેખ આવે છે. તેઓ દર પાંચ વર્ષે પોતપોતાની હકૂમતના પ્રદેશમાં પ્રવાસ કરતા ને ત્યાંના લોકોના સંપર્કમાં રહેતા.

યુકત અને ઉપયુકત નામે અધિકારીઓનો ઉલ્લેખ કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'-(૨, ૫)માં આવે છે. ગુપ્તકાલીન દાનશાસનોમાં 'આયુકતક' અને 'વિનિયુકતક'નો ઉલ્લેખ આવે છે તે આ બે અધિકારીઓના અર્થમાં લાગે છે. યુકત એટલે ઉચ્ચ શ્રેણીના સચિવ એવો અર્થ વધારે પડતો વ્યાપક છે; તેમ કોશ (ખજાના) ખાતાના અધિકારી એવો અર્થ વધારે મર્યાદિત લાગે છે.[૧] યુકતો એ રજ્જુકો અને પ્રાદેશિકોની નીચેના અધિકારીઓ હશે, કદાચ તાલુકાના મામલતદાર જેવા હશે. તેઓ રાજકોશની વ્યવસ્થા કરતા, મહેસૂલ ઉઘરાવતા ને તેનો હિસાબ રાખતા, મહેસૂલમાં વધારો થવાનો સંભવ હોય ત્યારે ત્યારે ખર્ચ કરવાની સત્તા ધરાવતા. ખોવાયેલી મિલકત પાછી મળે ત્યારે તે યુકતોની દેખરેખ નીચે રહેતી. પરિષદ યુકતોને પ્રજાજનોની આવક તથા મિલકત ગણવાનું ને નોંધવાનુંય સોંપતી.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'(૨, ૬)માં રજ્જુને રાજ્યના મહેસૂલ(આવક)નું એક સાધન જણાવ્યું છે. 'કુરુધમ્મ-જાતક'માં રજ્જુક એટલે રજ્જુ(દોરડા)નો ઉપયોગ કરીને જમીનની માપણી કરનાર અમાત્ય એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ અનુસાર રજ્જુક સમાહર્તા(કલેકટર)ના હાથ નીચેનો land-surveyor (જમીન-મોજણીદાર) ગણાય.[૨] પરંતુ અશોકના અભિલેખોમાં તો એનો ઉલ્લેખ ઘણા મોટા અધિકારી તરીકે આવે છે. રજ્જુકોને લાખો માણસો પર ધ્યાન રાખવા નીમવામાં આવતા. તેઓને ઇનામ તથા દંડ અંગે અશોક પૂર્ણ સત્તા આપતો, જેથી તેઓ પોતાની ફરજ આત્મશ્રદ્ધાપૂર્વક અદા કરી શકે ને જનપદના જનોનું હિતસુખ સાધી શકે. બીજી બાજુ તેઓ રાજાને તેમ જ રાજાની ઇચ્છા જાણતા પુરુષો(રાજપુરુષો)ને જવાબદાર રહેતા. જેમ કોઈ પોતાનું સંતાન કુશળ ધાત્રી(દાઈ, ધાવ)ને સોંપી નિશ્ચિત રહે તેમ અશોક પોતાની પ્રજાનું હિતસુખ રજ્જુકોને સોંપતો. ન્યાય ચૂકવવામાં તથા દંડ કરવામાં તેઓ સમાન

---

૧. Barua, *op. cit.*, pp. 191 ff.

૨. *Ibid.*, pp. 192 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિ રાખે તેમ રાજા ઇચ્છતો. આ પરથી રજ્જુકો જમીનમાપણી તેમ જ ન્યાય ખાતાની ઉચ્ચ સત્તા ધરાવતા. તેઓ સમાહર્તા(કલેકટર)ની સત્તા ઉપરાંત રાજ્યપાલ જેવા ઉચ્ચ અધિકારીની સત્તા ધરાવતા.[૧]

'પ્રાદેશિક' એટલે 'પ્રદેશ'નો અધિકાર ધરાવતા અધિકારીઓ એ સ્પષ્ટ છે, પરંતુ અહીં 'પ્રદેશ' શબ્દ કયા અર્થમાં ઉદ્દિષ્ટ છે તે વિવાદગ્રસ્ત છે. 'પ્રદેશ' શબ્દને પ્રાંત જેવા અર્થમાં લઈ, કેટલાક 'પ્રાદેશિક'નો અર્થ પ્રાંતિક સૂબા કે રાજ્યપાલ જેવો કરે છે. તો પછી રજ્જુક અને પ્રાદેશિક વચ્ચે ફેર શો? રજ્જુક રાજ્યની અંદરના પ્રાંતોના વડા અધિકારી અને પ્રાદેશિક સીમા પરના પ્રાંતોના વડા અધિકારી એવો અર્થ સૂચવાયો છે. પરંતુ એ માત્ર અટકળ છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં 'પ્રદેષ્ટા' (૨, ૩૫) નામે અધિકારીનો ઉલ્લેખ આવે છે. ત્યાં તે ફોજદારી મુકદ્દમાનો ચુકાદો ફરમાવનાર ન્યાયાધિકારી અર્થાત્ મૅજિસ્ટ્રેટનો અર્થ ધરાવે છે. પ્રદેષ્ટા સમાહર્તાની સૂચના અનુસાર નાનામોટા વહીવટી વિભાગોમાં અન્ય અધિકાર પણ ધરાવતા. આથી પ્રાદેશિક એ રજ્જુક અને યુકતની વચ્ચેના અધિકાર ધરાવતા અધિકારી હોવાનું માલૂમ પડે છે.[૨]

યુકતો, રજ્જુકો અને પ્રાદેશિકોએ પાંચ પાંચ વર્ષે પોતપોતાના વહીવટી વિસ્તારમાં અનુસંયાન અર્થાત્ તપાસ માટેનો પ્રવાસ કરતા રહેવાનો હતો.

**નગર-વ્યાવહારિક**—કલિંગના પ્રથમ અલગ અભિલેખમાં નગર-વ્યવહારક મહામાત્રોને સંબોધવામાં આવ્યા છે. 'નગર-વ્યવહારક' શબ્દ કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પ્રયોજાયેલા 'પૌરવ્યાવહારિક'નો પર્યાય છે.[૩] એ નગરપાલકનો અર્થ ધરાવતો 'નાગરિક' નહિ, પણ નગરના ન્યાયાલયનું કાર્ય સંભાળતો નગર-ન્યાયાધીશ હતો. નગરમાં આવા એક નહિ, પણ અનેક નગર-વ્યવહારક નીમવામાં આવતા.[૪]

**સુધારાવધારા**—પિતામહ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં જે રાજ્યતંત્ર વિકસેલું તે તો અશોકના સમયમાંય ચાલુ હતું. એના અભિલેખોમાં તો એમાંની અમુક બાબતોના પ્રાસંગિક ઉલ્લેખ આવે છે એટલું જ.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પરથી તેમ જ ગ્રીક એલચી મેગસ્થનીની 'ઇન્ડિકા' પરથી મૌર્ય સામ્રાજ્યના રાજ્યતંત્રની ઊંચી છાપ પડે છે. રાજા, મંત્રીઓ, મંત્રી-પરિષદ,

---

૧. *Ibid.*, pp. 192 ff.

૨. *Ibid.*, pp. 194 ff.

૩–૪. *Ibid.*, p. 203.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધ અધિકરણો( ખાતાં )ના અધ્યક્ષો, અન્ય સચિવો, ગુપ્તચરો, પ્રાંતિક વહીવટ, નગરનો અને ગ્રામનો વહીવટ ઇત્યાદિ વિશે સુવિકસિત રાજ્યતંત્ર પ્રવર્તતું.[1]

ધર્મ, દયા અને અનુકંપાથી પ્રેરાઈ અશોકે એમાં કેટલાક સુધારાવધારા દાખલ કર્યા.

રાજ્યમાં પ્રાણીઓના વધ અને પ્રાણીઓને થતી ઈજાની બાબતમાં ઘણા પ્રતિબંધ મૂક્યા. દા.ત. બલિ માટે થતી પ્રાણી-હત્યાની મનાઈ ફરમાવી, જેમાં હિંસા થતી હોય તેવા મેળાવડાની મનાઈ કરી, રાજરસોડામાં ભોજન માટે થતા પ્રાણીઓના વધને લગભગ બંધ કરાવ્યો,[2] ઘણાં પ્રાણીઓને અવધ્ય જાહેર કર્યાં, પર્વદિનોએ મત્સ્યવધની મનાઈ કરી, પર્વદિનોએ ઘોડાઓને અને બળદોને ડામ દઈ ચિહ્ન કરવાની મનાઈ ફરમાવી, પર્વદિનોએ બકરા, ઘેટા, ડુક્કરો વગેરેને ખસી કરવાની મનાઈ કરી, કૂકડાની ખસી કરવાની ફરમાવી અને વનમાં આગથી હિંસા કરવાનો નિષેધ કર્યો.[3] ટૂંકમાં, બને ત્યાં સુધી ‘ જીવને જીવથી પોષવા નહિ ’ એ નિયમને અમલમાં મૂક્યો.

અગાઉના રાજાઓની જેમ અશોક પણ સાર્વજનિક સગવડનાં પરમાર્થ-કાર્ય કરતો. માર્ગ પર દર અર્ધા કોશે કૂવા ખોદાવતો, માર્ગ પર છાંયા માટે વડ વગેરેનાં ઝાડ રોપાવતો અને આરામગૃહ વગેરે બંધાવતો.[4] ઔષધને ઉપયોગી વનસ્પતિ મંગાવતો ને ઠેરઠેર રોપાવતો.[5] આ સર્વમાં એ માત્ર મનુષ્યોના જ નહિ, પશુઓના હિતને પણ લક્ષમાં રાખતો. આમ અશોકની પરમાર્થવૃત્તિ ભૂતમાત્રને આવરી લેતી.

કલિંગનો વિજય કરતાં થતી પારાવાર ખુવારી જોઈને અશોકે શસ્ત્રવિજયને સ્થાને ધર્મવિજયની ભલામણ કરી.[6] શસ્ત્રવિજય અનિવાર્ય નીવડે ત્યાં પણ તેણે સહનશીલતા અને હળવા દંડની ભલામણ કરી.[7] પોતાના રજ્જુકોને પણ કેદીઓ તરફ અનુકંપા રાખવા ફરમાવ્યું. દેહાંતદંડ અને અન્ય દંડ પામેલા તેમ જ કેદમાં

---

૧. Mookerji, AIU, pp. 62 ff.

૨. શૈલલેખ નં. ૧.

૩. સ્તંભલેખ નં. ૫.

૪. સ્તંભલેખ નં. ૭.

૫. શૈલલેખ નં. ૨.

૬–૭. શૈલલેખ નં. ૧૩.

For Private And Personal Use Only

રહેલા અપરાધીઓને કૃપાના ત્રણ દિવસ આપ્યા, જે દરમ્યાન તેઓ પોતાની મુક્તિ માટે અથવા પોતાના પારલૌકિક કલ્યાણ માટે કંઈ પ્રયત્ન કરી શકે.[1] કલિંગના નગર-વ્યવહારકોને પણ અપરાધીઓ તરફ બનતી રહેમ રાખવા ભલામણ કરી.[2] પોતાના જન્મદિવસે એ અમુક પ્રકારના કેદીઓને છોડી મૂકતો.[3]

રાજ્યમાં અનેક જુદાં જુદાં ખાતાંના મહામાત્ર હતા, પરંતુ ધર્મ માટેના મહામાત્રનો કોઈ હોદ્દો નહોતો. અશોકે ધર્મ-મહામાત્રનો નવો હોદ્દો દાખલ કરી, લોકકલ્યાણની દૃષ્ટિએ રાજ્યતંત્રમાં એક મહત્ત્વનો સુધારો દાખલ કર્યો. ધર્મ-મહામાત્ર સર્વ સંપ્રદાયના સર્વ પ્રકારના ધર્મિષ્ઠ જનોનું ધ્યાન રાખતા ને વૃદ્ધ, અનાથ, કેદી વગેરે દુઃખી વર્ગોને બનતી રાહત આપવા પ્રબંધ કરતા.[4]

અશોક સર્વલોકહિતને પોતાનું પરમ કર્તવ્ય માનતો. પ્રજાજનોના કામકાજને એ સહુથી મોટું કામકાજ ગણતો. લોકોના કામનો નિકાલ જલદી થાય તે માટે એ એટલો આતુર રહેતો કે એ માટે પોતે સમય કે સ્થળની મર્યાદા રાખતો નહિ. પ્રજાના કામ વિશે માહિતી આપનાર પ્રતિવેદકો પોતાને સર્વ સમયે સર્વત્ર મળે તેવી છૂટ આપતો. કંઈ પણ તાકીદનું કામ આવી પડે કે રાજાની કોઈ આજ્ઞા વિશે મંત્રી-પરિષદમાં મતભેદ પડે, તો તેની ખબર પોતાને ગમે ત્યાં ને ગમે ત્યારે, તરત પહોંચાડવા આગ્રહ રાખતો.[5] પ્રજાજનો તરફની ફરજ અદા કરવામાં આટલો કર્તવ્યપરાયણ રાજવી વિરલ ગણાય. ને છતાં એ કેટલો નમ્ર છે! પોતે આ કાર્યને પોતાનું પરમ કર્તવ્ય માને છે, તેમાં લોકો પર પોતે ઉપકાર કરતો નથી, પરંતુ તેઓ પ્રત્યેના ઋણમાંથી મુક્ત થવાની ભાવના ધરાવે છે.[6]

પોતાના પ્રજાજનો ઐહિક સુખ તથા પારલૌકિક કલ્યાણ પામે તેને માટે એ હરકોઈ ઉદ્યમ કરતો. પોતે પ્રવાસ કરતો, તેઓને મળતો, તેઓને ધર્મ-ભાવનાનો ઉપદેશ દેતો.[7] પોતાનો આ સંદેશો સમસ્ત રાજ્યમાં સહુને પહોંચે તે માટે શૈલો અને સ્તંભો પર લેખ કોતરાવતો. પડોશનાં રાજ્યોમાં પણ ધર્મનો સંદેશ પહોંચા-

---

૧. સ્તંભલેખ નં. ૪.

૨. કલિંગના અલગ શૈલલેખ.

૩. સ્તંભલેખ નં. ૫.

૪. શૈલલેખ નં. ૫.

૫-૬. શૈલલેખ નં. ૬.

૭. શૈલલેખ નં. ૮.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડનારા દૂત મોકલતો.[૧] રજ્જુકો, પ્રાદેશિકો અને યુકતોને પાંચ પાંચ વર્ષે કરવાના પોતાના તપાસ-પ્રવાસ દરમ્યાન પોતાની વહીવટી ફરજો ઉપરાંત રાજાના ધર્માનુશાસનનો સંદેશો પ્રજામાં પહોંચાડતા રહેવાનો અનુરોધ કરતો.[૨] યુકતોને પ્રજાજનોના ખરચા ને સંઘરાની બાબતમાં ગણતરી રાખવા માટે પરિષદ આજ્ઞા કરે તેવી સૂચના પણ આપતો.[૩] વળી રજ્જુકોને ન્યાય અને દંડની બાબતમાં સ્વતંત્રતા દેતો, જેથી તેઓ પોતાની ફરજો નિર્ભય રીતે અને આત્મશ્રદ્ધાપૂર્વક બજાવી શકે.[૪] આ સર્વ પ્રવૃત્તિઓ પાછળ પ્રેરક બળ તરીકે પોતાની સર્વ પ્રજા આ લોકમાં સુખ અને પરલોકમાં કલ્યાણ કેવી રીતે પામે તે ભાવના રહેલી હતી. પ્રજાજનોના સુખ-હિતનું આટલું સતત અને સક્રિય ચિંતન કરતો રાજવી અશોક 'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા' અને લોકપ્રિય રાજર્ષિ તરીકે ઓળખાય તે સ્વાભાવિક છે.

---

૧. શૈલલેખ નં. ૧૩.
૨-૩. શૈલલેખ નં. ૩.
૪. સ્તંભલેખ નં. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૪. બૌદ્ધ ધર્મનો પ્રભાવ

અશોક નંદવંશ જેવા મહાન રાજવંશનું ઉન્મૂલન કરનાર ચંદ્રગુપ્ત મૌર્યનો પૌત્ર હતો. મહત્ત્વાકાંક્ષા એ મહત્તાનું પ્રેરક બળ છે, વિજિગીષા એ અભ્યુદય ઇચ્છતા રાજાની સહજવૃત્તિ છે, સંગ્રામ એ વીર ક્ષત્રિયનો ઉત્સવ છે, શત્રુહત્યામાં એ ગૌરવ લે છે, મૃગયા એ એનું પરમ વ્યસન છે, માંસાહાર એ એનો અભીષ્ટ આહાર છે એવા એવા આદર્શો સામાન્યતઃ સર્વ રાજાઓ સેવતા.

**હૃદયપલટો**—રાજપુત્ર અશોકે અનેક સાવકા ભાઈઓની હત્યા કરીને રાજગાદી હસ્તગત કરી ને રાજ્યારોહણ પછી એનો રાજ્યાભિષેક થતાં ચાર વર્ષ લાગ્યાં એ અનુકાલીન બૌદ્ધ અનુશ્રુતિ ઐતિહાસિક હોય એમ જણાતું નથી. પરંતુ રાજ્યાભિષેક થયાને આઠ વર્ષ થયાં ત્યારે અશોકે કલિંગ દેશ પર આક્રમણ કરી તે પ્રદેશ જીતી લીધો ને તેને મગધના મૌર્ય સામ્રાજ્યનો પ્રાંત બનાવી દીધો એ હકીકત છે. આ વિજય કરવામાં દોઢ લાખ માણસ પકડાયા, એક લાખ હણાયા ને એથી અનેકગણા માર્યા ગયા. આ ભારે ખુવારીથી અશોકને પારાવાર સંતાપ અને પશ્ચાત્તાપ થયો. ખાસ કરીને જે ધર્મિષ્ઠ જનો છે, તેમના કોઈ ને કોઈ મિત્રો, પરિચિતો કે સગા-સંબંધીઓનો એમાં સમાવેશ થતો હોઈ એ ધર્મિષ્ઠ જનોના દિલને દુઃખ થાય છે. આગળ જતાં અશોકને આ કારણે પારાવાર સંતાપ થાય છે, હવે એનાથી સોમા કે હજારમા ભાગના લોકોને હાનિ પહોંચે તોપણ તેને તે દુઃખદ લાગે તેમ છે ને હવે એ આવા શસ્ત્રવિજય તજી પ્રીતિરસ ભરેલા ધર્મવિજયને માર્ગે વળે છે.[1]

**બૌદ્ધ ધર્મનો અંગીકાર**—મૌર્ય રાજા અશોકના હૃદયમાં આવો ભાવ-પલટો કેવી રીતે થયો? બૌદ્ધ અનુશ્રુતિ અનુસાર એમાં કોઈ બૌદ્ધ શ્રમણનો ધર્મોપદેશ નિમિત્ત બન્યો હતો. સિલોનના બૌદ્ધ ગ્રંથ 'મહાવંસ'માં તો જણાવ્યું છે કે અશોકે જે મોટા ભાઈ યુવરાજ સુમનની હત્યા કરેલી તેના પુત્ર નિગ્રોધે (ન્યગ્રોધે) અશોકને બૌદ્ધ ધર્મનો અંગીકાર કરવા પ્રેરણા આપેલી.[2] સુમનના મરણ બાદ જન્મેલા નિગ્રોધની ઉમર ત્યારે સાત વર્ષની હતી! ને અશોકનો રાજ્યાભિષેક થયાને ત્યારે ચોથું વર્ષ ચાલતું હતું. અર્થાત્ કલિંગનું યુદ્ધ હજી ખેલાયું નહોતું. 'દિવ્યાવદાન'માં ન્યગ્રોધને

૧. શૈલલેખ નં. ૧૩.

૨. Mookerji, *As'oka*, pp. 62 f.; Barua, *op. cit.*, pp. 20 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલે સમુદ્ર નામે સ્થવિરનું નામ આપ્યું છે.[1] ગમે તેમ, શરૂઆતમાં અશોક સમગ્ર સંઘના નહિ, પણ એ સંઘમાંની એક પ્રભાવક વ્યકિતના સંપર્કમાં આવ્યો લાગે છે. આ સમયે પાટલિપુત્રનો મુખ્ય વિહાર 'કુક્કુટારામ' હતો. આગળ જતાં અશોક સમગ્ર સંઘના સંપર્કમાં આવ્યો. એ સંઘના અગ્રણી 'મહાવંસ' મુજબ તિસ્સ મોગ્ગલિપુત્ત (તિષ્ય મૌદ્ગલીપુત્ર) હતા. આ આચાર્યે અશોકના ધર્મગુરુ તરીકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. 'દિવ્યાવદાન'માં અને ચીની પ્રવાસી યુઅન શ્વાંગની 'સિયુકી'માં કુક્કુટારામના સંઘના અગ્રણી અને અશોકના બૌદ્ધ ગુરુ તરીકે ઉપગુપ્ત નામે શ્રમણનો નિર્દેશ આવે છે.[2] ઉપગુપ્ત અને તિસ્સ મોગ્ગલિપુત્ત એક વ્યક્તિ હોવાનું સૂચવાયું છે. ગમે તેમ હો, અશોક પહેલેથી બૌદ્ધધર્મી નહોતો ને એણે આગળ જતાં બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો એ સ્પષ્ટ છે. આગળ જતાં બૌદ્ધોએ એ પહેલાં કેવો 'ચંડાશોક' હતો ને હવે કેવો 'ધર્માશોક' બન્યો તેની અતિશયોક્તિભરી વાતો રજૂ કરી.

ગૌણ શૈલલેખ નં. ૧માં જણાવ્યા મુજબ અશોક 'ઉપાસક' (બૌદ્ધ ધર્મનો અનુયાયી) થયા પછી એક વર્ષ સુધી સક્રિય બન્યો નહોતો. પરંતુ તે પછી જ્યારે તેણે સંઘ (ભિક્ષુસંઘ) સાથે સંપર્ક સાધ્યો અર્થાત્ ભિક્ષુસંઘ પાસે જઈ તેનો સત્સંગ કર્યો, ત્યારથી તેને પોતાના આ નવા ધર્મસંપ્રદાયમાં સક્રિય થવાની પ્રેરણા મળી.

**સક્રિય ઉપાસક**—અશોક રાજ્યાભિષેક થયાને દસ વર્ષ થયાં ત્યારે બોધિતીર્થની યાત્રાએ ગયો, ત્યાં તેણે શ્રમણોનાં દર્શન કરી તેમની પાસેથી ધર્મોપદેશ ગ્રહણ કર્યો ને ત્યારથી તે સાદો ઉપાસક મટી સક્રિય ઉપાસક બન્યો.[3] કંદહાર શૈલલેખમાં પણ પોતે વર્ષ ૧૦થી પરમ અહિંસક અને ધર્મિષ્ઠ થયાનું જણાવેલું છે. ગૌણ શૈલલેખ નં. ૧--૨ માં એ પોતાની આ અવસ્થા અવલોકતાં નોંધે છે કે અઢીએક વર્ષથી હું ઉપાસક છું; પણ વર્ષ લગી હું સક્રિય નહોતો, પરંતુ એકાદ વર્ષથી સંઘના સમાગમમાં રહીને હું સક્રિય થયો છું. અહીં એ ભિક્ષુઓની સાથે વિહારમાં રહેતો ભિક્ષુગતિક થયો એવો અર્થ હોવો સંભવ છે.[4]

**ધર્મોપદેશ**—અશોકે પોતે ઉચ્ચ ધર્મભાવના અપનાવી, ને તે ભાવના પ્રજાજનો પણ અપનાવે તે માટે તેણે ધર્મોપદેશ કરવા માંડયો. પોતાનું રાજ્ય ઘણું વિશાળ

---

૧--૨. એજન.

૩. શૈલલેખ નં. ૮.

૪. Mookerji. *As'oka*, p. 23.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું ને તેના સર્વ પ્રાંતોમાં જઈ પ્રજાજનોનો પ્રત્યક્ષ સંપર્ક સાધવો મુશ્કેલ હતો. આથી એણે પોતાના ધર્મોપદેશનો સંદેશો જુદા જુદા પ્રાંતોમાં રાજશાસનો તરીકે મોકલવા માંડયો. આ સંદેશો ભૂર્જપત્ર કે તાડપત્ર પર લખાયેલો હોય, તો તેની અસર અલ્પકાલ ટકે. આથી એણે એ શાસનો શિલા જેવા ટકાઉ પદાર્થ પર કોતરાવવા માંડયા, જેથી એ લાંબો વખત ટકે.

**શૈલલેખો**—અશોકના રાજ્યમાં ઠેકઠેકાણે પર્વત હતા ને એમાંના કેટલાક શૈલ (મોટી શિલાઓ) જમીનની સપાટી પર પડેલા હતા. અશોકે પહેલાં પોતાનાં ધર્મશાસન એ શૈલો પર કોતરાવવા માંડયા. એનો આરંભ ગૌણ શૈલલેખ નં. ૧–૨ થી થયો લાગે છે. એમાં અણે પ્રજાજનોને ધર્માચરણમાં સક્રિય થવા અનુરોધ કર્યો.

અશોકની ધર્મનિષ્ઠા દિનપ્રતિદિન વધતી જતી હતી. પોતે અપનાવેલો નવો ધર્મ અહિંસાપ્રધાન હતો ને આથી પહેલાં પોતાના અંગત જીવનમાં તેમ જ રાજ્યમાં જે હિંસાત્મક રીતરસમ પ્રવર્તતી હતી તેની મનાઈ ફરમાવી. યજ્ઞબલિદાન માટે, સામાજિક મેળાવડા માટે તેમ જ ભોજન માટે પ્રાણીઓની હિંસા ન થાય તેવા પ્રતિષેધ જાહેર કર્યા. ઔષધિ માટેની વનસ્પતિ મંગાવીને ઠેરઠેર રોપાવી. યુક્તો રજ્જુકો અને પ્રાદેશિકોને પોતાના પંચવાર્ષિક તપાસ-પ્રવાસ દરમ્યાન વધારામાં ધર્માનુશાસન(ધર્મોપદેશ)નીય ફરજ સોંપવામાં આવી. ધર્મઘોષ તથા વિમાન આદિનાં પ્રદર્શનો દ્વારા લોકોમાં ધર્માનુશાસન પ્રસાર્યું. આ સમયે રાજાના અભિષેકને બાર વર્ષ થયાં હતાં.[૧]

તેરમા વર્ષે તેણે ધર્મ-મહામાત્રોની નિયુક્તિ કરી.[૨] કામના નિકાલ અને નિવેદન માટે પોતાને સર્વ સમયે સર્વત્ર મળવાની છૂટ આપી.[૩] સર્વ સંપ્રદાયો સર્વત્ર વસે ને સંયમ તથા ભાવશુદ્ધિ કેળવે તેવી ઇચ્છા દર્શાવી.[૪] મૃગયાદિ પ્રવૃત્તિઓ ધરાવતી વિહારયાત્રાને સ્થાને પોતે અપનાવેલી ધર્મયાત્રાનું મહત્ત્વ દર્શાવ્યું, જેમાં શ્રમણદર્શન અને ધર્માનુશાસન થતું.[૫] માંદગી વિવાહ વગેરે પ્રસંગોએ થતા મંગલ-

---

૧. શૈલલેખ નં. ૧–૪.

૨. શૈલલેખ નં. ૫.

૩. શૈલલેખ નં. ૬.

૪. શૈલલેખ નં. ૭.

૫. શૈલલેખ નં. ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(માંગલિક ક્રિયા)ને સ્થાને ધર્મ-મંગલનું મહત્ત્વ દર્શાવ્યું.[૧] પોતે માત્ર ધર્મ-પ્રસારની બાબતમાં જ યશ કે કીર્તિને મહત્ત્વ આપે છે તેમ જણાવી લોકોને ધર્માચરણ માટે અનુરોધ કર્યો.[૨] દાનમાં ધર્મના (અર્થાત્ ધર્મની ભાવનાના) દાનનો મહિમા બતાવ્યો.[૩] સંપ્રદાયો પરસ્પરની નિંદા ન કરતાં વાણીનો સંયમ, અન્ય સંપ્રદાયોનું અધ્યયન અને સમવાયની ભાવના કેળવે તેવી ભલામણ કરી.[૪] કલિંગના યુદ્ધને પરિણામે થયેલી ખુવારી અને વેદના વિશે સંતાપ અને પશ્ચાત્તાપ દર્શાવી ધર્મવિજયનો અનુરોધ કર્યો.[૫]ને અંતે પોતાનાં આ તેરેય ધર્મશાસનો વિશે ચૌદમા શાસનમાં વિવેચના નોંધી.

**તીર્થયાત્રા**—ચૌદમા વર્ષે નેપાલની સરહદ પાસે આવેલા કનકમુનિ બુદ્ધના સ્તૂપને બમણો મોટો કરાવ્યો.[૬] અશોકના સમયમાં અનેક બુદ્ધ થયા હોવાની માન્યતા પ્રચલિત થઈ ચૂકી હતી. શાક્યમુનિ ગૌતમ બુદ્ધની પહેલાં બીજા અનેક બુદ્ધ થઈ ગયા હોવાનું મનાતું. બધા મળીને અઠ્ઠાવીસ બુદ્ધ થયા, તેમાં પહેલા ચાર વિશે હાલ ઘણી ઓછી માહિતી રહેલી છે, બાકીના ચોવીસમાં છેલ્લા સાત બુદ્ધ વિશેષ મહિમા ધરાવે છે. સાંચીના મહાસ્તૂપનાં તોરણોમાં આ સાત બુદ્ધોનાં પ્રતીક, અલગ અલગ બોધિવૃક્ષો અને/અથવા સ્તૂપોરૂપે, કંડારેલાં છે. કનકમુનિ બુદ્ધ એ આ સાત બુદ્ધોમાં પાંચમા છે.[૭]

વીસમે વર્ષે અશોકે શાક્યમુનિ બુદ્ધના જન્મસ્થાનની યાત્રા કરી, ત્યારે ત્યાં પૂજા કરી, શિલાની વેદિકા કરાવી, શિલાનો સ્તંભ ઊભો કરાવ્યો ને લુમ્બિની ગામના કરવેરામાં ઘટાડો કર્યો. એને લગતો લેખ એ સ્તંભ પર કોતરાવ્યો છે.[૮] બુદ્ધનું આ જન્મસ્થાન નેપાલની સરહદ પાસે આવેલું છે. અશોકે આ તીર્થધામની યાત્રા કરી ત્યારે તેણે નજીકમાં આવેલા કનકમુનિ બુદ્ધના સ્તૂપની પણ યાત્રા કરી ને ત્યાં શિલાસ્તંભ ઊભો કરાવ્યો. એ સ્તંભ પર આને લગતો લેખ કોતરેલો છે.

---

૧. શૈલલેખ નં. ૯.
૨. શૈલલેખ નં. ૧૦.
૩. શૈલલેખ નં. ૧૧.
૪. શૈલલેખ નં. ૧૨.
૫. શૈલલેખ નં. ૧૩.
૬. નિગ્લીવ સાગર સ્તંભલેખ.
૭. ક. ભા. દવે, 'ગુજરાતનું મૂર્તિવિધાન', પૃ. ૫૨૮.
૮. રૂમ્મિનદેઈ સ્તંભલેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શિલાસ્તંભો**—છવ્વીસમા વર્ષે અશોકે રાજ્યમાં અનેક સ્થળોએ ઊંચા ગોળ સ્તંભ કરાવી તેના પર ધર્મોપદેશને લગતા લેખ કોતરાવ્યા. તેમાં સત્તાવીસમા વર્ષે પોતાની ધર્મપ્રસારની સર્વવિધ પ્રવૃત્તિઓનું સિંહાવલોકન કરતો લેખ ઉમેરાવ્યો.

**સંઘની અખંડિતતા**—અશોકના સમયમાં બૌદ્ધ સંઘમાં વિચારભેદ વધતો જતો હતો ને પરિણામે એમાં ભેદ (તડ) પડે તેવો ભય રહેતો હતો. આ મતભેદ ખાસ કરીને ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓમાં પ્રવર્તતો. બૌદ્ધ સંઘમાં ભેદ ન પડે ને તેની સમગ્રતા (અખંડિતતા) જળવાઈ રહે તે માટે અશોકે શાસન ફરમાવ્યાં. આ શાસન સારનાથ, કૌશાંબી અને સાંચીના શિલાસ્તંભો પર કોતરાયાં છે.

અશોક ઉપાસક હતો, ભિક્ષુ નહોતો. ભિક્ષુસંઘ પર સામાન્યત: તેના આચાર્યનું શાસન પ્રવર્તે, છતાં બૌદ્ધ સંઘમાં એ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાનો ઘણો પ્રભાવ રહેલો હતો. સામાન્ય સંયોગોમાં શ્રમણો ગૃહસ્થોને માર્ગ દર્શાવે છે, પરંતુ જ્યારે શ્રમણો માર્ગ ચૂકે ત્યારે ઘણી વાર સક્રિય ઉપાસકો તેમને માર્ગ દર્શાવે છે. રાજા અશોકે ફરમાવ્યું કે જે કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી સંઘમાં ભેદ (તડ) પાડશે તેને શ્વેત વસ્ત્ર પહેરાવી અન્યત્ર વસાવવામાં આવશે.[1] આ ફરમાન સર્વ દુર્ગો તથા રાષ્ટ્રોના મહામાત્રોને મોકલવામાં આવ્યું, જેથી તેઓ પોતપોતાના શાસનપ્રદેશમાં તેનો અમલ કરે.[2] આ શાસન પાછળ અશોકનો હેતુ સ્પષ્ટ હતો—સંઘ સમગ્ર (અખંડિત) રહે અને લાંબો વખત ટકે.[3]

**ધર્મપર્યાયોની ભલામણ**—અશોકે પોતાના શાસનલેખ શૈલો અને સ્તંભો ઉપરાંત ફલકો પર પણ કોતરાવેલા. એનો એક નમૂનો બૈરાટ પાસે મળેલો છે.

એમાં પ્રિયદર્શી રાજા સંઘને અભિવાદન કરી કુશળતા તથા સુખ-વિહારતા પૂછે છે ને પોતાને બુદ્ધ, ધર્મ અને સંઘ વિશે જે ભક્તિભાવ છે તે સગૌરવ વ્યક્ત કરે છે. આમ તો ભગવાન બુદ્ધની સર્વ વાણી સારી છે, છતાં સદ્ધર્મ (બૌદ્ધ ધર્મ) લાંબો વખત ટકે એ હેતુથી એ એમાંના અમુક ધર્મપર્યાયો(ધર્મસૂત્રો)ની ખાસ ભલામણ કરે છે. આ ભલામણ ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓને તેમ જ ઉપાસકો તથા ઉપાસિકાઓને પણ કરવામાં આવી છે.

આ ધર્મપર્યાય સાત ગણાવ્યાં છે:

(૧) **विनय-समुकस** (વિનય-સમુત્કર્ષ)—હાલ જે બૌદ્ધ ધર્મગ્રંથો ઉપલબ્ધ છે, તેમાંનો કયો ધર્મગ્રંથ કે તેમાંનું કયું ધર્મસૂત્ર અહીં ઉદ્દિષ્ટ છે એ વિશે વિદ્વાનોમાં

---

૧–૩. સાંચી, સારનાથ અને કૌશાંબી સ્તંભલેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠીક ઠીક મતભેદ રહેલો છે. પાલિ ત્રિપિટકમાં એ નામનો કોઈ ગ્રંથ કે એ નામનું કોઈ સૂત્ર નથી. 'વિનય-સમુત્કર્ષ' એટલે તો ઉત્કૃષ્ટ વિનય અથવા વિનયનો સાર (નિચોડ) એવા બે જુદા જુદા અર્થ થાય છે. પહેલા અર્થમાં કેટલાક આ પર્યાયને વિનયપિટકના 'મહાવગ્ગ'માંના 'ધમ્મચક્કપવત્તનસુત્ત' (ધર્મચક્રપ્રવર્તન-સૂત્ર) તરીકે ઘટાવે છે, જેમાં ભગવાન બુદ્ધે મૃગદાવ(સારનાથ)માં પ્રથમ ઉપદેશ દ્વારા કરેલા ધર્મચક્રપ્રવર્તન દરમ્યાન ચાર આર્યસત્યો અને અષ્ટાંગિક માર્ગ સહિત 'મજ્ઝિમપટિપદા' (મધ્યમ-પ્રતિપદા) વિશે પ્રવચન કરેલું.[1] અથવા અહીં બુદ્ધઘોષે જણાવેલાં ચાર મહત્ત્વનાં સૂત્રો પૈકીનું 'તુવટ્ઠક સુત્ત' ઉદ્દિષ્ટ હોય એવું શ્રી. દે. રા. ભાંડારકર સૂચવે છે.[2] તેમાં 'પટિપદા' (ધાર્મિક ક્રિયાઓ), 'પાતિમોક્ખ' (ઉપદેશ) અને 'સમાધિ'(ધ્યાન)નો ઉપદેશ આપેલો છે. ડૉ. બરુઆ અહીં 'દીઘનિકાય'માંનું 'સિગાલોવાદ-સુત્તન્ત' ઉદ્દિષ્ટ હોવાનું સૂચવે છે, કેમ કે તે 'ગિરિ-વિનય' (ગૃહસ્થ માટેના વિનય = નિયમો) હોઈ સંઘના સર્વ વર્ગોને ઉપયોગી છે.[3] શ્રી શૈલેન્દ્રનાથ મિત્ર વળી એવું સૂચવે છે કે 'વિનય-સમુત્કર્ષ' તે 'મજ્ઝિમનિકાય'માંનું 'સપ્પુરિસ-સુત્ત' છે.[4] કોઈ વળી એને 'અંગુત્તરનિકાય'માં પણ દર્શાવે છે.[5] આ બધા પૈકી 'ધમ્મચક્કપવત્તનસુત્ત' અને 'સિગાલોવાદ-સુત્તન્ત'ને લગતાં સૂચન વિશેષ સંભવિત લાગે છે.

(૨) अलियवसानि (आर्यांशाः)—કેટલાક આ પર્યાયને 'દીઘનિકાય'માંના 'સંગીતિસુત્ત' કે 'દસુત્તર-સુત્ત' તરીકે ઓળખાવે છે,[6] તો શ્રી. ધર્માનંદ કોસંબી એને 'અંગુત્તરનિકાય'માંના 'ચત્તારો અરિયવંસા' (ચાર આર્યવંશો) તરીકે ઘટાવે છે.[7] કોઈ એને 'દસઅરિયવાસા' (દસ આર્ય-નિવાસો) પણ ગણે છે.[8] અહીં 'આર્ય-વંશો' એટલે આર્ય (ઉમદા) જનોએ પાળવાના પરંપરાગત આચાર-નિયમો

---

૧. Mookerji, *op. cit.*, p. 118; Basak, *op. cit.*, p. 131.

૨. *Aśoka*, p. 91.

૩. JRAS, 1915, p. 809.

૪. IA, XLVIII, pp. 8 ff.

૫. D. C. Sircar, *Select Inscriptions*, p. 78, n. 2.

૬. Basak, *op. cit.*, p. 131.

૭. *Indian Antiquary*, 1912, pp. 37 ff.

૮. Mookerji, *As'oka*, p. 118, n. 4.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો અર્થ ઉદ્દિષ્ટ છે. બુદ્ધઘોષ 'મહા-અરિય-વંસ'નો ખાસ નિર્દેશ કરે છે તે આ પર્યાય માટે લાગે છે.[૧]

શ્રી. કોસંબીએ સૂચવેલા 'ચાર આર્ય વંશો'માં ભિક્ષુના આ ચાર આચારધર્મ ગણાવવામાં આવ્યા છે: (અ) એણે સાદાં ચીવર(વસ્ત્ર)થી સંતોષ માનવો જોઈએ, (આ) એણે યોગ્ય રીતે મેળવેલા સાદા ખોરાકથી સંતોષ માનવો જોઈએ, (ઇ) એણે નાનામાં નાની કુટિરથી પણ સંતોષ માનવો જોઈએ, અને (ઈ) એણે ધ્યાનમાં આનંદ માનવો જોઈએ.

(૩) अनागत-भयानि (અનાગત અર્થાત્ ભાવિને લગતા ભય)—આ સૂક્ત 'અંગુત્તરનિકાય'માં આવે છે.[૨] આમાં ભિક્ષુએ જે ભાવિ ભયોને લક્ષમાં રાખી બોધિપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો છે ને જે ભયોને પિછાની તેમને ટાળવાના છે તે ભય ગણાવવામાં આવ્યા છે. એમાં ઘડપણ, રોગ, દુકાળ, લડાઈ વગેરે ધર્મબાધક ભય ભવિષ્યમાં ઉપસ્થિત થાય, તો તેને લક્ષમાં રાખી ભિક્ષુએ પોતાની સાધનામાં અચલિત રહેવું ને પ્રગતિ સાધતા રહેવી તેનો ઉપદેશ આપેલો છે.

(૪) मुनिगाथा (મુનિને લગતી ગાથા)—સંસ્કૃત 'દિવ્યાવદાન'માં 'મુનિ-ગાથા' નામે સૂક્ત છે,[૩] જ્યારે પાલિ ત્રિપિટકોમાં 'સુત્તપિટક'ના 'ખુદ્દ-નિકાય'માંના 'સુત્તનિપાત'માં 'મુનિસુત્ત' શીર્ષક નીચે એ ગાથાઓ આપવામાં આવી છે.[૪] આ ગાથાઓમાં ભિક્ષુએ સંસારની આસક્તિઓથી મુક્ત થઈ સંયમ અને ધ્યાન દ્વારા કેવું શુદ્ધ જીવન આચરવું જોઈએ તે જણાવવામાં આવ્યું છે.

(૫) मोनेयसूत (મૌનેય-સૂત્ર)—કોઈ એને ખુદ્દનિકાયમાંના 'ઇતિવુત્તક'ના મોનેય્ય-સુત્ત તરીકે ઓળખાવે છે.[૫] પરંતુ એ સૂત્ર ઘણું નાનું છે ને તેમાં માત્ર ત્રણ મૌનપ્રકારો ગણાવવામાં આવ્યા છે. આથી શ્રી. ધર્માનંદ કોસંબીએ સૂચવ્યું છે તેમ તે 'સુત્તનિપાત'માંનું 'નાલકસુત્ત' હોવા સંભવે છે.[૬] અશ્વઘોષે પણ

---

૧. Bhandarkar, *As'oka*, p. 90.

૨. Mookerji, *As'oka*, p. 118, n. 5; Basak, *op. cit.*, p. 132.

૩. Barua, *op. cit.*, Part II, p. 35.

૪. Mookerji, *As'oka*, p. 118, n. 6; Bhandarkar, *As'oka*, p. 89; Basak *op. cit.*, p. 132.

૫. Basak, *op. cit.*, p. 132.

૬. Mookerji, *As'oka*, p. 118, n. 7; Bhandarkar, *As'oka*, p. 89.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ચાર સૂત્રોનો ખાસ નિર્દેશ કર્યો છે તેમાં નાલક-સૂત્રનો સમાવેશ કર્યો છે. અશોકના સમયમાં આ સુત્તના સંવાદ-દાતા તરીકે નાલકનો ઉલ્લેખ કરતો પહેલો શ્લોક તેમાં સમાવેશ પામ્યો નહિ હોય ને તેથી તે સુત્ત 'નાલક સુત્ત' તરીકે ઓળખાતું નહિ હોય.[૧]

'અંગુત્તરનિકાય'માં 'મોનેય્ય સુત્ત' નામે એક સુત્ત (સૂત્ર) આવે છે તે આ 'મોનેયસૂત' હશે એમ ડૉ. બસાક સૂચવે છે.[૨] આ પણ સંભવિત છે.

(૬) उपतिस-पसिन (ઉપતિષ્ય-પ્રશ્ન)—એને કેટલાક ખુદ્દનિકાયમાંના 'સુત્ત-નિપાત'માંના 'સારિપુત્ત-સુત્ત' તરીકે ઓળખાવે છે.[૩] સારિપુત્ત ઉપતિષ્ય તરીકે પણ ઓળખાતા ને આ સૂત્રમાં તેમણે રજૂ કરેલા પ્રશ્નોના ખુલાસા કરવામાં આવ્યા છે.

આવું એક બીજું સૂત્ર પણ છે, જેમાં પણ સારિપુત્ત ઉર્ફે ઉપતિષ્યના પ્રશ્ન રજૂ થયા છે. એ છે મજ્ઝિમનિકાયમાંનું 'રથવિનીત-સુત્ત'.[૪] બુદ્ધઘોષે આ સુત્તનો ખાસ નિર્દેશ કર્યો છે. આ સૂત્રમાં વિશુદ્ધિની સાત ઉત્તરોત્તર અવસ્થાઓ ગણાવી-ને નિર્વાણનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. 'વિસુદ્ધિમગ્ગ' (વિશુદ્ધિમાર્ગ) જેવી અનુકાલીન વૃત્તિઓની એ ભૂમિકારૂપે છે, ઘણા વિદ્વાનો આ સુત્તને 'ઉપતિસ-પસિન માને છે.[૫]

(૭) लाघुलोवाद (રાહુલાવવાદ)—અહીં આ સૂત્ર મૃષાવાદ વિશે ભગવાન બુદ્ધે કહ્યું હોવાનું જણાવ્યું છે. 'મજ્ઝિમનિકાય'માં 'રાહુલોવાદ-સુત્ત' નામે સુત્ત છે તે આ જ છે.[૬] તેમાં ભગવાન બુદ્ધે રાજગૃહમાં રાહુલને મૃષાવાદ વિશે ઉપદેશ

૧. Barua, *op. cit.*, Part II, p. 35.

૨. Basak, *op. cit.*, p. 132.

૩. Mookerji, *As'oka*, p. 118, n. 8; Basak, *op. cit.*, p. 132.

૪. Bhandarkar, *As'oka*, p. 89.

૫. Barua, *op. cit.*, Part II, p. 36.

૬. Mookerji, *As'oka*, p. 119, n. 1; Bhandarkar, *Aśoka*, p. 89; Basak, *op. cit.*, p. 132.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીધો છે. 'મજ્ઝિમનિકાય'માં 'રાહુલોવાદ' નામે ત્રણ સુત્ત છે, તેથી અહીં અશોકે તેનું વિશિષ્ટ લક્ષણ દર્શાવ્યું છે. આ લક્ષણ તે ત્રણ પૈકીના 'અમ્બલટ્ઠિક રાહુલોવાદ-સુત્ત'ને લાગુ પડે છે.[૧]

આ ધર્મસૂત્રોનું ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓ તેમ જ ઉપાસકો તથા ઉપાસિકાઓ ખાસ શ્રવણ તથા ચિંતન કરે એવી ઇચ્છા અશોક વ્યક્ત કરે છે. શ્રી. દે. રા. ભાંડારકર નોંધે છે તેમ આ ધર્મસૂત્રો વિશેષત: વ્યાવહારિક આચારધર્મને લગતાં છે.[૨]

બુદ્ધ, ધર્મ અને સંઘ તરફ તરફના ભક્તિભાવના નિર્દેશથી અશોક બૌદ્ધ ધર્મ તરફ અંગત અનુરાગ ધરાવતો એ નિર્વિવાદ ઠરે છે.

**સ્તૂપો અને વિહારોનું નિર્માણ** — ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી તેમનાં પવિત્ર અસ્થિ આઠ જણ વચ્ચે વહેંચવામાં આવ્યાં હતાં ને તેની ઉપર આઠ પ્રદેશોમાં સ્તૂપ બંધાયા હતા. કહે છે કે અશોકે આ સ્તૂપો ખોલાવીને એમાંનાં પવિત્ર અસ્થિઓની વધારે મોટા પાયા પર ફાળવણી કરી ને એના પર દેશભરમાં બધા મળીને ૮૪,૦૦૦ સ્તૂપ બંધાવરાવ્યા.[૩] દરેક ચૈત્ય પાસે વિહાર પણ બંધાવવામાં આવેલો. પાટલિપુત્રમાં અશોકે પોતાના નામનો 'અશોકારામ' બંધાવ્યો.[૪] એ આરામ(વાડી)માં પણ સ્તૂપરૂપી ચૈત્ય હતું. ૮૪,૦૦૦ વિહારોને લગતી અનુશ્રુતિમાં સ્પષ્ટત: અતિશયોક્તિ રહેલી છે. પરંતુ એ પરથી અશોકે અનેક વિહાર બંધાવ્યા હોવાનું સૂચિત થાય છે.[૫]

અશોકે કનકમુનિ બુદ્ધનો સ્તૂપ બમણો મોટો કરાવ્યો એ નિ:શંક છે. સાંચી અને ભરહુતના મૂળ ઈંટેરી સ્તૂપ અશોકના સમયમાં બંધાયા લાગે છે. સાંચીના મહા-સ્તૂપનાં ખંડેરોમાં એ મૂળ સ્તૂપ જોઈ શકાય એમ છે, જ્યારે ભરહુતના સ્તૂપના અવશેષ હાલ કલકત્તાના મ્યૂઝિયમમાં રહેલા છે. પાટલિપુત્ર(પટના)માં 'આરામ' બંધાવ્યો એ હકીકત પણ સૂચક ગણાય. યુઅન શ્વાંગની 'સિ-યુ-કી'માં આવી અનેક બુદ્ધ-પ્રતિમાઓ નોંધાઈ છે; અને ભારતના અનેક પ્રાચીન સ્તૂપોની બાબતમાં એ અશોકે બંધાવ્યા હોવાનું જણાયું છે.[૬]

**બૌદ્ધ ધર્મનો પ્રસાર** — બૌદ્ધ ધર્મને અશોક જેવા સમ્રાટનું પ્રોત્સાહન મળતાં તેના સામ્રાજ્યમાં તે ધર્મનો સવિશેષ પ્રસાર થાય એ સ્વાભાવિક છે. પોતાને જે ધર્મની

૧. Barua, *op. cit.*, Part II, p. 36.

૨. Bhandarkar, *Aśoka*, pp. 91 ff.

૩. Mookerji, *As'oka*, pp. 80 f.

૪. *Ibid.*, p. 82, n. 2.

૫–૬. યુઅન શ્વાંગ ૮૦થી વધુ સ્તૂપ નોંધે છે (*Ibid.*, p. 82, n. 1)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કટ ભાવના જાગી તેનો પ્રસાર કરવામાં અશોક પોતે સક્રિય પ્રયત્ન કરતો એવું એના ધર્મલેખો પરથી સ્પષ્ટ થાય છે.

અશોકના રાજ્યાભિષેકને ૧૭ વર્ષ થયાં ત્યારે મોગ્ગલિપુત્ત તિસ્સની અધ્યક્ષતા નીચે પાટલિપુત્રમાં બૌદ્ધ સંઘની ત્રીજી સંગીતિ (પરિષદ) મળી. એ સંગીતિ પૂરી થતાં કેટલાક સ્થવિરોને ધર્મપ્રસાર માટે જુદા જુદા પ્રદેશોમાં મોકલવામાં આવ્યા —થેર (સ્થવિર) મજ્ઝિન્તકને કાશ્મીર અને ગંધારમાં, થેર મહારક્ખિતને યવનદેશમાં, થેર મજ્ઝિમને હિમાલયમાં, થેર ધમ્મરક્ખિત(ધર્મરક્ષિત)ને અપરાન્તક(પશ્ચિમ સરહદ)માં, થેર મહાધમ્મરક્ખિતને મહારાષ્ટ્રમાં, થેર મહાદેવને મહિષમંડલમાં, થેર રક્ખિતને વનવાસીમાં, સોણ અને ઉત્તરને સુવર્ણભૂમિમાં અને થેર મહિન્દ (મહેન્દ્ર) વગેરેને લંકામાં.[૧]

આમાં લંકાનો ઉલ્લેખ ખાસ નોંધપાત્ર છે. સિલોનમાં ત્યારે દેવોનો પ્રિય તિસ્સ (તિષ્ય) નામે રાજા રાજ્ય કરતો હતો ને તેને અશોક સાથે ગાઢ સંબંધ હતો. બંને રાજાઓ વચ્ચે ભેટસોગાદની ઠીક આપલે થતી. 'મહાવંસ'માં જણાવ્યા મુજબ અશોકે સિલોનના રાજાને ધર્મનું અર્થાત્ બૌદ્ધ ધર્મનું પણ દાન દીધું.[૨]

બૌદ્ધ ધર્મના પ્રસાર માટે સિલોન જનાર થેર મહિન્દ (સ્થવિર મહેન્દ્ર) પૂર્વાવસ્થામાં અશોકના પુત્ર હતા. સિલોનમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર તેમની દ્વારા થયો. રાજા તિસ્સે અનેક બૌદ્ધ ચૈત્ય અને વિહાર બંધાવ્યા ને ચૈત્ય માટે રાજા અશોક પાસે માણસ મોકલી પવિત્ર અસ્થિ મંગાવ્યાં.[૩] આગળ જતાં રાણીને બૌદ્ધ સંઘની પ્રવ્રજ્યા લેવાની ઇચ્છા થઈ ત્યારે રાજા તિસ્સે રાજા અશોક પાસે અમાત્યને મોકલી થેરી સંઘમિત્રાને તેડાવ્યાં. સંઘમિત્રા એ પૂર્વાવસ્થામાં અશોકનાં પુત્રી હતાં. તેમની સાથે ભારતમાંથી બોધિવૃક્ષની શાખા પણ મંગાવી. એ શાખા સિલોનમાં રોપવામાં આવી.[૪] થેર મહેન્દ્ર તથા થેરી સંઘમિત્રાએ પોતાનું બધું શેષ જીવન સિલોનમાં જ ગાળ્યું.[૫] આમ સિલોનમાં થયેલા બૌદ્ધ ધર્મના પ્રસારમાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા અશોકે મહત્ત્વનો ફાળો આપેલો છે.

આ રીતે અશોકના ધાર્મિક વલણમાં બૌદ્ધ ધર્મનો પ્રબળ પ્રભાવ રહેલો હતો. અંગત રીતે એ બૌદ્ધ ધર્મનો અનુયાયી થયો. બુદ્ધ, ધર્મ અને સંઘ તરફ એ પરમ આદર ધરાવતો, બૌદ્ધ ધર્મના પાલન તથા પ્રસારમાં પરાયણ રહેતો તેમ જ સંઘ અખંડિત રહે ને લાંબો વખત ટકે તે માટે સક્રિય કાળજી રાખતો.

---

૧. Mookerji, *Aśoka*, pp. 32 f.

૨-૫. महावंसो, ११-२०.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૫. ધર્મ-ભાવના

અશોકનો કુલપરંપરાગત ધર્મ બ્રાહ્મણધર્મ હતો. આગળ જતાં એણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. છતાં એ સાંપ્રદાયિક સંકુચિતતાથી પર હતો.

**વિશાળ ધર્મદૃષ્ટિ**—અશોક અંગત રીતે બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો. એણે પોતાના અમુક લેખ બૌદ્ધ સંઘને લગતા લખાવ્યા ને કોતરાવ્યા છે. પરંતુ પોતાની સમસ્ત પ્રજાને ઉદ્દેશીને એણે જે ધર્મશાસન લખાવ્યાં છે, તેમાં પોતાના ધર્મસંપ્રદાયની સંકુચિત દૃષ્ટિ રહેલી નથી, માનવધર્મની વિશાળ ધર્મદૃષ્ટિ રહેલી છે.

**સાંપ્રદાયિક સમવાય**—શૈલલેખ નં. ૭માં એ સ્પષ્ટ ઇચ્છે છે કે સર્વ સંપ્રદાય સર્વત્ર વસે, કેમ કે તે સર્વે સંયમ અને ભાવશુદ્ધિ ઇચ્છે છે. લોકો વિવિધ છંદ અને વિવિધ રાગ ધરાવતા હોઈ, વિવિધ સંપ્રદાયોને અનુસરે એ સ્વાભાવિક છે, પરંતુ સંયમ અને ભાવશુદ્ધિ એ એને મન સર્વ સંપ્રદાયોનું પરમ ધ્યેય રહેલું છે

શૈલલેખ નં. ૧૨માં એ સર્વ સંપ્રદાયના અનુયાયીઓ—શ્રમણો (સાધુઓ) તથા ગૃહસ્થો તરફ આદરભાવ દર્શાવે છે. તેઓને એ દાન અને માનથી સંમાને છે, પરંતુ ખાસ કરીને તેઓના સારની (તત્ત્વની) વૃદ્ધિ ઇચ્છે છે. આ બાબતમાં એ વાણીના સંયમનું ઘણું મહત્ત્વ દર્શાવે છે, કેમ કે સામાન્ય રીતે લોકોનું વલણ પોતાના સંપ્રદાયની પ્રશંસા અને પારકા સંપ્રદાયની નિંદા કરવાનું હોય છે. આમ કરવાથી તેઓ પોતાના સંપ્રદાયનું ભલું થતું માને છે, પરંતુ ખરેખર તો તેને હાનિ થતી હોય છે. ઊલટું, જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે પારકા સંપ્રદાયની પણ પ્રશંસા કરવી જોઈએ. એમ કરવાથી એ પારકા સંપ્રદાયનું તેમ જ પોતાના સંપ્રદાયનું ભલું કરે છે. જુદા જુદા સંપ્રદાયોના અનુયાયીઓ સમવાય (પરસ્પર સંપર્ક) સાધે ને એકબીજાના સંપ્રદાય વિશે જાણે એ ઇષ્ટ છે. સર્વ સંપ્રદાય બહુશ્રુત અને કલ્યાણકારી બને. સર્વ સંપ્રદાયોનું જે સારતત્ત્વ છે તેની વૃદ્ધિ થતી રહે એ જ પરમ ઇષ્ટ છે.

આમ અશોક અહીં બૌદ્ધ ધર્મનો મહિમા ગાતો નથી. પરંતુ સર્વધર્મસંપ્રદાયો તરફ સદ્ભાવ દર્શાવે છે ને સાંપ્રદાયિક વૈમનસ્ય ન રાખવા અનુરોધ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સર્વધર્મ-સદ્ભાવ**—અશોકના અભિલેખોમાં એના સર્વધર્મ-સદ્ભાવની અનેક રીતે પ્રતીતિ થાય છે.

પોતાના ધર્માનુશાસનમાં એ જે ચારપાંચ આચારધર્મની વારંવાર ભલામણ કરે છે[1] તેમાં તે બ્રાહ્મણો અને શ્રમણો તરફ સદ્વર્તાવ માટે આગ્રહ ધરાવે છે; તેમનાં દર્શન કરવા ને તેમને દાન દેવા ભલામણ કરે છે. ધર્મ-મહામાત્રો પણ સર્વ સંપ્રદાયોના અને સર્વ વર્ણોના હિતસુખ માટે નિમાયા છે. એમાં બ્રાહ્મણો, આજીવિકો અને નિર્ગ્રન્થો(જૈનો)નો પણ સમાવેશ થતો.[2]

છઠ્ઠા સ્તંભલેખમાં પણ એ સર્વસંપ્રદાયો પ્રત્યેનો આદરભાવ વ્યકત કરે છે.

વળી વર્વર (બરાબર) પર્વતમાં ત્રણ ગુફાઓ કંડારાવી અશોકે તે ગુફાઓ આજીવિકોને અર્પણ કરી એ હકીકત આ રાજવી અન્ય સંપ્રદાયોના અનુયાયીઓને પણ દાન-માનથી નવાજતો એ વિધાનનું સંગીન દૃષ્ટાન્ત પૂરું પાડે છે.

**ધર્મનું સ્વરૂપ**—અગાઉ જણાવ્યા મુજબ અશોક સર્વ ધર્મ-સંપ્રદાયોના સાર-(તત્ત્વ)ની અભિવૃદ્ધિ માટે આગ્રહ ધરાવતો;[3] ને સર્વ ધર્મનો સાર સંયમ અને ભાવશુદ્ધિમાં રહેલો હોવાનું દર્શાવતો.[4]

સ્તંભલેખ નં. ૨માં એ જણાવે છે: ધર્મ સારો છે. પણ ધર્મ એટલે શું? અહીં એ ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવે છે: અલ્પ આસિનવ, બહુ કલ્યાણ, દયા, દાન, સત્ય અને શુચિતા (શુદ્ધતા). 'આસિનવ' એટલે આસ્નવ, અર્થાત્ પાપ કરવાની વૃત્તિ.[5] સ્તંભલેખ નં. ૩માં આસિનવ તરફ લઈ જતા દુર્ગુણ ગણાવવામાં આવ્યા છે: ચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, અભિમાન અને ઈર્ષા. સ્તંભલેખ નં. ૭માં એ દાન, સત્ય, શુચિતા, માર્દવ અને સાધુતા માટે ભલામણ કરે છે. આમ કલ્યાણ, દયા, દાન વગેરે સદ્ગુણો કેળવવા અને ચંડતા, નિષ્ઠુરતા વગેરે દુર્ગુણો ટાળવા એ ધર્માચરણ માટેના મુખ્ય મુદ્દા છે. ભગવદ્ગીતામાં દૈવી સંપત અને આસુરી સંપત તરીકે આવા જ સદ્ગુણ તથા દુર્ગુણ ગણાવવામાં આવ્યા છે.

---

૧. દા. ત. શૈલલેખ નં. ૩, ૪, ૯, ૧૧.

૨. શૈલલેખ નં. ૫; સ્તંભલેખ નં. ૭.

૩. શૈલલેખ નં. ૧૨.

૪. શૈલલેખ નં. ૭.

૫. આ શબ્દ બૌદ્ધ ધર્મના **आसव** (**आस्रव**) કરતાં જૈન ધર્મના **अण्हय** (**आस्नव**)ને મળતો આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગુણો ટાળવા તથા સદ્ગુણો કેળવવા માટે અશોક કેટલાંક વ્યાવહારિક સૂચન કરે છે, જેમાં અમુક દુષ્કૃત્યોનો નિષેધ અને અમુક સત્કૃત્યોનો અનુરોધ કરવામાં આવ્યો છે. એમાંનાં બે નિષેધાત્મક શાસન છે—(૧) પ્રાણીઓનો વધ ન કરવો[૧] અને (૨) ભૂતોને[૨] (પ્રાણીઓને) ઈજા ન કરવી.[૩] પછી વળી કેટલાંક વિધેયાત્મક શાસન કરેલાં છે: (૧) માતાપિતાની સેવા[૪] (અથવા તેમની આજ્ઞાનું પાલન), (૨) સ્થવિરો(વૃદ્ધો)ની સેવા[૫] (અથવા તેમની આજ્ઞાનું પાલન) ને તેમને દાન,[૬] (૩) ગુરુઓ પ્રત્યે આદર,[૭] (૪) બ્રાહ્મણો તથા શ્રમણો(સાધુઓ)ને દાન[૮] તથા તેમના તરફ સારો વર્તાવ,[૯] (૫) મિત્રો, પરિચિતો અને સગાઓને દાન[૧૦] તથા તેમના પ્રત્યે સારો વર્તાવ,[૧૧] (૬) ગુલામો અને નોકરો તરફ સારો વર્તાવ[૧૨] આમાંનાં કેટલાંક શાસનોને અનેક લેખોમાં આપેલાં છે, તે એ શાસનોનું મહત્ત્વ દર્શાવે છે. શૈલલેખ નં. ૧૪માં અશોક જણાવે છે કે આ લેખમાળામાં કેટલીક બાબતોની પુનરુક્તિ કરેલી છે, તે એ બાબતોની મધુરતાને લઈને.

શૈલલેખ નં. ૩માં વળી એ એક શાસન ઉમેરે છે: થોડો ખરચો અને થોડો સંઘરો.

**ધર્મનું આચરણ**—પ્રજાને જે ધર્મશાસનો ફરમાવે છે, તેનો પોતે અમલ કરતો હોય એ સ્વાભાવિક છે.

---

૧. શૈલલેખ નં. ૩, ૪, ૧૧.

૨. અહીં प्राण અને भूत શબ્દના અર્થમાં અમુક સૂક્ષ્મ ભેદ રહેલો છે. જૈન દર્શનમાં प्राण, भूत, जीव અને सत्त्व ના અર્થમાં પારિભાષિક ભેદ દર્શાવ્યો છે.

૩. શૈલલેખ નં. ૪; સ્તંભલેખ નં. ૭.

૪. શૈલલેખ નં. ૩, ૪, ૧૧, ૧૩.

૫. શૈલલેખ નં. ૪, ૧૩.

૬. શૈલલેખ નં. ૮.

૭. શૈલલેખ નં. ૯.

૮. શૈલલેખ નં. ૩, ૪, ૮, ૯, ૧૧

૯. શૈલલેખ નં. ૪.

૧૦. શૈલલેખ નં. ૩, ૧૧.

૧૧. શૈલલેખ નં. ૪, ૧૩.

૧૨. શૈલલેખ નં. ૯, ૧૧, ૧૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાબતમાં અશોકે ઘણા સુધારાવધારા કરેલા હોવાનું માલૂમ પડે છે.

**હિંસા સામેના પ્રતિબંધ**—'પ્રાણીઓનો વધ ન કરવો' અને 'ભૂતોને ઈજા ન કરવી' એ નિયમોના અમલ માટે અશોકે રાજકુલમાં તથા રાજ્યમાં કેટલાક પ્રતિબંધ ફરમાવ્યા. કલિંગના યુદ્ધમાં થયેલી ખુવારીથી એને જે સંતાપ અને પશ્ચાત્તાપ થયો તેણે યુદ્ધ પ્રત્યેના તેના વલણમાં ધરમૂળ પરિવર્તન આણ્યું. હવે એણે નવા વિજય મેળવવાનો વિચાર માંડી વાળ્યો ને પોતાના પુત્રો પૌત્રો વગેરેને પણ તેમ કરવા ભલામણ કરી. શસ્ત્રથી મેળવાતા વિજયનું નિમિત્ત આવી પડે, તો તેમાં ક્ષાન્તિ (ક્ષમા) અને હળવા દંડનું વલણ અપનાવવા ભલામણ કરી, કેમ કે વિજય માટે ખેલાતા યુદ્ધમાં વધ, મરણ અને બંધન થયા વિના રહેતાં નથી.[1]

પરંતુ શાંતિના સમયમાં પણ ઘણી હિંસા થતી હોય છે. રાજાઓ વિહારયાત્રા કરતા ને એમાં મૃગયા (શિકાર) વગેરેની મોજ માણતા. અશોકે વિહારયાત્રા કરવી છોડી દીધી.[2] જેના હૃદયમાં અહિંસા અને દયાની ભાવના ખીલી હોય, તે શિકાર જેવા હિંસાત્મક શોખ ચાલુ રાખી શકે નહિ. બીજું, રાજાઓને સ્વાદિષ્ટ માંસાહારનો ઘણો શોખ રહેતો. અશોકના રાજ-રસોડા માટે રોજ સેંકડો અને હજારો પ્રાણીઓનો વધ થતો.[3] રાજકુલના પરિવાર તથા પરિજનોના મોટા રસાલા માટે રોજ આટલાં બધાં પ્રાણીઓના વધની જરૂર રહેતી હશે? કદાચ આ આંકડામાં અતિશયોક્તિ હોય. અથવા તો અશોકના રાજરસોડામાં રંતિદેવની જેમ મફત આહાર પૂરું પાડવાનું સદાવ્રત ચાલતું હોય.[4] અશોકે આ વિપુલ પ્રાણી-વધ બંધ કરાવ્યો. પરંતુ માંસાહારનો સ્વાદ એકદમ સદંતર તજવો મુશ્કેલ હોવાથી શરૂઆતમાં એમાં થોડી છૂટછાટ રાખી. એ છૂટ ત્રણ પ્રાણીઓ પૂરતી મર્યાદિત હતી એમાં બે મોર અને એક હરણનો સમાવેશ થતો.[5] એમાંયે હરણ રોજ હણાતું નહિ, પણ બે મોરની રોજ જરૂર પડતી.[6] એ સમયે એ પ્રદેશના લોકોને મોરના માંસનો ઘણો શોખ હતો ને અશોક પણ એ શોખ સહેલાઈથી તજી શકતો નહિ. છતાં શૈલલેખ નં. ૧માં જણાવ્યા મુજબ એણે

---

૧. શૈલલેખ નં. ૧૩.

૨. શૈલલેખ નં. ૮.

૩. શૈલલેખ નં. ૧.

૪. કહે છે કે રંતિદેવ રાજાના રસોડામાં દરરોજ બે હજાર ઢોરોનો અને બે હજાર ગાયોનો વધ કરવામાં આવતો ને પ્રજાને મફત માંસ પૂરું પાડવામાં આવતું (ભાંડારકર, અશોકચરિત, પૃ. ૨૧).

૫–૬. શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ જતાં આ ત્રણ પ્રાણીઓનો પણ વધ કરવામાં આવશે નહિ એવું જાહેર કરેલું. આ અનુસાર એણે આગળ જતાં આ છૂટછાટ પણ છોડી દીધી હશે ને પોતે માંસાહારને પૂર્ણ તિલાંજલિ આપી શુદ્ધ શાકાહાર અપનાવ્યો હશે એ ચોક્કસ છે. કંદહાર શૈલલેખમાં જણાવ્યા મુજબ એણે માંસાહારનો ઘણો શોખ રાજ્યકાલના દસમા વર્ષે છોડેલો. રાજાનો દાખલો જોઈ બીજા લોકોએ પણ જીવહત્યા બંધ કરી, ખાસ કરીને શિકારીઓ અને માછીમારીઓએ.

પ્રાણીઓના વધનું બીજું નિમિત્ત હતું મેળાવડા. મેળાવડા ('સમાજ') બે પ્રકારના હતા. અમુક મેળાવડાઓમાં ગીત, વાદ્ય, નૃત્ય અને મલ્લયુદ્ધ જેવા નિર્દોષ આનંદપ્રમોદ કરાતા, જ્યારે બીજા પ્રકારના મેળાવડાઓમાં મિજબાનીની મિજલસ ઉડાવવામાં આવતી. આ મિજબાનીમાં સ્વાદિષ્ટ માંસાહારનો સમાવેશ થતો. આથી અશોકે આ પ્રકારના મેળાવડાઓની મનાઈ ફરમાવી.[1]

એ સમયે દેવદેવીઓને પ્રસન્ન કરવા માટે પણ પ્રાણીઓનો વધ કરી તેમનો ભોગ અપાતો. ધાર્મિક હેતુના નિમિત્તેય થતો પ્રાણીવધ અહિંસા અને જીવદયાના સિદ્ધાંતની દૃષ્ટિએ નિષિદ્ધ ગણાય. આથી અશોકે પ્રાણીઓનો ભોગ આપવાની મનાઈ ફરમાવી.[2]

શૈલલેખ નં. ૧માં જણાવેલા આ પ્રતિબંધ અશોકના રાજ્યકાલના બારમા વર્ષે ફરમાવેલા છે. આગળ જતાં છવ્વીસમા વર્ષે એણે આ બાબતમાં વધારે શાસન ફરમાવ્યાં એની વિગત સ્તંભલેખ નં. ૫માં નોંધવામાં આવી છે.

કેટલાંક પ્રાણીઓને અવધ્ય ઠરાવવામાં આવ્યાં અર્થાત્ તે પ્રાણીઓના વધનો પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. એમાં શુકો (પોપટો), સારિકાઓ, ચક્રવાકો, હંસો, ચામાચીડિયાં, મોટી કીડીઓ, કાચબીઓ, હાડકાં વગરનાં માછલાં, કાચબા, સાહુડીઓ, ખિસકોલીઓ, બારશિંગાં હરણ, સાંઢ, ઘરની જીવાતો, ગેંડા, કપોતો (કબૂતરો) વગેરેનો સમાવેશ થતો. આમાં જે પ્રાણીઓ ઔષધિ વગેરે કામમાં આવતાં ન હોય અથવા જેનો આહાર થતો ન હોય તેવાં બધાં ચોપગાંના વધની મનાઈ ફરમાવી. બકરીઓ, ઘેટીઓ ને ડુક્કરીઓ જે ગાભણી કે દુધાળી હોય તેમનો વધ કરવાની મનાઈ કરી. તેવી રીતે છ મહિનાની ઉમર સુધીનાં બચ્ચાંને પણ અવધ્ય ઠરાવ્યાં. જીવવાળા ભૂસાને તેમ જ જંગલને બાળવાની મનાઈ કરી, કેમ કે તેમાં ઘણી જીવહિંસા થતી હોય છે. 'જીવને જીવથી પોષવા નહિ' એવો બોધ દીધો.

---

૧–૨. શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પ્રાણીઓના વધનો સદંતર નિષેધ ન થઈ શકે તેમ હતો, તે પ્રાણીઓના વધની પર્વદિનો પૂરતી મનાઈ ફરમાવી. એમાં હાથી માછલાં વગેરેનો સમાવેશ થતો.[૧]

હિંસા પૂર્ણ વધમાં જ રહેલી છે એવું નથી. પ્રાણીને ઈજા કરવામાં પણ હિંસા રહેલી છે. આખલા, બકરા, ઘેટાં, ડુક્કર વગેરે પ્રાણીઓને ખસી કરવામાં તેઓને ત્રાસ થતો હોય છે. અશોકે પર્વદિનોએ એ પ્રાણીઓને ખસી કરવાની મનાઈ ફરમાવી. એવી રીતે ઘોડાઓને અને બળદોને પર્વદિનોએ ડામ દેવાનો પણ પ્રતિબંધ કર્યો. આ રીતે અશોકે પ્રાણીઓનો વધ અને પ્રાણીઓને ઈજા કરવાની હિંસા સામે ઘણા પ્રતિબંધ ફરમાવ્યા.[૨]

હિંસા સામેના આ પ્રતિબંધોમાં સ્પષ્ટત: ચંડતા અને નિષ્ઠુરતાના નિવારણ માટેના રચનાત્મક ઉપાય નજરે પડે છે.

**દયાત્મક પ્રબંધો** : દયાના સદ્ગુણથી પ્રેરાઈને અશોકે પરમાર્થ માટેના કેટલાક પ્રબંધ કર્યા.

અગાઉના રાજાઓની જેમ રસ્તામાં વડનાં ઝાડ રોપાવ્યાં, આંબાવાડીઓ રોપાવી, દર અર્ધા કોશે કૂવા ખોદાવ્યા અને આરામગૃહ બંધાવ્યાં.[૩] આમાં મનુષ્યો ઉપરાંત પશુઓના પરમાર્થનો ખ્યાલ રાખેલો છે. મનુષ્યો તથા પશુઓને ઉપયોગી ઔષધિઓ જ્યાં જ્યાં નહોતી ત્યાં ત્યાં મંગાવીને રોપાવવામાં આવી.[૪]

કલિંગ જીત્યા પછી ત્યાંના જંગલના લોકો સામે થતા ને હાનિ કરતા, તોય તે તેઓ તરફ બને તેટલી ક્ષાન્તિ દાખવતો. તોસલી અને સમાપા નગરીઓના નગર-મહામાત્રોને સૂચના આપી કે ત્યાંના લોકોને કનડગત કરવામાં, કેદમાં પૂરવામાં કે દેહાંતદંડ દેવામાં તેઓ કડક ન રહે, ઈર્ષા અધીરાઈ કે પ્રમાદ ન રાખે ને ખંત તથા ધીરજથી વચલો માર્ગ ગ્રહણ કરે.[૫]

વળી ધર્મ-મહામાત્રોને પણ સૂચના આપી કે કેદખાનામાં પુરાયેલાઓ પૈકી જેમને ઘણાં સંતાન હોય જેમને કડનગત થતી હોય કે જેમને ઘડપણ આવ્યું હોય, તેમને નાણાંની મદદ આપે કે તેમને છોડી મૂકવાનું વિચારે.[૬]

---

૧–૨. સ્તંભલેખ નં. ૫.

૩. શૈલલેખ નં. ૨; સ્તંભલેખ નં. ૭.

૪. શૈલલેખ નં. ૨.

૫. કલિંગના અલગ શૈલલેખ.

૬. શૈલલેખ નં. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાધી મનુષ્યો તથા પ્રાણીઓને દેહાંતદંડ તથા અંગચ્છેદદંડની સજા કરવામાં આવતી. અશોકે આ બાબતમાં ઉદારતા દાખવી અનેક અપરાધીઓને ચક્ષુદાનથી માંડીને પ્રાણદાન સુધીની રાહત આપી અર્થાત્ ચક્ષુચ્છેદથી માંડીને દેહાંત-દંડ સુધીની સજામાંથી મુક્તિ આપી.[૧]

રજ્જુકોને પણ ન્યાય અને દંડની બાબતમાં મધ્યમ માર્ગ અપનાવવા ભલામણ કરી, પ્રાંતના લોકો પર અનુગ્રહ કરવા અનુરોધ કર્યો.[૨] સજા પામેલા કેદીઓને કૃપાના ત્રણ દિવસ આપ્યા, જે દરમિયાન તેઓના સગાસંબંધીઓ તેમનો દંડ ઘટાડાવી શકે અથવા તેઓ દાન ઉપવાસ વગેરે દ્વારા પરલોકનું પાથેય બાંધી શકે.[૩] અશોક રાજાના જન્મદિને અમુક પ્રકારના કેદીઓને છોડી મૂકવાની પ્રથા અનુસરતો. તેમાં બાળકેદીઓ, ઘરડા કેદીઓ, રોગી કેદીઓ અને નિરાધાર કેદીઓનો સમાવેશ થતો. રાજ્યકાલના છવીસમા વર્ષ સુધીમાં એણે પચીસ વાર આમ કેદીઓને છોડી મૂકયા હતા.[૪]

માતાપિતાથી માંડીને ગુલામો અને નોકરો તરફ સારો વર્તાવ રાખવાનો એ વારંવાર ઉપદેશ દેતો, તેમાં પણ દયાનો આ ઉદાત્ત ગુણ રહેલો છે.

**દાન**—બ્રાહ્મણો અને શ્રમણોને દાન દેવું, સ્થવિરોને દાન દેવું, મિત્રો પરિચિતો અને સગાઓને દાન દેવું વગેરેની અશોકે અનેક વાર ભલામણ કરી છે.

પોતે વિહારયાત્રા તજી ધર્મયાત્રા અંગીકાર કરી ત્યારે તે બ્રાહ્મણો અને શ્રમણોનાં દર્શન કરી તેમને દાન દેતો તેમ જ સ્થવિરો તથા વૃદ્ધોનાં દર્શન કરી તેમને પણ દાન દેતો.[૫]

પોતે ભગવાન બુદ્ધના જન્મસ્થાન લુમ્બિનીની તીર્થયાત્રા કરી ત્યારે ત્યાં પથ્થરની દીવાલ કરાવી ને એ ગામને ધાર્મિક કરમાંથી મુક્ત કર્યું તેમ જ તેના જમીન-મહેસૂલનો દર પણ ઘટાડયો.[૬]

એવી રીતે પોતે આજીવિકોને ત્રણ ગુફાઓ દાનમાં દીધી.[૭]

---

૧. સ્તંભલેખ નં. ૨.
૨–૩. સ્તંભલેખ નં. ૪.
૪. સ્તંભલેખ નં. ૫.
૫. શૈલલેખ નં. ૮.
૬. રુમ્મિનદેઈ સ્તંભલેખ.
૭. બરાબર ગુફાલેખો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ અશોક દાનની બાબતમાં અપાતા ઉપદેશને પોતાના સંગીન દૃષ્ટાંતથી સાર્થક કરતો.

પોતાના રાજકુળનાં અન્ય માણસોને પણ એ આ બાબતમાં પ્રોત્સાહન દેતો. એની બીજી રાણી કારુવાકી આંબાવાડી, ફળની વાડી, દાનગૃહ વગેરેનાં દાન દેતી. આ દાન તે રાણીના પોતાના નામે નોંધવામાં આવે[1] એવી સૂચના આપવામાં અશોક દેખીતી રીતે દાનભાવના રાજકુળનાં સર્વ જનોમાં પ્રસરે એમ ઇચ્છે છે. રાણીઓ, રાજકુમારો વગેરેનાં દાનકાર્યોની કાળજી રાખવા એ પોતાના અધિકારીઓને ખાસ સૂચના આપે છે.

**કલ્યાણ**—રાજા તરીકે અશોક સર્વ જનોનાં કલ્યાણ માટે આતુર રહેતો.

શૈલલેખ નં. ૫માં એ જણાવે છે તેમ કલ્યાણ દુષ્કર (કરવું અઘરું) છે. જે કલ્યાણ આદરે છે તે દુષ્કર કરે છે. અશોકે બહુ કલ્યાણ કર્યું છે. તે કહે છે કે મારા પુત્રો પૌત્રો ઇત્યાદિ વંશજો તેમ કરશે તો તેઓ સુકૃત (સત્કૃત્ય) કરશે; જે તેનો અંશ પણ તજશે, તે દુષ્કૃત (દુષ્કૃત્ય) કરશે. પાપ કરવું સહેલું છે.

ધર્મિષ્ઠ લોકોના હિત-સુખ માટે ધર્મ-મહામાત્ર નીમ્યા.

અશોક સર્વલોક-હિતને પરમ કર્તવ્ય માનતો ને તેથી તે તેને માટે સર્વ સમયે સર્વત્ર પ્રવૃત્ત રહેતો.[2] એ કરવામાં એમ ભૂતો પ્રત્યેના ઋણમાંથી મુક્ત થવાની મુરાદ રાખતો.[3] કેટલાકને આ લોકમાં સુખી કરવા માટે અને પરલોકમાં સ્વર્ગ અપાવવા માટે એ આતુર રહેતો.[4] ભારે પુરુષાર્થ વિના આ દુષ્કર છે.[5] પરમ સેવા અને પરમ ઉત્સાહ વિના આ લોકનું તથા પરલોકનું સુખ મેળવવું મુશ્કેલ છે.[6]

આને માટે આત્મપરીક્ષણ પણ આવશ્યક છે. સામાન્ય રીતે સહુ કોઈ પોતાના સત્કાર્યનો જ વિચાર કરે છે, પોતે કરેલાં પાપનો કે પોતાની પાપવૃત્તિનો વિચાર કરતા નથી. પરંતુ સહુએ આ લોકમાં શું લાભદાયી છે તેમ જ પરલોકમાં

---

૧. રાણીનો અલાહાબાદ-કોસમ સ્તંભલેખ.

૨. શૈલલેખ નં. ૬.

૩-૫. શૈલલેખ નં. ૬.

૬. સ્તંભલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું લાભદાયી છે તેનો વિચાર કરવો જોઈએ.[૧] અશોકે આ હેતુથી સર્વ સંપ્રદાયોને માન-દાન દીધાં છે ને સર્વજનોના સુખ તથા હિત માટે બનતો પ્રબંધ કર્યો છે. ધર્મ-ભાવના તથા ધર્મ-આચરણનો ઉપદેશ દેતા લેખ પણ તેણે તેથી જ લખાવ્યા છે ને કોતરાવ્યા છે.

**ધર્મની વ્યાપક દૃષ્ટિ** — આમ અશોકે પોતાના અભિલેખોમાં સાર્વજનિક દૃષ્ટિએ જે ધર્મનો ઉપદેશ દીધો છે, તે કોઈ સંપ્રદાયના આચારવિચારનો નહિ પણ વ્યાપક માનવધર્મના આચરણનો છે. ચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, અભિમાન અને ઈર્ષા જેવા દુર્ગુણ નિવારવા[૨] અને કલ્યાણ, દયા, દાન, સત્ય અને શુદ્ધિ જેવા સદ્‌ગુણ કેળવવા[૩] એ સર્વ ધર્મસંપ્રદાયોનાં પરમ તત્ત્વ છે. માતાપિતા, વૃદ્ધો, ગુરુઓ, બ્રાહ્મણો અને શ્રમણો, મિત્રો પરિચિતો અને સગાઓ તથા નોકરો અને ગુલામો તરફ આદર રાખવો તેમ જ પ્રાણીઓનો વધ ન કરવો અને પ્રાણીઓને ઈજા ન કરવી એ નીતિનિયમો પણ સર્વ સંપ્રદાયોને ઇષ્ટ માનવધર્મને લગતા ગણાય. સંયમ અને ભાવશુદ્ધિ એ સર્વ સંપ્રદાયોનો સાર છે ને એ સારની અભિવૃદ્ધિ થતી રહે એ જ અશોકની અભિલાષા છે.[૪] આમ એ ધર્મના બાહ્ય સ્વરૂપને બદલે એનું હાર્દ લક્ષમાં રાખે છે ને પોતાના ધર્મોપદેશમાં એ ધર્મ-સાર(ધર્મ-તત્ત્વ)ને જ મહત્ત્વ આપે છે. દેશવિદેશમાં અદ્યપર્યંત અશોકના જે ધર્મોપદેશની પ્રશંસા થાય છે, તે બૌદ્ધ ધર્મસંપ્રદાયને લગતા ઉપદેશની નહિ પણ માનવધર્મના ઉદાત્ત તત્ત્વને લગતા ઉપદેશની. ધર્મની આ વ્યાપક દૃષ્ટિને લઈને અશોકને ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં રાજર્ષિનું બિરુદ પ્રાપ્ત થયું છે.

**ધર્મમય જીવનદૃષ્ટિ** — કલિંગના યુદ્ધ પછી અશોકના હૃદયમાં જે ધર્મભાવના જાગી તે એવી ઉત્કટ હતી કે સમય જતાં અશોકની સમગ્ર જીવનદૃષ્ટિ ધર્મમય બની રહી. ધર્મકામતા(ધર્માનુરાગ) ધર્મશીલન (ધર્માચરણ)માં પરિણમી ને તેમાંથી તેને પોતાની ધર્મભાવનાનો પ્રસાર સર્વજનોમાં કરવા માટે ધર્માનુશસ્તિ (ધર્માનુશાસન) અર્થાત્ ધર્મોપદેશ કરતા રહેવાની ઉત્કટ ઇચ્છા જાગી.[૫] આ માટે એણે જે લેખ લખાવ્યા ને કોતરાવ્યા, તેને તેણે **ધર્મલિપિ** (ધર્મલેખ) તરીકે ઓળખાવ્યા છે.

---

૧-૨. સ્તંભલેખ નં. ૩.

૩. સ્તંભલેખ નં. ૨.

૪. શૈલલેખ નં. ૭ અને ૧૨.

૫. સ્તંભલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખો દ્વારા તેમ જ પ્રત્યક્ષ સંપર્ક દ્વારા પોતે ધર્મોપદેશ દેતો ને પોતાના પ્રાદેશિક અધિકારીઓ પણ પોતાનો ધર્મ-સંદેશ પ્રજાને પહોંચાડતા રહે એમ ઇચ્છતો. આ માટે એણે ધર્મનું ખાતું શરૂ કરી ધર્મ-મહામાત્રોની પણ નિમણૂક કરી.[1]

અશોકે હવે શસ્ત્રવિજય તજી ધર્મવિજયનો અંગીકાર કર્યો. **ધર્મવિજય** એટલે ધાર્મિક વિજય નહિ, પણ ધર્મ-ભાવનાના ઉપદેશ દ્વારા તેનો થતો પ્રસાર. આ પ્રકારનો ધર્મ-વિજય પ્રીતિરસથી ભરેલો હોય છે.[2]

આગાઉના રાજાઓની જેમ એ પણ શરૂઆતમાં વિહારયાત્રા કરતો, જેમાં શિકાર વગેરે મોજશોખ થતા. એને બદલે હવે એણે ધર્મયાત્રા અપનાવી.[3] **ધર્મયાત્રા** એટલે ધાર્મિક સ્થાનોની તીર્થયાત્રા એવો સ્થૂલ અર્થ અહીં અભિપ્રેત નથી. ધર્મયાત્રા એટલે એવી યાત્રા (પ્રવાસ), જેમાં બ્રાહ્મણો અને શ્રમણો તથા વૃદ્ધોનાં દર્શન કરી તેમને દાન અપાય ને જેમાં તે તે પ્રદેશના લોકોને મળી તેમની સાથે ધર્મની ચર્ચા કરી તેમને ધર્મોપદેશ અપાય.[4] અર્થાત્ ધર્મશીલન અને ધર્મપ્રસારની દૃષ્ટિએ થતો પ્રવાસ તે ધર્મયાત્રા.

માંદગી, વિવાહ, પુત્રપ્રાપ્તિ વગેરે પ્રસંગોએ મંગલ અર્થાત્ ધાર્મિક કે માંગલિક ક્રિયાઓ કરવામાં આવતી. સ્ત્રીઓને એમાં સ્વાભાવિક રીતે ઘણો ઉત્સાહ રહેતો. અશોક આવી માંગલિક ક્રિયાઓ ક્ષુદ્ર અને અલ્પફલદાયી હોવાનું જણાવી, ધર્મ-મંગલ માટે ભલામણ કરે છે.[5] **ધર્મ-મંગલ** એટલે ધાર્મિક ક્રિયાઓ નહિ, પણ જેમાં ધર્મશીલનના નિયમોનો પ્રસાર કરવામાં આવે તેવી મંગલ પ્રવૃત્તિઓ. આ ધર્મ-શીલન માટે પિતાએ પુત્રને, પુત્રે પિતાને, ભાઈએ ભાઈને, સ્વામીએ સેવકને, મિત્રે મિત્રને, પરિચિતે પરિચિતને અને પડોશીએ પડોશીને ભલામણ કરતા રહેવી ઘટે. પેલું સામાન્ય મંગલ હેતુ પાર પડે કે ન પણ પાડે ને પાડે તોપણ આ લોકને લગતો જ, જ્યારે આ મંગલ કાલથી પર છે, તે આ લોકમાં પાર ન પડે, તો પરલોકમાં અનંતપુણ્ય પ્રસવે છે.[6]

---

૧. શૈલલેખ નં. ૫.

૨. શૈલલેખ નં. ૧૩.

૩. શૈલલેખ નં. ૮.

૪. એજન.

૫–૬. શૈલલેખ નં. ૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા કંઈ યશ કે કીર્તિ ઇચ્છતો હોય, તો તે માત્ર લોકો ધર્મને સાંભળે ને આચરે એ બાબતમાં જ.[૧] અર્થાત્ ધર્મ-પ્રસારની ઉદાત્ત પ્રવૃત્તિના ફળરૂપે જ.

ધર્મદાન જેવું દાન નથી.[૨] **ધર્મદાન** એટલે ધાર્મિક દાન નહિ, પણ ધર્મનું દાન. ધર્મનાં જે તત્ત્વ છે, ધર્મના જે નીતિનિયમ છે, તેનું જ દાન, અર્થાત્ ધર્મની ભાવનાનું દાન. આ માટે પિતાએ, પુત્રે, ભાઈએ, સ્વામીએ, મિત્રે, પરિચિતે અને પડોશીએ એકબીજાને ભલામણ કરવી ઘટે.[૩]

ધર્મ વડે પાલન, ધર્મ વડે વિધાન, ધર્મ વડે સુખદાન ને ધર્મ વડે રક્ષણ—એ વિધિ (પ્રક્રિયા) માટે એ પોતાના સર્વવિધ અધિકારીઓને ભલામણ કરતો (સ્તંભલેખ નં. ૧).

આમ અશોકની સમગ્ર જીવનદૃષ્ટિ ધર્મમય બની ગઈ હતી. વિજય, મંગલ, યશ, દાન — સર્વ બાબતમાં એ ધર્મભાવનાના ઉપદેશ તથા પ્રસારનો જ વિચાર કરતો.

ધર્મશીલન તથા ધર્માનુશાસનની આવી ઉત્કટ જીવનદૃષ્ટિને લઈને અશોક ભારતના જ નહિ, જગતના મહાન રાજવીઓમાં અગ્રિમ સ્થાન પામ્યો છે.

---

૧. શૈલલેખ નં. ૧૦.
૨–૩. શૈલલેખ નં. ૧૧.

For Private And Personal Use Only

# ૬. ધર્મનો ઉપદેશ અને પ્રસાર

અશોકના મનમાં જ્યારે ધર્મ-ભાવના ઉત્કટ બની ત્યારે તે એ ભાવનાને તરત અમલમાં મૂકવા લાગ્યો. પોતે આ લોકમાં સુખી થાય ને પરલોકમાંય શ્રેય પામે એવું કલ્યાણ કરવા લાગ્યો. પરંતુ એને પોતાના અંગત કલ્યાણથી સંતોષ થયો નહિ.

પોતે જે ધર્મ-શીલન કરવા લાગ્યો, તેનો પ્રસાર સમસ્ત રાજકુલમાં તેમ જ સર્વ પ્રજાજનોમાં કેવી રીતે થાય તે વિચારવા લાગ્યો.

**રાજકુલમાં ધર્મ-પ્રસાર**—રાજકુલના વડા તરીકે તેણે રાજરસોડામાં ભોજન માટે પ્રાણી-વધ કરવાના જે પ્રતિબંધ મૂક્યા, તેની અસર સમસ્ત રાજકુલ પર પડયા વિના રહે નહિ. પોતે ધર્મયાત્રા દરમિયાન પોતાના પરિવારમાંથી કેટલાકને સાથે લઈ જતો હશે. આથી ધર્મભાવનાની અસર તેની રાણીઓ તથા કુમારો પર પડતી હશે. ધર્મ માટે ખાસ નિમાયેલા ધર્મ-મહામાત્રો રાજાનાં અંતઃપુરોનું—રાજધાની પાટલિપુત્રમાં તેમ જ બહારનાં નગરોમાં રહેલાં અંતઃપુરોનું તથા રાજાના ભાઈઓ અને બહેનોનાં તથા તેના બીજા સગાઓનાં અંતઃપુરોનું પણ ધ્યાન રાખતા.[૧]

પોતે જે ધર્મ-લેખ શિલા પર કોતરાવતો, તેને પોતાના પુત્રો પૌત્રો ઇત્યાદિ વંશજો અનુસરતા રહે તે એનો મુખ્ય ઉદ્દેશ હતો. આ વાતનો ઉલ્લેખ એ પોતાના અનેક ધર્મલેખોમાં કરે છે.[૨]

જે રાજા પોતાની આ ધર્મ-ભાવનાની ભલામણ પિતાએ, પુત્રે, ભાઈએ, સ્વામીએ વગેરેએ કરતા રહેવી એવી અપેક્ષા રાખે,[૩] તે રાજા પોતે પણ પોતાના પુત્રોને, ભાઈઓને, પત્નીઓને વગેરેને તેની ભલામણ કરતો રહે એ સ્વાભાવિક છે.

સગાઓ તરફ યોગ્ય રીતે વર્તવું જોઈએ એ પુરાણી પ્રકૃતિ છે એવું પણ એ નોંધે છે.[૪]

---

૧. શૈલલેખ નં. ૫.
૨. દા. ત. શૈલલેખ નં. ૪, ૫, ૬, ૧૩.
૩. શૈલલેખ નં. ૯, ૧૧.
૪. એર્રગુડી ગૌણ શૈલલેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ધર્મમહામાત્રો વગેરે મોટા અધિકારીઓ રાજાની જેમ રાણીઓનાં, રાજપુત્રોનાં અને અન્ય કુંવરોનાં દાનકાર્યોની સંભાળ રાખે છે.[૧] અશોકની બીજી રાણી અને તીવરની માતા કારુવાકીએ કરેલાં ધર્મદાનોનો ઉલ્લેખ એ આનું સચોટ દૃષ્ટાંત છે.[૨]

રાણી દેવી, જે વિદિશાના શ્રેષ્ઠીની પુત્રી હતી, તેણે વિદિશામાં વિહાર બંધાવેલો ને તેના પુત્ર મહેન્દ્રે તથા પુત્રી સંઘમિત્રાએ બૌદ્ધ ધર્મના શ્રામણ્યની દીક્ષા લઈ આગળ જતાં સિલોનમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો એ અનુશ્રુતિ[૩] અશોકના રાજકુટુંબમાં થયેલો બૌદ્ધ ધર્મનો પ્રભાવ દર્શાવે છે.

અશોક બોધિવૃક્ષમાં એટલો બધો અનુરાગ ધરાવતો કે એની બીજી રાણી તિષ્યરક્ષા કે તિષ્યરક્ષિતાએ ઈર્ષાથી બોધિવૃક્ષનો નાશ કરવા કોશિશ કરી એ અનુશ્રુતિ અનુકાલીન તથા સાંપ્રદાયિક હોઈ શ્રદ્ધેય જણાતી નથી.[૪]

ગમે તેમ, અશોકના બૌદ્ધ ધર્મ તરફના અંગત વલણની તેમ જ અહિંસા દયા દાન વગેરે ધર્મગુણોની અસર તેના રાજકુલમાં ઘણે અંશે પ્રસરી લાગે છે.

**પ્રજાજનોમાં પ્રસાર**—રાજા તરીકે અશોક પોતાના પ્રજાજનોને પોતાનાં સંતાનોની જેમ ચાહતો. સર્વ મનુષ્યોને એ પોતાની સંતતિ ગણતો ને જેવી રીતે પોતાની સંતતિ ઐહલૌકિક સુખ અને પારલૌકિક હિત પામે તેવું ઇચ્છે તેવી રીતે સર્વ મનુષ્યો માટે પણ તે એવું ઇચ્છતો. આનો ઉપાય હતો ધર્મ-શીલન. લોકોમાં ધર્મની વૃદ્ધિ થતી રહે તો લોકોની પણ ઉન્નતિ થતી રહે. પરંતુ લોકોમાં ધર્મની વૃદ્ધિ કરવી કેવી રીતે? અગાઉના રાજાઓએ પણ એમ કરવા ઇચ્છેલું, પરંતુ લોકોની ઉન્નતિ થઈ નહિ.[૫]

અશોકે પોતાની ઉત્કટ ભાવના તથા ભારે પુરુષાર્થ દ્વારા એ પાર પાડવા કેટલાક અવનવા ઉપાય આદર્યા.

**ધર્મયાત્રા**—રાજ્યકાલને દસમે વર્ષે અશોકે બોધિતીર્થની યાત્રા કરી ત્યારથી તે ધર્મયાત્રા કરવા લાગ્યો. તેમાં તે જનપદના જનોની મુલાકાત લેતો, તેમને ધર્મનો

---

૧. શૈલલેખ નં. ૫.

૨. રાણીનો અલાહાબાદ–કોસમ સ્તંભલેખ.

૩. Barua, *op. cit.*, pp. 51 f.

૪. Thapar, *op. cit.*, pp. 51 f.; Barua, *op. cit.*, p. 53.

૫. સ્તંભલેખ નં. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ દેતો ને તેમને ધર્મની પૂછપરછ કરતો.[1] તેમ કરવામાં તેને ઘણી મજા આવતી. તે સર્વ વર્ગોની ને સર્વ સંપ્રદાયોની સંભાળ લેતો.

અશોકનો ધર્મનો ખ્યાલ એવો વ્યાવહારિક હતો કે સામાન્ય જનો એને સરળતાથી સમજી શકે. એમાં અટપટી ધાર્મિક ક્રિયાઓની ધાંધલ નહોતી કે પારિભાષિક તત્ત્વમીમાંસાની ગહન મથામણ નહોતી. એ લોકોને જે ધર્મનો ઉપદેશ આપવા માગતો, તે ધર્મ સીધોસાદો હતો. દુર્ગુણોને ટાળો ને સદ્ગુણોને કેળવો. સદાચાર આચરો. બૌદ્ધ ધર્મના શાસ્ત્રગ્રંથોમાંય એને એવાં સૂત્રો તરફ પક્ષપાત હતો કે જેમાં સામાન્ય ગૃહસ્થોએ પાળવાના ધર્માચારને સરળ રીતે રજૂ કર્યો હોય. દા. ત. 'દીઘનિકાય'માંનું 'સિગાલોવાદ સુત્ત', જેમાં ગિરિ-વિનય (ગૃહસ્થે પાળવાના નિયમ) આપ્યા છે. એમાં રાજગૃહમાં ભગવાન બુદ્ધે સિગાલ નામે ગૃહસ્થ-પુત્રને આપેલા ધર્મોપદેશનો પ્રસંગ નિરૂપાયો છે. તે બે હાથ જોડીને ઊંચા કરી છ દિશાઓને નમસ્કાર કરતો હતો. તે પોતાના પિતાના કહેવાથી આમ કરતો હતો. ભગવાન બુદ્ધે એને સમજાવ્યું કે 'આ તો દિશાઓનું સ્થૂલ પૂજન થયું, દિશા-વંદનનો ખરો અર્થ તો પોતાની આસપાસના લોકો તરફ સારો વર્તાવ કરવાનો છે. માતાપિતા એ પૂર્વદિશા છે, ગુરુઓ દક્ષિણ દિશા છે, પત્ની ને સંતાનો પશ્ચિમ દિશા છે, મિત્રો ને સગાંસંબંધી ઉત્તર દિશા છે, બ્રાહ્મણો અને શ્રમણો આકાશ દિશા છે ને નોકરો અને મજૂરો પૃથ્વી દિશા છે.[2] પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન લોકોને આવાં બોધક દૃષ્ટાંતો દ્વારા અશોક માતાપિતાની સેવા વગેરે ધર્મસૂત્રોનું તાત્પર્ય ઘણી સહેલાઈથી સમજાવી શકતો હશે.

**ધર્મ-પ્રદર્શનો**—લોકો લાંબા વખતથી પ્રાણીઓનો વધ, ભૂતોને ઈજા, સગા-સંબંધીઓ તરફ અયોગ્ય વર્તાવ, બ્રાહ્મણો અને શ્રમણો તરફ અયોગ્ય વર્તાવ વગેરે કરતા આવે છે. તેઓને એ માર્ગેથી ધર્મને માર્ગે કેવી રીતે વાળવા? માત્ર સીધાસાદા ધર્મોપદેશથી સર્વ લોકો સહેલાઈથી ધર્મને માર્ગે ન વળે.

બૌદ્ધ સાહિત્યમાં આપેલી ભગવાન બુદ્ધના પટ્ટશિષ્ય મોગ્ગલાનને લગતી વાત આ સંદર્ભમાં લક્ષમાં લેવા જેવી છે. કહે છે કે તેઓ સ્વર્ગમાં જઈ દરેક દેવને મળતા તેમ જ નરકમાં જઈ દરેક જીવને મળતા ને તે તે દેવને દેવત્વ કેવી રીતે પ્રાપ્ત થયું તેમ જ તે તે જીવની નરકમાં ગતિ શાથી થઈ તે જાણી લાવતા. પછી તેઓ

---

૧. શૈલલેખ નં. ૮.

૨. Bhandarkar, *op. cit.*, pp. 122 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોને એ પ્રસંગ કહી બતાવતા ને એથી લોકોના મનમાં તેમના ઉપદેશની અસર તરત થતી.[૧]

પોતાના ધર્મોપદેશના પુરુષાર્થની સફળતા માટે અશોકે આવો વ્યાવહારિક ઉપાય આદર્યો. લોકો જો અહીં ધર્મનું બરાબર આચરણ કરે, તો તેમને પરલોકમાં દેવત્વ પ્રાપ્ત થાય છે; ત્યાં તેમને વિમાન જેવા ઉત્તમ આવાસ[૨] તથા હાથી જેવાં ઉત્તમ વાહન મળે છે ને રૂપના અંબાર જેવી કાંતિ પ્રાપ્ત થાય છે. એવી માન્યતા અન્ય ધર્મોની જેમ બૌદ્ધ ધર્મમાંય પ્રચલિત હતી. 'વિમાનવત્થુ' નામે બૌદ્ધ ગ્રંથમાં સ્વર્ગમાં મળતાં એવાં દિવ્ય સુખોનું વિગતવાર વર્ણન કરેલું છે.[૩]

અશોકે લોકોને ધર્મને માર્ગે વાળવા માટે, ધર્મિષ્ઠ જનોને સ્વર્ગમાં મળતાં દિવ્ય સુખોનાં પ્રદર્શન યોજ્યાં. એમાં વિમાન, હાથી, અગ્નિસ્કંધ (તેજોરાશિ) ઇત્યાદિ દિવ્ય સુખદ પદાર્થો પ્રદર્શિત કરવામાં આવતા.[૪] અહીં ધર્મ આચરો, તો પરલોકમાં આવાં આવાં ઉત્તમ સુખ પામશો એ પ્રકારનાં ધર્મ-પ્રદર્શનોથી આકર્ષાઈ ઘણા લોકો ધર્મને માર્ગે વળે એ સ્વાભાવિક છે. અલબત્ત એમાં આ સુખો પામવા માટે કેવો ધર્મ આચરવો તે પણ સમજાવવામાં આવતું.

રાજ્યમાં હવે ભેરી-ઘોષ થતો તે ધર્મ માટે થતો. અગાઉ યુદ્ધાદિ માટે કે ઉત્સવો માટે ભેરીઘોષ થતો, જ્યારે હવે આવાં ધાર્મિક પ્રદર્શનો માટે થતો.[૫] આનાથી લોકોમાં ધર્માચરણ વધતું.

**અધિકારીઓ દ્વારા ધર્મોપદેશ**—રાજા પોતે પ્રજાને ધર્મનો ઉપદેશ કરે તેની અસર લોકોના મન ઉપર ઘણી પડે. પરંતુ અશોકનું રાજ્ય ઘણું વિપુલ હતું.[૬] એક ધર્મયાત્રામાં અશોક ૨૫૬ જેટલા દિવસોથી સતત યાત્રાએ રહ્યો હતો.[૭] છતાં એ એક વ્યકિત રાજ્યના લાખો લોકોનો પ્રત્યક્ષ સંપર્ક કેવી રીતે સાધી શકે?

---

૧. Bhandarkar, *op. cit.*, pp. 143 f.

૨. અહીં વિમાન એટલે સ્તંભોના આધારે રહેતું ભવ્ય મહાલય એવો અર્થ અભિપ્રેત છે.

3. Bhandarkar, *op cit.*, pp. 143 f.

૪. શૈલલેખ નં. ૪.

૫. શૈલલેખ નં. ૪.

૬. શૈલલેખ નં. ૧૪.

૭. ગૌણ શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી એણે આ બાબતોમાં પોતાના મુખ્ય અધિકારીઓનો સહકાર લેવા માંડયો. યુક્તો, રજ્જુકો અને પ્રાદેશિકો પાંચ પાંચ વર્ષે પોતાની હકૂમત નીચેના સમસ્ત પ્રદેશમાં તપાસ-પ્રવાસે ફરતા હતા. તેઓ તે દરમિયાન પોતાનાં વહીવટી કામોની સાથે સાથે પ્રજાજનોને અશોકનો ધર્મોપદેશ કહેતા રહે, તો તેઓમાં રાજાનો ધર્મ-સંદેશ સારી રીતે પહોંચે. આ માટે એણે શૈલલેખ નં. ૩ માં સ્પષ્ટ સૂચના આપી છે.

સ્તંભલેખ નં. ૭ માં એ અવલોકે છે તેમ આ રીતે અધિકારીઓ દ્વારા ધર્મોપદેશ સંભળાવ્યા કરવાથી લોકોમાં ધર્મની વૃદ્ધિ થતી રહેતી.

ઉપલા, નીચલા તેમ જ મધ્યમ વર્ગના અધિકારીઓ ધર્મશીલનના ઉપદેશને અનુસરે છે તેમ જ સામાન્ય લોકોને પણ તેમ કરવા સમજાવે છે એવું એ સ્તંભલેખ નં. ૧ માં પણ અવલોકે છે. રજ્જુકો પોતાનું કહ્યું કરવાને આતુર રહે છે તેવું પણ એ સ્તંભલેખ નં. ૪ માં નોંધે છે. જેમ કોઈ ગૃહસ્થ પોતાની સંતતિ કોઈ કાર્યનિષ્ઠ આયાને સોંપી નિશ્ચિત બને, તેમ એ પોતાની પ્રજાનાં સુખ-હિત કર્તવ્યનિષ્ઠ રજ્જુકને સોંપી વિશ્વસ્ત રહેતો.[૧]

ધર્મશ્રાવણો અર્થાત્ અધિકારીઓ દ્વારા ધર્મોપદેશ સંભળાવવાના કાર્યક્રમોનું એ ઘણું મહત્ત્વ આંકતો. અગાઉના રાજાઓ લોકોની ઉન્નતિ કરાવવામાં નિષ્ફળ જતા, તેથી પોતે તેમાં સફળ થવાને આ ઉપાય યોજ્યો છે (સ્તંભલેખ નં. ૭).

નગર-મહામાત્રોને પણ એ પ્રજાનું કલ્યાણ કરવા સૂચના આપતો. આ રાજાદેશનો જે અમલ કરે છે, તેને રાજાની પ્રસન્નતા તેમ જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે એવું પણ એ સ્પષ્ટ કરે છે.[૨]

ઉજ્જન અને તક્ષશિલાના કુમારો પોતાના મહામાત્રોને પાંચપાંચ વર્ષને બદલે ત્રણ ત્રણ વર્ષને અંતરે પોતાના પ્રદેશમાં તપાસ--પ્રવાસે મોકલતા રહે તેવી પણ એ સૂચના આપે છે.[૩]

રાજા પ્રજાને પોતાની સંતતિ જેવી ગણતો તેમ પ્રજા પણ રાજાને પોતાના પિતાતુલ્ય માને તેવો વિશ્વાસ પ્રજામાં ઉત્પન્ન કરવા તે કુમારો તથા મહામાત્રોને સૂચના આપતો.

---

૧. સ્તંભલેખ નં. ૪.

૨. કલિંગના અલગ શૈલલેખ.

૩. કલિંગનો અલગ શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના ધર્મોપદેશનો સંદેશો મહામાત્રો દર ચાતુર્માસી(ચાર માસની ઋતુ)ના તિષ્ય દિને (પુષ્યનક્ષત્રના દિવસે) તેમ જ અન્ય પર્વદિનોએ પ્રજાને સંભળાવતા રહે એવી સૂચના પણ આપવામાં આવી છે.[૧]

રાજ્યના સર્વ અધિકારીઓ રાજાના ધર્મોપદેશનો પ્રસાર કરવાની વધારાની ફરજ પૂરતા ઉત્સાહથી અદા કરતા ન હોય તોપણ પ્રાદેશિક અધિકારીઓ દ્વારા અશોકનો ધર્મસંદેશ પ્રજાના ઘણા વર્ગોમાં પહોંચતો હશે.

**ધર્મ-મહામાત્રોની નિમણૂક**—ન્યાય મહેસૂલ વગેરે ખાતાંના વહીવટી અધિકારીઓ ધર્મોપદેશના કાર્યમાં રાજાને મર્યાદિત સહકાર આપી શકે. આથી અશોકે રાજ્યતંત્રમાં એક સુધારો દાખલ કર્યો ને ધર્મ-મહામાત્રનો નવો હોદ્દો ઉમેર્યો.[૨] એ મહામાત્રો સર્વ સંપ્રદાયોના ને સર્વ વર્ણોના ધાર્મિક લોકોના સુખ-હિતનું ધ્યાન રાખતા. કેદીઓને બનતી રાહત આપવા પ્રયત્નશીલ રહેતા. તેઓ સાધુઓ તથા ગૃહસ્થોમાં કામ કરતા. તેઓ સહુનાં દાનકાર્યોની વ્યવસ્થા કરતા. ધર્મ-મહામાત્રો દ્વારા સર્વ વર્ગોમાં સદ્ગુણો અને ધર્માચરણની વૃદ્ધિ થતી.

**સાર્વજનિક પરમાર્થનાં કાર્ય**—મનુષ્યો તથા પશુઓ માટે અશોકે રસ્તાઓમાં ઝાડ રોપાવ્યાં, કૂવા ખોદાવ્યા, આરામગૃહ બંધાવ્યાં અને ઔષધિ માટેની વનસ્પતિ રોપાવી.[૩] આવાં સાર્વજનિક પરમાર્થનાં કાર્ય અગાઉના રાજાઓ પણ કરતા.[૪] એમાં કંઈ અપૂર્વ નહોતું. છતાં અશોક એનો બે લેખોમાં ખાસ ઉલ્લેખ કરે છે. એનો હેતુ સ્પષ્ટ કરતાં એ જણાવે છે કે બીજા લોકો તેના દાખલાને અનુસરીને આવાં કાર્ય કરતા રહે તે હેતુથી પોતે આવાં પરમાર્થકાર્ય કરતો હતો.[૫] વળી રાજાનો દાખલો જોઈ એના પુત્રો પૌત્રો પણ તેવાં પરમાર્થ કાર્ય કરતા રહે.

એવા હેતુથી પોતે ઘણી વાર દાન દેતો ને રાજકુલની અન્ય વ્યકિતઓને, દાન દેવા માટે પ્રેરણા તથા પ્રોત્સાહન આપતો. સાર્વજનિક પરમાર્થના કાર્ય કરનારા લોકોને વિપુલ પુણ્ય પ્રાપ્ત થાય છે ને તેઓ પૃથ્વી પરથી સ્વર્ગે જાય છે એવી માન્યતા બૌદ્ધ ધર્મમાં પણ પ્રચલિત હતી.

---

૧. કલિંગના અલગ શૈલલેખ.

૨. શૈલલેખ નં. ૫.

૩. શૈલલેખ નં. ૨; સ્તંભલેખ નં. ૭.

૪–૫. સ્તંભલેખ નં. ૭.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હિંસક કૃત્યોના પ્રતિબંધ**—પ્રાણીઓનો વધ ન કરવા તેમ જ પ્રાણીઓને ઈજા ન કરવા માટે રાજા તરીકે એણે અનેક પ્રકારના પ્રતિબંધ ફરમાવ્યા. શૈલલેખ નં. ૧ માં જણાવ્યા મુજબ એણે બલિદાન માટે, મેળાવડાઓ માટે અને ભોજન માટે થતા પ્રાણીવધ સામે ઘણો પ્રતિબંધ મૂકયો; અને સ્તંભલેખ નં. ૫માં જણાવ્યા મુજબ અનેક પ્રાણીઓને અવધ્ય ઠરાવ્યાં, કેટલાંકને અમુક અવસ્થામાં અવધ્ય ગણાવ્યાં, જીવવાળા થૂલાને તેમ જ જંગલને બાળવાની મનાઈ ફરમાવી ને પર્વદિનોએ માછલાં વગેરેના વધની તેમ જ પ્રાણીઓને ખસી કરવા માટે કે ડામ દેવા માટે કરાતી ઈજાની મનાઈ ફરમાવી. આવા અનેક પ્રકારના ધર્મનિયમ (અંકુશ) કર્યા.

**આત્મપરીક્ષણ અને ધ્યાન**—છતાં આ અંકુશો સ્થૂલ અને ઉપલક ગણાય. સર્વ સંપ્રદાયોનો સાર સંયમ અને ભાવશુદ્ધિ છે.[1] મનુષ્યના મનમાં આ તત્ત્વ કેળવાય, તો તેને આવા કોઈ બાહ્ય અંકુશોની જરૂર રહેતી નથી. મનુષ્ય પોતાના સુકૃતનો જ નહિ, દુષ્કૃતનો પણ વિચાર કરે,[2] આત્મપરીક્ષણ કરતો રહે ને આંતરિક ધ્યાન ધરે તો એના મનમાં એવી ધર્મ-ભાવના જાગે કે એ આપોઆપ ધર્માનુરાગ અને ધર્માચરણને માર્ગે વળે.[3] ધ્યાન વડે ધર્મવૃદ્ધિ થતી રહે. જેના ચિત્તમાં કલ્યાણ, દયા, દાન ઈત્યાદિ સદ્ગુણો ને સદ્વૃત્તિઓ ખીલે,[4] તેનામાં નિષ્ઠુરતા હિંસા આદિ દુષ્કૃતોની વૃત્તિ રહે નહિ[5] ને એ કોઈ પણ જાતના અંકુશો વિનાય ધર્મશીલન કરતા રહે.

**ધર્મલેખો અને ધર્મશ્રાવણો**—બોધિતીર્થની યાત્રા અને સંઘ-સંપર્ક પછી અશોકના મનમાં જ્યારથી તીવ્ર ધર્મભાવનાનો ઉદય થયો ત્યારથી તે સક્રિય ધર્મોપદેશક બન્યો.[6] પ્રજાને મળી પોતે સીધો ધર્મોપદેશ દેતો તેમ જ પોતાના મુખ્ય અધિકારીઓ દ્વારા ધર્મોપદેશ કરતો, તે સર્વ ધર્મોપદેશ મૌખિક હોઈ તેની અસર ચિરસ્થાયી ન રહેતી. આથી એણે પોતાના ધર્મોપદેશને પથ્થર પર કોતરાવવાનો ઉપાય પ્રયોજ્યો. સંઘના સંપર્ક પછી પોતે એકાદ વર્ષથી સક્રિય

૧. શૈલલેખ નં. ૭.
૨. સ્તંભલેખ નં. ૩.
૩. સ્તંભલેખ નં. ૧.
૪. સ્તંભલેખ નં. ૨.
૫. સ્તંભલેખ નં. ૩.
૬. શૈલલેખ નં. ૮; ગૌણ શૈલલેખ નં. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મપ્રસારક બન્યો હતો ને તેનાથી લોકોમાં ધર્મની અભિવૃદ્ધિ થઈ હતી ને થતી હતી. આને લગતા બે લેખ લખાવી તેણે રાજ્યનાં અનેક સ્થળોએ એને પર્વતો (શૈલો) પર કોતરાવ્યા.[૧] આ લેખ બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ અને મૈસૂર રાજ્યમાં મળ્યા છે. આ લેખ અશોકે રાજ્યકાલના અગિયારમા વર્ષે કોતરાવ્યા લાગે છે.

પછી રાજ્યકાલના બારમા અને તેરમા વર્ષે એણે બીજા ચૌદ ધર્મલેખ લખાવ્યા ને એ લેખ પણ રાજ્યનાં અનેક સ્થળોએ શૈલ પર કોતરાવ્યા. આ ચૌદ શૈલલેખ ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, આન્ધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ પાકિસ્તાનમાં મળ્યા છે.

આગળ જતાં અશોકે શિલાસ્તંભ ઘડાવ્યા ને એને કેટલાંક સ્થળોએ ઊભા કરાવી એના ઉપર ધર્મલેખ કોતરાવ્યા. રાજ્યકાલના છવ્વીસમા અને સત્તાવીસમા વર્ષે આવા છ-સાત ધર્મલેખ કોતરાવ્યા. આ લેખ બિહાર, ઉત્તર પ્રદેશ અને પૂર્વ પંજાબમાં મળ્યા છે. પ્રસંગોપાત્ત બીજા સ્તંભલેખ પણ કોતરાવ્યા. કેટલાક લેખ શિલા-ફલક પર કોતરાવ્યા. આવો એક લેખ રાજસ્થાનમાં મળ્યો છે. આ બધા શિલાલેખોના પ્રકાર છે. શિલાલેખો લાંબો વખત ટકે અને એથી એ પર કોતરેલા ધર્મલેખોની અસર લાંબો વખત રહે એ અશોકનો ઉદ્દેશ હતો. આ ધર્મલેખો લાંબો વખત ટકે ને રાજાના પુત્રો, પૌત્રો વગેરે એને હરહંમેશ અનુસરતા રહે એ ઉદ્દેશ એણે અનેક લેખોમાં સ્પષ્ટ કર્યો છે.[૨]

આ ધર્મલેખોને અશોક પોતાના સ્તંભલેખ નં. ૭માં 'ધર્મસ્તંભો' તરીકે ઓળખાવે છે. આ લેખો માત્ર એના વંશજો માટે જ નિર્માયા નહોતા. ધર્મ-મહામાત્રો એને અવારનવાર પ્રજાજનો પાસે વાંચતા રહે ને એ ધર્મલેખોમાં રહેલો રાજાનો સંદેશો સંભળાવતા રહે એ પણ એનો મુખ્ય ઉદ્દેશ હતો. અધિકારીઓને સંબોધીને લખાયેલા કેટલાક લેખોમાં તો એ લેખો તેઓ પર્વદિનોએ તથા ઉત્સવદિનોએ લોકોને સંભળાવતા રહે એવી સ્પષ્ટ સૂચના આપે છે. ધર્મ-શ્રાવણોની આ પ્રવૃત્તિ લોકોમાં ધર્મ-ભાવના અને ધર્મ-શીલન પ્રસારવામાં ઘણી ઉપકારક નીવડે ને એ રીતે એ ધર્મલેખો સાંભળીને લોકો એનાં ધર્મ-શાસનો તથા ધર્માનુશાસનોને અનુસરતા રહે.

આમ આ શિલાલેખો કોતરાવવા પાછળ અશોકના મનમાં અંગત કીર્તિ કે યશનો નહિ, પણ ધર્મોપદેશ અને ધર્મપ્રસારનો ઉદ્દેશ રહેલો હતો.

---

૧. ગૌણ શૈલલેખ નં. ૧, ૨.

૨. દા. ત. શૈલલેખ નં. ૫, ૬; સ્તંભલેખ નં. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મોપદેશ દ્વારા થયેલો ધર્મપ્રસાર** — દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા અશોકે આમ પોતાના પ્રત્યક્ષ તથા પરોક્ષ ધર્મોપદેશ દ્વારા ધર્મની ભાવના લોકોમાં પ્રસારવા ભારે પુરુષાર્થ આદર્યો. આ પુરુષાર્થને પરિણામે એના સમયમાં લોકોમાં ધર્મ-ભાવના ઠીક ઠીક પ્રસરતી પણ ખરી એવું એના અભિલેખોમાંના કેટલાક ઉલ્લેખો પરથી માલૂમ પડે છે.

પોતાના પ્રથમ (ગૌણ) શૈલલેખમાં એ અવલોકે છે કે પોતાની સક્રિય પ્રવૃત્તિઓને પરિણામે જંબુદ્વીપમાં મનુષ્યો અને દેવો વચ્ચે સંપર્ક સધાયો છે. અશોકના આ કથનનો ભાવાર્થ એ લાગે છે કે એના ધર્મોપદેશને લઈને અનેક લોકો એટલા બધા ધર્મિષ્ઠ થવા પામ્યા કે તેઓ આ જન્મમાં સ્વભાવે દેવ જેવા થયા ને મૃત્યુ બાદ દેવલોકના અધિકારી થયા; આથી જે મનુષ્યો અગાઉ દેવો સાથે મિશ્ર થતા ન હતા તે હવે દેવોની સાથે મિશ્ર થવા લાગ્યા.

શૈલલેખ નં. ૪માં એ નોંધે છે કે ધર્મનાં પ્રદર્શનો પછી લોકોમાં ધર્માચરણ વધ્યું છે ને હજી વધતું રહેશે.

શૈલલેખ નં. ૧૩માં એ જણાવે છે કે પોતાના રાજ્યના તમામ પ્રાંતોમાં લોકો તેના ઉપદેશને અનુવર્તે છે તેમ જ અંતિયોક, તુલમાય, અંતેકિન, મગ અને અલિકસુદર જેવા વિદેશી રાજાઓનાં રાજ્યોમાં પણ લોકો એના ધર્મોપદેશને અનુસરે છે. આને એ 'ધર્મવિજય' કહે છે ને એને મુખ્ય વિજય માને છે. જ્યાં દેવોના પ્રિયના દૂતો જતા નથી ત્યાં પણ લોકો એના ધર્મોપદેશને સાંભળે છે ને ધર્મ પાળે છે. આ ઉલ્લેખ પરથી અશોકના ધર્મોપદેશનો સંદેશો દેશવિદેશોમાં દૂર દૂર સુધી પ્રસર્યો હોવાનું સૂચિત થાય છે.

સાતમા સ્તંભલેખમાં અશોક ધર્મપ્રસાર અંગે પોતે આદરેલી સર્વવિધ મુખ્ય પ્રવૃત્તિઓનું સિંહાવલોકન કરે છે. તેમાં તે સંતોષથી નોંધે છે કે મેં જે કંઈ સારાં કર્મ કર્યાં છે તેને લોકો અનુસર્યા છે ને અનુસરે છે; તેઓમાં ધર્મનું આચરણ વધ્યું છે ને વધતું રહેશે; મનુષ્યોમાં ધર્મની વૃદ્ધિ થઈ છે. રાજ્યકાલના છેક સત્તાવીસમા વર્ષે લખાવેલા ધર્મલેખમાંય અશોક પોતાની ધર્મોપદેશ-પ્રવૃત્તિની સફળતા માટે આવો સંતોષ વ્યક્ત કરે છે.

એની અભિલાષા તો એવી હતી કે એના પુત્રો પૌત્રો વગેરે વંશજો પણ એની આ ભાવનાને કાયમ માટે અનુસરે અને ચાલુ રાખે. એના રાજવંશમાં એની આ અભિલાષા ઘણે અંશે ફળીભૂત થઈ હોવાનું માલૂમ પડતું નથી, પરંતુ એને માટે એ જવાબદાર ન ગણાય. અશોકના મનમાં જે ઉત્કટ ધર્મ-ભાવના ખીલી હતી, તે એની અંગત ગુણસંપત્તિ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૭. વાસ્તુકલા અને શિલ્પકલામાં પ્રદાન

અશોક ધર્મપ્રસારના કાર્યમાં માત્ર સીધોસાદો ઉપદેશ આપીને સંતોષ માનતો નહિ, પણ એ ધર્મ લોકોને રુચિકર લાગે તેનુંય ધ્યાન રાખતો. બૌદ્ધ ધર્મ તરફના અનુરાગે એને અનેક સ્તૂપ બંધાવવા પ્રેર્યો, શ્રમણો તરફના આદરે એને ડુંગરમાં ગુફાઓ કંડારી અપાવવા પ્રેર્યો, તો ધર્મપ્રસારની ભાવનાએ એને ધર્મલેખો કોતરવા માટે મનોહર શિલાસ્તંભ ઘડાવવા પ્રેર્યો. આમ ધર્મશીલન અને ધર્મપ્રસારની ભાવનાએ એને વાસ્તુકલા તથા શિલ્પકલામાં ગણનાપાત્ર પ્રદાન કરવાની પ્રેરણા આપી.

રાજાઓ લૌકિક તેમ જ ધાર્મિક સ્થાપત્ય તથા શિલ્પકલાને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વનો ભાગ ભજવતા. ધર્મપરાયણ રાજા અશોકે ધાર્મિક સ્મારકોના નિર્માણમાં ગણનાપાત્ર પ્રદાન કર્યું એ હકીકત છે. એ ઉપરાંત રાજા તરીકે એણે લૌકિક સ્થાપત્યના નિર્માણમાં પણ કેટલોક નોંધપાત્ર ફાળો આપેલો એવી અનુશ્રુતિ છે.

**નગરો**—અનુશ્રુતિ અનુસાર અશોકે બે નગર વસાવ્યાં. એમાંનું એક છે શ્રીનગર, જે કાશ્મીરનું પાટનગર છે. એ નગરમાં એણે ૫૦૦ બૌદ્ધ વિહાર બંધાવેલા મનાય છે. ત્યાં એણે કેટલાંક દેવાલય પણ બંધાવ્યા હતાં. સાતમી સદીમાં ચીની પ્રવાસી યુઅન શ્વાંગે શ્રીનગરમાં લગભગ ૧૦૦ બૌદ્ધ વિહાર મોજૂદ રહેલા જોયા હતા ને ત્યાં અશોકે બંધાવેલા ચાર સ્તૂપ પણ દીઠા હતા.[૧] અશોકે શ્રીનગર વસાવ્યા વિશે કવિ કલ્હણ-કૃત ‘રાજતરંગિણી’માં પણ ઉલ્લેખ આવે છે.[૨]

બીજું નગર અશોકે નેપાલમાં બંધાવ્યું ગણાય છે.[૩] રાજાએ નેપાલની મુલાકાત લીધી ત્યારે તેણે ત્યાં એની યાદગીરીમાં દેવ-પતન (દેવ-પાટણ) નામે નગર વસાવ્યું. નેપાલની મુલાકાત વખતે અશોકની સાથે એની કુંવરી ચારુમતી અને એના પતિ દેવપાલ પણ ત્યાં આવેલા. એ દીકરીજમાઈ ત્યાં રહી ગયાં. ચારુમતીએ ત્યાં ભિક્ષુણીઓ માટે અને દેવપાલે ભિક્ષુઓ માટે વિહાર બંધાવ્યો. દેવ-પાટણમાં હજી ચાર પ્રાચીન સ્તૂપ મોજૂદ છે.

---

૧. Watters, *On Yuan Chwang's Travels in India*, p. 267

૨. સર્ગ ૧, શ્લો. ૧૦૧-૧૦૭.

૩. *Cambridge History of India*, Vol. I, p. 501.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાટલિપુત્રનો રાજપ્રાસાદ**—મૌર્ય વંશનું પાટનગર પાટલિપુત્ર (પટના) નંદવંશનીય સ્થાપના પહેલાં બંધાયું હતું. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં એ નગર ભારે જાહોજલાલી ધરાવતું. એ લગભગ ૯ માઈલ લાંબું અને ૧$\frac{1}{2}$ માઈલ પહોળું હતું. એને ફરતો ઊંચો કોટ હતો, જેમાં ૬૪ દરવાજા અને ૫૭૦ બુરજ હતા. કોટને ફરતી મોટી ખાઈ હતી, જે લગભગ ૬૦૦ ફૂટ પહોળી અને ૩૦ હાથ ઊંડી હતી.[૧] ચંદ્રગુપ્તના દરબારમાં રહેલા ગ્રીક એલચી મેગસ્થનીસે આ નગરનું આબેહૂબ વર્ણન કર્યું છે. તેના કહેવા મુજબ નદીકાંઠે વસેલા આ નગરનો કોટ લાકડાનો હતો ને એમાં રાજમહેલ અગ્રિમ સ્થાન ધરાવતો. એ મહેલ ઈરાન અને એક્બતનના રાજમહેલો કરતાંય વધુ ભવ્ય હતો.[૨]

અશોકે પાટલિપુત્ર તથા તેમાંના રાજમહેલને નવું ભવ્ય સ્વરૂપ આપ્યું. સાડી છસો વર્ષ પછી ત્યાં આવેલા ચીની પ્રવાસી ફા-હ્યાને નોંધ્યું છે કે તે નગરની મધ્યમાં આવેલ પ્રાચીન રાજપ્રાસાદ અને સભાગૃહો અશોકની આજ્ઞાથી દૈવી સત્ત્વોએ બાંધ્યાં હતાં; આ લોકના કોઈ માનુષી હાથે એ સિદ્ધ થઈ શકે નહિ. ફા-હ્યાને તેનાં શિલામય દીવાલો તથા દરવાજા તેમ જ ભવ્ય કોતરકામ અને બારીક જડાવકામની પ્રશંસા કરી છે.[3] આ પરથી માલૂમ પડે છે કે અશોકે અગાઉની લાકડાની સામગ્રીને બદલે એમાં પથ્થરની સામગ્રી વપરાવી તેને સુંદર શિલ્પકૃતિઓથી અલંકૃત કરાવ્યો હશે. ફા-હ્યાન તથા યુઅન શ્વાંગે પાટલિપુત્ર નગરમાં અશોકનો સ્તંભ પણ જોયેલો.[૪]

રાજધાની અને રાજમહેલને લગતી આ અનુશ્રુતિને પુરાવસ્તુકીય ઉત્ખનન દ્વારા કેટલુંક સમર્થન મળ્યું છે. એમાં નગરકોટના પાયામાં બાર-તેર ફૂટ લાંબા આડા પાટડાઓ પર ઊભા સ્તંભ સાલવવામાં આવ્યા છે. ૧૫-૧૫ ફૂટના અંતરે ઊભા કરેલા ૧૫--૧૫ શિલાસ્તંભોની ૧૫--૧૫ હરોળવાળા સભાગૃહના અવશેષ મળ્યા છે. આ સ્તંભ લગભગ ૨૦ ફૂટ ઊંચા હતા ને બેસણીમાં એનો વ્યાસ ૩$\frac{1}{2}$ ફૂટ હતો. એને ફરતી ઊંચી ઈંટેરી દીવાલ હતી ને એને ત્રણ મજલા હતા. સ્તંભોની શિરાવટીમાં મોટી શિલ્પકૃતિઓ કોતરી હતી ને એના ગોળ મધ્ય ભાગ પર સારી પૉલિશ કરેલી હતી. ઈરાનના પ્રાચીન પાટનગર પર્સેપૉલિસમાં આવા જ પ્રાસાદના પાયા મોજૂદ છે. વળી ૧૭ ફૂટ ઊંડે લાકડાનું ભોંયતળિયું નીકળ્યું છે, જેના પરના સ્તંભ સમય જતાં

૧-૨. Mookerji, *op. cit.*, pp. 94 f.

૩. *Ibid.*, pp. 95 f.

૪. *Ibid.*, p. 96, n. 1.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં પૂરનો અને પછી આગનો ભોગ બનેલા છે. સ્તંભવાળા સભાગૃહની દક્ષિણે એકબીજાને સમાંતર એવી લાકડાની સાત પીઠિકાઓ મળી છે. એ દરેક ૩૦ ફૂટ લાંબી, ૬ ફૂટ પહોળી અને ૪½ ફૂટ ઊંચી છે. એમાં મુખ-મંડપના સ્તંભોને અપૂર્વ ચોકસાઈથી સાલવવામાં આવ્યા છે. આમ પટના પાસે થયેલા પુરાવસ્તુકીય ઉત્ખનનમાં પ્રાચીન પાટલિપુત્રના રાજપ્રાસાદના લાકડાના તેમ જ પથ્થરના કેટલાક અવશેષ પ્રાપ્ત થયા છે.[૧] પોતાના સમસ્ત રાજ્યમાં શિલાસ્તંભો અને શિલાલેખોનો વ્યાપક પ્રસાર કરનાર અશોકે પાટલિપુત્રમાંના રાજપ્રાસાદમાંય શિલાનો ઉપયોગ કરાવ્યો હોય એ તદ્દન સંભવિત છે

**સ્તૂપો અને વિહારો**—ધાર્મિક સ્થાપત્યમાં અશોકનું પ્રદાન આથીય વધુ જાણીતું છે. બૌદ્ધ અનુશ્રુતિ તો અશોકે ૮૪,૦૦૦ વિહાર બંધાવ્યા હોવાનું જણાવે છે. એમાં જણાવ્યા મુજબ અશોકે પોતાના ગુરુ મોગ્ગલિપુત્ર તિસ્સને બૌદ્ધ ધર્મનો વિસ્તાર કેટલો છે એમ પૂછતાં તેમણે જણાવ્યું કે ધર્મના ૮૪,૦૦૦ નિકાય છે; આ પરથી અશોકે એ દરેકના માનમાં એકેક વિહાર બંધાવવા નક્કી કર્યું; ને ભારતભરમાં ૮૪,૦૦૦ નગરો પસંદ કરી ત્યાં પોતાના સામંતો દ્વારા ૮૪,૦૦૦ વિહાર બંધાવ્યા.[૨] એમાં પાટલિપુત્રનો વિહાર અશોકે પોતે બંધાવ્યો.[૩]

ફા-હ્યાન નોંધે છે કે અશોકે આઠ સ્તૂપોનો નાશ કરી તેને બદલે ૮૪,૦૦૦ સ્તૂપ બંધાવ્યા, કેમ કે માનવદેહનાં અસ્થિ ૮૪,૦૦૦ અણુનાં બનેલાં છે.[૪] ભગવાન બુદ્ધ પરિનિર્વાણ પામ્યા ત્યારે તેમનાં અસ્થિ આઠ હકદારોને વહેંચી આપવામાં આવેલાં ને તે દરેકે તેના પર એકેક સ્તૂપ ચણાવેલો.[૫] એ પૈકી હાલ નેપાલની સરહદ પર પિપ્રાવાના સ્તૂપના અવશેષ હાથ લાગ્યા છે.[૬]

પરંતુ 'દિવ્યાવદાન'માં આપેલી અનુકાલીન અનુશ્રુતિ જણાવે છે કે અશોકે એ આઠમાંના સાત સ્તૂપ ખોલાવી નાખી તેમાંનાં અસ્થિ પોતે બંધાવેલા હજારો સ્તૂપોમાં વહેંચી દીધેલાં.[૭] એક સ્તૂપને નાગોએ બચાવી લીધેલો. આગળ જતાં ફા-હ્યાને પણ આ અનુશ્રુતિ નોંધી છે.[૮]

---

૧. Mookerji, *op. cit.*, pp. 96 f.

૨–૩. *Ibid.*, p. 80.

૪. *Ibid.*, pp. 80 f.

૫–૬. *Ibid.*, p. 80, n. 1.

૭–૮. *Ibid.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધઘોષ વળી જરા જુદી વાત કરે છે. તે જણાવે છે કે ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી વીસ વર્ષે મહાકાશ્યપની સલાહથી રાજા અજાતશત્રુએ એ સર્વ સ્તૂપોને ખોલાવી તેમાંનાં અસ્થિ કાઢી લીધાં ને એ બરાબર જળવાઈ રહે એ હેતુથી તેને માટે ખાસ બંધાવેલા ભૂગર્ભ-ખંડમાં તેને પધરાવ્યાં. અશોકને પેલા સાત સ્તૂપોમાં અસ્થિ ન મળ્યાં ત્યારે તેણે તે આ સ્થળે શોધી કાઢયાં ને પોતાના ૮૪,૦૦૦ સ્તૂપોમાં પધરાવ્યાં.[૧]

આ સર્વ અનુશ્રુતિઓ અનુકાલીન તથા સાંપ્રદાયિક છે. એમાં કંઈ ઐતિહાસિક તથ્ય રહેલું હોય, તોપણ આંકડાની સ્પષ્ટ અતિશયોક્તિ છે. બૌદ્ધ ધર્મ તરફ પરમ અનુરાગ ધરાવતા અશોકે પોતાના રાજ્યમાં અનેક સ્થળોએ નવા સ્તૂપ બંધાવ્યા હશે, પરંતુ તેમાં પધરાવવા માટેનાં અસ્થિ મેળવવા એણે જૂના સ્તૂપ ખોલાવી ખાલીખમ કરી દીધા હશે એ શંકાસ્પદ છે.

અશોકે અનેકાનેક સ્તૂપ બંધાવેલા એ અનુશ્રુતિ સાતમી સદી સુધીય પ્રચલિત હતી. યુઅન શ્વાંગ અશોકે કાશ્મીરમાં ૫૦૦ વિહાર બંધાવેલા હોવાનું જણાવે છે ને બીજા કેટલાક પ્રદેશોમાં પણ તેવી મોઘમ સંખ્યા આપે છે.[૨] એના સમયમાં ભારતમાં ઠેકઠેકાણે અશોકે બંધાવેલા જૂના સ્તૂપ બતાવવામાં આવતા હતા. યુઅન શ્વાંગે પોતાના પ્રવાસગ્રંથમાં એંસીએક સ્તૂપોની બાબતમાં એ અશોકે બંધાવ્યા હોવાનું નોંધ્યું છે.[૩] એણે વળી પાટલિપુત્રમાં અશોકે અશોકારામ કે કુક્કુટારામ નામે વિહાર બંધાવ્યો હોવાનું પણ નોંધ્યું છે.[૪] તારાનાથના જણાવ્યા મુજબ અશોકે રાજગૃહ પાસેના નાલંદા વિહાર ધામમાં કેટલાય વિહાર બંધાવેલા.[૫] પરંતુ આ પૈકીના કોઈ સ્તૂપોના કે વિહારોના અવશેષ હાલ ભાગ્યે જ મોજૂદ રહેલા છે. માત્ર વૈશાલી પાસે એણે જોયેલા એક સ્તૂપને કેસરિયામાં મળેલા સ્તૂપ તરીકે ઓળખી શકાય છે.

અશોકના અભિલેખોમાં એણે બંધાવેલા સ્તૂપો કે વિહારનો ઉલ્લેખ મળ્યો નથી. એણે બોધિતીર્થ ઉપરાંત લુમ્બિની અને નિગ્લીવની યાત્રા કરી હતી, લુમ્બિનીના

---

૧. *Ibid.*, p. 81 n.

૨. *Ibid.*, p. 82.

૩. *Ibid.*, p. 82, n. 1.

૪. *Ibid.*, p. 82, n. 2,

૫. Smith, *As'oka*, pp. 109 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્યની પૂજા કરી હતી ને નિગ્લીવમાં કનકમુનિ બુદ્ધના સ્તૂપને બમણો મોટો કરાવ્યો હતો એવો એમાં ઉલ્લેખ આવે છે,[૧] પરંતુ એણે બંધાવેલા કોઈ નવા સ્તૂપનો ઉલ્લેખ આવતો નથી. પરંતુ બે સ્તૂપોના મૂળ ભાગ અશોકે બંધાવ્યા હોવાનું માલૂમ પડે છે.

ભગવાન બુદ્ધ જેવી વિભૂતિનાં પવિત્ર અસ્થિને પાત્રમાં મૂકી એની ઉપર ગોળાર્ધ ઘાટનો સ્તૂપ ચણવાની ને પછી એની આરાધના કરવાની પ્રથા ઘણા સમયથી પ્રચલિત હતી. શરૂઆતમાં આ સ્તૂપ કાચી ઈંટોના બંધાતા. આ ઈંટો લગભગ ૧૬×૧૦×૩ ઇંચના મોટા કદની હોતી. સ્તૂપનું ગોળાર્ધ અંડ લગભગ ૩૫ ફૂટ ઊંચું ચણાતું ને એનો વ્યાસ પણ ૭૦ ફૂટ જેટલો રખાતો. અંડની ટોચ પર લાકડાની માનસૂચક છત્રયષ્ટિ ઊભી કરવામાં આવતી. ઈંટેરી અંડની સપાટી પર ચૂનાનો લેપ લગાવવામાં આવતો ને એમાં વચ્ચે વચ્ચે દીવો મૂકવા માટેના ગોખલા રાખવામાં આવતા. એના પર રંગ તથા ચળકાટ લગાવવામાં આવતો ને એને ફૂલહાર, ધજા-પતાકા વગેરેથી શણાવવામાં આવતો. એને ફરતી પ્રદક્ષિણા કરવાની હોઈ, ખુલ્લા પ્રદક્ષિણા-પથને ફરતી લાકડાની વેદિકા (વંડી) કરવામાં આવતી. વેદિકાની અંદર દરેક દિશામાં એકેક દ્વાર રાખવામાં આવતું.[૨]

અશોકે બંધાવેલા બે ઈંટેરી સ્તૂપ મધ્ય પ્રદેશમાં મળ્યા છે — એક સાંચીમાં અને બીજો ભરહુતમાં. સાંચીના સ્તૂપને આગળ જતાં પથ્થરના આચ્છાદન વડે બમણો મોટો કરવામાં આવ્યો છે. હાલ એનો વ્યાસ ૧૨૦ ફૂટ જેટલો ને એની ઊંચાઈ ૫૪ ફૂટ જેટલી છે. એના શિલા-આચ્છાદનની અંદર એના અંડનો મૂળ ઈંટેરી ભાગ રહેલો છે. એની વેદિકા લાકડાની હતી. વેદિકાના સ્તંભ ૯ ફૂટ ઊંચા હતા ને બબ્બે ફૂટને અંતરે ખોડાયા હતા. એની અંદર વચ્ચે બાકોરાં પાડીને ત્રણ ત્રણ આડા પાટડા ખોસવામાં આવ્યા હતા. એ પાટડા બબ્બે ફૂટ પહોળા હતા ને પાસે પાસેના પાટડાઓ વચ્ચે ફક્ત સવા ત્રણ ઇંચ જેટલી જ જગા રાખવામાં આવી હતી. ઊભા સ્તંભોની ટોચ પર ગોળ ઉપલી બાજુવાળા આડા કઠેરા સાલવવામાં આવતા. છત્રના અવશેષ પથ્થરના મળ્યા છે. વેદિકાનાં પ્રવેશદ્વારોના સ્વરૂપનો ખ્યાલ પથ્થરનાં અનુકાલીન તોરણોના સ્વરૂપ પરથી આવે છે, જેમાં બે ઊંચા સ્તંભ અને એના ઉપલા ભાગમાં સાલવેલા ત્રણ આડા પાટડા શિલ્પ-અલંકૃત છે.[૩]

---

૧. રુમ્મિનદેઈ અને નિગ્લીવ સ્તંભલેખ.

૨. Percy Brown, *Indian Architecture* (*Buddhist and Hindu*) (5th ed.), p. 13.

3. *Ibid.*, p. 14.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરહુતના સ્તૂપમાં તેનું મૂળ કદ યથાવત્ રહેવા દેવામાં આવ્યું હતું. એના અંડનો વ્યાસ ૬૮ ફૂટ જેટલો હતો. એની અનુકાલીન પાષાણ-વેદિકા શિલ્પકલાથી વિભૂષિત છે.[૧] એના સ્તંભ લગભગ સાત ફૂટ ઊંચા છે. એના અવશેષ હાલ કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમમાં રાખવામાં આવ્યા છે. સ્તૂપના અંડના અવશેષ સ્થાનિક લોકોએ ઈંટો માટે અસ્તવ્યસ્ત કરી રફેદફે કરી દીધા છે.

અમરાવતીમાં અશોકના સ્તંભલેખના ખંડ જેવો એક અભિલેખ મળ્યો છે. તે લેખ અશોકનો હોય તો અમરાવતીનો મૂળ સ્તૂપ પણ તેણે બંધાવ્યો ગણાય.[૨]

બિહારમાં ભિક્ષુઓને રહેવા માટે વચલા ચોકની આસપાસ સીધી હરોળમાં ઓરડીઓ બાંધવામાં આવતી.

**સ્મારક સ્તંભો**—અશોકે રાજ્યમાં ઠેકઠેકાણે ગોળ શિલાસ્તંભ ઊભા કરાવ્યા. આ સ્તંભ એક આખી શિલામાંથી ઘડેલા હતા ને એની ટોચ પર જુદી જુદી શિલ્પકૃતિ ધરાવતી શિરાવટી સાલવવામાં આવતી. કેટલાક સ્તંભો પર લેખ કોતરાવ્યા હતા. અશોકના સ્મારક સ્તંભો એ ભારતના શિલા-સ્થાપત્યના પ્રાચીનતમ નમૂના છે.

ચોથી સદીના આરંભમાં ચીની પ્રવાસી ફા-હ્યાને અશોકના છ સ્તંભ જોયાનું નોંધ્યું છે.[૩] એમાંના બે સ્તંભ શ્રાવસ્તી નગરીના જેતવન વિહારના પ્રવેશદ્વારની બે બાજુએ હતા; એકની ટોચ પર ચક્રની અને બીજાની ટોચ પર વૃષભના ઘાટની શિરાવટી હતી. એક સ્તંભ સંકાશ્ય નગરમાં હતો; એ ૫૦ હાથ ઊંચો હતો, ને એની ટોચ પર સિંહની આકૃતિ હતી; ને એની ચારે બાજુએ બુદ્ધની પ્રતિમા ધરાવતા ગોખલા હતા. એક સ્તંભ વૈશાલીથી કુશિનગર જવાના માર્ગ પર હતો. એ બિહારના ચંપારણ જિલ્લામાં આવેલા સ્તંભો પૈકીનો એક, પ્રાય: લૌરિયા-અરરાજ(કે રાધ્યિા)નો સ્તંભ હોવા સંભવે છે. એના પર લેખ કોતરેલો હોવાનું પણ જણાવ્યું છે. એક સ્તંભ પાટલિપુત્રમાં હતો; એનો ઘેરાવો ૧૫ હાથ હતો ને એ ૩૦થી વધુ ફૂટ ઊંચો હતો. એક બીજો સ્તંભ પણ તે નગરમાં આવેલો હતો. એ પણ ૩૦ ફૂટથી વધુ ઊંચો હતો ને એની ટોચ પર સિંહની આકૃતિ હતી.

---

૧. *Ibid.*, p. 14.

૨. D. C. Sricar, "Fragmentary Pillar Inscription from Amaravati", *Ep. Ind.*, Vol. XXXV, pp. 40 ff.

૩. Mookerji, *op. cit.*, p. 43.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાતમી સદીના પૂર્વાર્ધમાં યુઅન શ્વાંગે અશોકના પંદર સ્તંભ જોયા હોવાનું જણાવ્યું છે.[૧] એમાંના પાંચ ફા-હ્યાને નોંધેલા સ્તંભો પૈકીના છે. સંકાશ્યના સ્તંભ પર બેઠેલા સિંહની શિરાવટી છે;[૨] શ્રાવસ્તીના જેતવન વિહારના બે સ્તંભ તેના પૂર્વ દ્વારની બે બાજુએ આવેલા છે.[૩] પાટલિપુત્રમાંના શિલાલેખોવાળા સ્તંભ પર અશોકે જમ્બુદ્વીપ ભિક્ષુસંઘને અર્પણ કરી તેનું મૂલ્ય ચૂકવી તેને પાછો લીધો હોવાનું જણાવ્યું છે.[૪] ફા-હ્યાને પણ આ લેખનો આવો સાર જણાવેલો. આ સ્તંભના ખંડ મળ્યા છે. પાટલિપુત્રના બીજા સ્તંભને યુઅન શ્વાંગ અશોકના નરકાગાર કે કારાગારનું સ્થાન દર્શાવતો જણાવે છે.[૫]

કપિલવસ્તુ પાસેનો એક સ્તંભ ક્રકુચ્છન્દ નામે પૂર્વબુદ્ધના સ્મારકરૂપે હતો; એ ૩૦ ફૂટથી વધુ ઊંચો હતો, એની ટોચ પર સિંહની આકૃતિ હતી ને એના પર એ બુદ્ધના પરિનિર્વાણની હકીકત લખેલી હતી.[૬] કપિલવસ્તુ નજીક આવેલો એક બીજો સ્તંભ કનકમુનિ બુદ્ધની યાદગીરીમાં હતો; એની ટોચ પર સિંહ હતો ને એ ૨૦ ફૂટથી વધુ ઊંચો હતો.[૭] એના પર એ બુદ્ધના પરિનિર્વાણનો વૃત્તાંત લખ્યો હોવાનું યુઅન શ્વાંગ જણાવે છે, પરંતુ એ બરાબર લાગતું નથી. કેમ કે આ સ્તંભ સ્પષ્ટતઃ નિગ્લીવમાં લખેલો સ્તંભ છે ને એના પરના લેખમાં તો અશોકે એ બુદ્ધનો સ્તૂપ બમણો મોટો કરાવ્યો હોવાનું ને ત્યાં રાજ્યકાલના વીસમા વર્ષે જાતે આવી પૂજા કરી હોવાનું જણાવ્યું છે. આથી આ લેખ યુઅન શ્વાંગે જાતે વાંચ્યો ન હોવાનું અને તેના લખાણ માટે સ્થાનિક અનુશ્રુતિ પર આધાર રાખ્યો હોવાનું માલૂમ પડે છે.[૮] લુમ્બિનીનો સ્તંભ પણ યુઅન શ્વાંગે જોયેલો. તેની ટોચ પર અશ્વની આકૃતિ હતી. ત્યારે એની શિરાવટી વીજળીથી તૂટી જઈને નીચે પડેલી હતી. હાલ પણ એની શિરાવટીની બેસણીમાં ઊભો ચીરો પડેલો છે, પરંતુ અશ્વની આકૃતિ મોજૂદ રહી નથી. આ સ્તંભ પરના લેખમાં ભગવાન બુદ્ધના જન્મની હકીકત

---

૧. *Ibid.*, pp. 83 f.
૨. Watters, *op cit.*, i, 334.
૩. *Ibid.*, p. 383.
૪. *Idid.*, ii, 93.
૫. *Ibid.*, p. 88.
૬. *Ibid.*, ii, 5.
૭. *Ibid.*, p. 6.
૮. Mookerji, *op. cit.*, pp. 84 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી હોવાનું જણાવ્યું છે;[૧] ખરી રીતે આ લેખમાં પણ અશોકે બુદ્ધના આ જન્મસ્થાનની યાત્રા અને પૂજા કરી હોવાનું લખ્યું છે.

કુસિનારાના સ્તંભ પર બુદ્ધના પરિનિર્વાણને લગતો લેખ હતો.[૨] ત્યાંના એક બીજા સ્તંભ પરના લેખમાં બુદ્ધનાં અસ્થિના આઠ હકદારો વચ્ચે થયેલા વિભાજનની હકીકત હતી.[૩] હાલ આ બેમાંનો એકય સ્તંભ મળ્યો નથી. સારનાથના માર્ગ પર આવેલા સ્તંભ પરની પૉલિશ અરીસા જેવી ચળકતી હતી.[૪] આ સ્તંભ ૧૯૦૮ના હુલ્લડમાં તોડી નાખેલી વારાણસીની 'લાટ ભૈરો' હોવા સંભવે છે.[૫] સારનાથનો સ્તંભ ૭૦ ફૂટ ઊંચો હતો; ને તે ધર્મચક્રપ્રવર્તનના સ્થળ પર સ્થપાયો હતો.[૬] આ સ્તંભ હાલ ખંડિત દશામાં છે ને હજી ત્યાં મોજૂદ છે; તેની સુપ્રસિદ્ધ શિરાવટી સારનાથના મ્યૂઝિયમમાં રાખેલી છે.

મહાશાલાના સ્તૂપની મોખરે સ્થપાયેલા સ્તંભની ટોચ પર સિંહ હતો ને તેના પર લેખ કોતરેલો હતો.[૭] વૈશાલીમાં લગભગ ૫૦ ફૂટ ઊંચો સ્તંભ હતો; તેની ટોચ પર સિંહની આકૃતિ હતી.[૮] બસાઢ (વૈશાલી) પાસે આવેલા કોલુહા (પ્રાચીન કોલ્લાગ) ગામમાંનો સ્તંભ આ છે. એના પર લેખ કોતરેલો નથી. રાજગૃહમાં ૫૦ ફૂટથી વધુ ઊંચો સ્તંભ હતો; તેની ટોચ પર ગજની આકૃતિ હતી ને સ્તંભ પર લેખ પણ હતો.[૯] આ સ્તંભ હાલ મળ્યો નથી.

અશોકે બધા મળીને ત્રીસેક સ્તંભ કરાવ્યા લાગે છે. એમાંના કેટલાક ચીની પ્રવાસીઓના જોવામાં આવ્યા નહોતા, જ્યારે તે આપણા જાણવામાં આવેલા છે. હાલ અશોકના લેખ કોતરેલા દસ સ્તંભ મળ્યા છે. મુઝફ્ફરપુર જિલ્લાના કોલુહા ગામનો સ્તંભ લેખ વિનાનો છે. એ સ્તંભ હજીય એના મૂળ સ્થાને અખંડિત ઊભો છે (આકૃતિ ૫). એવી રીતે લૌરિયા-નંદનગઢ(કે માથિયા)નો લેખવાળો સ્તંભ

૧. Watters, *op. cit.*, ii, 14.
૨. *Ibid.*, p. 28.
૩. *Ibid.*, p. 42.
૪. *Ibid.*, p. 48.
૫. Mookerji, *op. cit.*, p. 85.
૬. Watters, *op. cit.*, ii, 50.
૭. *Ibid.*. p. 60.
૮. *Ibid.*, p. 65.
૯. *Ibid* p. 162.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મૂળ જગ્યાએ સાજોસમો ખડો છે (આકૃતિ ૬). બીજા બધા સ્તંભ ખંડિત છે ને તેની શિરાવટીઓ મ્યૂઝિયમોમાં જળવાઈ છે.

આ સર્વ સ્તંભ બૌદ્ધ તીર્થસ્થાનોએ કે તીર્થસ્થાનોના માર્ગ પર આવેલા છે. બિહારમાંના ચારેય સ્તંભ પાટલિપુત્રથી લુમ્બિની-કુસિનારાનાં તીર્થસ્થાનોએ જવાના માર્ગ પર આવેલા છે. લુમ્બિની અને નિગ્લીવ તેમ જ સારનાથ બૌદ્ધ તીર્થસ્થાનો છે. કૌશાંબી અને સાંચી બૌદ્ધ ધર્મનાં કેન્દ્ર હતાં; અને ટોપરા તથા મીરત પણ તેવાં કેન્દ્ર હશે.

આ સર્વ સ્તંભ આમ છૂટા ઊભેલા સ્તંભ છે, કોઈ ઇમારતની છતના ટેકારૂપે નથી. છતાં તે સ્તૂપ જેવી ધાર્મિક ઇમારતના સંદર્ભમાં સ્થપાયેલ છે. આ રીતે અશોકના સ્તંભ કોઈ ને કોઈ પ્રકારના સ્મારક સ્તંભ છે.

**સ્તંભોનું સ્વરૂપ**—આ સ્તંભનો મુખ્ય ભાગ (દંડ) પથ્થરની એક સળંગ છાટમાંથી ઘડેલો હોય છે. આથી એને 'એકશિલામય સ્તંભ' કહે છે. સ્તંભનો દંડ વૃત્તાકાર હોય છે ને એની સપાટી સાદી અર્થાત્ અનલંકૃત હોય છે. દંડનો વ્યાસ નીચે ૩૫$\frac{1}{2}$ ઇંચથી ૪૯$\frac{1}{2}$ ઇંચ જેટલો હોય છે ને એ ઊંચે જતાં તાડ વૃક્ષની જેમ સહેજ-સહેજ નાનો થતો જાય છે; આથી ટોચે એનો વ્યાસ ૨૨ ઇંચથી ૩૫ ઇંચ જેટલો થાય છે. સ્તંભનો દંડ લગભગ ૩૦થી ૪૦ ફૂટ ઊંચો હોય છે. એને અલગ બેસણી હોતી નથી; એનો ૮--૧૦ ફૂટ જેટલો નીચલો ભાગ જમીનમાં દાટવામાં આવતો. જમીનની ઉપરના દંડની સપાટીને વજ્રલેપ વડે ઓપ ચડાવવામાં આવ્યો હોય છે.

સ્તંભના દંડ પર શિરાવટી સાલવવામાં આવતી. દંડની જેમ શિરાવટી પણ એક સળંગ શિલામાંથી ઘડેલી હોય છે. એના મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે: (૧) નીચેનો ઊંચો પદ્માકાર ભાગ, (૨) વચલું ગોળ કે ચોરસ ફલક અને (૩) એની ઉપર કંડારેલી પ્રાણીની આકૃતિ કે આકૃતિઓ. આખી શિરાવટી લગભગ ૫ થી ૧૦ ફૂટ ઊંચી હોય છે. આથી આખો સ્તંભ લગભગ ૪૦ થી ૫૦ ફૂટ ઊંચો દેખાય છે.

લૌરિયા-નંદનગઢ સ્તંભ હાલ જમીનની સપાટી પર કુલ ૩૯ ફૂટ ૭$\frac{1}{2}$ ઇંચ ઊંચો છે; અગાઉ જમીનની સપાટી હાલના કરતાં ૨ ફૂટ નીચી હતી. ત્યાં સુધી તેનો દંડ પૉલિશ કરેલો છે. એની નીચેનો ભાગ સફાઈથી ઘડેલો નથી. ને તેને ફરતો ૨ ઇંચ જાડો પ્રક્ષેપ છે. આઠ ફૂટ નીચે પથ્થરની ચોરસ બેસણી છે, જે ચારે બાજુ ૨ ફૂટ લાંબી છે. મૂળ સ્તંભ જમીનની સપાટી પર કુલ ૪૧ ફૂટ ૭$\frac{1}{2}$

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંચ ઊંચો હતો, જેમાં એની ૬ ફૂટ ૧૦ ઇંચ ઊંચી શિરાવટીનો સમાવેશ થાય છે. સ્તંભના એકશિલામય દંડની ઊંચાઈ જમીનની સપાટી નીચેના ૮ ફૂટ સાથે કુલ ૪૨ ફૂટ ૯½ ઇંચ છે.[૧]

રુમ્મિનદેઈ સ્તંભ જમીનની સપાટી પર ૨૧ ફૂટ, લૌરિયા-અરરાજ સ્તંભ ૩૬½ ફૂટ, સારનાથનો સ્તંભ ૩૭ ફૂટ, અલાહાબાદ-કોસમ સ્તંભ ૪૨ ફૂટ ૭ ઇંચ, દિલ્હી-ટોપરા સ્તંભ ૪૨ ફૂટ ૭ ઇંચ, અને રામપુરવા સ્તંભ ૪૪ ફૂટ ૯½ ઇંચ ઊંચો છે.[૨]

લૌરિયા-નંદનગઢ, રામપુરવા અને કોલુહાના સ્તંભની શિરાવટીમાં એક સિંહની આકૃતિ કાઢેલી છે. સાંચી અને સારનાથના સ્તંભની શિરાવટીમાં ચાર બાજુ ચાર સિંહ કોતર્યા છે. લૌરિયા-અરરાજના સ્તંભની શિરાવટીમાં એક સિંહ હતો. રામપુરવાના લેખ વગરના સ્તંભની શિરાવટીમાં વૃષભની આકૃતિ નજરે પડે છે.[૩] ફા-હ્યાન અને યુઅન શ્વાંગે નોંધેલા સ્તંભો પૈકી કેટલાકને સિંહના ઘાટની, એકને ગજના ઘાટની, એકને અશ્વના ઘાટની અને એકને વૃષભના ઘાટની શિરાવટી હતી, જ્યારે એક સ્તંભની શિરાવટીમાં ચક્રની આકૃતિ હતી.[૪] ફરુંખાબાદ જિલ્લાના સાંકિસા નામે ગામમાં આવા એક સ્તંભ પર ગજના આકારવાળી શિરાવટી મળી છે.[૫] કોસમ-(કૌશાંબી)માં લેખ વિનાનો એક સ્તંભ મળ્યો છે, પણ તેની શિરાવટી મળી નથી. રુમ્મિનદેઈ સ્તંભની શિરાવટીમાં અશ્વની આકૃતિ હતી.[૬] આમ અશોકના સ્તંભની શિરાવટીની ટોચે સિંહ, ગજ, અશ્વ કે વૃષભની આકૃતિ રજૂ થતી. સારનાથની શિરાવટીના ફલક પર ચાર બાજુએ આ ચાર પશુઓની આકૃતિ કંડારેલી છે.[૭]

દંડ અને શિરાવટીને તાંબાના ખીલા વડે એકબીજા સાથે સાલવવામાં આવેલ છે.

---

૧. Smith, *As'oka*, p. 118.

૨. Mookerji, *op. cit.*, p. 90, n. 1.

૩. *Ibid.*, p. 90.

૪. *Ibid.*, pp. 83 ff.

૫. *Ibid.*, p. 84, n. 1.

૬. *Ibid.*, p. 85.

૭. આ સ્તંભોનાં અનુકાલીન અનુકરણોમાં, ખાસ કરીને સાંચી અને ભરહુતમાં, આ ઉપરાંત બકરો, ઊંટ વગેરે ઇતર પ્રાણીઓની તેમ જ માનવોની આકૃતિઓ નજરે પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શિરાવટીનું કલાસૌંદર્ય**[૧]—સ્તંભની રચનામાં શિલ્પી ધારે તો વિપુલ કલા-સૌંદર્ય દર્શાવી શકે છે. અનુકાલીન સ્તંભોની સરખામણીએ જોઈએ, તો અશોકના સ્તંભ ઘણી બાબતમાં સાદા છે. એને અલગ પીઠિકા ન હોવાથી શિલ્પી શિલ્પકલાની એક અગત્યની ભૂમિકાથી વંચિત રહે છે. વળી સ્તંભનો દંડ પણ તાડવૃક્ષના થડની જેમ સાદો, એકસરખો અને વૃત્તાકાર હોય છે. એના અલગ ભાગ પાડવામાં આવતા નહિ ને એને ચતુષ્કોણ, અષ્ટકોણ વગેરે કલાત્મક આકાર આપવામાં આવતા નહિ તેમ જ તેના પર કંઈ સુશોભનાત્મક રૂપાંકન કરવામાં આવતાં નહિ. જમીનની સપાટી પરથી ૩૦–૪૦ ફૂટની ઊંચાઈ સુધીનો એકસરખો ને અનલંકૃત વૃત્તાકાર એકવિધતા અને નીરસતાની છાપ પાડે છે. છતાં તેના પરનો ભારે ચળકાટ એને કંઈક દર્શનીય બનાવે છે. વળી એની સપાટી પર કોતરેલા લેખ પણ એની એકવિધતામાં કંઈક ઘટાડો કરે છે. દંડની કૃશતા તથા ઊંચાઈ તેમ જ તેનો ઘટતો જતો ઘેરાવો એકંદરે નાજુક રમણીય ઇમારતની છાપ પાડે છે.

પરંતુ સ્તંભની કલાત્મક શિરાવટી દંડની નીરસતાનો પૂરો બદલો વાળી દે છે. અશોકના સ્તંભોની શિરાવટીઓ એ એના સમયની સર્વોત્તમ કલાકૃતિઓ છે એટલું જ નહિ, એ પ્રાચીન ભારતની પ્રશસ્ય કલાકૃતિઓમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. સ્તંભની શિરાવટીના કલાવિધાનમાં શિલ્પીએ જાણે પોતાના કલાકૌશલને પૂર્ણ કળાએ પ્રયોજ્યું છે.

શિરાવટીનો મુખ્ય ભાગ ઘંટાકાર છે. એનો વ્યાસ લગભગ ૩ ફૂટ જેટલો હોય છે ને એનો બાહ્ય આકાર એકંદરે ઘંટ જેવો હોય છે. એનો ઉપલો ભાગ થોડો નાનો હોય છે, એની નીચેનો ભાગ થોડો બહાર નીકળે છે, એની નીચેનો ભાગ વળી અંદર જાય છે ને છેક નીચલો ભાગ વધારે પ્રમાણમાં બહાર લંબાય છે. પરંતુ દેખાવમાં આ ઘાટ ઘંટ જેવો દેખાતો નથી, કેમ કે એના બાહ્ય ભાગને પદ્મની પાસાદાર અને વળાંકદાર પાંખડીઓનો દેખાવ આપવામાં આવ્યો છે. આથી આ કલાકૃતિ ઘંટ કરતાં ઊંધા પદ્મ જેવી દેખાય છે. પરંતુ એ ઈરાની તથા ગ્રીક સ્તંભોની શિરાવટીના ઘંટાકાર અંગને મળતી હોઈ, એને એકંદરે ઘંટાકાર ગણવામાં

---

૧. V. A. Smith, *A History of Fine Art in Indian and Ceylon*, pp. 17-20; A. K. Coomarswamy, *History of Indian and Indonesian Art*, pp. 17-18; J. Fergusson, *History of Indian and Eastern Architecture*, Vol. I, pp. 56-60; Rowland, *The Art and Architecture of India*, pp, 43-46.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. છતાં એ ઘંટાકારના કલેવર પર વળાંકદાર પદ્મદલોનું અલંકરણ જ અગ્રગણ્ય બની રહે છે.

સ્તંભદંડ રૂપી પદ્મનાલમાંથી પદ્મ ખીલતું હોય તેવો સુંદર દેખાવ લાગે છે.

સ્તંભદંડ અને શિરાવટીની વચ્ચે મેખલા કાઢવામાં આવે છે; પદ્મ અને ફલક વચ્ચે પણ કંઠ કાઢવામાં આવે છે.

એના ઉપરનું ફલક ચોરસ કે વૃત્તાકાર હોય છે. એની પહોળી બાજુઓ પર વિવિધ સુશોભનોની અલ્પમૂર્ત કોતરણી કરી હોય છે. લૌરિયા-નંદનગઢ સ્તંભની શિરાવટીમાં હંસની સુંદર હરોળ ઉપસાવી છે (આકૃતિ ૬). રામપુરવાની સિંહ-શિરાવટીમાં પણ હંસાવલી નજરે પડે છે (આકૃતિ ૭). રામપુરવાની વૃષભ-શિરાવટીના ફલક પર મધુમાલતી અને ખજૂરીનું સુરેખ રેખાંકન કાઢવામાં આવેલ છે (આકૃતિ ૯). સંકિસાના સ્તંભમાં પણ આવાં રેખાંકન કરેલાં છે (આકૃતિ ૮). અલાહાબાદના સ્તંભમાં પદ્મ અને મધુમાલતીનું સુશોભન નજરે પડે છે (આકૃતિ ૧૧). આ સુશોભનોની નીચે કાઢેલી વેલ, માળા કે રજ્જુની પટી એની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. આ સર્વ રેખાંકન અસાધારણ ચોકસાઈથી કોરેલાં હોઈ શિલ્પીનું અદ્‌ભુત કલાકૌશલ દર્શાવે છે. પદ્મ પરનું ફલક એની ટોચ પર કંડારેલી પશુ-પ્રતિમાની પડઘી બની રહે છે.

શિરાવટીનું, ને આખાયે સ્તંભનું, છેક ટોચે આવેલું ને સહુથી આકર્ષક અંગ એ પદ્મ પરના ફલક પર કોતરેલી પશુ કે પશુઓની આકૃતિઓ છે. આમાં બધાં મળીને ચાર પશુઓ છે: સિંહ, ગજ, અશ્વ અને વૃષભ. એમાં ગજ એ પૂર્વ દિશાનું, અશ્વ એ દક્ષિણ દિશાનું, વૃષભ એ પશ્ચિમ દિશાનું અને સિંહ એ ઉત્તર દિશાનું પાલક પશુ મનાય છે, પરંતુ અહીં એની પસંદગી તે તે દિશાના પ્રતીક કરતાં બુદ્ધના પ્રતીક તરીકે થઈ લાગે છે. ધર્મચક્રપ્રવર્તનનું સ્થળ સૂચવતા સારનાથ-સ્તંભની શિરાવટીના ફલક પર ચારેય પશુઓની આકૃતિઓ કાઢેલી છે (આકૃતિ ૧૦).

કોલ્હુઆ સ્તંભનો દંડ બીજા સ્તંભોની સરખામણીએ ટૂંકો અને જાડો હોઈ બેઠા ઘાટનો લાગે છે; એની શિરાવટી પરની સિંહની આકૃતિ પણ કલા-કૌશલની અધૂરપ દર્શાવે છે (આકૃતિ ૫). લૌરિયા-નંદનગઢના સ્તંભનો દંડ તથા તેની શિરાવટી પરની સિંહની આકૃતિ શિલ્પકલાની પ્રગતિ દર્શાવે છે (આકૃતિ ૬). રામપુરવા સ્તંભ એના કરતાંય ઊંચો છે; એની ટોચ પર પણ સિંહની આકૃતિ કોતરેલી છે (આકૃતિ ૭).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકિસા સ્તંભની શિરાવટી પર ગજની આકૃતિ કાઢેલી છે, પરંતુ એની સૂંઢ તથા પૂંછડી તૂટી ગયેલી છે (આકૃતિ ૮). રામપુરવા સ્તંભની શિરાવટી પરના વૃત્તાકાર ફલક પરની વૃષભની આકૃતિ પૂર્ણમૂર્ત શિલ્પકૃતિનો એક ઉત્તમ નમૂનો છે, જેમાં વૃષભનું જીવંત આબેહૂબ સ્વરૂપ સુરેખ કલાત્મક અભિવ્યકિત પામ્યું છે (આકૃતિ ૯).

સાંચીના સ્તંભની શિરાવટી પર ચાર બાજુએ કાઢેલી ચાર સિંહની આકૃતિઓ પણ શિલ્પકલાની વિકસિત દશા વ્યકત કરે છે. પરંતુ સારનાથના સ્તંભની શિરાવટી (આકૃતિ ૧૦) તો અશોકના સમયના કલાકારનું સર્વોત્તમ કલાકૌશલ દર્શાવે છે. એમાં પદ્મ પરનું ફલક ધર્મચક્રપ્રવર્તનના એ સ્થળને સંકેતો દ્વારા આબેહૂબ રીતે સૂચિત કરે છે. એ વૃત્તાકાર ફલકની કિનારી પર ચારે બાજુએ ૨૪ આરાના ધર્મ-ચક્રની એકેક સુંદર આકૃતિ ઉપસાવવામાં આવી છે ને એમાંના બબ્બે ચક્રની વચ્ચે ક્રમશ: ગજ, અશ્વ, વૃષભ અને સિંહની સુરેખ અર્ધમૂર્ત આકૃતિ કોતરેલી છે. પૂર્વાદિ ચાર દિશાનાં પ્રતીક એવાં આ પશુઓના ગતિમાન સ્વરૂપ દ્વારા, આ સ્થળે ભગવાન બુદ્ધે પ્રવર્તાવેલું ધર્મચક્ર ચારે દિશામાં પ્રવર્તતું રહે એવું સૂચિત કરાતું જણાય છે.

આ ફલક પર ચાર દિશામાં એકબીજાને પીઠ ટેકવીને ઊભેલા ચાર સિંહના અગ્રભાગ કોતરવામાં આવ્યા છે. એમાં એ પશુનાં અંગોપાંગની સુરેખતા, એની કેશવાળીની ભવ્યતા અને એના પગ તથા પંજાના સ્નાયુઓ તથા નસોની તાદૃશતા વનરાજનું એવું આબેહૂબ સ્વરૂપ વ્યકત કરે છે કે આ આકૃતિઓ ઘડનાર શિલ્પીના કલાકૌશલની મુકત કંઠે પ્રશંસા કરવામાં આવે છે. દા.ત., વિન્સન્ટ સ્મિથ આ કલા-કૃતિનું રસદર્શન કરતાં નોંધે છે કે 'આ મનોહર કલાકૃતિ, જે વાસ્તવિક રૂપાંકન અને આદર્શાત્મક રૂપગૌરવનું સફળ સંયોજન ધરાવે છે ને જે દરેક વિગતમાં સંપૂર્ણ ચોકસાઈ સાથે સંવિધાન પામ્યું છે તેનાથી ચડિયાતો કે તેની બરોબરીનો પણ પ્રાચીન પશુશિલ્પનો દાખલો કોઈ પણ દેશમાં શોધવો મુશ્કેલ પડે.'[૧]

અહીં કલ્પના અને વાસ્તવિકતાનો સુંદર સુમેળ સધાયો છે. પાષાણ પરના ઓપને લઈને વનરાજના દેહ પર સુરેખ સુંવાળપની ઝલક ચમકી ઊઠી છે. સિંહોની પૂર્ણમૂર્ત આકૃતિઓ ઍસીરિયા અને ઈરાનની તેવી આકૃતિઓની

---

૧. V. A. Smith, *A History of Fine Art in India and Ceylon*, p. 19.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાદ આપે છે, તો ફલક પરની અર્ધમૂર્ત આકૃતિઓ શુદ્ધ ભારતીય ભાવ વ્યકત કરે છે. સારનાથ સ્તંભની આ શિરાવટીને આઝાદ ભારતના રાષ્ટ્રપ્રતીક તરીકે પસંદ કરવામાં આવી છે. શાંતિ અને અહિંસાની ભારતીય ભાવના સાથે વનરાજની વિકરાળ આકૃતિઓનો કેવી રીતે મેળ મળે એવું ઉપલક દૃષ્ટિએ લાગે, પરંતુ સિંહ અહીં શાકયસિંહ બુદ્ધના પ્રતીકરૂપે છે. વળી આ સ્તંભની મૂળ શિરાવટીમાં આ સિંહોના મસ્તક પર ૩૨ આરાનું મોટું ધર્મચક્ર મૂકેલું હતું, જેનો વ્યાસ ૨ ફૂટ ૯ ઇંચ અર્થાત્ લગભગ ૦·૮ મીટર જેટલો હતો. હાલ આ મોટું ચક્ર છૂટું પડી ગયું છે ને એના ખંડિત અંશ અલગ રાખેલા છે. પરંતુ જ્યારે એ એના મૂળ સ્થાને હશે ત્યારે આ સમગ્ર સ્તંભનું સહુથી વધુ ધ્યાન ખેંચતું અંગ એ ચાર સિંહ નહિ પણ તેમના મસ્તક પર ટેકવેલું આ મોટું ધર્મચક્ર જ જણાતું હશે એ સ્પષ્ટ છે. બૌદ્ધ ધર્મનાં ત્રિરત્નોમાં, ખાસ કરીને સારનાથમાં, સહુથી વધુ મહત્ત્વ ધર્મનું રહેલું છે એ આ મોટું ધર્મચક્ર આબેહૂબ સૂચવે છે.

**સ્તંભોનાં વિધાન અને સ્થાપન**—એકશૈલ સ્તંભદંડ અને એકશૈલ શિરાવટીના બનેલા આ શિલાસ્તંભની શિલાઓ તો જ્યાં એવી મોટી અને મજબૂત શિલાઓની ખાણો હોય તેવા સ્થળે મળતી હશે ને જ્યાં એકસરખી હુન્નરપદ્ધતિ અને શિલ્પશૈલી વિકસી હોય તેવા કેન્દ્રીય કારખાનામાં એ સ્તંભ અને એની શિરાવટીઓ ઘડાતી હશે. તો બૌદ્ધ તીર્થસ્થાનો અને મહત્ત્વનાં મથકોએ આ મોટા ભારે સ્તંભોને પહોંચાડવામાં ને ત્યાં તે ઊંચા સ્તંભોને ઊભા કરી ભૂમિમાં સ્થાપવામાં કેટલી બધી જહેમત ને આવડતની જરૂર પડી હશે! ૫૦ ઇંચના ઘેરાવાવાળા અને ૫૦ ફૂટ ઊંચા શિલાસ્તંભનું સરેરાશ વજન ૫૦ ટન જેટલું હોવાનું અંદાજવામાં આવ્યું છે.

ચૌદમી સદીમાં તઘલક સુલતાન ફીરોઝશાહે ટોપરાથી એક શિલાસ્તંભ દિલ્હી ખસેડાવ્યો તે ત્યાં ફીરોઝશાહ કોટલામાં એને ઊભો કરાવ્યો ત્યારે ૪૨ પૈડાંવાળું એક ખાસ વાહન બનાવરાવી, તેના દરેક પૈડાને દોરડું બાંધી તે દરેક દોરડું બસો-બસો મજૂરોએ ખેંચવું પડેલું. ૧૨૦ માઈલના અંતરે એ સ્તંભ ખસેડતાં આટલી મહેનત પડી, તો અશોકના સમયમાં ત્રીસેક સ્તંભોને ખસેડતાં કેટલી બધી મહેનત પડી હશે! એમાંના કેટલાક સ્તંભ તો એ સ્તંભ કરતાં ઘણા ભારે હતા ને એને ઘણા અંતરે લઈ જવા પડયા હતા. વળી સ્તંભને ભૂમિમાં સ્થાપવા માટે મોટી પથ્થરની બેસણી તૈયાર કરી, સ્તંભને ઊભો કરી એ બેસણીમાં ગોઠવવામાંય કેટલી મહેનત પડતી હશે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શૈલગૃહો**—અશોકના સમયના ઈંટેરી વિહાર મોજૂદ રહ્યા નથી. પરંતુ સાધુઓના નિવાસ માટે શૈલ(ડુંગર)માં કંડારેલી ગુહાઓ(ગુફાઓ)ના નમૂના મળ્યા છે. ગયાની ઉત્તરે લગભગ પંદર માઈલ પર બરાબર નામે પર્વત આવેલો છે. અશોકના સમયમાં એ પર્વત 'ખલતિક' નામે ઓળખાતો હતો. આગળ જતાં એનું 'ગોરથગિરિ' નામ પડયું. પછી છઠ્ઠી-સાતમી સદીમાં વળી એ 'પ્રવરગિરિ' નામે ઓળખાયો. એનું વર્તમાન નામ 'બરાબર' આ 'પ્રવર' નામ પરથી વ્યુત્પન્ન થયું છે. આ પર્વતમાં ચાર ગુફાઓ કંડારેલી છે. એ ગુફાઓ અશોકના સમયની છે. અશોકે એ ગુફાઓ આજીવિકો માટે કંડારાવી આપેલી, એના એમાંની ત્રણ ગુફાઓમાં લેખ કોતરેલા છે.

એમાંની પહેલી ગુફા એ સમયે નિગ્રોધ (વડ) ગુહા તરીકે ઓળખાતી; હાલ એ કર્ણ-ચૌપર તરીકે ઓળખાય છે. આ ગુફામાં એક સાદો લંબચોરસ ખંડ છે. એ ૩૩ ફૂટ ૬ ઇંચ લાંબો અને ૧૪ ફૂટ પહોળો છે ને એની દીવાલો લગભગ ૬ ફૂટ ઊંચી છે; એની છત સપાટ નહિ પણ અર્ધનળાકાર છે. એનો વચલો ભાગ દીવાલોની ટોચ કરતાં ૪ ફૂટ ૮ ઇંચ ઊંચો છે.

બીજી ગુફા સુદામા ગુફા તરીકે ઓળખાય છે (આકૃતિ ૧૪). એમાં એક લંબચોરસ ખંડ છે, જે ૧૯ ફૂટ ૬ ઇંચ પહોળો અને ૩૨ ફૂટ ૯ ઇંચ લાંબો છે. આ ગુફા પાછળનો ડુંગરનો ભાગ વહેલની પીઠના આકારનો હોઈ એનું પ્રવેશદ્વાર આગલી ટૂંકી બાજુને બદલે બાજુ પરની લાંબી બાજુમાં કરવું પડયું છે. આ ખંડની દીવાલો ૬ ફૂટ ૯ ઇંચ ઊંચી છે; એની પરની અર્ધનળાકાર છતનો વચલો ભાગ એના કરતાં ૫ ફૂટ ૬ ઇંચ ઊંચો છે. આ લંબચોરસ ખંડને પાછલે છેડે એક અલગ વૃત્તાકાર ખંડ કંડારેલો છે. એનો વ્યાસ ૧૯ ફૂટ લાંબો છે ને એના પરની ગોળાર્ધ ઘાટની ઘૂમટાકાર છતનો વચલો ભાગ ૧૨ ફૂટ ૩ ઇંચ જેટલો ઊંચો છે. ગોળ પર્ણકુટીની આ સ્પષ્ટતઃ શિલામય પ્રતિકૃતિ છે. એની અંદરની દીવાલોમાં ઊભાં પાટિયાં કે વાંસનું અનુકરણ દર્શાવ્યું છે તેમ જ એના પ્રવેશદ્વારમાં દ્વારશાખાઓ કાટખૂણે નહિ પણ સહેજ અંદરની બાજુએ ઢળતી રાખેલી છે. એની સપાટીના લગભગ દરેક ભાગને વજ્રલેપ વડે ઓપ આપવામાં આવ્યો છે.

ત્રીજી ગુફા લોમશ ઋષિને નામે ઓળખાય છે. એમાં અશોકનો અભિલેખ નથી. પરંતુ એમાં છઠ્ઠી સદીમાં (અર્થાત્ અશોકના પછીની નવમી સદીમાં) થયેલા મૌખરિ વંશના રાજા અનંતવર્માનો અભિલેખ કોતરેલો છે. છતાં એની વાસ્તુશૈલી તથા વજ્રલેપના લક્ષણ પરથી આ ગુફા મૌર્યકાલીન હોવાનું સ્પષ્ટ થાય છે. શૈલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખામી જણાતાં મૂળ રચના પડતી મૂકવામાં આવી હતી. સુદામા ગૃફાની જેમ આ ગુફામાં પણ એક લંબચોરસ ખંડ અને એક વૃત્તાકાર ખંડ આવેલો છે, પરંતુ એમાં વૃત્તાકાર ખંડ બહાર અલગ કાઢેલો છે (આકૃતિ ૧૫). વળી એનું પ્રવેશદ્વાર ઘણું અલંકૃત અને દર્શનીય છે (આકૃતિ ૧૬). એમાં સલાટે સુથારી કૃતિની દરેક વિગતમાં આબેહૂબ નકલ કરી છે. મોખરે ૧૩--૧૩ ફૂટ ઊંચી બે ઊભી શિલાઓ છે, જે સહેજ અંદરની બાજુએ ઢળતી છે. એની ટોચ પર બે મુખ્ય પાટડા ટકવેલા છે; બાકીના બધા મોભ એ બે પાટડાને સમાંતર ગોઠવેલાં છે. એ પાટડાઓ પર ત્રણ ચંદ્રાકાર પાટિયાંનું બનેલું વૃત્ત છાવણ છે. એ પાટિયાંના નીચલા છેડાઓને વૃત્તાકાર ખીલાઓ વડે પકડમાં રાખેલા છે. પ્રવેશદ્વાર લગભગ ૯$\frac{3}{4}$ ફૂટ ઊંચું છે ને એને અંદર ઊંડું કોચેલું છે. એના આગલા ભાગ પર અર્ધ-વૃત્તાકાર કમાન છે ને એના પર બે ચંદ્રાકાર જાળીઓ કાઢેલી છે, જેમાં થઈ અંદર પ્રકાશ આવે છે. નીચલી જાળીમાં ગજથર કોતરેલો છે, જ્યારે ઉપલી જાળીમાં જાળીદાર વસ્ત્રની ભાત કાઢેલી છે. આ બંને પ્રકારનાં રેખાંકન લાકડા પરના જાળીદાર નકશીકામની નકલરૂપે છે. નીચલી જાળીમાં વચ્ચે વચ્ચે સ્તૂપ ઘાટના ઊભા ટેકા રાખેલા છે ને એની બે બાજુએ ઉત્તમ રીતે કંડારેલા ગજ જાણે એ સ્તૂપ આગળ વંદના કરતા હોય તેવી ઢબે કોતરાયા છે. કમાનદાર મુખભાગની ટોચ પર માટીના પકવેલા અગ્રભાગ જેવો અગ્રભાગ કાઢેલો છે. આ ગુફાનું આ મનોહર પ્રવેશદ્વાર, ભરહુતની શિલ્પશૈલીને મળતી શૈલીમાં કંડારાયું હોઈ, મૌર્યકાલ પછીના શુંગકાલ દરમ્યાન ઘડાયું લાગે છે.

ચોથી ગુફા, જે વિશ્વ ઝોપડી કે વિશ્વામિત્ર ગુફા તરીકે ઓળખાય છે, તેમાં પણ બે ખંડ કાઢેલા છે. પરંતુ એમાં બહારનો ખંડ ખંડ કરતાં વરંડા જેવો છે. બંને ખંડ થોડા અધૂરા છે. આ ગુફામાં અશોકનો અભિલેખ કોતરેલો છે.

બરાબર ડુંગરની બાજુમાં આવેલા નાગાર્જુની ડુંગરમાં પણ ત્રણ ગુફાઓ કંડારેલી છે. એમાં અશોકના વંશજ દશરથના અભિલેખ કોતરેલા છે. એ પરથી આ ગુફાઓ અશોકના સમય પછી થોડા વખતમાં થઈ લાગે છે.

ગયાની પૂર્વે ૨૫ માઈલ અને રાજગૃહની દક્ષિણે ૧૩ માઈલ પર સીતામઢી નામે એક ગુફા આવેલી છે. એ અર્ધનળાકાર છતવાળા લંબચોરસ ખંડરૂપે છે.

આમ શૈલ-ઉત્કીર્ણ સ્થાપત્યમાં પણ અશોકનું પ્રદાન પ્રાચીનતમ નમૂના તરીકે નોંધપાત્ર છે.

**નહેરો**—મૌર્ય રાજ્યમાં સિંચાઈ માટે નહેરોની અને એને લગતી વ્યવસ્થાની સારી જોગવાઈ રહેલી હતી. અશોકના સમયમાં કરેલી નહેરોની જોગવાઈનો એક દાખલો રાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાક્ષત્રપ રુદ્રદામાના જૂનાગઢ શૈલલેખમાંથી જાણવા મળે છે.[1] આ લેખ અશોકના ચૌદ ધર્મલેખવાળા શૈલ પર કોતરાયો છે. એમાં જણાવ્યા મુજબ સુરાષ્ટ્ર(સૌરાષ્ટ્ર)ના વડા મથક ગિરિનગર (જૂનાગઢ પાસે) પાસે, ગિરિ ઊર્જયત(ગિરનાર)માંથી નીકળતી સુવર્ણસિકતા (સોનરેખ) પલાશિની વગેરે નદીઓના પ્રવાહની આડે સેતુ (બંધ) બાંધીને સુદર્શન નામે જળાશય કરવામાં આવ્યું હતું. આ જળાશય મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રિય (રાજ્યપાલ) વૈશ્ય પુષ્યગુપ્તે કરાવ્યું હતું. અશોક મૌર્યના સમયમાં રાષ્ટ્રિય યવનરાજ તુષાસ્ફે તેમાંથી નહેરો કઢાવી. આગળ જતાં ચારસોએક વર્ષ પછી અતિવૃષ્ટિને લઈને નદીઓમાં આવેલા ભારે પૂરને લઈને સુદર્શનના સેતુમાં મોટું ગાબડું પડયું ને જળાશય ખાલીખમ થઈ ગયું ત્યારે તે સમયના રાજ્યપાલ સુવિશાખે પૌરજનો તથા જાનપદ જનોના અનુગ્રહ અર્થે સેતુ સમરાવીને એને વધુ સુદર્શન બનાવ્યું. આ ઉલ્લેખ પરથી આ જળાશય પૌરજનો (નગરના જનો) ઉપરાંત જાનપદજનો(જનપદના જનો)ને પણ કેટલું ઉપયોગી હતું એની પ્રતીતિ થાય છે. ચંદ્રગુપ્તના સમયમાં આ જળાશય માત્ર નગરજનોનું રમણીય વિહારસ્થાન હશે, જ્યારે અશોકના સમયમાં એ આસપાસના વિશાળ જનપદના સંખ્યાબંધ કૃષિકારોને નહેરો વાટે સિંચાઈ માટેનું પાણી પૂરું પાડનારું ઉપયોગી જળાશય નીવડયું હશે.

આમ અશોકે લૌકિક તથા ધાર્મિક સ્થાપત્યના ક્ષેત્રમાં પરંપરાગત પ્રદાનો કરતા રહીને તેમ જ શિલા-સ્થાપત્યમાં તથા શિલા-શિલ્પના ક્ષેત્રમાં કેટલાંક નવાં પ્રદાનો કરીને ભારતીય પ્રાચીન સ્થાપત્યમાં કેટલોક ગણનાપાત્ર ફાળો આપ્યો.

---

૧. ગિ.વ. આચાર્ય, 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભાગ ૧, લેખ નં. ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૮. અશોકના ઉત્તરાધિકારીઓ

મૌર્ય વંશમાં અશોક પછી કયા અને કેટલા રાજા થયા એ નક્કી કરવું મુશ્કેલ છે. એમાંય અશોકનો રાજ્યવારસો કોને મળેલો તે બાબતમાં તેમ જ ત્યારે એના રાજ્યના ભાગલા પડેલા કે કેમ તે બાબતમાં મતમતાંતર પ્રવર્તે છે. મૌર્ય સામ્રાજ્યની પડતી સાથે આ બાબત સંકળાયેલી હોઈ, અશોકના ઉત્તરાધિકારીઓની ચર્ચા અહીં જરૂરી બને છે, જેથી એની પડતીના એ એક સંભવિત કારણમાં અશોકની કંઈ જવાબદારી રહેલી હતી કે કેમ એ વિચારી શકાય.

અશોકના અભિલેખોમાં 'પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો', તોસલીમાં નિમાયેલ 'કુમાર', ઉજ્જયિનીમાં નિમાયેલ 'કુમાર', તક્ષશિલામાં નિમાયેલ 'કુમાર', સુવર્ણગિરિમાં નિમાયેલ 'આર્યપુત્ર' અને દ્વિતીય દેવી (રાણી) કારૂવાકીના તીવર નામે પુત્રનો ઉલ્લેખ આવે છે.

બરાબર ડુંગરની બાજુમાં આવેલા નાગાર્જુની ડુંગરની ગુફાઓમાં 'દેવોના પ્રિય દશરથ'ના નામના ત્રણ લેખ કોતરેલા છે, જે દેવોનો પ્રિય 'પ્રિયદર્શી રાજા' અશોકના ગુફાલેખો સાથે સામ્ય ધરાવે છે.

વંશો, ખાસ કરીને રાજવંશો, એ પુરાણોનું એક મુખ્ય લક્ષણ છે. પાંચ મહા-પુરાણોમાં કલિયુગના ભાવી રાજવંશો તરીકે જે કેટલાક રાજવંશ ગણાવાયા છે તેમાં નંદવંશ પછી મૌર્યવંશ ગણાવવામાં આવ્યો છે. આ વંશાવળીની વિગતો જુદાં જુદાં પુરાણોમાં આ પ્રમાણે આપી છે:

(૧) મત્સ્યપુરાણ
(૨૭૨, ૨૩–૨૬)

૧. ચંદ્રગુપ્ત[1]
૨. અશોક — ૩૬ વર્ષ
|
પુત્ર
|

(૨) વાયુપુરાણ
(૯૯, ૩૩૧–૩૩૬)

૧. ચંદ્રગુપ્ત — ૨૪ વર્ષ
૨. ભદ્રસાર — ૨૫ વર્ષ
૩. અશોક — ૩૬ વર્ષ
|

---

૧. આ નામ મત્સ્યપુરાણની અમુક પ્રતોમાં જ છે. ચંદ્રગુપ્તના રાજ્યકાલ અને બિંદુસારને લગતી પંક્તિઓ હાલ બધી પ્રતોમાં ખૂટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. સુયશા (?)[૧] — ૧૦ વર્ષ
કે
દશોન (?) — ૭ (?) વર્ષ[૨]
૪. દશરથ — ૮ વર્ષ
૫. સંપ્રતિ — ૯ વર્ષ
૬. શતધન્વા — ૬ વર્ષ[૩]
૭. બૃહદ્રથ — ૭૦(૭) વર્ષ

૧૦ રાજા — ૧૩૭ વર્ષ

૪. કુશાલ — ૮ વર્ષ
૫. બંધુપાલિત — ૮ વર્ષ
૬. ઈન્દ્રપાલિત — ૧૦ વર્ષ
૭. દેવવર્મા — ૭ વર્ષ
૮. શતધર — ૮ વર્ષ
૯. બૃહદ્રથ — ૭ વર્ષ

૯ રાજા — ૧૩૭ વર્ષ

(૩) બ્રહ્માંડપુરાણ
(૩, ૭૪, ૧૪૪–૧૪૯)

૧. ચંદ્રગુપ્ત — ૨૪ વર્ષ
૨. ભદ્રસાર — ૨૫ વર્ષ
૩. અશોક — ૩૬ વર્ષ
૪. કુશાલ — ૮ વર્ષ
૫. બંધુપાલિત — ૮ વર્ષ
૬. ઈન્દ્રપાલિત — ૧૦ વર્ષ
૭. દેવવર્મા — ૭ વર્ષ
૮. શતધન્વા — ૮ વર્ષ
૯. બૃહદ્રથ — ૭ વર્ષ

૯ રાજા — ૧૩૭ વર્ષ

(૪) વિષ્ણુપુરાણ
(૪, ૨૪, ૭–૮)

૧. ચંદ્રગુપ્ત
૨. બિંદુસાર
૩. અશોકવર્ધન
૪. સુયશા
૫. દશરથ
૬. સંગત
૭. શાલિશૂક
૮. સોમશર્મા
૯. શતધન્વા
૧૦. બૃહદ્રથ

૧૦ રાજા — ૧૩૭ વર્ષ

---

૧–૨. સામાન્યતઃ સપ્તાનાં દશ વર્ષાણિ પાઠ છે. પાર્જિટર સપ્તાનાં ને બદલે સુયશા સૂચવે છે; અને વાયુપુરાણની પ્રતમાંના દશોનઃ સપ્ત વર્ષાણિ તરફ ધ્યાન ખેંચે છે.

૩. શતધન્વા અને બૃહદ્રથને લગતો શ્લોક પ્રતોમાં અશોકને લગતી પંક્તિની પહેલાં મુકાયો છે, પરંતુ પાર્જિટર સૂચવે છે તેમ તે શ્લોકને સંપ્રતિને લગતી પંક્તિ પછી મૂકવો જોઈએ. છતાં તેની પહેલાં એક શ્લોક ખૂટે છે, જેમાં સંપ્રતિ અને શતધન્વા વચ્ચેના બે રાજાઓની વિગત હોવી જોઈએ.

બે ખૂટતા શ્લોક ઉમેરાય તો જ રાજાઓની કુલ સંખ્યાનો મેળ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૫) ભાગવતપુરાણ**
**(૧૨, ૧, ૧૩-૧૬)**

૧. ચંદ્રગુપ્ત
૨. વારિસાર
૩. અશોકવર્ધન
૪. સુયશા
૫. સંગત
૬. શાલિશૂક
૭. સોમશર્મા
૮. શતધન્વા
૯. બૃહદ્રથ

૧૦ રાજા[૧] — ૧૩૭ વર્ષ

**(૬) વાયુપુરાણ e પ્રત[૨]**

| | | |
|---|---|---|
| ૧. ચંદ્રગુપ્ત | — | ૨૪ વર્ષ |
| ૨. નંદસાર | — | ૨૫ વર્ષ |
| ૩. અશોક | — | ૩૬ વર્ષ |
| ૪. કુલાલ | — | ૮ વર્ષ |
| ૫. બંધુપાલિત | — | ૮ વર્ષ |
| પુત્ર | | |
| ૬. દશોન | — | ૭ વર્ષ |
| ૭. દશરથ | — | ૮ વર્ષ |
| ૮. સંપ્રતિ | — | ૯ વર્ષ |
| ૯. શાલિશૂક | — | ૧૩ વર્ષ |
| ૧૦. દેવધર્મા | — | ૭ વર્ષ |
| ૧૧. શતધન્વા | — | ૮ વર્ષ |
| ૧૨. બૃહદ્રથ | — | ૮૭ (૭) વર્ષ |

૯ રાજા — ૧૩૭ વર્ષ

**(૭) ભવિષ્યોત્તર પુરાણ[૩]**

| | | |
|---|---|---|
| ૧. ચંદ્રગુપ્ત | — | ૩૪ વર્ષ |
| ૨. નંદસાર | — | ૨૮ વર્ષ |
| ૩. અશોક | — | ૩૬ વર્ષ |
| ૪. કુનાલ | — | ૮ વર્ષ |

---

૧. વંશાવળીમાં વિષ્ણુપુરાણની જેમ સુયશા અને સંગતની વચ્ચે દશરથનું નામ ઉમેરવું જોઈએ. અથવા અહીં રાજાઓની સંખ્યા ૧૦ને બદલે ૯ કહેવી જોઈએ.

૨. Pargiter, *The Purāṇ Text of the Dynasties of the Kali Age*, pp. 28 ff.

૩. D. R. Mankad, *Puranic Chronology* p. 99.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૫. | બંધુપાલિત | — ૮ | વર્ષ |
| ૬. | દશોન | — ૭૦ (૭) | વર્ષ |
| ૭. | દશરથ | — ૮ | વર્ષ |
| ૮. | સંપ્રતિ | — ૮ | વર્ષ |
| ૯. | શાતિશૂક | — ૧૩ | વર્ષ |
| ૧૦. | દેવધર્મા | — ૭ | વર્ષ |
| ૧૧. | શતધન્વા | — ૮ | વર્ષ |
| ૧૨. | બૃહદ્રથ | — ૮૭ (૭) | વર્ષ. |

આ વંશાવળીઓનો તુલના કરતાં એટલું નિશ્ચિત થાય છે કે મૌર્ય વંશમાં કુલ ૯ કે ૧૦ રાજા થયા ને તેઓએ એકંદરે ૧૩૭ વર્ષ રાજ્ય કર્યું, એમાં પહેલા ત્રણ રાજા ચંદ્રગુપ્ત, બિંદુસાર અને અશોક થયા ને તેઓએ ૨૪+૨૫+૩૬=૮૫ વર્ષ રાજ્ય કર્યું.

છેલ્લા બે રાજા શતધન્વા અને બૃહદ્રથ થયા ને તેઓએ ૮+૭=૧૫ વર્ષ રાજ્ય કર્યું તે પણ નિશ્ચિત છે. શતધન્વાના પુરોગામીનું નામ કેટલાંક પુરાણોમાં દેવવર્મા (કે દેવધર્મા) અને કેટલાંક પુરાણોમાં સોમશર્મા જણાવ્યું છે ને તેણે ૭ વર્ષ રાજ્ય કર્યું. આમ છેલ્લા ત્રણ રાજાઓએ એકંદરે ૭+૮+૭=૨૨ વર્ષ રાજ્ય કર્યું.

મૌર્ય વંશનાં કુલ ૧૩૭ વર્ષમાંથી પહેલા ત્રણ રાજાઓનાં ૮૫ વર્ષ અને છેલ્લા ત્રણ રાજાઓનાં ૨૨ વર્ષ બાદ કરતાં ૩૦ વર્ષ બાકી રહે. એ વચ્ચેના રાજાઓનો રાજ્યકાલ ગણાય.

પરંતુ એ રાજાઓની સંખ્યા, તેઓનાં નામ અને તેઓના ક્રમ વિશે પુરાણોમાં ઘણો ફેર જોવામાં આવે છે. અશોક પછી એનો પુત્ર કુનાલ ગાદીએ આવ્યો ને એણે ૮ વર્ષ રાજ્ય કર્યું એવું વાયુ--બ્રહ્માંડ પુરાણો પરથી માલૂમ પડે છે. વિષ્ણુ--ભાગવત એને બદલે 'સુયશા' નામ આપે છે, તે કુનાલનું બીજું નામ હોઈ શકે.

વિષ્ણુ--ભાગવત પુરાણોનું 'સંગત' એ છેલ્લાં બે પુરાણોમાં જણાવેલા 'સંપ્રતિ' નામનું અપભ્રષ્ટ રૂપ જણાય છે. ભાગવતપુરાણમાં સુયશા અને સોમશર્માની વચ્ચે જણાવેલ સંગત અને શાલિશૂક તે છેલ્લાં બે પુરાણોમાં દેવધર્માની પહેલાં જણાવેલા સંપ્રતિ અને શાલિશૂક છે ને તેઓએ વાયુપુરાણ e પ્રત પ્રમાણે ૯+૧૩=૨૨ વર્ષ રાજ્ય કરેલું. આ રીતે કુનાલ--સુયશાનાં ૮, સંપ્રતિનાં ૯ અને શાલિશૂકનાં ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ ગણતાં કુલ ૩૦ વર્ષનો મેળ મળી રહે છે. આ અનુસાર મૌર્ય રાજાઓની વંશાવળી આ પ્રમાણે ગોઠવાય :—

૧. ચંદ્રગુપ્ત —૨૪ વર્ષ
|
૨. બિંદુસાર —૨૫ વર્ષ
|
૩. અશોક —૩૬ વર્ષ
|
૪. કુનાલ — ૮ વર્ષ
—સુયશા
|
૫. સંપ્રતિ — ૯ વર્ષ
—સંગત
૬. શાલિશૂક —૧૩ વર્ષ
|
૭. દેવવર્મા — ૭ વર્ષ
—સોમશર્મા
|
૮. શતધન્વા — ૮ વર્ષ
|
૯. બૃહદ્રથ — ૭ વર્ષ

૯ રાજા —૧૩૭ વર્ષ

આ વંશાવળીના રાજાઓનાં નામ અને ક્રમ ભાગવતપુરાણમાં મળે છે. એ પુરાણ રાજાઓના રાજ્યકાલનાં વર્ષની સંખ્યા આપતું ન હોઈ એ સંખ્યા અન્ય પુરાણોમાંથી લેવામાં આવી છે.

આમાં જણાવેલા અશોકના ઉત્તરાધિકારીઓ પૈકી ઘણાનો ઉલ્લેખ પુરાણો ઉપરાંત અન્યત્ર પણ મળે છે. સંપ્રતિનો ઉલ્લેખ બૌદ્ધ 'દિવ્યાવદાન'માં અશોકના પુત્ર તથા ઉત્તરાધિકારી તરીકે આવે છે. જૈન લેખકોમાં હેમચન્દ્ર તથા જિનપ્રભસૂરિ પણ તેનો ઉલ્લેખ કરે છે. 'અશોકાવદાન'માં તો તેનાં સુંદર નેત્રોને લઈને અપરમાતા તિષ્યરક્ષા તેના પર મોહિત થયાનું, અશોકે તક્ષશિલાનો બળવો શમાવવા કુનાલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં મોકલ્યાનું ને પોતાના પ્રણયની નિષ્ફળતાથી દાઝે બળતી તિષ્યરક્ષાએ અશોકના નામે કુનાલને અંધ કરાવ્યાનું જણાવ્યું છે.[૧] આ અનુશ્રુતિ ઘણે અંશે કપોલકલ્પિત હોવા સંભવે છે. જૈન અનુશ્રુતિમાં તો અંધ કુનાલના પુત્ર સંપ્રતિને અશોકનો સીધો ઉત્તરાધિકારી જણાવ્યો છે, જ્યારે ઘણાં પુરાણોમાં કુનાલે ૮ વર્ષ રાજ્ય કર્યાનું જણાવ્યું છે. આથી એના અંધત્વની વાતમાં કંઈ ઐતિહાસિક તથ્ય[૨] રહેલું હોય તો કુનાલે ધૃતરાષ્ટ્રની જેમ ઔપચારિક રીતે રાજસત્તા ધરાવી હોય;[3] પ્રાયઃ સગીર પુત્ર સંપ્રતિના વાલી તરીકે એટલાં વર્ષ રાજ્યનાં સૂત્ર ધારણ કર્યાં હોય. એણે 'સુયશા' એવું અપર-નામ રાજ્યારોહણ સમયે ધારણ કર્યું હશે. 'દિવ્યાવદાન'માં એને 'ધર્મવિવર્ધન' કહ્યો છે.

સંપ્રતિ કુનાલનો પુત્ર અને અશોકનો પૌત્ર હતો, એવું બૌદ્ધ તથા જૈન સાહિત્યમાં સ્પષ્ટ જણાવ્યું છે. સુહસ્તીના ઉપદેશથી એણે જૈન ધર્મ અંગીકાર કર્યો ને તે જૈન ધર્મનો પરમ પ્રભાવક બન્યો. એણે ત્રિખંડ ભરતક્ષેત્રને જિનાયતનોથી વિભૂષિત કર્યું. એ પાટલિપુત્રથી ઉજ્જયિની સુધી રાજસત્તા ધરાવતો.

શાલિશૂકનો ઉલ્લેખ 'ગાર્ગીસંહિતા' નામે જ્યોતિષગ્રંથમાં પણ આવે છે. તેમાં એને દુષ્ટ કલહકારી અને જુલમી તેમ જ ધર્મની વાતો કરવા છતાં અધાર્મિક કહ્યો છે.

પછીના બે રાજાઓ વિશે અન્ય ઉલ્લેખ મળતા નથી. પરંતુ છેલ્લા રાજા બૃહદ્રથ વિશે બાણભટ્ટના 'હર્ષચરિત'માં પણ ઉલ્લેખ છે. પુરાણોમાં બૃહદ્રથને ઉથલાવી પાડી સેનાની પુષ્યમિત્રે શુંગવંશનું રાજ્ય સ્થાપ્યાનું જણાવ્યું છે; બાણભટ્ટ સેનાપતિ પુષ્યમિત્રે રાજા બૃહદ્રથનું નિકંદન કેવી રીતે કાઢયું તે જણાવે છે.

આમ પુરાણોમાં જણાવેલા અશોકના આ છ ઉત્તરાધિકારીઓ પૈકી ચાર વિશે અન્ય કૃતિઓમાંથી સમર્થન મળે છે. પુરાણોમાં આપેલી ભિન્ન ભિન્ન વિગતોમાંથી ઉપર પ્રમાણે નામો પસંદ કરતાં નવ રાજાઓની સંખ્યા તેમ જ ૧૩૭ વર્ષનો મેળ પણ મળી રહે છે.

---

૧. Thapar, *op. cit.*, p. 52.

૨. કુનાલ બૌદ્ધ ધર્મથી વિમુખ થતાં બૌદ્ધ ભિક્ષુઓએ એને આધ્યાત્મિક દૃષ્ટિએ 'અંધ' કહ્યો હશે એવું થાપર ધારે છે (પૃ. ૧૮૬). પરંતુ એને બૌદ્ધ દિવ્યાવદાને 'ધર્મવિવર્ધન' કહ્યો છે.

3. *PHAI*, p. 351.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ અશોકના ઉત્તરાધિકારીઓનો પ્રશ્ન આટલો સરળ નથી. ઉપર જણાવેલા છ ઉત્તરાધિકારીઓ ઉપરાંત બીજા અનેક ઉત્તરાધિકારીઓનો સંભવ વિચારવાનો રહે છે.

પુરાણોમાં આપેલી વંશાવળીઓમાં દશોન અને દશરથ, બંધુપાલિત અને ઇન્દ્રપાલિત એ ચાર નામ પણ કેટલીક જગ્યાએ આપેલાં છે. આ પૈકી દશરથ નામે રાજાના ગુફા-લેખ મળેલા છે. આથી એની ઐતિહાસિકતા નિશ્ચિત છે. પરંતુ અશોક સાથેનો એનો સંબંધ નક્કી કરવો મુશ્કેલ છે. સામાન્ય રીતે એને અશોકનો પૌત્ર અને સીધો ઉત્તરાધિકારી માનવામાં આવ્યો છે. એના ગુફાલેખોમાં 'दषलथेन देवानं पियेन आनंतलियं अभिषितेन' આવે છે.[1] એનો અર્થ 'દેવોના પ્રિયે (અશોકે) તરત જ અભિષિક્ત કરેલા દશરથે' એવોય સૂચવાયો છે,[2] પરંતુ એનો ખરો અર્થ 'તરત જ અભિષિક્ત કરાયેલા દેવોના પ્રિય દશરથે' હોવાનું લગભગ સહુ વિદ્વાનો સ્વીકારે છે.[3] અભિલેખોનું લખાણ, લિપિ, વિષય અને સ્થાન પરથી દશરથનો રાજ્યકાલ અશોકના રાજ્યકાલની નજીકનો હોવાનું સૂચિત થાય છે. પરંતુ એ પરથી એ બે રાજાઓ વચ્ચેનો ચોક્કસ સંબંધ નક્કી કરી શકાય નહિ.

પુરાણોમાં દશરથને અશોકનો પૌત્ર કહેલો હોવાનું માની લેવામાં આવ્યું છે, પરંતુ પુરાણોની વિગત નવેસર તપાસ માગી લે છે. વાયુ--બ્રહ્માંડ પુરાણોમાં દશરથનો ઉલ્લેખ નથી. મત્સ્યપુરાણમાં આપેલી વંશાવળી અશુદ્ધ છે. એમાં શ્લો. ૨૪માં અશોકનો અને શ્લો. ૨૫માં દશરથનો ઉલ્લેખ આવે છે. ને એ બેની વચ્ચે 'તેનો પૌત્ર' આવે છે એ ખરું, પરંતુ અશોકના પૌત્રની વિગત સુયશા કે દશોનને લાગુ પડે છે, જ્યારે દશરથને તો તેનો અર્થાત્ અશોકના પૌત્રનો પુત્ર કહેલો છે. આ રીતે દશરથ અશોકનો પૌત્ર નહિ પણ પ્રપૌત્ર ગણાય ને એ અશોકનો નહિ પણ અશોકના પૌત્રનો સીધો ઉત્તરાધિકારી ગણાય. વિષ્ણુપુરાણમાં સુયશા અને સંગતની વચ્ચે દશરથનું નામ આપેલું છે એ પરથી દશરથને સુયશાનો પુત્ર અને અશોકનો પૌત્ર માનવાનું મન થાય, પરંતુ સુયશા એ કુનાલ અને સંગત એ સંપ્રતિ હોય તો દશરથને સુયશા(કુનાલ)નો પુત્ર અને સંગત(સંપ્રતિ)નો પિતા માનવો અસ્થાને છે. આથી ભાગવતપુરાણમાં સુયશા અને સંગતની વચ્ચે દશરથનું નામ લુપ્ત કરેલું છે તે બરાબર લાગે છે. વાયુપુરાણની e પ્રતમાં તો દશરથને અશોકના પૌત્ર બંધુપાલિતનોય પ્રપૌત્ર કહ્યો છે. ભવિષ્યોત્તરપુરાણમાં પણ રાજાઓનો

---

૧. Sircar, *Select Inscriptions*, pp. 79 f.

૨—૩. Thapar, *op. cit.*, p. 187.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમ અશોક, કુનાલ, બંધુપાલિત, દશોન અને દશરથ એવો જ આપ્યો છે. અર્થાત્ એ બંને પુરાણોમાં દશરથને અશોકનો ચોથો ઉત્તરાધિકારી જણાવ્યો છે! બંધુપાલિત અને દશરથ એક હોવાનું સૂચવાયું છે.[૧] બંનેનો રાજ્યકાલ સરખો જણાવેલો છે, પરંતુ અશોકના પુત્ર કુનાલ અને ઉત્તરાધિકારી સુયશા એક જ હોય, તો તેની અને દેવવર્માની વચ્ચે પૌરાણિક વંશાવળીઓમાં જુદી જુદી ત્રણ જોડીઓ જણાવી હોવાનું માલૂમ પડે છે:-

| | | |
|---|---|---|
| સંપ્રતિ — ૯ વર્ષ | બંધુપાલિત — ૮ વર્ષ | દશોન — ૭ વર્ષ |
| શાલિશૂક — ૧૩ વર્ષ | ઇન્દ્રપાલિત — ૧૦ વર્ષ | દશરથ — ૮ વર્ષ |

આ ત્રણ જોડીઓનો રાજ્યકાલ જુદો જુદો આવે છે. એમાં સંપ્રતિ-શાલિશૂકનો રાજ્યકાલ, ૯+૧૩=૨૨ વર્ષ, મૌર્ય વંશના ૧૩૭ વર્ષના કુલ રાજ્યકાલ સાથે બરાબર બંધ બેસે છે, જ્યારે બંધુપાલિત-ઇન્દ્રપાલિતનાં ૮+૧૦=૧૮ વર્ષ તેમજ દશોન-દશરથનાં ૭+૮=૧૫ વર્ષ જરૂરી વર્ષ કરતાં ઓછાં પડે છે. વાયુ--બ્રહ્માંડમાં બીજી જોડી, મત્સ્યમાં ત્રીજી જોડી અને વિષ્ણુ-ભાગવતમાં પહેલી જોડી જણાવી છે, જ્યારે વિષ્ણુપુરાણમાં સંગત-શાલિશૂક ઉપરાંત દશરથનું નામ, પ્રાય: મત્સ્યપુરાણમાંથી, ઉમેરાયું છે ને વાયુપુરાણની e પ્રતમાં તેમ જ ભવિષ્યોત્તરપુરાણમાં તો બંધુપાલિત, દશોન-દશરથ અને સંપ્રતિ-શાલિશૂક એવી અઢી જોડીઓનું સંયોજન કરવામાં આવ્યું છે. સમકાલીન સમાંતર પેઢીઓને સીધી પૂર્વાપર પેઢીઓ તરીકે ગણાવવાનો ગોટાળો પુરાણોમાં અનેક સ્થળોએ જોવા મળે છે.[૨] મૌર્ય વંશાવળીનાં ત્રણ રૂપાંતરોના પૃથક્કરણ પરથી માલૂમ પડે છે કે એ વંશની મુખ્ય શાખામાં અશોક પછી ક્રમશ: કુનાલ, સંપ્રતિ અને શાલિશૂક રાજા થયેલા, જ્યારે બંધુપાલિત-ઇન્દ્રપાલિત અને દશોન--દશરથ એ સંપ્રતિ-શાલિશૂકના સમયમાં મૌર્ય વંશની અન્ય શાખાઓમાં થયા હોવા જોઈએ.[૩] રાજ્યકાલનો વિગતભેદ જોતાં બંધુપાલિત-દશોન એ સંપ્રતિનાં તથા ઇન્દ્રપાલિત-દશરથ એ શાલિશૂકનાં બીજાં નામ હોવાં સંભવતાં નથી.

અશોકના મૃત્યુ પછી એના રાજ્યના પૂર્વ પ્રદેશ એના પૌત્ર દશરથને અને પશ્ચિમ પ્રદેશ બીજા પૌત્ર સંપ્રતિને મળ્યા હોવાનું સ્મિથે સૂચવેલું[૪] પરંતુ એને

---

૧. *PHAI*, p. 351.

૨. જેમ કે પ્રદ્યોત અને શિશુનાગ વંશના નિરૂપણમાં.

૩. હરિપ્રસાદ શાસ્ત્રી, 'પુરાણોમાં આપેલી મૌર્ય વંશની સાલવારી', ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦મું સંમેલન, હેવાલ, પૃ. ૨૫૫--૨૬૧.

૪. 'હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ', પૃ. ૨૫૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલે કુનાલ પછી મૌર્ય રાજ્ય સંપ્રતિ, બંધુપાલિત અને દશોન વચ્ચે વહેંચાયું હોવા સંભવે છે. સંપ્રતિનું રાજ્ય પાટલિપુત્રથી ઉજ્જન સુધી વિસ્તર્યું હોવાનું જૈન અનુશ્રુતિ જણાવે છે, જ્યારે દશોનનો પુત્ર દશરથ એના અભિલેખોના સ્થાન પરથી દક્ષિણ મગધમાં સત્તા ધરાવતો હોવાનું માલૂમ પડે છે.

મૌર્ય સામ્રાજ્યના કેટલાક દૂરના પ્રાંત અશોકના પુત્રો કે પૌત્રોના સમયમાં સ્વતંત્ર થયા જણાય છે. 'રાજતરંગિણી'માં કલ્હણ કાશ્મીરમાં અશોકનો પુત્ર જલૌક રાજા થયો હોવાનું જણાવે છે; એ પરમ શૈવ હતો ને એણે મ્લેચ્છોને હાંકી કાઢી કનોજ સુધી સત્તા પ્રસારી. 'જલૌક' એ 'કુનાલ'નું કુષાણ નામોની અસર નીચે થયેલું અપભ્રષ્ટ રૂપાંતર હોવાનું સૂચવાયું છે.[૧]

તિબેટી ઇતિહાસકાર તારાનાથ અશોક પછી એનો પૌત્ર વિગતાશોક અને એના પછી વીરસેન રાજા થયા હોવાનું જણાવે છે.[૨] વીરસેન ગંધારમાં રાજ્ય કરતો. વિગતાશોકને અંધ કુનાલનો પુત્ર કહ્યો છે એ પરથી એ સંપ્રતિ અથવા એનો ભાઈ હોઈ શકે. સીરિયાના મહાન અંતિયોક સાથે ભારતના રાજા સુભાગસેનને સંધિ થઈ હોવાનું ગ્રીક લેખક પોલીબિયસ જણાવે છે.[૩] વીરસેન એ સુભાગસેનનો પુરોગામી હોવાનું સૂચવાયું છે.[૪] પરંતુ તિબેટી અનુશ્રુતિ સાથે એનો મેળ મળતો નથી, કેમ કે તેમાં વીરસેનના વંશજોમાં એવું નામ આવતું નથી.[૫]

અશોકના અભિલેખોમાં એના તીવર નામે પુત્રનો ઉલ્લેખ આવે છે, જ્યારે તેને વિશે સાહિત્યમાં કંઈ માહિતી મળતી નથી. મૌર્ય રાજાઓની વંશાવળીઓમાં પણ એ નામ આવતું નથી. આથી એને ભાગ્યે જ રાજપદનો વારસો મળ્યો હશે. અશોકનો પુત્ર મહેન્દ્ર તો દીક્ષા લઈ ભિક્ષુ થયો હોવાનું જાણવા મળે છે.

---

૧. Thapar, *op. cit.*, p. 189.

૨–૩. *Ibid.*, p. 184.

૪. *Cambridge History of India*, Vol. I, P. 512.

૫. વીરસેન પછી નંદ, મહાપદ્મ, અને ચંદ્રપાલ ગણાવે છે. પછી બંગાળામાં હરિચંદ્રથી માંડીને નેમચંદ્ર સુધીના ૮ રાજા જણાવે છે. આ વંશનો અંત પુષ્યમિત્રે આણ્યો. પછી ખૂબ આગળ જતાં વળી ચંદ્રગુપ્ત, બિંદુસાર, શ્રીચંદ્ર અને ધર્મચંદ્ર ગણાવે છે! ધર્મચંદ્ર માત્ર પૂર્વમાં રાજ્ય કરતો (Thapar, *op. cit.*, p. 191).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ હાલ તો અશોકનો ઉત્તરાધિકાર એના પુત્ર કુનાલને પ્રાપ્ત થયો હોવાનું અને કુનાલ પછી મૌર્ય રાજ્યના ભાગલા પડયા હોવાનું માલૂમ પડે છે. 'અશોકાવદાન'માં વળી અશોક અને સંપ્રતિ પછી બૃહસ્પતિ, વૃષસેન અને પુષ્યધર્મા નામે ત્રણ રાજા જણાવ્યા છે. એમાંનો પુષ્યધર્મા એ વાયુપુરાણની e પ્રતમાં તથા ભવિષ્યોત્તરપુરાણમાં જણાવેલો દેવધર્મા (અર્થાત્ અન્ય પુરાણોનો દેવવર્મા કે સોમશર્મા) હોઈ શકે. અથવા સંપ્રતિ પછી શાલિશૂકની જેમ બૃહસ્પતિની અલગ શાખા પડી હોય. ગમે તેમ, અશોકની નહિ પણ એના પુત્ર કુનાલની (અને સંભવત: કુનાલના પુત્ર સંપ્રતિની) પછી મૌર્ય સામ્રાજ્યના, પ્રાય: ત્રણચાર, ભાગ પડયા હોવા સંભવે છે.

એમાં મૌર્ય વંશની મુખ્ય શાખામાં અશોક પછી છ રાજા થયા હોવાનું ને તેઓએ એકંદરે પર વર્ષ રાજ્ય કર્યું હોવાનું માલૂમ પડે છે. પહેલા ત્રણ રાજાઓએ કુલ ૮૫ વર્ષ રાજ્ય કરેલું એની સરખામણીએ પછીના આ છ રાજાઓનો રાજ્યકાલ ઘણો ઓછો ગણાય.[૧]

---

૧. એમાં લાંબામાં લાંબો વ્યક્તિગત રાજ્યકાલ ૧૩ વર્ષનો છે. આ છ રાજાઓનો સરેરાશ રાજ્યકાલ ૮$\frac{૨}{૩}$ વર્ષનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૯. અશોક અને મૌર્ય સામ્રાજ્યની પડતી

અશોકના ઉત્તરાધિકારીઓના રાજ્યકાલ દરમ્યાન મૌર્ય સામ્રાજ્યની રાજકીય અને લશ્કરી સ્થિતિ કેવી રહી એ વિશે પૂરતી માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ 'ગાર્ગી સંહિતા'માંના 'યુગપુરાણ' ખંડમાં એક અગત્યનો ઉલ્લેખ આવે છે. તેમાં જણાવ્યા મુજબ શાલિશૂકના રાજ્યકાલ પછી યવનો (ગ્રીકો) સાકેત (અયોધ્યા), પંચાલ અને મથુરા પર આક્રમણ કરી છેક પાટલિપુત્ર પહોંચી ગયા ને એ અશાંતિની ખબર ફેલાતાં સર્વ પ્રદેશો વ્યાકુલ થઈ ગયા.[1] મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્તે સિકંદરે જીતેલા ભારતીય પ્રદેશોમાંથી વિદેશી શાસન દૂર કરવામાં સક્રિય ભાગ ભજવેલો ને સીરિયાના ગ્રીક રાજા 'વિજેતા' સેલુકના આક્રમણને ફાવવા દીધેલું નહિ ને એ ગ્રીક સામ્રાજ્ય સાથે મૈત્રીભર્યો સંબંધ રાખેલો. બિંદુસાર અને અશોકના સમયમાં પણ ત્યાંના ગ્રીક રાજાઓએ ભારત સાથે મૈત્રીભર્યો સંબંધ ચાલુ રાખેલો. પરંતુ અશોકના મૃત્યુ બાદ ત્રીસેક વર્ષના ટૂંકા ગાળામાં ગ્રીકોએ ભારત પર આક્રમણ કરી છેક પૂર્વ ભારતમાં આવેલા મૌર્ય પાટનગર પાટલિપુત્ર સુધી વિજયકૂચ કરી એ હકીકત એ સમયના મૌર્ય સમ્રાટની તથા તેના સૈન્યની કમતાકાત દર્શાવે છે. એ પછી વીસેક વર્ષે છેલ્લા રાજા બૃહદ્રથને તેના સેનાપતિ પુષ્યમિત્રે સૈન્ય-નિરીક્ષણના બહાને પીસી નાખ્યો એ ઘટના[2] એ મૌર્ય રાજાની 'પ્રજ્ઞાદુર્બલતા' ઉપરાંત અલોકપ્રિયતાનીય દ્યોતક ગણાય. ગમે તેમ, અશોકના મૃત્યુ બાદ થોડા જ દાયકાઓમાં મૌર્ય સામ્રાજ્યની પડતી થતી ગઈ એ સ્પષ્ટ છે. બૃહદ્રથની કપટયુક્ત હત્યાને સેનાપતિની અંગત સિદ્ધિ અને એક છૂટક ઘટના ગણીએ તોપણ યવન આક્રમણનો સામનો કરવામાં મૌર્ય સામ્રાજ્ય તદ્દન નિર્બળ નીવડયું એ હકીકત એની ઘટેલી તાકાતનો સબળ પુરાવો ગણાય.

કેટલાક ઇતિહાસકારો મૌર્ય સામ્રાજ્યની આ પડતી અંગે અશોકને જવાબદાર માને છે.

---

૧. *PHAI*, p. 354.,

૨. हर्षचरित, ઉચ્છ્વાસ ६.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દા.ત., મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રી અશોકે દાખવેલા બૌદ્ધ ધર્મ તરફના પક્ષપાત તથા બ્રાહ્મણ ધર્મ તરફના અન્યાયને લઈને બ્રાહ્મણોએ દાખવેલા પ્રત્યાઘાતને મૌર્ય સામ્રાજ્યની પડતીનું મુખ્ય કારણ ગણાવે છે. પરંતુ બ્રાહ્મણોને અશોકે અન્યાય કરેલો એવું માનવાને તેઓ જે કારણો દર્શાવે છે તે ભાગ્યે જ સ્વીકાર્ય ગણાય તેવાં છે. આ ચર્ચાના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે:

અશોકે યજ્ઞ માટે થતી પશુહિંસાની મનાઈ કરી તેથી તે પ્રકારના યજ્ઞ નિષિદ્ધ બન્યા એ ખરું, પરંતુ તે મનાઈ પાછળ અશોકનો હેતુ સાંપ્રદાયિક દ્વેષનો નહિ પણ જીવદયાનો રહેલો હતો ને પશુહિંસાનો એ પ્રકારનો વિરોધ ઉપનિષદો જેવા એ સંપ્રદાયના પોતાના સાહિત્યમાંય વ્યક્ત થતો રહેતો.[૧]

અશોક શૂદ્ર વર્ણનો હોવાથી એની એ મનાઈ બ્રાહ્મણોને વધારે કઠે એવી દલીલ કરવામાં આવી છે, પરંતુ મૌર્યો શૂદ્ર વર્ણના હતા એ માન્યતા ઐતિહાસિક દૃષ્ટિએ યથાર્થ લાગતી નથી.[૨] રાધાકુમુદ મુકરજીએ બતાવ્યું છે કે ચંદ્રગુપ્ત 'હીનકુલ' અર્થાત્ હીન કુલનો નહિ પણ 'કુલહીન' અર્થાત્ પ્રસિદ્ધ કુલ વિનાનો હતો.[૩] બિંદુસાર તથા અશોક પોતાને ક્ષત્રિય ગણાવતા એવું 'દિવ્યાવદાન'માં દર્શાવ્યું છે.[૪]

અશોકના ગૌણ શૈલલેખ નં. ૧ માં આવતા य इमाय कालाय जंबुदिपसि अमिसा देवा हुसु ते दानि [मिसा] कटा।[૫] એ વાક્યમાં मिसाનો અર્થ मृषा (મિથ્યા) લઈને અહીં 'આ સમયે જંબુદ્વીપમાં જે અ-મિથ્યા દેવો ગણાતા તે (બ્રાહ્મણો)ને હવે મિથ્યા ગણાતા કરી દીધા છે.' એવો ભાવાર્થ ઘટાવવામાં આવેલો. પરંતુ मृषा માટે તો અશોકના અભિલેખમાં मुसा રૂપ પ્રયોજાયું છે,[૬] मिसा નહિ. વળી मिसा कटाને માટે કેટલીક પ્રતોમાં मिसीभूता (मिश्रीभूताः) રૂપ વપરાયું છે એ પરથી પણ मिसा कटा અર્થ मिश्राः कृताः (અને નહિ કે मृषा कृताः) હોવાનું સ્પષ્ટ થાય છે.[૭] આથી આ વાક્યનો ખરો ભાવાર્થ તો એ છે કે જંબુદ્વીપ-

૧. *PHAI*, p. 355.
૨. *Ibid.*, pp. 355 f.
૩. *The Age of Imperial Unity*, p. 55.
૪. *PHAI*, p. 356.
૫. રૂપનાથ શૈલલેખ, પંક્તિ ૨.
૬. કલકત્તા-બૈરાટ ફલકલેખ, પંક્તિ ૬.
૭. *PHAI*, p. 357.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં જે માણસો દેવો સાથે ભળેલા નહોતા તેઓને હવે દેવો સાથે ભળતા કરવામાં આવ્યા છે અર્થાત્ ધર્મના માર્ગે વળી તેઓ દેવલોકના અધિકારી બને તેવું કરવામાં આવ્યું છે.[1]

ધર્મ-મહામાત્રોની નિમણૂકને બ્રાહ્મણોના અધિકારો પર તરાપ મારતી ઘટાવી છે. પરંતુ ધર્મ-મહામાત્રોને તો સર્વ પ્રદેશોના સર્વ વર્ગો તથા સર્વ સંપ્રદાયોના માણસોમાં ધર્મનું અધિષ્ઠાન થાય, ધર્મની વૃદ્ધિ થાય ને તેઓનું હિત-સુખ થાય તેનું ધ્યાન રાખવાનું હતું.[2] આ સર્વ કર્તવ્ય બ્રાહ્મણોના અધિકારક્ષેત્રનાં નહોતાં. વળી ધર્મ-મહામાત્ર બ્રાહ્મણેતરોમાંથી જ નિમાતા એવું નથી.[3]

અશોકે વ્યવહાર-સમતા અને દંડ-સમતા માટે રજ્જુકોને આગ્રહ કર્યો[4] તેમાં બ્રાહ્મણોને દેહાંતદંડમાંથી મુક્તિ જેવા જે વિશિષ્ટ અધિકાર રહેલા હતા તેનો લોપ થતો હતો એવું સૂચવાયું છે. પરંતુ અશોકના આ લેખમાં મુખ્ય સૂર તો રજ્જુકોને એ બાબતમાં અપાતી પૂર્ણ સત્તાનો અને એથી જુદા જુદા રજ્જુકો વચ્ચે એકસરખું ધોરણ રાખવાનો છે. વળી મધ્યકાલની જેમ પ્રાચીન કાલમાંય બ્રાહ્મણો દેહાંતદંડથી મુક્ત રહેતા એમ માનવું યથાર્થ નથી.[5]

ખરી રીતે અશોક તો શ્રમણોની જેમ બ્રાહ્મણોને માન તથા દાન આપવાની તેમ જ તેઓના તરફ સદ્વર્તાવ રાખવાની વારે વારે ભલામણ કરે છે.[6] ને બ્રાહ્મણોના હિતસુખ માટેય કાળજી રાખે છે.[7]

હરપ્રસાદ શાસ્ત્રી છેક એવું સૂચવે છે કે પ્રબળ સત્તા ધરાવતા અશોકનું મૃત્યુ થતાં બ્રાહ્મણોએ એના ઉત્તરાધિકારીઓ સામે બળવો કર્યો ને એની પરાકાષ્ઠારૂપે બ્રાહ્મણ પુષ્યમિત્રે મૌર્ય બૃહદ્રથની હત્યા કરી પોતાનો વંશ સ્થાપ્યો. પરંતુ અશોકના ઉત્તરાધિકારીઓ અને બ્રાહ્મણો વચ્ચે સંઘર્ષ થયાનો બીજો કોઈ દાખલો કયાં મળે છે? અશોકના પુત્ર જલૌકને તો બ્રાહ્મણો સાથે સારાસારી હતી એવું કલ્હણ જણાવે છે.

---

૧. અશોકચરિત, પૃ. ૧૨૩.
૨. શૈલલેખ નં. ૫.
૩. *PHAI*, p. 358.
૪. સ્તંભલેખ નં. ૪.
૫. *PHAI*, pp. 259 f.
૬. શૈલલેખ નં. ૩, ૪, ૮, ૧૧; સ્તંભલેખ નં. ૭.
૭. શૈલલેખ નં. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હર્ષચરિત'માં બાણ 'અનાર્ય' (અસભ્ય) વિશેષણ સેનાપતિ પુષ્યમિત્ર માટે પ્રયોજે છે, રાજા બૃહદ્રથ માટે નહિ. કલ્હણ પણ અશોકની પ્રશંસા કરે છે. આમ આવા બ્રાહ્મણ કવિઓ પણ અશોક તથા એના ઉત્તરાધિકારીઓ વિશે સાંપ્રદાયિક સિતમની છાપ ધરાવતા નથી.[૧] વળી પુષ્યમિત્રે બૃહદ્રથની હત્યા કરી પોતાની સત્તા સ્થાપી તેની પાછળ બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ધર્મસંપ્રદાયો વચ્ચેના સંઘર્ષે મુખ્ય ભાગ ભજવેલો એવું માનવાને કોઈ સબળ પુરાવા નથી. એમ તો પુષ્યમિત્ર શુંગના વંશના છેલ્લા રાજાની સત્તા પણ બ્રાહ્મણ અમાત્ય વસુદેવે ઉથલાવી પાડેલી. એથી એને શું બ્રાહ્મણોનો વિપ્લવ ગણાશે?[૨] પુષ્યમિત્ર શુંગે અશ્વમેધ કરેલો એ પરથી પશુયજ્ઞ પાછા પ્રચલિત થયા હોવાનું માલૂમ પડે છે, પરંતુ એ પરથી પુષ્યમિત્રે બ્રાહ્મણધર્મના પુનરુત્થાન માટે બૃહદ્રથની હત્યા કર્યાનું માની લેવાય નહિ. શુંગ રાજાઓના રાજ્યકાલ દરમ્યાન પણ બૌદ્ધ સ્તૂપની આસપાસ તોરણ, વેદિકા ઇત્યાદિ બાંધકામ થતાં.[૩] આથી અશોકે બ્રાહ્મણોને નારાજ કરેલા તેથી મૌર્ય સામ્રાજ્યની પડતી થઈ ને બ્રાહ્મણ વર્ણના શુંગ વંશની સત્તા એના પ્રત્યાઘાતરૂપે સ્થપાઈ એમ માનવું અસ્થાને છે.

અશોકના પશુયજ્ઞ-નિષેધથી ધર્મચુસ્ત બ્રાહ્મણ નારાજ થયા હશે ને પુષ્યમિત્ર શુંગના સમયમાં પશુયજ્ઞની પૂર્ણ છૂટ થતાં પ્રસન્ન થયા હશે. પરંતુ તેઓની આ નારાજી-રાજીએ મૌર્ય વંશની પડતી અને શુંગવંશની સ્થાપનામાં ભાગ્યે જ સીધો ભાગ ભજવ્યો હશે.

કેટલાક ઇતિહાસકારો અશોકની અહિંસા-નીતિને મૌર્ય રાજ્યની પડતી માટે જવાબદાર ગણે છે.[૪]

કલિંગના યુદ્ધમાં થયેલી ભારે ખુવારીથી અશોકને ભારે સંતાપ તથા પશ્ચાત્તાપ થયેલો, ત્યારથી તે યુદ્ધવિજય તજી ધર્મવિજયને માર્ગે વળ્યો ને તેણે પોતાના

---

૧. *PHAI*, p. 360.

૨. *The Age of Imperial Unity*, p. 91.

૩. ભરહુતનો સ્તંભલેખ (*Select Inscriptions*, pp. 89 f.)

૪. દા.ત., 'વિજયનું સ્થાન ધર્મવિજયને આપવાના, આ નીતિ-પરિવર્તનની અસરો આધ્યાત્મિક રીતે જ્વલંત હોવા છતાં રાજકીય રીતે વિઘાતક હતી....અશોકના નવા દૃષ્ટિકોણે કેન્દ્રિત રાષ્ટ્રીય રાજ્ય અને જગદ્વ્યાપી સામ્રાજ્ય માટેની ભારતીય એષણાનો મૃત્યુઘંટ વગાડ્યો.' (Bhandarkar, *As'oka*, pp. 258 f.; *PHAI* pp. 347 f.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રપૌત્રાદિને પણ તેમ કરવા ભલામણ કરી. વળી વિજયની અંદર પણ ક્ષાન્તિ (ક્ષમા) અને લઘુદંડતા (હળવી સજા)ની ઉદાર નીતિ અપનાવવા અનુરોધ કર્યો.[1] ધર્મિષ્ઠ અશોકના રાજ્યમાં હવે ભેરીઘોષ થતો તે ધર્મઘોષ તરીકે જ,[2] યુદ્ધઘોષ તરીકે નહિ. અશોકે મૃગયાને તિલાંજલિ આપી તેથી પણ રાજા વગેરેની લડાયક વૃત્તિ મોળી પડે. અશોકની આ નવી નીતિને લઈને મૌર્ય સમ્રાટોમાં વિજિગીષાની વૃત્તિ મોળી પડતાં તેઓના સૈનિકોનો લશ્કરી જુસ્સો મોળો પડે અને સામ્રાજ્યની લશ્કરી તાકાત ઘટે એ સ્વાભાવિક છે.

છતાં અશોકે પોતાની રાજનીતિમાં હિંસાને અને યુદ્ધને સમૂળી તિલાંજલિ આપી દીધી નહોતી. કલિંગયુદ્ધને લગતા શૈલલેખમાં એ સ્પષ્ટ કરે છે કે દેવોના પ્રિય જેટલું માફ કરી શકાય તેવું હશે તેટલું માફ કરશે. દેવોના પ્રિયના રાજ્યમાં જે અટવિ છે તેના તરફ અનુનય કરે છે ને કરશે, છતાં અનુતાપ(પશ્ચાત્તાપ)માં પણ તેઓને દેવોના પ્રિયનો પ્રભાવ કહેવામાં આવે છે, જેથી તેઓ ગભરાતા રહે ને તોફાન ન કરે. કલિંગના યુદ્ધથી ધર્મિષ્ઠ માણસોને પોતાના સ્વજનોની ખુવારીથી જે દુઃખ થયું હોય તે અંગે અશોકને અપાર સંતાપ અને પશ્ચાત્તાપ થયો ને તેણે ધર્મવિજયને જ મુખ્ય વિજય માન્યો, છતાં એણે તે ભાવનાથી દોરાઈને કલિંગ પરનું પોતાનું શાસન ઉઠાવી લીધું નહોતું.

પોતાના ઉત્તરાધિકારીઓને એ નવો વિજય મેળવવા જેવો ન માનવા જણાવે છે ત્યારે પણ એ પોતે સામેથી પહેલ કરી યુદ્ધ કરવા જવું નહિ પણ સામા પક્ષ તરફથી પરાણે આવી પડે ત્યારે યુદ્ધ કરવું ને તેમાં ક્ષાંતિ અને લઘુદંડતાની ઉદાર નીતિ રાખવી એવું કહેવા માગે છે.[3]

એવી રીતે કેદીઓની બાબતમાં ધર્મ-મહામાત્રોને[4] તથા રજ્જુકોને[5] એ જે સૂચનાઓ આપે છે તેમાં પણ એ તેઓને મુક્તિ મેળવવા માટેનો અવકાશ વધારવાની સાથે સાથે ખાસ કરીને તેઓને પારત્રિક પાથેય બાંધવાની તક આપવા ભલામણ કરે છે. એણે ચક્ષુદાન તથા પ્રાણદાન સુધીના અનુગ્રહ કરેલા. છતાં એણે

---

૧. શૈલલેખ નં. ૧૩.
૨. શૈલલેખ નં. ૪.
૩. શૈલલેખ નં. ૧૩.
૪. શૈલલેખ નં. ૫.
૫. સ્તંભલેખ નં. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારેય દેહાંતદંડની પ્રથા નાબૂદ કરી નહોતી કે દેહાંતદંડની સજા પામેલા સર્વ કેદીઓને મુક્તિ આપવાની નીતિ અપનાવી નહોતી.

અશોકે રાજનીતિમાં અહિંસાને પ્રાધાન્ય આપ્યું હોવા છતાં તેના રાજ્યકાલ દરમ્યાન મૌર્ય સામ્રાજ્યની સત્તા કે શક્તિમાં કંઈ હ્રાસ થયો જાણવા મળ્યો નથી. એનો પૌત્ર સંપ્રતિ અહિંસાપ્રધાન જૈન ધર્મનો પરમ અનુયાયી હોવા છતાં એણે પાટલિપુત્રથી અવંતિ સુધીના ત્રિખંડ ભરતક્ષેત્ર ઉપર શાસન કર્યું હતું.

અશોક બૌદ્ધ સંઘને છૂટે હાથે દાન આપતો તેથી તેનો રાજકોશ ખાલી થઈ જતાં મૌર્ય સામ્રાજ્ય નબળું પડયું એવુંય ધારવામાં આવ્યું છે, પરંતુ એનો આધાર યુવરાજ સંપ્રતિને લગતી બૌદ્ધ દંતકથા પર રહેલો છે.[૧]

શાલિશૂકના રાજ્યકાલ પછી મૌર્ય સામ્રાજ્ય યવન આક્રમણનો સામનો કરવામાં નિષ્ફળ નીવડયું એમાં શાલિશૂકના જુલમીપણાને લઈને થયેલી રાજાની અ-લોકપ્રિયતા તથા તેના ઉત્તરાધિકારીની નિર્બળતા પણ કારણભૂત હોઈ શકે. છેલ્લા રાજા બૃહદ્રથના સમયમાં વિપુલ સૈન્યની હિલચાલ નજરે પડે છે. એટલું જ નહિ, સેનાપતિની તાકાતનો પણ પરચો મળે છે. રાજા બૃહદ્રથ સૈન્યના નિરીક્ષણના બહાને સેનાપતિ પુષ્યમિત્રે રચેલા છળકપટનો ભોગ બન્યો તેમાંય તેની ‘પ્રજ્ઞાદુર્બલતા’ને જવાબદાર ગણી છે, તેની શારીરિક કે રાજકીય દુર્બલતાને નહિ.

મૌર્ય વંશ પછી સત્તારૂઢ થયેલા શુંગવંશની સત્તા ૧૧૨ વર્ષ અને એ પછીના કાણ્વાયન વંશની સત્તા ૪૫ વર્ષ જ ટકી. એ દૃષ્ટિએ જોતાં આટલું મોટું સામ્રાજ્ય મગધની કેન્દ્રીય સત્તા નીચે લગભગ એક સૈકા જેટલો લાંબો વખત સાબૂત રહે તે પણ એક મોટી સિદ્ધિ ગણાય. અશોકના મૃત્યુ પછી એ સત્તા પચાસેક વર્ષમાં અસ્ત પામી તેને માટે બીજાં અનેક કારણોય હોવાનું માલૂમ પડે છે. આથી મૌર્ય સામ્રાજ્યની પડતી માટે અશોકની અહિંસા-નીતિનો મુખ્ય હિસ્સો રહેલો હોવાનું માનવું અસ્થાને છે.

અલબત્ત રાજનીતિમાં અહિંસા અને શાંતિની નીતિ અપનાવવામાં આવે તો તે લશ્કરી જુસ્સાની દૃષ્ટિએ વિજિગીષાને તથા સૈન્યશક્તિને મોળી પાડે ને સૈન્યશક્તિનો હ્રાસ થતાં સામ્રાજ્યની તાકાત ઘટે એ ઘણે અંશે સંભવિત છે. પરંતુ અશોકના સમયમાં મૌર્ય સામ્રાજ્યનો હ્રાસ થયો જણાતો નથી ને એના ઉત્તરાધિકારીઓએ યુદ્ધની બાબતમાં અશોકની અહિંસા-નીતિનું અનુપાલન કરેલું હોવાનો કોઈ ઉલ્લેખ મળતો નથી એ પણ આ વિચારણાની અંદર લક્ષમાં રાખવું ઘટે.

---

૧. Barua, *op. cit.*, pp. 60 f.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂરના પ્રાંતોમાં અધિકારીઓના જુલમી વહીવટને લઈને વારંવાર પ્રજાનો વિદ્રોહ થતો, કુનાલના રાજ્યકાલ પછી મૌર્ય સામ્રાજ્યના ભાગલા પડયા અને રાજા શાલિશૂક જુલમી નીવડયો વગેરે કેટલાંક આંતરિક કારણોને લઈને મૌર્ય સામ્રાજ્યની શક્તિનો હ્રાસ થતો ગયો હશે. તેમાં યવનોનું પ્રબળ આક્રમણ થયું ને મૌર્ય સેના તેનો સફળ સામનો કરી શકી નહિ. છતાં થોડા વખતમાં યવનોની સત્તા ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં સીમિત થઈ ને મગધમાં મૌર્ય શાસન જારી રહ્યું, પરંતુ બૃહદ્રથના સમયમાં વિદિશા અને વિદર્ભ સ્વતંત્ર થયાં ને સેનાપતિ પુષ્યમિત્રે છળકપટથી રાજાનો વધ કર્યો.[1] આમ મૌર્ય સામ્રાજ્યની પડતી માટે અશોકની નીતિ કરતાં વધુ જવાબદાર લાગે તેવાં બીજાં અનેક કારણ રહેલાં જણાય છે.

---

૧. *Age of Imperial Unity*, pp. 91 f.; *PHAI* pp. 363 ff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૧૦. ઇતિહાસમાં અશોકનું સ્થાન

અશોક ભારતનો એક મહાન રાજવી હતો એ નિ:શંક છે. પરંતુ એની ધર્મિષ્ઠ તમન્ના મૌર્ય સામ્રાજ્યની રાજકીય સિદ્ધિને પ્રતિકૂળ નીવડી હોય, તો એને સફળ રાજવી ન ગણાવાય એવી ફરિયાદ રહે છે.

આથી ઇતિહાસકારોએ અશોકને જગતની અનેકવિધ નામાંકિત વ્યક્તિઓ સાથે સરખાવ્યો છે.

પ્રો. હ્રાઇસ ડેવિડ્સે અશોકે કરેલો બૌદ્ધ ધર્મનો સ્વીકાર અને બૌદ્ધ સંઘને એણે આપેલું પ્રોત્સાહન ભારતમાંથી ધર્મસંપ્રદાયને દેશવટો દેવા રૂપે, એની પડતીના પહેલા પગથિયારૂપ હતાં એમ માનીને અશોકને રોમના મહાન સમ્રાટ કૉન્સ્ટન્ટાઇન સાથે સરખાવ્યો છે,[૧] કેમ કે ખ્રિસ્તી ધર્મમાં થયેલી આધ્યાત્મિક અવનતિ એણે એ ધર્મસંપ્રદાય પર કરેલા ઉપકારોને લીધે લઈ હોવાનું જણાય છે. પરંતુ ભારતમાં બૌદ્ધ ધર્મની પડતી તો અશોકના સમય પછી કેટલાક શતકો બાદ શરૂ થઈ ને ભારતમાં થયેલો તેનો ઘણો લોપ તો અશોકના સમય પછી પૂરી એક સહસ્રાબ્દી બાદ થવા લાગેલો. અશોકે બૌદ્ધ સંઘને અનુચિત ભેટો આપેલી એ માન્યતા તો સિલોનની દંતકથાઓ પરથી ઘડાયેલી છે, જેમાંની ઘણી વિગતો અશ્રાદ્ધેય નીવડી છે.

કેટલાક એવું માને છે કે કૉન્સ્ટન્ટાઇનની જેમ અશોકે પણ રાજકીય હેતુઓ સિદ્ધ કરવા ધર્મપ્રચારને પ્રોત્સાહન આપેલું.[૨] પરંતુ કૉન્સ્ટન્ટાઇને તો અભ્યુદય પામતા ખ્રિસ્તી ધર્મનું ઉપરીપણું હેતુપુર:સર અને ગણતરીપૂર્વક અપનાવ્યું હતું, ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓને સલામતી આપી હતી ને યજ્ઞાદિ પુરાણી પ્રથાઓની મનાઈ ધાર્મિક નહિ પણ રાજકીય હેતુઓથી ફરમાવી હતી, જ્યારે અશોકે તો અનુયાયીઓની બહુમતી ધરાવતા કુલપરંપરાગત ધર્મને સ્થાને રાજકીય વર્ચસ

---

૧. *Buddhism*, p. 222.

૨. Rhys Davids, *Buddhist India*, pp. 297 f.; Rapson, *Ancient India*, p. 104; Thapar, *op. cit.*, p. 145.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ ધરાવતો બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો ને પશુહિંસાનો નિષેધ જીવદયાની દૃષ્ટિએ કર્યો હતો. કૉન્સ્ટન્ટાઈનનાં છેવટનાં વર્ષોમાં તેનો ધર્મ શંભુમેળા જેવો વિચિત્ર બની ગયો હતો, જ્યારે અશોક તો આખર સુધી અંગત રીતે બૌદ્ધ ધર્મને અને સાર્વજનિક દૃષ્ટિએ માનવ ધર્મને વળગી રહ્યો હતો.[1]

કેટલાકે અશોકને રોમના સમ્રાટ માર્કસ ઑરેલિયસ ઍન્ટોનિયસ(ઈ.સ. ૭૨૧--૮૧૦)ની સાથે સરખાવ્યો છે.[2] એ રોમન સમ્રાટ અંગત જીવનની બાબતમાં અશોકનો બરોબરિયો હતો ને બુદ્ધિવિકાસની બાબતમાં તો અશોકને પણ ટપી તેવો હતો. પરંતુ ઉચ્ચ આદર્શોના આચરણમાં એ રોમન સાર્વભૌમત્વ તરફ પક્ષપાત ધરાવતો અને ખ્રિસ્તીઓ પર સિતમ ગુજારતો,[3] જ્યારે અશોક સર્વ ધર્મો તરફ સદ્‌ભાવ ધરાવવાના આદર્શનું પૂર્ણ પરિપાલન કરતો ને પોતાની આદર્શ ધર્મ-ભાવનાના પ્રસાર માટે અવિરત જહેમત ઉઠાવતો.

કોઈ વળી અશોકને ઇંગ્લૅન્ડના મહાન રાજા આલ્ફ્રેડ કે શાર્લમૅનની સાથે અથવા અરબોના પહેલા ખલીફ઼ ઉમરની સાથે સરખાવે છે.[4] પરંતુ તેઓ તો મહાન યોદ્ધા હતા કે મહાન શાસક હતા. જગતના ઇતિહાસમાં એવા તો બીજાય અનેક રાજવીઓ ગણાવી શકાય એમ છે. શાર્લમૅને સૅકસનોને જીતીને તેમને પોતાના ખ્રિસ્તી સંપ્રદાયમાં ભેળવ્યા ને એ નવા ધર્મસંપ્રદાય દ્વારા તેઓને પોતાના રાજકીય વર્ચસ નીચે સ્થિર કર્યા.[5] અશોકે બૌદ્ધ ધર્મનો પ્રસાર એવા હેતુથી કર્યો ને એ પ્રસાર દ્વારા પોતાનું રાજકીય સાર્વભૌમત્વ જમાવ્યું એમ માનવું[6] અસ્થાને છે. અશોકની મહત્તા તો મુખ્યત્વે એણે મનુષ્યજાતિનું ઐહિક તેમ જ પારલૌકિક હિતસુખ સાધવા માટે જે સન્નિષ્ઠ અને સક્રિય પુરુષાર્થ કર્યો તેને આભારી છે.

સર્વધર્મસદ્‌ભાવ તથા સર્વધર્મસારદોહનની બાબતમાં અશોકને મુગલ શહેનશાહ અકબરની સાથે સરખાવવામાં આવ્યો છે.[7] અકબરે સર્વ સંપ્રદાયોના સિદ્ધાંતોથી વાકેફ થઈ 'દીન-ઇ-ઇલાહી' નામે વિશ્વધર્મ સ્થાપવા કોશિશ કરી હતી,

---

૧. 'અશોકચરિત', પૃ. ૨૦૭–૨૦૮; સ્મિથકૃત 'હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ', પૃ. ૨૪૯-૫૦.

૨. Macphail,, *As'oka*, p. 80.; *C. H. I.* Vol., I p. 509.

૩. અશોકચરિત પૃ. ૨૦૮-૨૦૯

૪. Macphail, *As'oka*, pp. 80 ff.

૫–૬. Thapar, *op. cit.*, p. 145.

૭. *Encyclopaedia of Religion and Ethics*, Vol. II, p. 127.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ પ્રતિકૂળ સંયોગોમાં એ સર્વ ધર્મચર્ચા બંધ કરી દેતો ને વખત આવ્યે ખ્રિસ્તીઓ તથા ઇલાહીઓ તરફ અસહિષ્ણુતા દાખવતો.[1]

યુરોપના ઇતિહાસકારોની દૃષ્ટિએ સિકંદર, સીઝર અને નેપોલિયન જગતના સહુથી મોટા સમ્રાટ ગણાય છે, પરંતુ તેઓની મહત્તા યોદ્ધાઓ તથા શાસકો તરીકેની છે. 'ઇતિહાસમાં આટલાં બધાં પાનાંનો ઇજારો રાખનારા આ ત્રણેનું માનવજાતિને કયું કાયમી પ્રદાન થયું છે ?'[2] સિકંદરની સત્તા વધતી ગઈ તેમ તેમ તેની સાથે ઉદ્ધતાઈ અને ક્રૂરતા પણ વધતી ગઈ. સીઝરનું કહેવાતું દ્રષ્ટાપણું પોકળ હતું. તે ભોગવિલાસમાં પરાયણ રહેતો. વળી એણે રોમનોના વ્યકિતસ્વાતંત્ર્યને ઝૂંટવી લઈ તેઓને ગુલામી પ્રજામાં ફેરવવાની પ્રક્રિયા શરૂ કરેલી.[3] નેપોલિયનના સમયમાં જાગતિક પ્રજાસત્તાક તથા કાયમી જગત-શાંતિની તમન્ના અનેકાનેક લોકોના મનમાં ઊગતી હતી, પરંતુ એનામાં દૃષ્ટિનું ઊંડાણ અને સર્જ-નાત્મક કલ્પનાની શકિત હતી નહિ, નહિ તો એણે પોતાને ઇતિહાસનો સાક્ષાત્ સૂર્ય બનાવે તેવું માનવજાતિ માટે કાર્ય કર્યું હોત. એ તો ઉકરડાના ઢગલાની ઉપર નાનો કૂકડો નાચે તેમ તકના મોટા ડુંગર પર માત્ર પા પા પગલી જ ભરી શક્યો.[4]

અશોકને મિસરના ફિલસૂફ-રાજા ઇખનેતોન સાથે સરખાવવામાં આવ્યો છે. ઇખનેતોન એકેશ્વરવાદી વિશ્વધર્મનો હિમાયતી હતો ને પોતે એ ધર્મને પોતાના રાજ્યમાં પ્રચલિત કરવા પ્રયત્નશીલ રહેલો. પરંતુ અશોકે તો સર્વ પ્રચલિત ધર્મોની ઉપેક્ષા કે અવજ્ઞા કર્યા વિના સર્વ ધર્મોને પ્રોત્સાહન આપવાની તથા સર્વ ધર્મના સારરૂપ સામાન્ય ધર્મતત્ત્વોનો પ્રસાર કરવાની નીતિ અપનાવી હતી. પરિણામે, અશોક એ ધર્મનો સાર્વત્રિક પ્રસાર કરવામાં ધાર્યા પ્રમાણમાં સફળ ન નીવડયો હોય તોપણ બૌદ્ધ, બ્રાહ્મણ, આજીવિક, નિર્ગ્રન્થ વગેરે પ્રચલિત ધર્મ-સંપ્રદાયોને પ્રોત્સાહન આપતો તેથી તે સંપ્રદાયોનો હ્રાસ નહિ પણ અભ્યુદય થયો હશે એ સ્પષ્ટ છે. ઇખનેતોન અને અકબરની જેમ એણે કોઈ નવો ધર્મસંપ્રદાય પ્રવર્તાવવાનો ક્રાંતિકારી યત્ન કર્યો નહોતો, પણ પ્રચલિત ધર્મોનાં તત્ત્વોને વધુ ઉદાત્ત અને સક્રિય બનાવવાનો પુરુષાર્થ આદર્યો હતો.

---

૧. 'અશોકચરિત', પૃ. ૨૧૧.

૨. H. G. Wells, *The Strand Magazine*, Sept. 1922, pp 216 ff.

૩. *Encyclopaedia Britannica* (14th ed.), Vol. IV, p. 525.

૪. H. G. Wells, *Outline of History*, p. 490.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી રીતે અશોકને એવી કોઈ વ્યકિત સાથે સરખાવવા જઈએ તો એ સરખામણી અમુક અમુક દૃષ્ટિએ જ બંધ બેસે તેમ છે ને એ રીતે એ સરખામણી આંશિક જ નીવડે. આથી અશોકના ચરિતનું મૂલ્યાંકન સ્વતંત્ર રીતે કરવું બહેતર છે.

બ્રાહ્મણી સાહિત્યમાં અશોકનો ઉલ્લેખ એક સામાન્ય રાજા તરીકે આવે છે, પરંતુ સિલોનના તેમ જ ભારતના બૌદ્ધ સાહિત્યમાં એનું ચરિત વિગતે નિરૂપાયું છે. તેમાં અશોકની ક્રૂરતાની વાતો બૌદ્ધ ધર્મના અંગીકાર પહેલાંની એની મનોવૃત્તિની વિપરીતતા દર્શાવવા માટે પ્રચલિત થઈ હોવા સંભવે છે, પરંતુ અશોકે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યા પછી એને સક્રિય પ્રોત્સાહન આપ્યાની જે વિગતો આપી છે તેમાં ઘણું ઐતિહાસિક તથ્ય રહેલું લાગે છે. ભારતમાં અનેક સ્તૂપ બંધાવવામાં, મોગ્ગલિપુત્ર તિષ્યની અધ્યક્ષતા નીચે મળેલી બૌદ્ધ ભિક્ષુઓની ત્રીજી સંગીતિને પ્રોત્સાહન આપવામાં અને ખાસ કરીને સિલોનમાં થયેલા બૌદ્ધ ધર્મના પ્રસારમાં સક્રિય મદદ કરવામાં અશોકે ગણનાપાત્ર પ્રદાન કર્યું હોવાનું માલૂમ પડે છે. અશોક જેવા સમ્રાટે બૌદ્ધ ધર્મનો અંગીકાર કરી, દેશમાં ઠેકઠેકાણે બૌદ્ધ સ્તૂપ બંધાવ્યા, તીર્થધામોની યાત્રા કરી અને બૌદ્ધ ભિક્ષુઓને અઢળક દાન દીધા કર્યાં હોય, તેથી મૌર્ય સામ્રાજ્યમાં એ ધર્મ વધારે વિપુલ અને વ્યાપક અસર ધરાવતો થયો હશે જ. કાશ્મીર, ગંધાર, યવનદેશ, હિમાલય, અપરાંતક, મહારાષ્ટ્ર, મહિષમંડલ (મૈસૂર કે માહિષ્મતી), વનવાસી (ઉત્તર કન્નડ,) સુવર્ણભૂમિ (બ્રહ્મદેશ) અને લંકા-(સિલોન)માં થયેલો બૌદ્ધ ધર્મનો પ્રસાર મુખ્યત્વે મોગ્ગલિપુત્ર તિષ્યે મોકલેલા ભિક્ષુઓને આભારી છે, પરંતુ એ સંગીતિને અશોકે સક્રિય પ્રોત્સાહન આપ્યું લાગે છે. સિલોનના રાજા તિષ્યને અશોક પ્રત્યે પરમ આદર હતો ને એને બૌદ્ધ ધર્મનો અંગીકાર કરવાની મૂળ પ્રેરણા અશોક પાસેથી મળી હતી એવું ત્યાંની અનુશ્રુતિ જણાવે છે. સિલોન મોકલવાના ભિક્ષુમંડળના અગ્રણી તરીકે મહેન્દ્રની પસંદગી સહેતુક થઈ હશે. સિલોનના રાજાએ સ્ત્રીઓને દીક્ષા આપવા માટે ભારતમાંથી ભિક્ષુણી સંઘ-મિત્રાને બોધિવૃક્ષની શાખા સાથે તેડાવ્યાં તેમ જ આગળ જતાં ત્યાંથી ભગવાન બુદ્ધનાં અસ્થિ મંગાવ્યાં તે પણ મગધના સમ્રાટ અશોકને વિનંતી કરીને તેની મારફતે. આ પરથી સિલોનમાં બૌદ્ધ ધર્મના પ્રસારમાં અશોકનો ઘણો ફાળો રહેલો ગણાય. અન્ય દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર થયો તેમાં એનો સીધો ફાળો એટલો બધો રહેલો હોવાનું બૌદ્ધ સાહિત્ય પરથી જાણવા મળતું નથી. પરંતુ એના અભિલેખોમાં અશોક પોતે અંતિયોક વગેરે વિદેશી રાજાઓનાં રાજ્યોમાં તામ્રપર્ણી સુધીનાં ચોળ પાંડ્ય વગેરે રાજ્યોમાં તેમ જ પોતાના રાજ્યની અંદરના યવન કંબોજ વગેરે પ્રદેશોમાં ધર્માનુશસ્તિ (ધર્માનુશાસન) કર્યાનો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં પોતાના દૂતો નથી જતા ત્યાં પણ તેની અસર થતી હોવાનો ઉલ્લેખ[૧] કરે છે. એ પરથી બૌદ્ધ ધર્મના દેશવિદેશમાં થયેલા પ્રસારમાં અશોકનું ગણનાપાત્ર પ્રદાન હોવાનું સ્પષ્ટ થાય છે. આથી ભારતના ઘણા ભાગમાં સીમિત રહેલો બૌદ્ધ ધર્મ એશિયાનો ખંડવ્યાપી ધર્મ બન્યો ને જગતનો એક ઘણો વ્યાપક ધર્મ નીવડયો એનો જશ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા અશોકને આપવામાં આવે છે એ ઘણે અંશે યથાર્થ છે.

બૌદ્ધ ધર્મની આંતરિક દૃષ્ટિએ જોતાં અશોકે રાજ્યના વડા ઉપરાંત ધર્મના વડા બની જઈ ભિક્ષુઓ પર પણ પોતાનું વર્ચસ સ્થાપ્યું એવી છાપ પડે છે,[૨] પરંતુ એવા એનો આશય બૌદ્ધ સંઘ અખંડ રહે, અને લાંબો વખત ટકે તથા બૌદ્ધ ધર્મ લાંબો વખત ટકે એ જ રહેલો છે. ભગવાન બુદ્ધની વાણીમાં પોતે અમુક ધર્મ પર્યાયોની ખાસ ભલામણ કરે છે ત્યારે પણ તે ભિક્ષુઓનું આદર માન જાળવીને ભલામણ કરે છે તે તેઓ એ બાબતમાં રાજાનાં ઇચ્છા અને અભિપ્રેત જાણે એટલું કહી સંતોષ માને છે. આ ધર્મ પર્યાયોને ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓ તેમ જ ઉપાસકો તથા ઉપાસિકાઓ વારંવાર સાંભળે ને એનું મનન કરે તો બૌદ્ધ ધર્મનું સારતત્ત્વ લાંબો વખત ટકે એવી એને શ્રદ્ધા હતી. આમ બૌદ્ધ ધર્મના તત્ત્વગ્રહણની તેમ જ તેના ભિક્ષુસંઘની સમગ્રતાની બાબતમાં પણ અશોકે સક્રિય પ્રદાન કરવાને પોતાનું કર્તવ્ય માનેલું.

આથી બૌદ્ધ ધર્મના અભ્યુદયમાં ગૌતમ બુદ્ધ પછી બીજું સ્થાન દેવોના પ્રિય અશોકને આપવામાં આવે છે એ ઘણે અંશે યોગ્ય છે.

પરંતુ માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં અશોકની મહત્તા માત્ર બૌદ્ધ ધર્મના એક મહાન પ્રભાવક તરીકેની નથી. નહિ તો તો એ કનિષ્ક અને હર્ષ, સંપ્રતિ, ખારવેલ અને કુમારપાલ ઇત્યાદિ રાજાઓની જેમ તે તે સંપ્રદાયના પ્રભાવક તરીકે જ ખ્યાતિ પામ્યો હોત. કુલપરંપરાગત ધર્મ તજી અન્ય ધર્મ અંગીકાર કરનાર ઘણા પછી પોતાના જૂના ધર્મની નિંદા કરવામાં ગૌરવ લે છે એવો માનસિક પ્રત્યાઘાત અશોકને થયો નહોતો. બ્રાહ્મણ પરિવ્રાજકો બૌદ્ધ પ્રતિમાઓને નુકસાન કરતા ને એથી અશોક બ્રાહ્મણ પરિવ્રાજકોનું નિકંદન કરતો એ બૌદ્ધ દંતકથા શ્રદ્ધેય લાગતી નથી, કેમ કે અશોક પોતાના અભિલેખોમાં બ્રાહ્મણો તરફ સ્પષ્ટ આદર દર્શાવે છે.

---

૧. શૈલલેખ નં. ૧૩.

૨. ખાસ કરીને સાંચી, સારનાથ અને કૌશાંબીના સ્તંભલેખો તેમ જ કલકત્તા-બૈરાટ ફલકલેખ પરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ તો સર્વ સંપ્રદાયોનો દાન અને માન વડે આદર કરતો ને સર્વ સંપ્રદાયોના સારની વૃદ્ધિ થાય એમ ઇચ્છતો. પરસંપ્રદાયની નિંદાને એ વખોડતો ને લોકો અન્યોન્યના ધર્મને સાંભળે અને સેવે એવી ભલામણ કરતો.[૧] સર્વ સંપ્રદાય સર્વત્ર વસે એમ એ ઇચ્છતો.[૨] ધર્મ-મહામાત્રોને બૌદ્ધ સંઘ ઉપરાંત બ્રાહ્મણ, આજીવિક, નિર્ગ્રંથ (જૈન) ઇત્યાદિ સર્વ સંપ્રદાયોની દેખરેખ સોંપતો.[૩] બ્રાહ્મણો તથા શ્રમણો—બંનેનો દાન તથા માન વડે આદર કરતો.[૪]

ખારવેલ, કનિષ્ક, હર્ષ અને કુમારપાલ જેવા રાજાઓ પણ ધર્મદૃષ્ટિની વિશાળતા ધરાવતા. સ્વસંપ્રદાયના અભ્યુદય માટે પરસંપ્રદાયને હાનિ કરવાની ધર્માંધતા પ્રાચીન ભારતમાં અપવાદરૂપ હતી, જ્યારે પરસંપ્રદાયો તરફ સહિષ્ણુતા ઉપરાંત કંઈક પ્રોત્સાહનીય દૃષ્ટિ રાખવાનું વલણ સર્વસામાન્ય હતું. આ દૃષ્ટિએ જોતાં અશોક સર્વ સંપ્રદાયો તરફ આદર રાખે એ પ્રશસ્ય પણ વિરલ ન ગણાય.

અશોકની ખરી મહત્તા સર્વ સંપ્રદાયોના સારરૂપ ધર્મનું મૂળ તત્ત્વ-હાર્દ સમજવામાં અને સમજાવવામાં રહેલી છે. સર્વ સંપ્રદાય સંયમ અને ભાવશુદ્ધિ ઇચ્છે છે.[૫] ચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, અભિમાન અને ઈર્ષા જેવી પાપવૃત્તિઓ તજી[૬] કલ્યાણ, દયા, દાન, સત્ય અને શુચિતા જેવા સદ્ગુણો કેળવવા[૭] એ ભલામણ કરે છે. પ્રાણીઓની હત્યા ન કરવી અને પ્રાણીઓને ઈજા ન કરવી એ અહિંસાના સિદ્ધાંતનો ઉપદેશ દે છે. એ અંગે અનેકવિધ નિષેધ ફરમાવે છે. બ્રાહ્મણો અને શ્રમણો (સાધુઓ), ગુરુઓ અને વૃદ્ધો, મિત્રો ઓળખીતાઓ અને સગાઓ, નોકરો અને ગુલામો—સહુ તરફ સદ્ભાવ રાખવા ભલામણ કરે છે. આવા ધર્માચરણથી આ લોકમાં તથા પરલોકમાં હિતસુખ પ્રાપ્ત થશે, મનુષ્યો સ્વર્ગમાં જશે, દેવો સાથે ભળશે ને વિમાન હસ્તી આદિ દિવ્ય સુખો પામશે એવા સર્વસામાન્ય ઇષ્ટ તરફ એ ધ્યાન ખેંચે છે, પરંતુ પુનર્જન્મ તથા મોક્ષ કે નિર્વાણની અટપટી બાબતનો ઉલ્લેખ કરતો નથી. આત્મપરીક્ષણ તથા સંયમ માટે અનુરોધ કરે છે. ધર્મ-શ્રવણ,

---

૧. શૈલલેખ નં. ૧૨.
૨. શૈલલેખ નં. ૭.
૩. સ્તંભલેખ નં. ૭.
૪. શૈલલેખ નં. ૩, ૪. ૯, ૧૧.
૫. શૈલલેખ નં. ૭.
૬. સ્તંભલેખ નં. ૩.
૭. સ્તંભલેખ ન. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ-ચિંતન તથા ધર્મ-આચરણની ઉદાત્ત ભાવનાનો પ્રજાજનોમાં પ્રસાર કરવા એ અનેકવિધ ઉપાય પ્રયોજે છે. શિલાલેખો તથા શિલાસ્તંભો પણ ધર્મપ્રસારનાં સાધન તરીકે પ્રયોજે છે. રાજ્યના અધિકારીઓને પણ પોતાના વહીવટી કામ ઉપરાંત ધર્મ-પ્રસાર કરતા રહેવાનો આદેશ આપે છે. રાજ્યતંત્રમાં ધર્મ-મહામાત્રોનો નવો પ્રબંધ કરે છે. ભેરીઘોષ હવે ધર્મઘોષ બની રહે છે. વિહારયાત્રાનું સ્થાન ધર્મયાત્રા લે છે. ધર્મનું આચરણ એ જ ઉત્તમ મંગલ ગણાય છે. ધર્મનું (ધર્મની ભાવનાનું) દાન એ જ ઉત્તમ દાન ગણાય છે. વિજયોમાં ધર્મવિજયનો (અર્થાત્ ધર્મપ્રસાર રૂપે થતા વિજયનો) મહિમા મનાય છે. ધર્મ એ સાંપ્રદાયિક બાહ્યોપચાર ન રહેતાં જીવનદૃષ્ટિ બની જાય છે ને સર્વથા નિર્દોષ, પવિત્ર અને કલ્યાણકારી જીવન જીવવું અને સર્વભૂતહિત ઇચ્છવું એ વિચાર, વાણી અને વર્તન દ્વારા જીવન-આચરણનો વિષય બની જાય છે. સર્વ સંપ્રદાયોના સારરૂપ આ આચરણ તથા ઉપદેશ માનવ-ધર્મને સ્ફુટ કરે છે; ને એ વ્યાપક માનવધર્મ માનવ-સંસ્કૃતિના ઉચ્ચ સ્વરૂપને વ્યકત કરે છે. અશોકના ચરિતની ખરી મહત્તા આવા વિશાળ તથા ઉદાત્ત ધર્મના આચરણ, ઉપદેશ તથા પ્રસારણમાં રહેલી છે.

જગતના ઈતિહાસની રૂપરેખા આલેખતાં એચ. જી. વેલ્સ જેવા ઈતિહાસકાર આથી નોંધે છે:

"હજારો સમ્રાટો, ચક્રવર્તીઓ, રાજરાજેશ્વરો, મહારાજાધિરાજો, સરદારો અને ઠાકોરો વગેરેનાં નામોથી ઈતિહાસનાં પાનાં ખીચોખીચ ભરેલાં છે પણ તે સૌમાં એક અશોકનું નામ તેજસ્વી તારાની પેઠે ઝળહળી રહ્યું છે."

શતકો સુધી અશોક ભારતના ઈતિહાસમાં બૌદ્ધ ધર્મના પ્રભાવક તરીકે નામાંકિત રહેલો, પરંતુ જ્યારથી એના ધર્મલેખો વંચાયા ને પ્રકાશિત થયા ત્યારથી હવે એ જગતના ઈતિહાસમાં ધર્મ અર્થાત્ સંસ્કૃતિના પ્રભાવક તરીકે ખ્યાતિ ધરાવે છે.

ઉત્કટ ધર્મભાવના તથા એના સક્રિય પ્રસાર નિમિત્તે અશોકે ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં કેટલાંક આનુષંગિક પ્રદાન કરેલાં છે.

અગાઉના રાજાઓની જેમ એણે રસ્તાઓ, વૃક્ષો, કૂવાઓ ઇત્યાદિ પૂર્તધર્મનાં કાર્ય કરાવ્યાં. પ્રજાનું કાર્ય કરવા સર્વ સમયે સર્વત્ર તત્પરતા દર્શાવી. સર્વ લોકહિતને જ પોતાનું ઉત્તમ કર્તવ્ય માન્યું ને એ પણ પ્રાણીઓના ઋણમાંથી મુકત થવાની ભાવનાથી.[૧] પોતે રાજ્યના દરેક મનુષ્યને માટે પોતાના સંતાન જેવું વાત્સલ્ય

---

૧. શૈલલેખ નં. ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવતો ને તે સહુ આ લોકનું તેમ જ પરલોકનું હિતસુખ પામે તેમ ઇચ્છતો.[1] પ્રજાજનો પણ રાજાને પિતાના જેવા અને પોતાને એનાં સંતાન જેવાં માને તથા રાજા જેવી પોતાનાં સંતાન તરફ તેવી આપણા તરફ અનુકંપા ધરાવે છે એવી શ્રદ્ધા ધરાવે એવું એ ઇચ્છતો. રાજા તરીકે અશોક આવો પ્રજા-વત્સલ હતો. સર્વભૂતહિતના માનવ-ધર્મને વરેલો રાજવી આટલો પ્રજા-વત્સલ રહે એ તદ્દન સ્વાભાવિક છે.

કલિંગના યુદ્ધ પછી પોતાનામાં જે ઉત્કટ ધર્મભાવના જાગ્રત થઈ તેને એણે પોતાના વૈયક્તિક અધિશીલન પૂરતી સીમિત ન રાખતાં એ ઉદાત્ત ભાવના પોતાના રાજ્યમાં તેમ જ અડોશપડોશનાં રાજ્યોમાં સર્વત્ર પ્રસરે એવી તમન્ના ધરાવી. આ એની બોધિસત્ત્વ જેવી પરમાર્થવૃત્તિની દ્યોતક ગણાય. આધ્યાત્મિક ઉન્નતિને પોતાનો અંગત વિષય ન રાખતાં આથી જ એણે સમસ્ત જનસમાજને સ્પર્શતો વ્યાપક વિષય માન્યો.

ધર્મપ્રસારની આ ઉત્તમ ભાવનાએ એને કેટલાંક આનુષંગિક પ્રદાન કરવા પ્રેર્યો.

અશોકનું રાજ્ય ઘણું વિશાળ હતું. છેક અફઘાનિસ્તાનથી પૂર્વ ભારત સુધી અને હિમાલયથી મૈસૂર સુધી એનું સીધું શાસન પ્રવર્તતું. ઉપરાંત એને પશ્ચિમે સીરિયા, મિસર, સિરિની અને ગ્રીસ સુધીનાં તેમ જ દક્ષિણે સિલોન સુધીનાં રાજ્યો સાથે સંબંધ હતો. આ બીજાં રાજ્યોમાં તો એ તે તે દેશની ભાષામાં પોતાનો ધર્મ-સંદેશ પહોંચાડતો હશે. પરંતુ એના પોતાના વિશાળ રાજ્યમાં પ્રાદેશિક ભાષાઓ તથા લિપિઓના ઠીક ઠીક ભેદ રહેલા હતા; અલબત્ત આ ભેદ વર્તમાન કાલની સરખામણીએ ઘણા આછા અને ઓછા હતા. ભગવાન બુદ્ધની જેમ અશોકે વિદ્વદ્ભોગ્ય સંસ્કૃત ભાષાને બદલે લોકભોગ્ય પ્રાકૃત ભાષાની પસંદગી કરી, જેથી તે સહુજનોને સુબોધ રહે. અશોકે પોતાના રાજ્યના જુદા જુદા પ્રદેશો માટે પોતાના ધર્મલેખોને એમાંય એક એવી સર્વસામાન્ય ભાષામાં વ્યક્ત કર્યા કે જે સર્વ પ્રદેશોના લોકો સહેલાઈથી સમજી શકે. એ એક પ્રકારની આંતરપ્રાંતીય રાષ્ટ્રભાષા હતી. છતાં એમાં એકદેશીય ભાષાસ્વરૂપની કૃત્રિમતા રાખવામાં આવી નહોતી, પરંતુ તે તે પ્રદેશની સ્થાનિક ભાષાકીય ખાસિયતો અનુસાર એ ધર્મલેખોના મૂળ લખાણમાં પ્રાદેશિક રૂપાંતર પ્રયોજવામાં આવ્યાં હતાં.

બીજો પ્રશ્ન હતો લિપિનો. એ સમયે ભારતના ઘણા પ્રદેશોમાં બ્રાહ્મી લિપિ પ્રચલિત હતી. પ્રાકૃત ભાષાની સરખામણીએ એ લિપિમાં પ્રાદેશિક ભેદ નહિવત્ હતા.

---

૧. કલિંગના અલગ શૈલલેખ નં. ૧ અને ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશોકે પોતાના રાજ્યના ઘણાખરા પ્રદેશોમાં ધર્મલેખ બ્રાહ્મી લિપિમાં કોતરાવ્યા. ભારતીય પ્રાચીનલિપિવિદ્યાના ઇતિહાસમાં બ્રાહ્મીનું પ્રાચીન સ્વરૂપ સમજવામાં અશોકના અભિલેખોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. એના સમયમાં વાયવ્ય ભારતમાં બ્રાહ્મીને બદલે ખરોષ્ઠી લિપિ પ્રચલિત હતી, તેથી એણે ત્યાંનાં બે સ્થળોએ ચૌદ શૈલલેખ એ લિપિમાં કોતરાવ્યા. ખરોષ્ઠી લિપિના ઉકેલમાં અશોકના આ લેખો અર્વાચીન પ્રાચીનલિપિવિદોને ઘણા ઉપયોગી નીવડયા છે. ગંધાર પ્રદેશની પેલી પાર આવેલા કંદહાર જેવા પ્રદેશમાં વળી ગ્રીક અને અરામાઈ લિપિઓ પ્રચલિત હતી, તો ત્યાંના યવન (ગ્રીક) તથા ઈરાની વસાહતીઓ સહેલાઈથી વાંચી શકે તે માટે અશોકે ત્યાંના લેખ તે ભાષાઓમાં લખાવ્યા ને તે લિપિઓમાં કોતરાવ્યા. આમ અશોકે પોતાના વિશાળ રાજ્યમાં ભાષા તથા લિપિની બાબતમાં તે તે પ્રદેશની પ્રજાની સગવડને ધ્યાનમાં રાખી હતી; ને ભારતના અન્તર્ગત પ્રદેશો માટે કેન્દ્રની પ્રાકૃત ભાષાને વધુ વ્યાપક તથા તત્તદ્દેશીય સ્વરૂપ આપ્યું હતું.

પોતાના ધર્મલેખ લાંબો વખત ટકે ને પોતાના પુત્રો પૌત્રો વગેરે એ પ્રમાણે વર્તતા રહે એ હેતુથી અશોકે આ લેખોને શિલા પર કોતરાવ્યા. શરૂઆતમાં પર્વતો અર્થાત્ કુદરતી શૈલો (મહાશિલાઓ) પર કોતરાવ્યા ને પછી એને માટે ઊંચા ગોળ સ્તંભ ઘડાવી એના પર કોતરાવ્યા. આ શિલાલેખોને લઈને અશોકનો બીજો હેતુ કયાં સુધી અને કેટલે અંશે જળવાયો હશે એ જાણવા મળતું નથી, પરંતુ એનો પહેલો હેતુ સારી રીતે પાર પડયો છે. ભૂર્જપત્રો અને તાડપત્રો જેવાં સાધનો પરનાં લખાણ થોડાં શતકોમાં નષ્ટ થયાં હોત, જ્યારે શિલા પર કોતરાવેલાં આ લખાણ બાવીસ શતક વીતી ગયે પણ હજી સારી રીતે ટકી રહ્યાં છે. ભારતીય અભિલેખવિદ્યામાં અશોકના અભિલેખો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતના પ્રાચીન રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના અન્વેષણમાં પણ આ લેખ ઘણા ઉપયોગી નીવડયા છે. ભારતના આરંભિક ઐતિહાસિક કાલના ઇતિહાસનાં પ્રમાણિત સમકાલીન સાધનોમાં અશોકના અભિલેખ અગ્રિમ સ્થાન ધરાવે છે.

અશોકના શિલાસ્તંભ મુખ્યત: એના ધર્મલેખ કોતરાવવા માટે ઘડાયેલા છે. પરંતુ એ શિલ્પકલાની દૃષ્ટિએ કલાત્મક રીતે ઘડાયેલા છે. એના દંડ પરની પૉલિશ નમૂનેદાર છે. આ સ્તંભોની શિરાવટીઓ—એનાં ફલકો તેમ જ એ પરની પ્રાણી-આકૃતિઓ—ભારતીય પ્રાચીન શિલ્પકલાના ઇતિહાસમાં સુંદર શિલ્પકૃતિઓ તરીકે પ્રશંસા પામી છે.

અશોકે બંધાવેલા બૌદ્ધ સ્તૂપ તથા તેણે કંડારાવેલાં શૈલગૃહ તેમ જ એણે પાટલિપુત્રમાં બંધાવેલ રાજમહાલય વાસ્તુકલામાં એણે આપેલાં પ્રદાન છે. અશોકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાવેલી ઘણી ઇમારતો ને એણે ઘડાવેલા ઘણા સ્તંભ હાલ નામશેષ છે; જો એ વાસ્તુકૃતિઓ તથા શિલ્પકૃતિઓ મોજૂદ રહી હોત, તો અશોકે વાસ્તુકલા તથા શિલ્પકલામાં પણ કેટલું અને કેવું પ્રદાન કરેલું તેનું વધુ મૂલ્ય આંકી શકાત.

આમ અશોકે ભાષા, લિપિ, અભિલેખો, વાસ્તુકલા અને શિલ્પકલા જેવાં ક્ષેત્રોમાં પણ ગણનાપાત્ર પ્રદાન કરેલું છે. એની દૃષ્ટિએ આ પ્રદાન આનુષંગિક હશે, પરંતુ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ એ ગણનાપાત્ર સ્થાન ધરાવે છે.

છતાં અશોકનું એથી મોટું પ્રદાન બૌદ્ધ ધર્મના અભ્યુદયમાં થયેલું છે એ સ્પષ્ટ છે.

અશોકના અભિલેખ એની ઇચ્છા પ્રમાણે ચિરસ્થિતિક રહ્યા, પરંતુ લિપિ-સ્વરૂપના સતત થતા રહેતા પરિવર્તનને લઈને એ શતકોથી અવાચ્ય બની ઉપેક્ષિત રહેલા. પ્રાચીનલિપિવિદોના ભગીરથ પ્રયત્નોથી ગઈ સદીમાં એ વંચાયા ને પ્રકાશિત થયા ત્યારથી અશોકે એમાં વ્યક્ત કરેલી ઉદાત્ત ધર્મભાવના દ્વારા એ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાનાં ધર્માનુશીલન તથા ધર્માનુશાસન સુવિદિત થયાં ને ભારતીય સંસ્કૃતિના જ નહિ, જગતની માનવ-સંસ્કૃતિના ઇતિહાસમાં અશોકને એક ચિરસ્મરણીય રાજર્ષિનું સ્થાન પ્રાપ્ત થયું છે. આઝાદ ભારતે રાષ્ટ્રપ્રતીક તરીકે અશોકના સારનાથ શિલાસ્તંભની ભાવવાહી કલાત્મક સિંહ-શિરાવટીને પસંદ કરીને એ રાજર્ષિ તરફનો સમાદર દર્શાવ્યો છે. એ શિરાવટીના ફલકમાં રહેલું ચારે દિશા-માં પ્રવર્તતું ધર્મચક્ર પ્રાચીન ભારતમાં વ્યક્ત થયેલી માનવ-સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાને હરહંમેશ ચારે દિશામાં પ્રવર્તતી રાખે એવો સંદેશો આપી રહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખંડ ૨

# અશોકના અભિલેખો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૧. શોધ, વાચન અને અધ્યયન

ચોથી સદીના આરંભમાં ચીની પ્રવાસી ફા-હ્યાને અશોકના છ સ્તંભ જોયેલા, જેમાંના બે પર લેખ કોતરેલા હતા. પરંતુ એણે આ લેખોમાં આપેલી હકીકત નોંધી નથી. સાતમી સદીના પૂર્વાર્ધમાં ચીની પ્રવાસી યુઅન શ્વાંગે અશોકના પંદર શિલાસ્તંભ જોયેલા. એમાંના એક પર કનુકમુનિ બુદ્ધના પરિનિર્વાણની હકીકત આપેલી હોવાનું એ નોંધે છે, પરંતુ એ વિગત બરાબર નથી. યુઅન શ્વાંગે લુમ્બિનીની સ્તંભ વિશેની નોંધમાં તેના પરના લેખનો ઉલ્લેખ કર્યો નથી. એ વખતે સ્તંભનો લેખવાળો ભાગ ઢંકાઈ ગયો હશે. ચીની ગ્રંથ 'ફંગ-ચિહ'માં આ લેખનો નિર્દેશ કરેલો છે. આમાં એ લેખમાં બુદ્ધના પરિનિર્વાણની હકીકત આપી હોવાનું જણાવ્યું છે, પરંતુ એ પણ બરાબર નથી. સારનાથના સ્તંભની નોંધમાં પણ યુઅન શ્વાંગે અભિલેખનો ઉલ્લેખ કર્યો નથી. એ પ્રવાસીએ કુસિનારાના એક સ્તંભ પર બુદ્ધના પરિનિર્વાણ વિશે અને બીજા સ્તંભ પર બુદ્ધનાં અસ્થિના વિભાજન વિશે તેમ જ મહાશાલના સ્તંભ પર બુદ્ધે અરણ્યના મનુષ્યભક્ષી રાક્ષસોને વશ કર્યા વિશે અભિલેખ હોવાનું તેમ જ રાજગૃહના સ્તંભ પર અભિલેખ હોવાનું નોંધ્યું છે. આ પરથી એ સમયે આ અભિલેખ સીધા વાંચી શકાતા નહોતા પણ એમાંની હકીકત વિશે અમુક પ્રકારની અનુશ્રુતિઓ પ્રચલિત હતી એવું માલૂમ પડે છે.

ચૌદમી સદીમાં ફીરોઝશાહ તઘલકે એક સ્તંભ ટોપરાથી અને એક બીજો સ્તંભ મીરકથી દિલ્હી ખસેડાવ્યો (ઈ.સ. ૧૩૫૬). અલ્હાબાદમાં રહેલો કૌશાંબી-સ્તંભ પણ એણે કોસમથી ખસેડાવ્યો લાગે છે. આ સ્તંભો પર કોતરેલા જૂના લેખોની હકીકત જાણવા સુલતાને કોશિશ કરેલી પરંતુ એ લેખ કોઈ પંડિતો વાંચી શકતા નહોતા.

અર્વાચીન કાલમાં ૧૭૫૦માં દિલ્હીમાં મીરક સ્તંભના ખંડ પદ્રેના જોવામાં આવેલા.

૧૭૮૪માં એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓના અભ્યાસ માટે કલકત્તામાં 'એશિયાટિક સોસાયટી' સ્થપાઈ. પછી ભારતના પ્રાચીન અભિલેખો વાંચવા માટે વ્યવસ્થિત પ્રયત્ન શરૂ થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭૮૫માં હેરિંગ્ટને બરાબર અને નાગાર્જુની ડુંગરની મુલાકાત લઈ ત્યાંની ગુફાઓમાં જૂના અભિલેખ હોવા તરફ લક્ષ ખેંચ્યું. એ અરસામાં કૅપ્ટન પોલિયરને દિલ્હીમાં ટોપરા સ્તંભનો પત્તો લાગ્યો ને તેમણે તેનાં કેટલાંક આલેખન એશિયાટિક સોસાયટીના સ્થાપક સર વિલિયમ જોન્સને મોકલ્યાં.

૧૮૦૧માં દિલ્હી-ટોપરા સ્તંભલેખની નકલો તથા અલ્હાબાદ-કોસમ સ્તંભલેખના અંશોની નકલો 'એશિયાટિક રિસર્ચીઝ' પુ. ૭માં પ્રકાશિત થઈ. ૧૮૨૨માં મેજર જેમ્સ ટૉડને સૌરાષ્ટ્રમાં ગિરનાર પાસેના શૈલલેખનો પત્તો લાગ્યો. ૧૮૩૪માં એશિયાટિક સોસાયટીના જર્નલના પુ. ૩માં બર્ટે તૈયાર કરેલી અલ્હાબાદ-કોસમ સ્તંભલેખની પ્રતિકૃતિ પ્રગટ થઈ. એ સમયે આ પ્રાચીન અભિલેખ કોઈને ઊકલતા નહોતા. જેમ્સ પ્રિન્સેપ, જે ભારતીય પ્રાચીનલિપિવિદ્યાના જનક ગણાય છે, તે પણ આ દિશામાં પા પા પગલી માંડી શકતા હતા.

૧૮૩૬માં મહારાજ રણજિતસિંહના ફ્રેન્ચ અધિકારી મિ. કોર્ટને શાહબાજ-ગઢીનો શૈલલેખ જડ્યો. આ દરમ્યાન પ્રિન્સેપને લૌરિયા અરરાજ સ્તંભ તથા લૌરિયા નંદનગઢ સ્તંભ પર કોતરેલા લેખોની નકલો મળી હતી. ૧૮૩૭માં તેમને આ પ્રાચીન અભિલેખો ઉકેલવામાં પૂરી સફળતા મળી. હવે તેઓ દિલ્હી-ટોપરા સ્તંભ પરના સહુથી પ્રાચીન અભિલેખનું આખું વાચન કરી શક્યા. આ લેખ પ્રાકૃતમાં લખેલા હતા ને એ 'દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા'એ લખાવ્યા હતા. 'જર્નલ ઑફ એશિયાટિક સોસાયટી ઑફ બૅંગાલ'ના પુ. ૬માં આ સ્તંભલેખનું લિપ્યંતર તથા તેનું અંગ્રેજી ભાષાંતર પ્રસિદ્ધ થયું. આમ અશોકના અભિલેખોને બરાબર વાંચીને તેનો લિપ્યંતરિત પાઠ સંપાદિત કરવાનો જશ પ્રિન્સેપને ૧૮૩૭માં મળ્યો. આ રીતે આ વર્ષ ભારતીય પ્રાચીનલિપિવિદ્યાની તેમ જ અશોકના અભિલેખોના અભ્યાસની બાબતમાં ઘણું યાદગાર વર્ષ છે.

એ વર્ષે પ્રિન્સેપે દિલ્હી-મીરઠ સ્તંભલેખની પ્રતિકૃતિ છપાવી તેમ જ અલ્હાબાદ-કોસમ સ્તંભ પરના રાણીના લેખની પ્રતિકૃતિ પણ પ્રગટ કરી. એ વર્ષની આખરે લેફ્ટનન્ટ કિટોને ઓરિસાના ધૌલી ગામ પાસે શૈલલેખનો પત્તો લાગ્યો.

બીજે વર્ષે પ્રિન્સેપે ગિરનાર અને ધૌલીના લેખ સરખાવી જોયા, તો તેમાંના ઘણા લેખ એકસરખા જણાયા. હવે એ બંને લેખમાલાઓનો પાઠ ભાષાંતર સાથે જ. એ. સો. બૅ.ના પુ. ૭માં પ્રકાશિત થયો.

૧૮૩૯માં બિહારમાં સહસરામ શહેર પાસે એક શૈલલેખ મળ્યો. ૧૮૪૦માં મૅસને પેશાવર જિલ્લાનો જોખમી પ્રવાસ ખેડી શાહબાજગઢીના શૈલલેખોની જાતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નકલ કરી. આ લેખ ખરોષ્ઠી લિપિમાં છે. નૉરિસે આ નકલમાં દેવાનં પિયસિ વાંચ્યું. એ વર્ષે રાજસ્થાનના બૈરાટ ગામ પાસે બર્ટને એક નાના શિલાલેખનો પત્તો લાગ્યો. પં. કમલાકાન્તની મદદથી કિટ્ટોએ એનું લિપ્યંતર તથા ભાષાન્તર કર્યું.

૧૮૪૭માં કિટ્ટોએ બરાબર ડુંગરની ગુફાઓના લેખોની છાપ લીધી. ૧૮૫૦માં સર વિલિયમ ઇલિયટે જૌગડ શૈલલેખોની નકલ કરી ને એ લેખ ધૌલીના લેખને મળતા હોવાનું જણાવ્યું. ૧૮૫૨માં બર્નાફે અશોકના જ્ઞાત અભિલેખોનું સંકલિત સંપાદન કર્યું.

૧૮૬૦માં ઉત્તર પ્રદેશના કાલસી ગામ પાસે અશોકના શૈલલેખોનો ફૉરેસ્ટનને પત્તો લાગ્યો.

૧૮૭૧-૭૨માં કનિંગહમે મધ્ય પ્રદેશના રૂપનાથ પાસેના એક શૈલલેખનું લિપ્યંતર કર્યું. આવો એક લેખ એ વર્ષે બૈરાટ પાસે કાર્લાઇલને મળ્યો. એ અરસામાં, બિહારના સહસરામ શહેર પાસે બેગલરને આવો જ એક લેખ મળ્યો.

હવે કનિંગહમે અશોકના અભિલેખોનો સંગ્રહ તૈયાર કર્યો ને તે 'કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ'(ભારતના અભિલેખોનો સંગ્રહ)ના ગ્રંથ ૧ તરીકે પ્રકાશિત થયો (૧૮૭૭). એમાં નીચે જણાવેલા અભિલેખોનું સંપાદન તથા અંગ્રેજી ભાષાંતર કરેલું છે: શાહબાજગઢી, કાલસી, ગિરનાર, ધૌલી, જૌગઢ, સહસરામ, રૂપનાથ, બૈરાટ, અને ભાબ્રાના મોટાનાના શૈલલેખ; બરાબર ડુંગરના ગુફાલેખ; અને દિલ્હી-ટોપરા, દિલ્હી-મીરઠ, અલ્હાબાદ-કોસમ, લૌરિયા અરરાજ અને લૌરિયા નંદનગઢના મોટાનાના સ્તંભલેખ, સાંચીના સ્તંભલેખનો કંઈક પાઠ પણ આપ્યો છે, પરંતુ ત્યારે એ બરાબર બંધ બેઠો નહોતો. આ સંગ્રહમાં પ્રાકૃત પાઠ રોમન લિપિમાં આપ્યા છે. આમાંના કેટલાક લેખ છેલ્લાં થોડાં જ વર્ષોમાં વંચાયા હતા.

એ પછી અશોકના બીજા અનેક અભિલેખ પ્રાપ્ત થયા.

૧૮૮૦માં કર્ને ધૌલી તથા જૌગડના અલગ શૈલલેખ સંપાદિત કર્યા. ૧૮૮૦-૮૧માં સેનાર્ટે ફ્રેન્ચમાં અશોકના અભિલેખોનું સંપાદન કર્યું. એનું અંગ્રેજી ભાષાંતર 'ઇન્ડિયન ઍન્ટિક્વરી'ના પુ. ૯-૧૦ (૧૮૮૦-૮૧)માં પણ પ્રસિદ્ધ થયું. ૧૮૮૨માં પં. ભગવાનલાલ ઇન્દ્રજીને મુંબઈ પાસેના સોપારાનાં ખંડેરોમાં અશોકના એક શૈલલેખનો અંશ મળ્યો ને તે તેમણે તે વર્ષે પ્રકાશિત કર્યો. ૧૮૮૯માં હજારા જિલ્લાના માનસેહરા પાસેના શૈલલેખ મળ્યા, જે શાહબાજગઢીના લેખોની જેમ ખરોષ્ઠી લિપિમાં છે. ૧૮૯૩માં બ્યૂલરે બરાબર અને નાગાર્જુનીના ગુફાલેખ સંપાદિત કર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૯૧--૯૨માં રાઈસને મૈસૂર રાજ્યનાં ત્રણ સ્થળોએ અભિલેખોનો પત્તો લાગ્યો ને તે લેખ સંપાદિત થયા. આ લેખો પરથી અશોકના શાસનના દક્ષિણ વિસ્તારની પ્રતીતિ થઈ.

ફ્યુરરને નેપાલની તરાઈમાં ૧૮૯૫માં નિગલી સાગરમાં એક સ્તંભલેખ મળ્યો ને બીજે વર્ષે રુમ્મિનદેઈમાં બીજો સ્તંભલેખ પ્રાપ્ત થયો. આ બંને લેખ બ્યૂલરે ૧૮૯૮માં 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૫માં સંપાદિત કર્યા.

૧૮૯૩--૯૪માં બ્યૂલરે CDMG(સાઈટશિફ્ટ ડેર ડૉઇચન મૉર્ગન લૅંડિશન ગેઝેલશાફ્ટ)માં જર્મનમાં અશોકના લેખ પ્રકાશિત કર્યા. એમાંના ઘણા લેખ 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૧--૨માં અંગ્રેજીમાં પ્રગટ થયા.

૧૯૦૫માં વારાણસી પાસે આવેલા સારનાથનાં ખંડેરોમાં એક સ્તંભલેખ ઑરટેલને પ્રાપ્ત થયો. અલ્હાબાદ-કોસમ સ્તંભના એક લેખમાં તથા સાંચીના સ્તંભલેખમાં જે હકીકત આપેલી છે, લગભગ તે જ હકીકત આ લેખમાં પણ છે. ફોગેલે એ જ વર્ષે આ લેખનું સંપાદન કર્યું, જે 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૮માં પ્રસિદ્ધ થયું છે.

સર જૉન માર્શલને ૧૯૧૪--૧૫માં તક્ષશિલાના ખોદકામમાં અશોકનો એક નાનો ખંડિત શૈલલેખ પ્રાપ્ત થયો. જે અરામાઈ લિપિમાં કોતરેલો છે. એમાં 'પ્રિયદર્શી' નામ બે વાર આવે છે. આ લેખનું લિપ્યંતર 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૧૯(૧૯૨૮)માં પ્રસિદ્ધ થયું છે.

૧૯૧૫માં બીડનને હૈદરાબાદ રાજ્યના માસ્કી ગામમાં એક ખંડિત શૈલલેખ મળ્યો. આ લેખમાં 'દેવોના પ્રિય' પછી 'અશોક' નામ આપવામાં આવ્યું છે એ ઉલ્લેખ ખાસ નોંધપાત્ર છે.

સરકારી અભિલેખવિદ હુલ્શે ૧૯૧૨માં અશોકના અભિલેખોના સંગ્રહની નવી આવૃત્તિ તૈયાર કરવા માંડેલી પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં તેનું મુદ્રણ ખોરંભે પડ્યું. એને ૧૯૨૨માં આખરી સ્વરૂપ આપવામાં આવ્યું ને આખરે ૧૯૨૫માં એ પ્રકાશિત થઈ, ત્યારે કનિંગહમવાળી આવૃત્તિમાં ઘણા સુધારાવધારા થયા. હવે અશોકના ચૌદ મુખ્ય શૈલલેખ કુલ સાત સ્થળોએ, ગૌણ શૈલલેખ પણ સાત સ્થળોએ, છ સ્તંભલેખ છ સ્થળોએ, સંઘભેદને લગતો ગૌણ સ્તંભલેખ ત્રણ સ્થળોએ અને અન્ય ગૌણ સ્તંભલેખોમાં નેપાલની તરાઈના બે સ્તંભલેખ ઉપલબ્ધ થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંગ્રહમાં પ્રાકૃત પાઠ દેવનાગરી તથા રોમન લિપિમાં આપેલો છે. વળી શૈલલેખો તથા સ્તંભલેખોના તુલનાત્મક પાઠ પણ આપ્યા છે. સર્વ અભિલેખોનું અંગ્રેજી ભાષાંતર પણ આપવામાં આવ્યું છે.

આ દરમ્યાન અશોકના અભિલેખો વિશે એક મહત્ત્વનું પ્રકાશન બહાર પડયું. વૂલનરે 'અશોક ટેક્સ્ટ ઍન્ડ ગ્લૉસરી'માં તેના સર્વ પ્રકાશિત અભિલેખોનો અક્ષરશઃ પાઠ અને તેમાંના શબ્દોની સૂચિ તૈયાર કર્યાં. તે ૧૯૨૪માં બે ભાગમાં પ્રકાશિત થયું. ૧૯૨૫માં દે. રા. ભાંડારકરનું 'અશોક' (અંગ્રેજીમાં) બહાર પડયું, લેખકે અશોકના અભિલેખોનું ભાષાંતર અને વિવરણ આપેલું છે.

અશોક વિશે એવું જ એક બીજું મહત્ત્વનું પુસ્તક ૧૯૨૮માં પ્રકાશિત થયું. એ રાધાકુમુદ મુખર્જીએ અંગ્રેજીમાં તૈયાર કરેલું. એનું શીર્ષક પણ 'અશોક' છે. જેમાં એમણે અભિલેખોના ભાષાંતર તથા વિવરણ ઉપરાંત તેનો મૂલ પાઠ પણ આપ્યો છે.

અશોકના અભિલેખોના સંગ્રહની બીજી આવૃત્તિ પ્રકાશિત થયા પછી પણ એના કેટલાક બીજા અભિલેખ પ્રકાશમાં આવતા રહ્યા છે.

કર્નુલ જિલ્લા(આન્ધ્ર પ્રદેશ)ના એર્રગુડી (કે યેર્રગુડી) ગામ પાસેના ડુંગરના ૧૭ શૈલો પર અશોકના ચૌદ શૈલલેખોની નકલ તથા ગૌણ શૈલલેખની નકલ કોતરેલી છે. આ લેખોનો પત્તો ભૂસ્તરવિદ અનુ ઘોષને લાગેલો પણ તેમણે તે માહિતી ઘણાં વર્ષ બાદ બહાર પાડી. પછી આ લેખ પુરાતત્ત્વ સર્વેક્ષણના ૧૯૨૮-૨૯ના વાર્ષિક અહેવાલમાં દયા રામ સાહનીએ પ્રકાશિત કર્યા. એમાં ચૌદ શૈલલેખોનો પાઠ કાલસીના પાઠ સાથે સહુથી વધુ સામ્ય ધરાવે છે. ગૌણ શૈલલેખની કેટલીક પંક્તિઓ વારાફરતી ડાબીથી જમણી બાજુ તરફ અને જમણીથી ડાબી બાજુ તરફ કોતરી છે તે એક અવનવા પ્રયોગ જેવું લાગે છે. એનો પૂર્વાર્ધ બ્રહ્મગિરિના પાઠને મળતો છે, પરંતુ આ લેખમાં એ ઉપરાંત કેટલુંક વધુ લખાણ આપેલું છે.

અશોકના ગૌણ શૈલલેખની બે નકલ ૧૯૩૧માં મૈસૂર રાજ્યના કોપબાળ ગામ પાસે નારાયણ રાવ શાસ્ત્રીને જડી. એમાંની એક ગોવિમઠ ડુંગરના શૈલ પર અને બીજી પાલકિગુણ્ડુ ડુંગરના શૈલ પર કોતરેલી છે. આ લેખોનું સંપાદન ટર્નરે કર્યું છે ને તે ૧૯૩૨માં હૈદરાબાદ આર્કિયૉલૉજિકલ સિરીઝમાં પ્રકાશિત થયું છે. ગોવિમઠ લેખનો પાઠ રૂપનાથ લેખને મળતો છે. પાલકિગુણ્ડુ શૈલનો લેખ ઘણો ખંડિત અને અપૂર્ણ છે.

૧૯૪૬માં બેની માધવ બરુઆનું 'અશોક ઍન્ડ હિઝ ઇન્સ્ક્રિપ્શન્સ' પ્રસિદ્ધ થયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અફઘાનિસ્તાનના પુલે દારુન્ત (જિ. લમગાન) પાસે અરામાઈ લિપિમાં કોતરેલો એક ગૌણ શૈલલેખ મળ્યો છે, જેનું વર્ણન હેનિંગે ૧૯૪૯-૫૦માં લંડન યુનિવર્સિટીની એક શોધપત્રિકામાં કરેલું છે. એમાં કેટલાક શબ્દ અરામાઈ ભાષાના અને કેટલાક પ્રાકૃત ભાષાના છે. આ લેખ કાબુલના મ્યૂઝિયમમાં છે.

આન્ધ્ર પ્રદેશના રાજુલ મણ્ડગિરિ (જિ. કર્નુલ) નામે ડુંગર પર ૧૯૫૩માં અશોકના ગૌણ શૈલલેખની નકલ મળી. આ લેખ 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૩૧ (૧૯૬૦)માં પ્રસિદ્ધ થયો.

૧૯૫૩માં છાબરાને મધ્ય પ્રદેશના ગુર્જરા ગામ પાસે અશોકના ગૌણ શૈલલેખની નકલ મળી. આ લેખમાં 'દેવોના પ્રિય'ની સાથે અશોકનું નામ આપેલું છે. માસ્કીના લેખમાં 'असोक' પછી 'स' વંચાયેલો ને તે પછી કેટલાક અક્ષર અવાચ્ય છે, જ્યારે આ લેખમાં 'असोक राजस' એવો સ્પષ્ટ અને પૂરો પાઠ મળે છે. આ લેખ પહેલવહેલો ઇન્ડિયન હિસ્ટરી કોંગ્રેસના અમદાવાદ અધિવેશન (૧૯૫૪)માં પ્રકાશમાં આવ્યો ને 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૩૧(૧૯૬૦)માં પ્રકાશિત થયો.

૧૯૫૬માં સોપારામાં અશોકના શૈલલેખ નં. ૯નો પૂર્વાર્ધ કોતરેલો શૈલ-ખંડ મળ્યો. આ લેખ 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૩૨(૧૯૫૯)માં પ્રસિદ્ધ થયો છે.

અફઘાનિસ્તાનમાં કંદહાર પાસે આવેલા શર-ઇ-કુના નામે સ્થળે અશોકનો એક દ્વિભાષી ગૌણ શૈલલેખ મળ્યો છે. એ લેખની માહિતી પહેલવહેલી રોમના 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ' સામયિકના માર્ચ-જૂન ૧૯૫૮ના અંકમાં ઉમબર્ટો સિર્રટોના લેખ દ્વારા પ્રગટ થઈ. આ લેખનો પાઠ એ લેખકના ગ્રંથમાં ઇટાલી અનુવાદ સાથે એ વર્ષે પ્રસિદ્ધ થયો. 'જર્નલ એશિયાટિકે'માં એ વર્ષે એ લેખનો પાઠ ફ્રેન્ચ અનુવાદ સાથે પ્રકાશિત થયો. 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના પુ. ૩૩ (૧૯૬૦)માં સરકારે એના બંને પાઠોનું પ્રાકૃતમાં રૂપાંતર કર્યું છે. આમાં ઉપલો લેખ ગ્રીક લિપિમાં ગ્રીક ભાષામાં છે ને નીચલો લેખ અરામાઈ લિપિમાં અરામાઈ ભાષામાં છે. એમાં મૂળ લખાણ ગ્રીકમાં લાગે છે ને અમરાઈ લખાણ એનો ભાવાનુવાદ લાગે છે. આ લેખ 'રાજા પ્રિયદર્શી'ના રાજ્યકાલના વર્ષ ૧૦નો છે. સરકારે ભાબ્રા લેખને ગૌણ શૈલલેખ નં.૩ ગણી, આ લેખને ગૌણ શૈલલેખ નં. ૪ ગણાવ્યો છે.

૧૯૫૯માં રાધાગોવિંદ બસાકે 'અશોકન ઇન્સ્ક્રિપ્શન્સ'માં અશોકના સર્વ અભિલેખોનો પાઠ પ્રગટ કર્યો.

૧૯૬૧માં ઉત્તર પ્રદેશના અહરૌરા શહેર પાસે ગોવર્ધનરાય શર્માને અશોકના ગૌણ શૈલલેખની એક નકલ મળી. આ લેખ મિરાશીએ તેમ જ નારાયણે સંપાદિત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો ને એ બંને પાઠ 'ભારતી'ના એક અંકમાં સાથે પ્રકાશિત થયા છે. આ લેખને અંતે બુદ્ધના દેહાવશેષ પધરાવ્યાનો ઉલ્લેખ ઉમેરાયો છે એ ખાસ નોંધપાત્ર છે.

અમરાવતીમાં સ્તંભલેખના ખંડિત અંશ જેવા શિલાખંડ પર કોતરેલો એક લેખ મળ્યો છે, જેને લિપિ તથા ભાષા પરથી સરકારે અશોકનો લેખ ધાર્યો છે. આ મત 'એપિગ્રાફિયા ઇન્ડિકા'ના ૩. ૩૫(૧૯૬૩)માં રજૂ થયો છે. આ લેખ અશોકનો કોઈ જુદો સ્તંભલેખ લાગે છે.

૧૯૬૫માં રાજબલી પાણ્ડેયે **अशोकके अभिलेख** નામે ગ્રંથમાં અશોકના સર્વ પ્રકાશિત અભિલેખોનો અક્ષરશ: પાઠ આપ્યો. એમાં મુખ્ય શૈલલેખોની સાત, ગૌણ શૈલલેખોની ચૌદ, કલિંગના અલગ શૈલલેખોની બે, મુખ્ય સ્તંભલેખોની છ, સંઘભેદને લગતા સ્તંભલેખની ત્રણ, અને બાકીના છ લેખોની એકેક પ્રત આપી છે. તદુપરાંત ચૌદ શૈલલેખો, બે કલિંગ લેખો અને છ સ્તંભલેખોના તુલનાત્મક પાઠ તેમ જ તક્ષશિલા તથા કંદહારના શૈલલેખોના પાઠ પણ આપ્યા છે. આ ગ્રંથના પ્રકાશન દ્વારા અશોકના અભિલેખોના પાઠની અદ્યતન સામગ્રી નવેસર સુલભ થઈ છે.

ઇન્દ્રપ્રસ્થ(દિલ્હી)માં ૧૯૬૬માં લઘુ શિલાલેખનો ખંડ મળ્યો છે.

**વર્ગીકરણ**—અશોકના વિવિધ અભિલેખોનું વર્ગીકરણ બે રીતે થઈ શકે—શિલાના પ્રકારની દૃષ્ટિએ અને વિષયની દૃષ્ટિએ.

શિલાના પ્રકારની દૃષ્ટિએ શૈલલેખો અને સ્તંભલેખો એકદમ અલગ તરી આવે છે. ગુફાની દીવાલ પર કોતરેલા લેખ વળી ત્રીજા પ્રકારના છે.

રૂપનાથ અને સહસરામના શૈલલેખોમાં જણાવ્યું છે કે આ બાબત પ્રસંગત: પર્વતો પર લખાવવામાં આવે; ને જ્યાં શિલાસ્તંભ હોય ત્યાં શિલાસ્તંભ પર લખાવવામાં આવે.

ધૌલી તથા જૌગડના શૈલલેખ નં. ૧ના આરંભમાં 'આ ધર્મલિપિ (અમુક) પર્વત પર દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી (કોતરાવી) છે' એમ જણાવ્યું છે.

દિલ્હી-ટોપરા સ્તંભ પરના લેખ નં.૭માં અંતે 'આ ધર્મલિપિ જ્યાં શિલાસ્તંભો કે શિલાફલકો હોય ત્યાં કરાવવી (લખાવવી) જેથી લાંબો વખત ટકે' એમ ભલામણ કરી છે.

બરાબર ગુફાલેખોમાં 'પર્વત' અને 'ગુહા'નો ઉલ્લેખ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પરથી આ અભિલેખોમાં પર્વતો, શિલાસ્તંભો, શિલાફલકો ને ગુફાઓ એવા ચાર શિલા-પ્રકારોનો ઉલ્લેખ મળે છે. અલબત્ત જે શૈલલેખોમાં તે લેખો શિલાસ્તંભો પર પણ કોતરાવવા જણાવ્યું છે તે લેખો કોઈ શિલાસ્તંભો પર કોતરેલા મળ્યા નથી ને જે શિલાસ્તંભલેખમાં શિલાફલકો પર પણ કોતરાવવાની ભલામણ કરી છે તે લેખ કોઈ શિલાફલક પર કોતરેલો મળ્યો નથી.

આ ઉલ્લેખોમાં 'પર્વત' અને 'શિલાસ્તંભ'નો અર્થ સ્પષ્ટ છે. ધૌલી, જૌગઢ, રૂપનાથ અને સહસરામના લેખ સ્પષ્ટતઃ 'પર્વત' પર કોતરાયા હોવાનું જણાવ્યું છે. આથી મુખ્ય શૈલલેખો તથા ગૌણ શૈલલેખોને અશોકની પરિભાષામાં 'પર્વતલેખ' કહેવાય. પરંતુ પર્વતના જે ભાગ પર લેખ કોતરેલા હોય છે તે પર્વતની મોટી મોટી શિલાઓ હોય છે. કેટલીક વાર તો તે મહાશિલા પર્વતની મહાશિલાઓથી અલગ પડીને જમીનની સપાટી પર રહેલી હોય છે, જેમ કે ગિરનારની. અંગ્રેજીમાં આવી મહાશિલા માટે 'rock' શબ્દ પ્રયોજાય છે. ગુજરાતીમાં 'મહાશિલા' શબ્દ પ્રયોજીએ, તો 'megalith' સાથે ગોટાળો થાય. આથી અહીં 'શૈલ' શબ્દ પ્રયોજવો ઉચિત છે. એમાં કટક(પર્વતનો બહારનો ઊભો કે ઢળતો ભાગ)ની મહાશિલાનો તેમ જ પર્વતનો અર્થ આવી જાય છે.

શિલાસ્તંભો તો સ્પષ્ટ છે, પણ શિલા 'ફલક' કોને કહેવા? ફલક એટલે ચપટી છાટ. ગિરનારનો શૈલ ૧૨ ફૂટ ઊંચો છે. ને નીચે એનો ઘેરાવો ૭૫ ફૂટ જેટલો છે. બૈરાટનો શૈલ ૧૭×૨૪×૧૫ જેટલો મોટો છે. એવા શૈલોની સરખામણીએ કલકત્તા-બૈરાટ શિલા ઘણી નાની છે, માત્ર ૨×૨×૧$\frac{1}{2}$ ફૂટ જેટલી જ. આથી ભાંડારકર સૂચવે છે તેમ તેને 'શિલાફલક' ગણી શકાય. શિલાસ્તંભ નં.૭માં 'શિલાફલકો'નો ઉલ્લેખ હોવા છતાં, શિલાફલકનો હજી આ એક જ નમૂનો મળ્યો છે. ઘણા લેખકો એને શિલાફલક તરીકે અલગ ન પાડતાં એનો શૈલલેખોમાં સમાવેશ કરે છે.

વિષયની દૃષ્ટિએ જોઈએ, તો શૈલલેખો તથા સ્તંભલેખોના કેટલાક પેટા-પ્રકાર છે. શૈલલેખોમાં જે ચૌદ લેખોની લેખમાલામાં છે તે મુખ્ય શૈલલેખો ગણાય છે. એની સરખામણીએ બીજા બધા 'ગૌણ શૈલલેખ' ગણાય છે. ધૌલી અને જૌગઢમાં જે બે બીજા લેખ આપેલા છે તેને 'બે અલગ લેખો' કે 'બે અલગ કલિંગ લેખો' કહે છે, કેમ કે તે કલિંગમાં આવેલ તોસલી અને સમાપા નગરીઓના અધિકારીઓને ઉદ્દેશીને છે.

રૂપનાથ, સહસરામ, બૈરાટ વગેરે સ્થળોએ જે ગૌણ શૈલલેખ છે, તેમાં અશોકે પોતાના ધર્મપ્રસારની આરંભિક કારકિર્દી વર્ણવી છે. બ્રહ્મગિરિ, સિદ્દાપુર, જટિંગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમેશ્વર વગેરે સ્થળોએ એ લેખના અનુસંધાનમાં વધુ લખાણ આપેલું છે, તેને સગવડ માટે લેખ નં. ૨ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ ખરી રીતે એમાં બે લેખ અલગ પાડેલા નથી. એમ તો એર્રગુડીના લેખમાં કેટલુંક લખાણ એથીય વધુ આપેલું છે. આ પરથી આ લેખનો મૂળ પાઠ ઉત્તર ભારતની પ્રતો પ્રમાણેનો હશે, પરંતુ દક્ષિણ ભારતની પ્રતોમાં ધર્મોપદેશના સિદ્ધાંતો ઉમેરવામાં આવ્યા છે.

સ્તંભલેખોમાં છ (અને છેવટે સાત) લેખોની લેખમાલા છે તે 'મુખ્ય સ્તંભલેખો' ગણાય છે. એની સરખામણીએ બીજા સ્તંભલેખ 'ગૌણ સ્તંભલેખો' ગણાય છે. એમાં સાંચી, સારનાથ અને કૌશાંબીના લેખ બૌદ્ધ સંઘમાં તડ ન પાડવા વિશેના એક જ વિષયને લગતા છે. આથી અલાહાબાદ-કોસમ સ્તંભ પરનો એ ગૌણ લેખ 'કૌશાંબી લેખ' તરીકે ઓળખાય છે. એવી રીતે એ સ્તંભ પરનો બીજી રાણી કારુવાકીના દાનને લગતો બીજો ગૌણ લેખ 'રાણીના લેખ' તરીકે ઓળખાય છે. રુમ્મિનદેઈ અને નિગ્લીવ સાગરના સ્તંભલેખ નેપાલનાં બૌદ્ધ યાત્રાસ્થાનોને લગતા છે, પરંતુ એ બેમાંની હકીકત અલગ અલગ છે.

કંદહારનો લેખ એક જુદા પ્રકારનો ગૌણ શૈલલેખ છે, જે પણ આરંભિક ધર્મપ્રસારને લગતો છે.

અન્ય લેખોમાં તક્ષશિલા, લમગાન અને અમરાવતીના લેખોના પાઠ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોઈ, તેને વિષયવાર ગોઠવવા મુશ્કેલ છે.

**કાલાનુક્રમ અને સંખ્યા**—અગાઉ જણાવ્યા મુજબ અશોકના કેટલાક અભિલેખોમાં તે લેખના કે તે લેખમાં કરેલી ચાલુ જાહેરાતના વર્ષનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જ્યારે બીજા કેટલાક અભિલેખોમાં કોઈ ચોક્કસ વર્ષ આપ્યાં નથી.

શર-ઈ-કુના(કંદહાર)ના શૈલલેખ વર્ષ ૧૦ની પ્રવૃત્તિઓને લગતા છે. અન્ય લેખોમાં જણાવ્યા મુજબ આ વર્ષ અશોકના રાજ્યાભિષેકથી ગણવામાં આવતાં. આ વર્ષની સંખ્યા વર્તમાન (ચાલુ) વર્ષની નહિ, પણ ગત (પૂરાં થયેલાં) વર્ષની હોય છે.

બે ગુફાલેખ વર્ષ ૧૨ના છે.

ચૌદ શૈલલેખ વર્ષ ૧૨-૧૩ના છે.

ત્રીજો ગુફાલેખ વર્ષ ૧૯નો છે.

નેપાલના બંને સ્તંભલેખ વર્ષ ૨૦ના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત સ્તંભલેખોમાંના પહેલા છ લેખ વર્ષ ૨૬ના છે, જ્યારે તેમાંનો છેલ્લો લેખ (નં. ૭) વર્ષ ૨૭નો છે.

જેમાં અશોકે અઢી વર્ષથી પોતે (બૌદ્ધ) ઉપાસક થયો હોવાનો ઉલ્લેખ કરેલો છે તે શૈલલેખમાં કોઈ ચોક્કસ વર્ષ આપેલું નથી. પરંતુ એ ઉલ્લેખ પરથી તે લેખ વર્ષ ૧૧ના અરસાનો હોવાનું માલૂમ પડે છે.

અશોકના અભિલેખોના પ્રકારોને કાલક્રમ અનુસાર ગોઠવીએ, તો પહેલાં ગૌણ શૈલલેખો, પછી ચૌદ મુખ્ય શૈલલેખો, પછી ગુફાલેખો, પછી ગૌણ સ્તંભલેખો ને છેવટે મુખ્ય સ્તંભલેખો ગોઠવાય, જ્યારે એ પ્રકારોના અભિલેખનના પદાર્થોના પ્રકાર તથા તે તે પ્રકારના અભિલેખોની સંખ્યાની દૃષ્ટિએ ગોઠવીએ, તો પહેલાં શૈલલેખો (મુખ્ય તથા ગૌણ), પછી સ્તંભલેખો (મુખ્ય તથા ગૌણ) અને છેવટે ગુફાલેખો આવે.

આમાં સંખ્યાની તથા નકલોની દૃષ્ટિએ મુખ્ય શૈલલેખો તથા મુખ્ય સ્તંભલેખો સવિશેષ મહત્ત્વ ધરાવે છે. મુખ્ય શૈલલેખ ૧૪ છે. તેમાંના લેખ નં.૧થી ૧૦ અને ૧૪ની નકલો સાત સ્થળોએ મળી છે, ને લેખ નં. ૧૧થી ૧૩ની નકલો તેમાંનાં પાંચ સ્થળોએ કોતરેલી છે. સોપારામાં લેખ નં. ૮ અને ૯ના અંશ મળ્યા છે તે પરથી લેખ નં. ૧થી ૧૪ની એક વધુ નકલ ત્યાં કોતરાઈ હોવાનું જણાય છે. ખરી રીતે આ પૂરી અક્ષરશઃ નકલો નથી. પરંતુ પ્રાદેશિક બોલીભેદ ધરાવતાં રૂપાંતર છે.

છતાં લખાણની હકીકત અને રજૂઆતની દૃષ્ટિએ આ લેખોને સંખ્યામાં ચૌદ જ ગણવા જોઈએ, બરુઆની જેમ ૯૩ (સોપારાનો લેખ નં. ૯ ઉમેરતાં ૯૪) નહિ.

એવી રીતે કલિંગના બે અલગ લેખ જે બે સ્થળોએ મળ્યા છે તેને સંખ્યામાં બે ગણવા જોઈએ, ચાર નહિ.

ગૌણ શૈલલેખોમાં જે લેખ અનેક સ્થળોએ મળ્યો છે તે ખરી રીતે એક જ લેખ ગણાય. એની કુલ ૧૩ પ્રત મળી છે. એ પૈકી કેટલીક પ્રતો (ખાસ કરીને ઉત્તર ભારતની પ્રતો)નું લખાણ ટૂંકું છે, ત્યારે બીજી કેટલીક પ્રતો (ખાસ કરીને દક્ષિણ ભારતની પ્રતો)માં એમાં ઓછુંવત્તું લખાણ ઉમેરેલું છે.

મુખ્ય સ્તંભલેખો પૈકીના નં. ૧--૬ની છ પ્રત મળી છે. તેમાંનો લેખ નં. ૭ આમાંની એક જ પ્રતમાં ઉમેરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલ્હાબાદ-કોસામ સ્તંભ પરનો સંઘભેદને લગતો લેખ સાંચી અને સારનાથ-ના સ્તંભલેખો સાથે ઘણે અંશે મળતો આવે છે. આથી એ ત્રણ લેખો એક લેખની ત્રણ પ્રત ગણાય.

રુમ્મિનદેઈનો સ્તંભલેખ અને નિગલી સાગરનો સ્તંભલેખ એક પ્રકારના હોવા છતાં બે જુદા જુદા લેખ છે. રાણીના લેખ તરીકે ઓળખાતો અલ્હાબાદ-કોસામ સ્તંભલેખ તથા કલકત્તા-બૈરાટ ફલક લેખ પણ જુદા જુદા છે.

બરાબર ડુંગરના ત્રણ ગુફાલેખ પણ એક પ્રકારના હોવા છતાં ત્રણ જુદા જુદા લેખ છે.

કંદહારના શૈલલેખનાં દ્વિભાષી રૂપાંતરોને એક અને જુદા લેખ તરીકે ગણવાં ઘટે. તક્ષશિલાનો શૈલલેખ વળી એનાથી જુદો લાગે છે. પુલે દારુન્તનો શૈલલેખ પણ એક જુદો લેખ જણાય છે. આમ વિદેશી લિપિના આ ત્રણ લેખ ગણાય.

અમરાવતી સ્તંભલેખ પણ એક જુદો લેખ લાગે છે.

આ રીતે ગણતાં અશોકના જ્ઞાત અભિલેખોની સંખ્યા ૩૬ થાય છે. એમાં ચૌદ મુખ્ય શૈલલેખોની હાલ ૯૪ પ્રત મળી છે, સાત મુખ્ય સ્તંભલેખોની ૩૭, કલિંગ-ના બે અલગ શૈલલેખોની ૪, એક ગૌણ શૈલલેખની ૧૩ અને એક ગૌણ સ્તંભ-લેખની ૩--એમ ૨૫ લેખોની કુલ ૧૫૧ પ્રત મળી છે અર્થાત્ એની કુલ ૧૨૬ વધારાની નકલો મળી છે. આથી ૩૬ અભિલેખોની હાલ કુલ ૧૬૨ પ્રત મળી છે. સોપારામાં ચૌદ શૈલલેખો પૈકી હજી બારનો પત્તો લાગવો બાકી છે, પણ તે તદ્દન અપેક્ષિત છે. એને ગણતરીમાં સમાવીએ, તો પ્રતોની સંખ્યા ૧૭૪ થાય. ભવિષ્યમાં હજી વધુ અભિલેખો અને વધુ પ્રતો મળતી રહેશે એ તદ્દન સંભવિત છે. એ પૈકી હાલ તો ૩૬ લેખો અને ૧૬૨ પ્રતો ઉપલબ્ધ છે; ને એ ૩૬ લેખો પૈકી ૩ લેખ અધૂરા હોઈ સુનિશ્ચિત ન ગણાય. બાકીના ૩૩ લેખોનું અહીં છેવટે ગુજરાતી ભાષાંતર આપવામાં આવ્યું છે.

અભિલેખોનાં પ્રાપ્તિસ્થાન અગાઉ પ્રકરણ ૨માં ગણાવેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૨. લિપિ અને ભાષા

**લિપિઓ** — ચૌદમી સદીમાં ફીરોઝશાહ તઘલકે દિલ્હી ખસેડાવેલા ટોપરા સ્તંભ અને મીરઠ સ્તંભ પરના અભિલેખો એ સમયના પંડિતો ઉકેલી શકયા નહોતા. ઓગણીસમી સદીના આરંભમાં યુરોપીય વિદ્વાનોનું ધ્યાન આમાંના કેટલાક અભિલેખો તરફ પડયું ત્યારે કેટલાંક વર્ષો સુધી પશ્ચિમના કે ભારતના વિદ્વાનોને ઊકલતા નહોતા (આકૃતિ ૧૩). આખરે ૧૮૩૫-૩૭ દરમ્યાન એ અભિલેખોની પ્રાચીન લિપિ ઉકેલી શકાઈ ત્યારે માલૂમ પડયું કે એ લેખ ભારતની બ્રાહ્મી નામે પ્રાચીન રાષ્ટ્રલિપિમાં કોતરેલા છે ને ભારતની લગભગ બધી અર્વાચીન લિપિઓ ક્રમશઃ પરિવર્તન પામતી પામતી એ પ્રાચીન લિપિમાંથી જ ઊતરી આવેલી છે.

આ લિપિના અક્ષરોમાં ત્યારે શિરોરેખાની શરૂઆત પણ થઈ નહોતી. સ્વરોમાં **अ**, आ, इ, उ, ए અને **ओ** મળે છે; બાકીના સ્વર આ પ્રાકૃત લેખોમાં પ્રયોજાયા નથી. इ, उ, ए અને ओનાં ચિહ્ન સ્વતંત્ર છે, **अ** પરથી સાધેલાં નથી. **अ**માં દીર્ઘમાત્રા ઉમેરીને **आ** કરાતો. વ્યંજનોમાં **ङ** સિવાય **क** થી **ह** સુધીના સર્વ અક્ષર વપરાયા છે. કેટલાક અક્ષરોના એકથી વધુ મરોડ જોવા મળે છે, જેમાં કેટલાક સીધી રેખાઓના બનેલા કોણાત્મક મરોડ છે, જ્યારે કેટલાક વળાંકદાર રેખાઓના ગોળ મરોડ છે, જેમ કે **अ, ग, घ, च, ज, त, द, प, य, ल, व** અને **स**માં (આકૃતિ ૩).

વ્યંજનોમાં સ્વરોની માત્રાઓ આ રીતે ઉમેરાતી: **आ**ની માત્રા વ્યંજનની જમણી બાજુ, મોટે ભાગે ટોચ પાસે નાની આડી રેખારૂપે ઉમેરાતી. **इ**ની માત્રામાં **आ**ની માત્રાના જમણા છેડે કાટખૂણે નાની ઊભી રેખા ઉમેરાતી, **ई** માટે એની ડાબી બાજુએ વચ્ચે એક બીજી ઊભી રેખા ઉમેરવામાં આવતી. **उ** માટે વ્યંજનની નીચે જમણી બાજુએ **आ**ની માત્રા જેવી નાની આડી રેખા ઉમેરતા. **ऊ** માટે એની ઉપર એવી એક બીજી આડી રેખા ઉમેરાતી. **ए**ની માત્રા વ્યંજનની ડાબી બાજુએ, મોટે ભાગે ટોચ પાસે, નાની આડી રેખારૂપે ઉમેરાતી. **ऐ** માટે એમાં એવી એક બીજી આડી રેખા ઉમેરતા. **ओ** માટે અક્ષરની જમણી બાજુએ **आ**ની અને ડાબી બાજુએ **ए**ની રેખા ઉમેરવામાં આવતી. **ऐ** અને **औ**ની માત્રાની આ લેખોમાં જરૂર પડી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુસ્વારનું ચિહ્ન બિંદુરૂપે અક્ષરની જમણી બાજુ ટોચ પાસે ઉમેરાતું. વિસર્ગ આ લેખોમાં આવતો નથી.

સંયુકતાક્ષરોમાં સામાન્ય રીતે પૂર્વગ વ્યંજનની નીચે અનુગ વ્યંજનને જોડવામાં આવતો, જેમ કે આકૃતિ ૨માં स्त, स्प, क्य, स्व અને ह्म. પરંતુ કેટલીક વાર આ અક્ષરોનો ઊલટો ક્રમ જોવામાં આવે છે, જેમ કે આકૃતિ ૨માં स्ट અને ष्य. रની બાબતમાં તો તે પૂર્વગ હોય કે અનુગ હોય, તેનું ચિહ્ન હમેશાં રેફની જેમ ઉપર જ કરવામાં આવતું, જેમ કે આકૃતિ ૨માં त्र, प्र, અને र्व. ઘણા અક્ષરોમાં તે એ બીજા અક્ષરની ઊભી સુરેખામાં ભેળવીને દર્શાવવામાં આવતું, જેમ કે આકૃતિ ૨માં क्र, द्र, અને ब्र.

અંકચિહ્નોમાં ४, ६, ५० અને २००નાં ચિહ્ન મળે છે. એ સમયે દશક શતક વગેરે માટે સ્થાનમૂલ્યનો નિયમ અપનાવાયો ન હોઈ, १० २० ३० વગેરે માટે અલગ સ્વતંત્ર ચિહ્ન પ્રયોજાતાં.

વાયવ્ય સરહદ પ્રાંતના શાહબાજગઢી અને માનસેહરાના શૈલલેખો વળી એક જુદી જ લિપિમાં કોતરેલા છે. તે લિપિનું નામ ખરોષ્ઠી છે. આ લિપિ સેમેટિક કુલની લિપિઓની જેમ જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખાતી. એ કુલની અરામાઈ લિપિ સાથે એ ઘણું સામ્ય ધરાવે છે. ખરોષ્ઠી લિપિ અખામની વંશના શાસનની અસરવાળા ગંધાર અને એની પશ્ચિમે આવેલા પ્રદેશોમાં પ્રચલિત થયેલી લોકલિપિ હતી. બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા કેટલાક લેખોના લહિયા ખરોષ્ઠી લિપિ વાપરનાર હતા એવું તેમણે લખેલા કેટલાક છૂટક શબ્દો પરથી અથવા તે લેખોમાં તેમણે કરેલા ઊલટી લેખનદિશાના ફેરફાર પરથી માલૂમ પડે છે.

આ લિપિ ૧૮૩૪--૪૦ દરમ્યાન ઉકેલાઈ (આકૃતિ ૪).

આ લિપિમાં अના ચિહ્નમાંથી इ, उ, ए અને ओનાં ચિહ્ન ઉપજાવેલાં છે. સ્વરોમાં કે સ્વરમાત્રાઓમાં દીર્ઘતા દર્શાવવા માટે કોઈ ચિહ્ન પ્રયોજાતાં નહિ. વ્યંજનોમાં ङ સિવાય क થી हનાં ચિહ્ન મળે છે. अમાં તેમ જ વ્યંજનોમાં इની માત્રા દર્શાવવા માટે અક્ષરના ઉપલા કે વચલા ભાગને છેદતી ઊભી કે ત્રાંસી રેખા ઉમેરવામાં આવતી. उની માત્રા માટે અક્ષરની નીચે ડાબી બાજુએ સીધી, આડી કે વળાંકદાર રેખા ઉમેરાતી. एની માત્રા માટે અક્ષરના ઉપલા ભાગમાં ત્રાંસી કે સીધી રેખા ઉમેરતા. ओની માત્રા માટે અક્ષરની વચ્ચેથી ડાબી બાજુએ નીચે મળતી ત્રાંસી રેખા જોડતા. અનુસ્વાર માટે અક્ષરની નીચે બાણની ટોચ જેવું ચિહ્ન ઉમેરાતું. સંયુકતાક્ષરમાં રેફને બદલે रને એ અક્ષરના કે એની પહેલાંના અક્ષરના અનુગ

For Private And Personal Use Only

અક્ષર તરીકે જોડતા, જેમ કે **सर्व**ને બદલે **सव्र** અને **धर्म**ને બદલે **ध्रम**. અંક-ચિહ્નોમાં ૧ થી ૯ સુધી એકેક ઊભી રેખા લખાતી.

કંદહારના શૈલલેખનું એક રૂપાંતર ગ્રીક લિપિમાં છે, તે ગંધારની પડોશમાં આવેલા યવન (ગ્રીક) પ્રદેશને લઈને હશે. શૈલલેખનું બીજું રૂપાંતર તથા લઘમાન જિલ્લાનો લેખ અરામાઈ લિપિમાં છે. આ લિપિ બૅબિલોન સામ્રાજ્યના વારસારૂપે ઈરાની સામ્રાજ્યમાં પ્રચલિત હતી ને તેથી ગંધાર પ્રદેશમાંય તેનો ઉપયોગ થતો એવું માલૂમ પડે છે.

**અક્ષર વિન્યાસ**—ખરોષ્ઠી લિપિમાં आ, ई, ऊ, ऐ અને **औ**ને સ્થાને અનુક્રમે **अ**, इ, उ, ए અને **ओ** લખાતો.

બ્રાહ્મી લિપિમાં સંયુકતાક્ષરમાં સામાન્ય રીતે પૂર્વગ વ્યંજનની નીચે અનુગ વ્યંજનને જોડવામાં આવે છે, પરંતુ એમાં કેટલીક વાર એથી ઊલટું જોવામાં આવે આવે છે, જેમ કે प्रिને બદલે र्पि, त्पाને બદલે प्ता અને **श्य**ને બદલે दत्र.

**ભાષા**—અશોકના લગભગ બધા અભિલેખ—બ્રાહ્મી લિપિમાં કોતરેલા તેમ જ ખરોષ્ઠી લિપિમાં કોતરેલા—**પ્રાકૃત** ભાષામાં લખેલા છે. માત્ર અરામાઈ અને ગ્રીક લિપિમાં કોતરેલા લેખ તે તે વિદેશી ભાષામાં લખાયા છે.

આ અભિલેખોની પ્રાકૃત ભાષા વ્યાકરણની દૃષ્ટિએ એક પ્રકારની નથી, પરંતુ એમાં પ્રાદેશિક બોલીઓ અનુસાર પાઠભેદ રહેલા છે. એમાંનાં કોઈ ભાષાસ્વરૂપોને પછીના સમયની કોઈ પ્રશિષ્ટ પ્રાકૃત ભાષાઓ તરીકે ઓળખાવી શકાય એમ નથી. મગધના રાજા અશોકે પાટલિપુત્રમાં પોતાનાં સર્વ શાસન એ સમયની માગધી ભાષામાં લખાવ્યાં હશે ને પછી તેની નકલો અન્ય પ્રદેશોમાં કોતરાવતા પહેલાં તે તે લેખનું તે તે પ્રદેશની બોલીમાં રૂપાંતર કરાવ્યું હશે.

અશોકના અભિલેખોની ભાષાનો પ્રાદેશિક બોલી-ભેદોની દૃષ્ટિએ કેટલાક વિદ્વાનોએ વિગતે અભ્યાસ કર્યો છે.[૧] એમાં બિહાર; ઉત્તર પ્રદેશ, પંજાબ, નેપાલ; રાજસ્થાન, મધ્ય પ્રદેશ; ઓરિસા; સૌરાષ્ટ્ર; કોંકણ; આન્ધ્ર અને કર્ણાટક; અને વાયવ્ય સરહદ—એવા જુદા જુદા પ્રદેશોનાં બોલી-જૂથ અલગ પડે છે.

---

૧. Woolner, *As'oka, Text and Glossary*; Mahendle, *A Comparative Grammar of As'okan Insciptions*; Barua, *As'oka and His Inscriptions*; Basak, *As'okan Inscriptions*; **पांडेय, अशोकके अभिलेख.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એના મુખ્ય શૈલલેખોમાં મળતો બોલી-ભેદ આ પ્રમાણે છે

ગિરનાર — देवानं प्रियो पियदसि राजा एवं आह।

એર્રગુડી — देवानं पिये पियदसि राजा हेवं आह।

કાલસી — देवानं पिये पियदसि लाजा हेवं आहा।

ધૌલી — देवानं पिये पियदसी लाजा हेवं आहा।

જૌગઢ — देवानं पिये पियदसी लाजा हेवं आहा।

શાહબાજગઢી — देवनं प्रियो प्रियद्रशि रज — अह।

માનસેહરા — देवनं प्रिये प्रियद्रशि रज एव अह।

મુખ્ય સ્તંભલેખોમાં બોલીભેદ ભાગ્યે જ મળે છે. બોલીનો નમૂનો.

देवानं पिये पियदसि लाज हेवं आह। कयानंमेव देखति इयं मे कयाने कटे ति।

ગૌણ શૈલલેખોમાં કેટલોક બોલીભેદ રહેલો છે:

સહસરામ — से एताये अठाये इयं सावने —। खुदका च उडाला चा पलकमंतु।

રૂપનાથ — एतिय अठाय च सावन कटे। खुदका च उडाला च पकमतु ति।

બૈરાટ — .............................. का च उडाला च पलकमतु ति।

ગુજર્રા — से एताये च अठाये इयं सावणे —। खुदाके च उडारे चा धंमं चरंतू योगं युंजंतू।

બ્રહ્મગિરિ — एतायठाय इयं सावणे सावापिते। — महात्पा च इयं पकमेयु ति।

સિદ્ધપુર — से —य इयं सावणे साविते। यथा खुदका च महात्पा च इयं पकमेयु ति।

જટિંગ-રામેશ્વર — ..............................................................

માસ્કી — न हेवं — दखितविये उडालके व इम अधिगछेया ति खुदके च उडालके च वतविया।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એર્રગુડી — एताय् अठाय इयं सावने साविते । अथा खुदका महाधना इयं पराक्रमेवू ।

ગોવિમઠ — एताये च अठाये इयं सावणे —। खुडका च उडारा च पकमंतु ति ।

પાલકિગુંડુ — ........................................................................

...............च पकमंतु ।

રાજુલ-મંડગિરિ — एतायै च अठाय सावने सावितै ।

........................................................................

અહરૌસ — एतायें अठाये इयं सावने — । खुदका च उडाला च पलकमंतू ।

સંઘભેદના નિષેધને લગતા ગૌણ સ્તંભલેખમાં ખાસ કંઈ બોલીભેદ રહેલો નથી :

કોસામ — से पि चा ओद.तानि दुसानि संनंधापयितु अनावाससि आवासयियै ।

સારનાથ — से ओदातानि दुसानि संनंधापयिया आनावाससि आवासयियै ।

સાંચી — ओदातानि दुसानि सनंधापयितु अनावाससि वासापेतविये ।

બિહારના અભિલેખોમાં માગધી ભાષાનું સંપૂર્ણ સ્વરૂપ રહેલું હોવાની અપેક્ષા રહે, પરંતુ એ લેખોની ભાષામાંય માગધીનાં લક્ષણ અંશતઃ લાગુ પડે છે. માગધીમાં અકારાન્ત શબ્દોમાં પુંલિંગ પ્રથમા એકવચનનાં રૂપ હમેશાં एકારાન્ત હોય છે. આ લક્ષણ માત્ર મગધના જ નહિ બીજા ઘણા પ્રદેશોના અભિલેખોમાં પણ રહેલું છે.[1] અપવાદતઃ ગિરનાર (સૌરાષ્ટ્ર) અને શાહબાજગઢી (જિ. પેશાવર)ના અભિલેખોમાં જ ए ને બદલે ओ પ્રયોજાયો છે.[2]

માગધી ભાષાનું બીજું લક્ષણ એ છે કે એમાં रનો ल થઈ જાય છે. આ લક્ષણ બિહાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, નેપાલ, ઓરિસા, રાજસ્થાન અને રૂપનાથ-

---

૧. દા. ત., समाजे (કાલસી), तदिशे (માનસેહરા), अनालंभे (ધૌલી), पकते (રૂપનાથ), विपुले (સહસરામ), सधमे (કલકત્તા-બૈરાટ), स्वगे (બ્રહ્મગિરિ), दंडे (દિલ્હી-ટોપરા), धंमे (રામપુરવા), आहांले (સારનાથ), बुधे (રુમ્મિનદેઈ) વગેરે.

૨. દા. ત., समाजो (ગિરનાર), मगो (ગિરનાર), मुगो (શાહબાજગઢી) जनो (શાહબાજગઢી) વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(મ.પ્ર.)ના અભિલેખોમાં રહેલું છે.[૧] પરંતુ ગિરનાર[૨], સોપારા,[૩] વાયવ્ય સરહદ,[૪] ગુજર્રા (મધ્ય પ્રદેશ),[૫] આન્ધ્ર પ્રદેશ[૬] અને મૈસૂરના[૭] અભિલેખોમાં रનો र જ રહે છે. આમ માગધીનું આ લક્ષણ ઉત્તર, મધ્ય અને પૂર્વના પ્રદેશોમાં પ્રચલિત હતું અને પશ્ચિમ, વાયવ્ય અને દક્ષિણમાં પ્રચલિત નહોતું.

માગધીનું એક બીજું મુખ્ય લક્ષણ એ છે કે એમાં सનો સર્વત્ર श થાય છે. આ લક્ષણ પૂર્વ ભારતના અભિલેખોમાં પણ ભાગ્યે જ રહેલું છે. ઉત્તર ભારત તથા પૂર્વ ભારતના તેમ જ મધ્ય પ્રદેશના સ્તંભલેખોમાં તો હમેશાં सનો स રહે છે એટલું જ નહિ ઊલટું श તથા षનો स થાય છે.[૮] બિહારના ગુફાલેખોમાં પણ એવું જ છે.[૯] શૈલલેખોમાં સૌરાષ્ટ્ર,[૧૦] કોંકણ,[૧૧] ઓરિસા,[૧૨] મધ્ય પ્રદેશ,[૧૩] બિહાર,[૧૪] રાજસ્થાન,[૧૫] આન્ધ્ર[૧૬] અને મૈસૂરના[૧૭] લેખોમાં પણ સર્વત્ર स પ્રયોજાયો છે.

---

૧. દા. ત., लाजा (કાલસી), अंतलं (ધૌલી), सातिलेके (રૂપનાથ), चिल (સહસરામ), उडाला (બૈરાટ), लाजिना (બરાબર), लाजाने (દિલ્હી-ટોપરા), सालिका (અલ્હાબાદ-કોસામ), लाजिन (નિગ્લીવ) વગેરે.

૨. દા.ત., रांञो.

૩. દા.ત., रतो.

૪. દા.ત., दुकरे (શાહબાજગઢી), रजिने (માનસેહરા).

૫. દા.ત., राजस.

૬. દા.ત., पुरे (માસ્કી), वारिसा (એર્રગુડી), संवछरे (ગોવિમઠ) વગેરે.

૭. દા.ત., आरो गियं (બ્રહ્મગિરિ), सातिरेके (સિદ્ધપુર) વગેરે.

૮. દા.ત., सडुवीसति (દિલ્હી-ટોપરા), सूकले (દિલ્હી-મેરઠ), हितसुखं (લૌરિયા નંદનગઢ), सुके (લૌરિયા અરરાજ), पु लसानि (રામપુરવા), सुवे (અલ્હાબાદ-કોસામ), दुसानि (સાંચી), सासनं (સારનાથ), वीसति (રુમ્મિનદેઈ) વગેરે.

૯. દા.ત., पियदसिना, पवतसि.

૧૦. દા.ત., तस, मनुस, पसु (ગિરનાર)

૧૧. દા.ત., दसने (સોપારા).

૧૨. દા.ત., समाजे, सुसुसा, से ठे વગેરે.

૧૩. દા.ત., सुमि (રૂપનાથ), अमं (ગુજર્રા)

૧૪. દાત., मिसं (સહસરામ)

૧૫. દા.ત., संघं, भासिते, दिसेया (કલકત્તા-બૈરાટ)

૧૬. દા.ત., असोकस (માસ્કી), मुनिसा (એર્રગુડી), सावणे (ગોવિમઠ).

૧૭. દા.ત., इसिलसि (બ્રહ્મગિરિ), वसामि (સિદ્ધપુર).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલસી(ઉ.પ્ર.)ના શૈલલેખોમાં લેખ નં. ૧થી ૯માં પણ લગભગ સર્વત્ર स વપરાયો છે.[1] પરંતુ લેખ નં. ૧૦થી ૧૪માં એને બદલે ઘણી જગ્યાએ शનો ष,[2] ષનો ष,[3] सનો ष,[4] सનો श[5], षનો श,[6] એવા श અને षના પ્રયોગ જોવામાં આવે છે. આમ એમાં ઉષ્માક્ષરોના અનિયત ફેરફાર કરેલા છે! વાયવ્ય સરહદના અભિલેખોમાં श, ष અને सનો પ્રયોગ પ્રાય: યથોચિત રીતે થયેલો છે, જેમ કે प्रियद्रशि, प्रणशतसहस्रनि, द्रशनं, वषशतेहि, पषड, श्रमण, यशो, ध्रमनुशस्ति, शुश्रुष, दशवष ઇત્યાદિ,[7] આમ માગધીના श કારનું લક્ષણ અહીં નિયમ તરીકે ક્યાંય ભાગ્યે જ જોવા મળે છે.

માગધીમાં મુખ્યત્વે नનો ण થાય છે, જ્યારે અશોકના અભિલેખોમાં પ્રાય: એથી ઊલટું પ્રયોજાયું છે. અર્થાત્ ઘણા પ્રદેશોમાં णનો न કરવામાં આવ્યો છે, જેમ કે पानानि (કાલસી), समना (કાલસી), बंभन (ધૌલી), हिरंन (સોપારા), कालन (સ્તંભલેખો), सावने (રૂપનાથ), भिखुनि (સાંચી, સારનાથ, કોસામ), पानेसु (ગુર્જરા), सुनेयु (બૈરાટ), पोरना (એર્રગુડી) ઇત્યાદિ. પશ્ચિમ, વાયવ્ય અને દક્ષિણના પ્રદેશોમાં णનો ण રાખવામાં આવે છે, જેમ કે प्राणा, समग, गणना (ગિરનાર), गणनसि, प्रण (વાયવ્ય સરહદ), जाणन्तु (ગોવિમઠ), पुराणी, सावणे प्राणेसु (બ્રહ્મગિરિ), પરંતુ न નો ण કરવાનો દાખલો જવલ્લે જ મળે છે

૧. દા.ત., पियदसी (લેખ નં. ૧), मनुस (લેખ નં. ૨), सुसुसा (લેખ નં. ૩), असिलसा (લેખ નં. ૪), सवेसु (લેખ નં. ૫), से (લેખ નં. ૬), भावसुधि (લેખ નં. ૭), दसने (લેખ નં. ૮), एसे (લેખ નં. ૯).

લેખ નં.૪માં અપવાદરૂપે છેલ્લી પંક્તિમાં બે જગ્યાઓ श પ્રયોજાયો છે.

૨. દા.ત., पियदषा, यषो, अदिश, षुषुषा, दिषा.

૩. દા.ત., सुसुषा, उषुटेन, एषे, पाषंड.

૪. દા.ત., षंबधे, दाष, षाधु

૫. દા.ત., शे, पशवति, शव, लेखापेशामि.

૬. દા.ત., पाशडा.

૭. પરંતુ એમાં ક્યારેક અપવાદ જોવા મળે છે, જેમ કે मनुषને બદલે मनुश, शुश्रुषને બદલે सुश्रुष, शसनંને બદલે शशनं, शतसहस्रને બદલે शतसहश्र, अनुशोचनને બદલે अनुसोचन, अभिषितને બદલે अभिसित વગેરે.

આમ આમાં ક્યારેક शને બદલે स, सને બદલે श, षને બદલે श અને षને બદલે स દેખા દે છે.

૮. दर्शनને બદલે दसणं અને दसणे (ગિરનાર) અને पकममीनेनને બદલે पकममीणेन (ગોવિમઠ, પાલકિગુંડી).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગધીમાં ज्ञનો ञ्ञ થાય છે, જ્યારે અહીં એનો ज થાય છે. (દા.ત., अञ).
માગધીમાં આદ્ય जનો य થાય છે, જ્યારે અહીં એ ज કાયમ રહે છે, જેમ કે, जनो, जाते, जीव, માગધીમાં હેત્વર્થ કૃદંતનો પ્રત્યય तुम् છે, અહીં तवे છે. સપ્તમી એકવચનનો પ્રત્યય માગધીમાં स्सिं છે, અશોકના ઘણા લેખોમાં सि છે.

આમ અશોકના અભિલેખોમાં ઉત્તર અને પૂર્વના લેખોની ભાષા માગધી ભાષા સાથે અંશતઃ સામ્ય ધરાવે છે, પૂર્ણતઃ નહિ.

એવી રીતે અર્ધમાગધી ભાષાનાં લક્ષણ પણ આ લેખોને અંશતઃ લાગુ પડે છે, ખાસ કરીને પશ્ચિમ અને દક્ષિણ અને કયારેક વાયવ્યના લેખોને. એમાં પ્રથમા એકવચનનો ओ પ્રત્યય, रનો र રહેવા દેવો, श અને षનો स કરવો, नનો ण કરવો ઇત્યાદિ લક્ષણો અર્ધમાગધીમાં રહેલાં છે, પરંતુ અશોકના લેખોમાં કોઈ પ્રદેશના લેખોની ભાષા તેની સાથે પૂર્ણ સામ્ય ધરાવતી નથી.

શૌરસેની પ્રાકૃતમાં र રહે છે, પ્રથમા એકવચનમાં ओ પ્રત્યય લાગે છે, ઉષ્માક્ષરોમાં સર્વત્ર માત્ર स વપરાય છે, नનો (આદ્ય नનો પણ) ण થાય છે, સપ્તમી એકવચનમાં म्मि પ્રત્યય લાગે છે, બે સ્વરોની વચ્ચે આવતા तનો द થાય છે. આ લક્ષણો પણ આમાંના કોઈ પ્રદેશના અભિલેખોની ભાષા સાથે પૂરેપૂરાં બંધ બેસતાં નથી.

પૈશાચી પ્રાકૃતમાં ज्ञનો ञ्ञ થાય છે, ને અશોકના ગિરનાર અને શાહબાજગઢી લેખોમાં ज्ञનો ञ थાય છે. પરંતુ આ લેખોની ભાષામાં પૈશાચીનાં બીજાં જૂજ લક્ષણ જોવા મળે છે.

એવી રીતે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં रનો ल થતો નથી, પ્રથમા એકવચનમાં ओ પ્રત્યય લાગે છે, ण કાયમ રહે છે વગેરે લક્ષણ આમાંના કેટલાક લેખોમાં, ખાસ કરીને ગિરનાર, સોપારા અને શાહબાજગઢીના લેખોમાં રહેલાં છે, પરંતુ મહારાષ્ટ્રીનાં બીજાં લક્ષણ એ લેખોની ભાષાને લાગુ પડતાં નથી.

આમ અશોકના અભિલેખોની ભાષા કે તેનાં કોઈ પ્રાદેશિક ભાષાસ્વરૂપ અનુકાલીન પ્રશિષ્ટ પ્રાકૃત ભાષાનાં પૂરાં લક્ષણ ધરાવતાં નથી. આ અભિલેખોમાં સાત સ્તંભલેખોની ભાષા એ સમયની માગધી ભાષાનું સ્વરૂપ ધરાવતી લાગે છે. એ ભાષાની અસર ઘણે અંશે ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ઓરિસા સુધી વિસ્તરે છે. જ્યારે વાયવ્ય, પશ્ચિમ અને દક્ષિણ પ્રદેશોનાં ભાષાસ્વરૂપ પ્રાદેશિક ભાષાભેદોનું વિપુલ પ્રમાણ ધરાવે છે, ટૂંકમાં પૂર્વ ભારત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ઉત્તર ભારતમાં પ્રાચીન માગધી પ્રચલિત હતી, જ્યારે ઉત્તરપશ્ચિમ ભારતમાં, પશ્ચિમ ભારતમાં અને દક્ષિણ ભારતમાં એનાથી ઠીક ઠીક ભિન્ન પડે તેવાં પ્રાકૃત ભાષાસ્વરૂપ પ્રચલિત હતાં.

અશોકના બ્રાહ્મી લેખોમાં अ, इ, उ, ए અને ओ એટલા સ્વરોના મૂળાક્ષર વપરાયા છે.[1] आ માટે अमां કાનો ઉમેરવામાં આવતો. આ લેખોનાં પ્રાકૃત લખાણોમાં ई, ऊ, ऋ, ऐ ને औ પ્રયોજવાનો પ્રસંગ પડ્યો નથી. વ્યંજનોમાં आ, इ, ई, उ, ऊ, ए, ऐ અને ओनां સ્વરચિહ્ન ઉમેરાયાં છે. आ, इ અને ईनां ચિહ્ન પ્રાયઃ વ્યંજનની ટોચે જમણી બાજુએ, उ અને ऊ નાં ચિહ્ન વ્યંજનની નીચે જમણી બાજુએ, અને ए અને ऐनां ચિહ્ન વ્યંજનની ટોચે ડાબી બાજુએ ઉમેરાતાં. ओનું ચિહ્ન જમણી બાજુએ आनું અને ડાબી બાજુએ एનું ચિહ્ન ઉમેરવાથી વ્યક્ત થતું. અનુસ્વારનું બિંદુ અક્ષરની ટોચની જમણી બાજુએ ઉમેરાતું. આ લેખોમાં વિસર્ગનો સમાવેશ થતો નથી.

વ્યંજનોમાં क થી हनी વર્ણમાલા પૂરી વિકસી લાગે છે, પરંતુ અશોકનાં પ્રાકૃત લખાણોમાં માત્ર ङ નો પ્રયોગ થયો નથી. સંયુક્ત વ્યંજનોમાં સામાન્યતઃ પૂર્વગ વ્યંજનની નીચે અનુગ વ્યંજન જોડાતો ને એ અનુગ અક્ષર કદમાં નાનો લખાતો. પરંતુ र સાથેના સંયુક્ત વ્યંજનોમાં પૂર્વગ र ની જેમ અનુગ र પણ ઉપર લખાતો દા.ત., प्र પણ र्पના જેવો લખાતો.

---

1. इ, उ અને एनी જેમ ओનું પણ સ્વતંત્ર ચિહ્ન છે; તેને अमां કાનો-માત્ર ઉમેરીને ઉપજાવ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૩. આરંભિક ગૌણ શૈલલેખો

## ૧. શર-ઈ-કુના (કંદહાર) શૈલલેખ, વર્ષ ૧૦

### (ગ્રીક રૂપાંતર)

દસ વર્ષ થયાં રાજા પ્રિયદર્શીએ લોકોમાં ધર્મ-અનુશસ્તિ પ્રવર્તાવી. ને ત્યારથી તેણે મનુષ્યોને વધારે સારી રીતે ધર્મ-યુક્ત કર્યા ને સર્વ પૃથ્વી પર જીવધારીઓની હિત-સુખ વડે વૃદ્ધિ થઈ. ને રાજાએ જીવધારીઓની હત્યા તજી દીધી ને સર્વ મનુષ્યોએ —રાજાના શિકારીઓએ તેમ જ સર્વ માછીમારોએ પ્રાણીઓની હિંસા તજી દીધી. ને જેઓને સંયમ નહોતો તેઓ પણ તે દરેકથી થઈ શકે તે રીતે સંયમી થયા છે. ને તેઓ પણ માતાપિતા તથા વૃદ્ધોની શુશ્રૂષા કરે છે, જેવી અગાઉ થઈ નહોતી. ને એમ કરતા તેઓ પછી હિત-સુખ વડે વૃદ્ધિ પામશે ને સારી રીતે વૃદ્ધિ પામશે.

### (અરામાઈ રૂપાંતર)

દસ વર્ષ થયાં અમારા સ્વામી રાજા પ્રિયદર્શીએ ત્યારે ધર્મ-અનુશસ્તિ પ્રવર્તાવી. ત્યારથી પાપની હાનિ થઈ છે ને સર્વ જનોમાં દુ:ખ ચાલ્યાં ગયાં છે ને સર્વ પૃથ્વી પર શાન્તિ અને પ્રીતિ છે. ને આ પણ થયું છે. અમારા સ્વામી રાજાના ભોજન માટે ઘણી ઓછી હત્યા થાય છે. ને તે જોઈને સર્વ મનુષ્યો હત્યા કરતા નથી. ને એવી રીતે જે માછીમારો છે તેઓ પણ નિયમ (નિયમન) વડે સંયમી થયા છે. ને એવી રીતે જેઓને સંયમ નહોતો તેઓ પણ સંયમી થયા છે. ને બહુ માતાપિતાની શુશ્રૂષા કરે છે ને વૃદ્ધોની શુશ્રૂષા કરે છે, જેવું તે દરેકને કર્તવ્ય સોંપાયું છે. ને ધર્મ-યુક્તોની ખરેખર પરત્ર વિચારણા (તપાસ) થતી નથી. ને સર્વ મનુષ્યો ધર્મ-આચરણ વડે અભ્યુન્નતિ પામ્યા છે ને અભ્યુન્નતિ પામશે જ.

## ૨. વર્ષ વિનાનો શૈલલેખ

[દેવોના પ્રિય અશોકરાજનું (જાહેરનામું) —ગુજર્રા]

[દેવોના પ્રિય અશોકના........... —મસ્કી]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[સુવર્ણગિરિથી આર્યપુત્ર અને મહામાત્રોના વચનથી ઈસિલમાં મહામાત્રોને આરોગ્ય કહેવું અને આમ કહેવું. —બ્રહ્મગિરિ]

[સુવર્ણગિરિથી આર્યપુત્ર અને મહામાત્રોના વચનથી ઈસિલમાં મહામાત્રોને આરોગ્ય કહેવું. —સિદ્ધાપુર]

[......અને...... ત્રોના .........વ......... ઈસિ......વું. —જટિંગ રામેશ્વર]

દેવોના પ્રિય આમ કહે છે—અઢીથી વધુ વર્ષ થયાં કે હું ઉપાસક છું. પરંતુ એક વર્ષ અધિક પુરુષાર્થ કર્યો નહિ. કિંતુ વર્ષથી વધુ વખત થયો કે હું સંઘ પાસે ગયો ને મેં અધિક પુરુષાર્થ કર્યો. આ કાલમાં અમિશ્ર મનુષ્ય જંબુદ્વીપમાં દેવો સાથે મિશ્ર થયા. પુરુષાર્થનું એ ફળ છે. એ મોટાથી જ પ્રાપ્ત થાય એવું નથી. નાનો પણ પુરુષાર્થ કરે તો વિપુલ સ્વર્ગ પ્રાપ્ત કરી શકે. એ માટે આ જાહેરનામું સંભળાવ્યું છે, જેથી નાના તેમ જ મોટા પુરુષાર્થ કરે. સરહદ પરના લોકો પણ આ જાણે. આ પુરુષાર્થ લાંબો વખત ટકો. આ બાબત વધશે ને ઘણી વધશે. શરૂઆત કરતાં દોઢગણી વધશે.

[આ બાબત વારાફરતી પર્વતો પર લખાવવી (કોતરાવવી). ને જ્યાં શિલાસ્તંભ હોય, ત્યાં શિલાસ્તંભ પર લખાવવી (કોતરાવવી). ને આ સૂચનાથી જ્યાં સુધી તમારી હકૂમત હોય ત્યાં બધે પ્રવાસ કરવો. —રૂપનાથ]

આ જાહેરાત પ્રવાસ દરમ્યાન સંભળાવી છે, જ્યારે ૨૫૬ વિવાસ થયા. [અને જ્યારે સમ્યગ્ બુદ્ધના શરીર (દેહાવશેષ)ની પ્રતિષ્ઠા કરાઈ. —અહરૌરા]

[આ બાબત પર્વતો પર લખાવવી (કોતરાવવી). ને જ્યાં શિલાસ્તંભો હોય, હોય, ત્યાં પણ લખાવવી (કોતરાવવી). —સહસરામ]

[દેવોના પ્રિય આમ કહે છે: માતાપિતાની શુશ્રૂષા કરવી. જીવધારીઓ તરફ ગુરુત્વ દૃઢ કરવું. સત્ય બોલવું. આ ધર્મગુણો પ્રવર્તાવવા. એ રીતે જ અંતેવાસીએ આચાર્યનો આદર કરવો. ને કુલમાં સગાઓ વિશે યથોચિત વ્યવહાર કરવો. આ પુરાણી પ્રકૃતિ (પદ્ધતિ) છે; ને તે દીર્ઘાયુ માટે છે. ને તે એ રીતે કરવું. લિપિકર (લહિયા) ચપડે લખ્યું. —બ્રહ્મગિરિ, સિદ્ધાપુર અને જટિંગ રામેશ્વર]

[દેવોના પ્રિય આમ કહે છે: દેવોના પ્રિયે જેવું કહ્યું તેવું કરવું. રજ્જુકોને આજ્ઞા કરવી—તેઓ હાલ જનપદના જનોને તથા રાષ્ટ્રિકોને આજ્ઞા કરશે. માતાપિતાની શુશ્રૂષા કરવી. એવી જ રીતે ગુરુઓની શુશ્રૂષા કરવી. જીવધારીઓ પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા કરવી. સત્ય બોલવું. સૂક્ષ્મ ધર્મ-ગુણો પ્રવર્તાવવા. દેવોના પ્રિયના વચનથી તમે એ પ્રમાણે આજ્ઞા કરો. એવી રીતે જ હાથીસવાર અધિકારીઓને અને રથસવાર બ્રાહ્મણોને આજ્ઞા કરો — અંતેવાસીઓને એવી રીતે શીખવો કે જેવી પુરાણી પ્રકૃતિ (પદ્ધતિ) છે. આની શુશ્રૂષા કરવી ને જે અર્ગના હોય તે બધી આચાર્યની, યથોચિત આચાર કરતા આચાર્યની. સગાઓએ યથોચિત રીતે સગાઓમાં એ પ્રવર્તાવવી. એ યથોચિત રીતે અંતેવાસીઓમાં પ્રવર્તાવવી, જેવી પુરાણી પ્રકૃતિ (પદ્ધતિ) છે. યથોચિત રીતે આ નિવેદિત થાય. એ રીતે તમે અંતેવાસીઓને આજ્ઞા કરો અને શીખવો. દેવોના પ્રિય એમ આજ્ઞા કરે છે. — એર્રગુડી અને રાજુલ મંડગિરિ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૪. ચૌદ મુખ્ય શૈલલેખ

(૧)

આ ધર્મલિપિ (ધર્મલેખ) દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી (કોતરાવી છે. અહીં કોઈ જીવધારીને મારીને હોમવો નહિ. ને સમાજ (મેળાવડો) કરવો નહિ. કેમ કે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સમાજમાં બહુ દોષ જુએ છે. પરંતુ કેટલાક સમાજોને દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ સારા માન્યા છે. પહેલાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાના રસોડામાં ભોજન માટે પ્રતિદિન ઘણા લાખ પ્રાણીઓનો વધ કરાતો. પરંતુ આજે જ્યારે આ ધર્મલિપિ લખાઈ ત્યારે ભોજન માટે ત્રણ જ પ્રાણીઓનો વધ કરાય છે—બે મોર અને એક હરણનો. એ હરણ પણ હંમેશાં નહિ. એ ત્રણ પ્રાણીઓનો પણ પછી વધ કરાશે નહિ.

(૨)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાના રાજ્યમાં સર્વત્ર તેમ જ સરહદી રાજ્યો જેવાં કે ચોળ, પાંડ્ય, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી સુધીનાં તથા યવનરાજ અંતિયોક કે તે અંતિયોકની સમીપ રાજાઓ છે (તેઓનાં રાજ્યોમાં) સર્વત્ર દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ બે (પ્રકારની) ચિકિત્સા કરી છે—મનુષ્યચિકિત્સા અને પશુ-ચિકિત્સા. મનુષ્ય-ઉપયોગી અને પશુ-ઉપયોગી ઔષધિઓ જ્યાં જ્યાં નથી, (ત્યાં) સર્વત્ર લાવવામાં ને રોપવામાં આવી છે. એ જ રીતે મૂળો અને ફળો જ્યાં જ્યાં નથી, (ત્યાં) સર્વત્ર લાવવામાં અને રોપવામાં આવ્યાં છે. પશુઓ અને મનુષ્યોના ઉપભોગને માટે રસ્તાઓ પર કૂવા ખોદાવવામાં આવ્યા છે ને વૃક્ષ રોપાવવામાં આવ્યાં છે.

(૩)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—અભિષેકને બાર વર્ષ થયાં મેં આ આજ્ઞા કરી છે. મારા રાજ્યમાં સર્વત્ર યુક્તો, રજ્જુકો અને પ્રાદેશિકો પાંચ પાંચ વર્ષે (તપાસના) પ્રવાસે જાય, જેમ અન્ય કામ માટે તેમ આ કામ માટે—આ ધર્માનુશાસન (ધર્મોપદેશ) માટે: માતાની અને પિતાની શુશ્રૂષા સારી (છે). મિત્રો, ઓળખીતાઓ અને સગાઓ (તથા) બ્રાહ્મણો અને શ્રમણોને દાન દેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારું (છે). પ્રાણધારીઓનો વધ ન કરવો એ સારું છે. થોડો ખર્ચ અને થોડો સંગ્રહ સારો (છે). પરિષદો પણ યુક્તોને હેતુને તથા અક્ષરને અનુસરી ગણના કરવા આજ્ઞા કરશે.

(૪)

ઘણાં સેંકડો વર્ષ થયાં, પ્રાણધારીઓનો વધ, પ્રાણીઓને ઈજા, સગાઓ વિશે અયોગ્ય વર્તાવ (અને) બ્રાહ્મણો તથા શ્રમણો સાથે અયોગ્ય વર્તાવ વધતાં જ ગયાં. પરંતુ આજે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાના ધર્મ-આચરણથી ભેરી-ઘોષ ધર્મ-ઘોષ થયો છે—વિમાન-દર્શન, હસ્તિ-દર્શન, અગ્નિ-સ્કન્ધ (તેજોરાશિ) અને અન્ય દિવ્ય રૂપો (આકારો) લોકોને પ્રદર્શિત કરીને. ઘણાં સેંકડો વર્ષોએ અગાઉ જેવું નહિ થયેલું, તેવું આજે વધ્યું છે. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાના ધર્માનુશાસન(ધર્મો-પદેશ)થી—પ્રાણધારીઓનો અ-વધ, પ્રાણીઓને બિન-ઈજા, સગાઓ તરફ સારો વર્તાવ, બ્રાહ્મણો તથા શ્રમણો તરફ સારો વર્તાવ, માતાપિતા વિશે શુશ્રૂષા (અને) સ્થવિરો( કે વૃદ્ધો )ની શુશ્રૂષા આ અને બીજું બહુ પ્રકારનું ધર્મ-આચરણ વધ્યું છે. અને દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આ ધર્મ-આચરણ વધારશે જ. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાના પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો આ ધર્મ-આચરણ વધારશે (અને) કલ્પ (પ્રલય) સુધી ધર્મ અને શીલ વિશે સ્થિત રહીને ધર્મનું અનુશાસન કરશે. જે ધર્માનુશાસન છે તે જ શ્રેષ્ઠ કર્મ છે. ને શીલ વગરનાથી ધર્મ-આચરણ થતું નથી. તેથી આ બાબતની વૃદ્ધિ અને અ-હાનિ સારાં છે. આ હેતુ માટે આ લખાવ્યું (કોતરાવ્યું) છે—આ બાબતની વૃદ્ધિ યોજે અને હાનિ પસંદ ન કરે. અભિ-ષેકને દસ વર્ષ થયાં ત્યારે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આ લખાવ્યું.

(૫)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—કલ્યાણ દુષ્કર (છે). જે કલ્યાણનો આરંભ કરનાર છે તે દુષ્કર કરે છે. પરંતુ મેં ઘણું કલ્યાણ કર્યું છે. તેથી મારા પુત્રો, પૌત્રો અને તેઓની પછી જે મારી સંતતિ કલ્પ (પ્રલય) સુધી તેમ આચ-રશે તેઓ સુકૃત કરશે, પણ જે અંશ પણ છોડી દેશે, તે દુષ્કૃત કરશે. કેમ કે પાપ ખરેખર સુકર છે.

ઘણો સમય થયો અગાઉ ખરેખર ધર્મ-મહામાત્ર ન હતા. તો રાજ્યાભિષેકને તેર વર્ષ થયાં ત્યારે મેં ધર્મ-મહામાત્ર નીમ્યા. તેઓને સર્વ સંપ્રદાયોમાં ધર્મના અધિષ્ઠાન માટે, ધર્મની વૃદ્ધિ માટે અને ધર્મયુક્તનાં હિત-સુખ માટે તથા યવન, કંબોજ અને ગંધાર, રાષ્ટ્રિક અને પૈત્રયણિક, તેમ જ જે બીજા પશ્ચિમ-સરહદીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(હોય તેઓના હિત-સુખ માટે) રોકેલા છે. સેવકો (શૂદ્રો) અને આર્યો (વૈશ્યો) વિશે બ્રાહ્મણો અને રાજન્યો (ક્ષત્રિયો) વિશે, અનાથો વિશે (અને) વૃદ્ધો વિશે તેઓને હિત-સુખ માટે (અને) ધર્મ-યુકતની બિન-હેરાનગતિ માટે રોકવામાં આવ્યા છે. તે ઘણાં સંતાનોવાળો છે, આપદ્ગ્રસ્ત છે કે વયોવૃદ્ધ છે તેને લઈને બંધનમાં બંધાયેલાના પ્રતિવિધાન માટે, તેની બિન-હેરાનગતિ માટે અને મુકિતને માટે તેઓને રોકેલા છે. અહીં (પાટલિપુત્રમાં) અને બાહ્ય નગરોમાં, અમારા ભાઈઓનાં તથા બહેનોનાં તથા જે બીજા સગાઓ (હોય તેઓનાં) સર્વ અંતઃપુરોમાં સર્વત્ર રોકાયા છે. જે આ ધર્મ-આશ્રિત (છે), ધર્મ-અધિષ્ઠાન (છે), કે દાન-સંયુકત (છે) (તેઓ વિશે) મારા રાજ્યમાં સર્વત્ર ધર્મ-યુકત વિશે તે ધર્મ-મહામાત્રોને રોકેલા છે. આ હેતુ માટે આ ધર્મ-લિપિ લખાવી (કોતરાવી) છે (કે તે) લાંબો વખત ટકે તથા મારી પ્રજા (તેને) અનુસરે.

(૬)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—ઘણો સમય થયો, અગાઉ સર્વ સમયે અર્થકર્મ (કાર્ય-સંપાદન) કે પ્રતિવેદના (નિવેદન) થતી નહિ. તેથી મેં આમ કર્યું છે—સર્વ સમયે, હું ભોજન કરતો હોઉં, અંતઃપુરમાં, અંદરના ખંડમાં કે પશુ-શાલામાં, (કે માર્ગ પર) ને વાહનમાં (પાલખીમાં; કે અશ્વ પર) ને ઉદ્યાનોમાં (હોઉં)—સર્વત્ર પ્રતિવેદકો રહેલા છે, જેથી મને લોકોનું કામ જણાવે. ને સર્વત્ર લોકોનું કામ કરું છું ને જે કંઈ મૌખિક રીતે આજ્ઞા કરું ગુકવણી સંબંધી કે વિજ્ઞપ્તિ સંબંધી અથવા વળી મહામાત્રોને કંઈ તાકીદનું કામ સોંપવામાં આવે (ને) તે બાબત માટે પરિષદમાં વિવાદ કે વિચારણા થાય, તો તરત જ મને સર્વત્ર સર્વ સમયે જણાવવું. મેં આમ આજ્ઞા કરી છે. ઉત્થાન (ઉત્સાહ--ઉદ્યમ) અને કાર્ય-સંપાદનમાં મને કદી સંતોષ નથી, કેમ કે સર્વ લોકના હિતને મેં મારું કર્તવ્ય માન્યું છે. ને વળી તેનું મૂળ આ છે—ઉત્થાન અને કાર્ય-સંપાદન. સર્વ લોકના હિત કરતાં કોઈ મોટું કર્મ નથી. ને હું જે કંઈ પુરુષાર્થ કરું છું તે શા માટે? કે હું પ્રાણી-ઓના ઋણથી મુકત થાઉં, ને અહીં તેઓને સુખી કરું અને તેઓ પરલોકમાં સ્વર્ગ પામે. તો આ ધર્મલિપિ એ હેતુ માટે લખાવી (કોતરાવી) છે—શા માટે? તે લાંબો સમય ટકે તથા મારા પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો સર્વ લોકના હિત માટે એને અનુસરે. પરંતુ અતિશય પુરુષાર્થ વિના આ દુષ્કર છે.

(૭)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સર્વત્ર ઇચ્છે છે કે સર્વ સંપ્રદાયો વસે. (અર્થાત્ રાજા ઇચ્છે છે કે સર્વ સંપ્રદાયો સર્વત્ર વસે) કેમ કે તેઓ સંયમ અને ભાવશુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છે છે. પરંતુ લોકો ઉચ્ચનીચ છંદવાળા અને ઉચ્ચનીચ રાગવાળા હોય છે. તેઓ બધું કે એનો એક અંશ પણ કરશે. પણ જેને સંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા અને દૃઢભક્તિતા નથી તેનું દાન વિપુલ હોય તો પણ તે અત્યંત નીચ (હીન) છે.

(૮)

ઘણા સમય થયા, દેવોના પ્રિયો (રાજાઓ) વિહારયાત્રાએ નીકળતા હતા. તેમાં મૃગયા અને એવા બીજા આમોદ થતા. તે હવે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા અભિષેકને દસ વર્ષ થયે સંબોધિ (બોધિ-તીર્થ) ગયા. તેનાથી આ ધર્મયાત્રા (શરૂ થઈ). આમાં આ થાય છે—બ્રાહ્મણો અને શ્રમણોનું દર્શન તથા (તેમને) દાન, વૃદ્ધોનું દર્શન તથા (તેમને) હિરણ્યનું વિતરણ ને જનપદના જનોનું દર્શન તથા તેમને ધર્મ-અનુશાસન અને ધર્મ-પરિપૃચ્છા. તેમાંથી મળતો આનંદ વિપુલ છે. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાનો ભાગ અન્ય છે.

(૯)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—લોકો ઉચ્ચનીચ મંગલ (મંગલ કાર્ય) કરે છે. માંદગી જેવી આપત્તિમાં, આવાહ(પુત્રના લગ્ન)માં, વિવાહ(કન્યાના લગ્ન)માં, સંતતિના જન્મ પ્રસંગે (અને) પ્રવાસમાં આ અને આવા બીજા (પ્રસંગે) લોકો બહુ મંગલ કરે છે. આ બાબતમાં તો સ્ત્રીઓ બહુ, અનેકવિધ, ક્ષુદ્ર અને નિરર્થક મંગલ કરે છે. અલબત્ત મંગલ તો કરવું જ જોઈએ. પરંતુ એ મંગલ ખરે અલ્પ ફળવાળું છે, પરંતુ જે ધર્મ-મંગલ છે તે ખરે બહુફલવાળું છે. એમાં આ (હોય છે)—દાસો અને ભૃત્યો (સેવકો) વિશે સારો વર્તાવ, ગુરુઓનો આદર, પ્રાણીઓ સંબંધી સંયમ, (અને) બ્રાહ્મણો તથા શ્રમણોને દાન. આ અને આવું બીજું એ ખરેખર ધર્મ-મંગલ છે. તેથી પિતાએ પણ, પુત્રે પણ, ભાઈએ પણ, સ્વામીએ પણ, મિત્રે અને ઓળખીતાએ પણ. . .પડોશીએ પણ કહેવું જોઈએ - આ સારું (છે), તે અર્થની સિદ્ધિ થાય ત્યાં સુધી આ—મંગલ કરવું જોઈએ.

[વળી કહ્યું છે કે દાન સારું છે. પરંતુ એવું કોઈ દાન કે અનુગ્રહ નથી, જેવું ધર્મદાન કે ધર્માનુગ્રહ છે. તેથી ખરે મિત્રે કે સ્નેહીએ કે સગાએ કે સાથીએ તે તે પ્રસંગે કહેવું જોઈએ—આ કરવા જેવું છે, આ સારું છે. આનાથી સ્વર્ગ પ્રાપ્ત કરી શકાય તેમ છે. ને આનાથી મોટું કર્તવ્ય શું? જેવું કે સ્વર્ગ પ્રાપ્તિ. ગિરનાર, ધૌલી અને જૌગઢ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[શા માટે? કેમ કે જે બીજું મંગલ છે, તે સંશયવાળું થાય છે—કથંચિત્ તે હેતુને પાર પાડે, કથંચિત્ ન પણ પાડે; વળી એ આ લોકને લગતું જ છે, જ્યારે આ ધર્મ-મંગલ કાલથી પર છે. એ જો તે હેતુ આ લોકમાં પાર ન પાડે, તો પણ પરલોકમાં અનંત પુણ્ય પ્રસવે છે; અને વળી જો આ લોકમાં તે હેતુ પાર પાડે છે, તો બંને પ્રાપ્ત થાય છે—અહીં તે હેતુ અને પરલોકમાં અનંત પુણ્ય પ્રસવે છે, તે ધર્મ-મંગલ વડે.

## (૧૦)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા યશ કે કીર્તિને અતિમૂલ્યવાન માનતા નથી, સિવાય કે વર્તમાનમાં અને ભવિષ્યમાં મારા લોકો ધર્મ-શુશ્રૂષા સેવે અને ધર્મ-આચરણ આચરે. આ માટે (જ) દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા યશ કે કીર્તિ ઇચ્છે છે. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા જે કંઈ પુરુષાર્થ કરે છે તે સર્વ પારલૌકિક માટે. શું કામ? જેથી દરેક જણ અલ્પ પરિસ્રવવાળો થાય. એ પરિસ્રવ એટલે અપુણ્ય. પરંતુ એ ક્ષુદ્ર વર્ગ વડે કે ઉચ્ચ (વર્ગ) વડે કરાવું મુશ્કેલ છે, અતિશય પુરુષાર્થ વિના અને સર્વ તજ્યા સિવાય. પરંતુ એ ખરેખર ઉચ્ચ (વર્ગ) વડે (ખાસ) દુષ્કર છે.

## (૧૧)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે—એવું (કોઈ બીજું) દાન નથી, જેવું ધર્મદાન (છે), ધર્મનું વિતરણ (છે), ધર્મનો સંબંધ (છે). તેમાં આ (હોય છે): દાસો અને ભૃત્યો વિશે સારો વર્તાવ, માતાપિતા વિશે શુશ્રૂષા, મિત્રો, ઓળખીતાઓ અને સગાઓને (તથા) બ્રાહ્મણો અને શ્રમણોને દાન (અને) પ્રાણીઓનો અવધ. પિતાએ પણ, પુત્રે પણ, ભાઈએ પણ, સ્વામીએ પણ મિત્રે અને ઓળખીતાએ... પડોશીએ આ કહેવું—આ સારું (છે), આ કર્તવ્ય (છે) તેમ કરતાં તે ઐહલૌકિક સુખ પ્રાપ્ત કરે છે (અને) તે ધર્મદાનથી પરલોકમાં અનંત પુણ્ય પ્રસવે છે.

## (૧૨)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સર્વ સંપ્રદાયોને, પ્રવ્રજિતોને તથા ગૃહસ્થોને દાનથી તથા વિવિધ પૂજાથી પૂજે છે. પરંતુ દેવોના પ્રિય દાનને કે પૂજાને તેવું નથી માનતા, જેવું—શાને? સર્વ સંપ્રદાયોમાં સાર(તત્ત્વ)ની વૃદ્ધિ થાય તેને (માને છે). સારની વૃદ્ધિ બહુ પ્રકારની છે. તેનું આ મૂળ છે—વાણીનો સંયમ. કેવી રીતે? કે વિના પ્રસંગે પોતાના સંપ્રદાયની પૂજા (પ્રશંસા) કે પારકા સંપ્રદાયની નિંદા ન થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા તે તે પ્રસંગે થોડીક થાય. પરંતુ પારકા સંપ્રદાયોને તે તે પ્રકારે પૂજવા જોઈએ. એમ કરતાં પોતાના સંપ્રદાયની વૃદ્ધિ કરે છે તેમ જ પારકા સંપ્રદાયનું પણ ભલું કરે છે. તેથી ઊલટું કરતાં પોતાના સંપ્રદાયને ક્ષીણ કરે છે અને પારકા સંપ્રદાયને પણ હાનિ કરે છે. કેમ કે જે કોઈ પોતાના સંપ્રદાયને પૂજે છે કે પારકા સંપ્રદાયને નિંદે છે—બધું પોતાના સંપ્રદાય તરફની ભક્તિથી જ—શા માટે?—કે પોતાના સંપ્રદાયને દીપાવીએ, પરંતુ તે તેમ કરતાં પોતાના સંપ્રદાયને અતિશય હાનિ કરે છે. તેથી સમવાય જ સારો છે. શા માટે? જેથી અન્યોન્યના ધર્મને સાંભળે (જાણે) તથા સાંભળવા (જાણવા) ઇચ્છે. દેવોના પ્રિયની આવી ઇચ્છા છે—શાથી?—કે જેથી સર્વ સંપ્રદાયો બહુશ્રુત અને કલ્યાણ (શુભ) સિદ્ધાન્તવાળા થાય. અથવા જેઓ તે તે (સંપ્રદાય) વિશે પ્રસન્ન (અનુરક્ત) હોય, તેઓએ કહેવું જોઈએ—દેવોના પ્રિય દાન કે પૂજાને તેવું નથી માનતા, જેવું—શાને? કે સર્વ સંપ્રદાયોમાં સારની વૃદ્ધિ થાય. આ હેતુ માટે ઘણા ધર્મ-મહામાત્રોને, સ્ત્રી-અધ્યક્ષ મહામાત્રોને, વ્રજ-ભૂમિકો કે (અધિકારીઓના) અન્ય વર્ગોને રોકવામાં આવ્યા છે. એનું આ ફળ છે—પોતાના સંપ્રદાયની વૃદ્ધિ અને ધર્મનું દીપન,

(૧૩)

અભિષેકને આઠ વર્ષ થયાં ત્યારે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ કલિંગ દેશ જીત્યો. ત્યાંથી દોઢ લાખ માણસોનું અપહરણ થયું, ત્યાં એક લાખ હણાયા (અને) અનેકગણા મરી ગયા. ત્યાર પછી હવે કલિંગ દેશ પ્રાપ્ત થતાં, દેવોના પ્રિયનાં તીવ્ર ધર્મશીલન, ધર્મકામના અને ધર્માનુશાસન થયાં છે. તેથી કલિંગ દેશ જીતીને દેવોના પ્રિયને પશ્ચાત્તાપ (થયો છે). કેમ કે અણજિતાયેલો દેશ જિતાય છે ત્યારે જે ત્યાં લોકોનાં વધ કે મરણ કે અપહરણ (થાય છે), તેને દેવોના પ્રિયે અતિશય શોચનીય અને ગંભીર માન્યું છે. ને દેવોના પ્રિયને આ એથીય વધુ ગંભીર છે—સર્વત્ર બ્રાહ્મણો ને શ્રમણો કે બીજા સંપ્રદાયો કે ગૃહસ્થો વસે છે કે જેઓમાં મોટેરાઓની શુશ્રૂષા, માતાપિતાની શુશ્રૂષા, ગુરુઓની શુશ્રૂષા, મિત્રો ઓળખીતાઓ સાથીઓ અને સગાઓ વિશે (તેમ જ) દાસો અને ભૃત્યો વિશે સારો વર્તાવ અને દૃઢભક્તિતા રહેલાં છે. ત્યાં તેઓનો ઉપઘાત (કે અપગ્રહ), વધ કે સ્નેહીઓનું નિષ્ક્રમણ થાય છે. વળી જે સુખ-સ્થિતોનો સ્નેહ ઘટેલો ન હોય તેઓના મિત્રો ઓળખીતાઓ સાથીઓ અને સગાઓ વિપત્તિ પામે છે. ત્યાં તેઓને પણ તે ઉપઘાત (કે અપગ્રહ) થાય છે. એ સર્વ મનુષ્યોના ભાગે આવે છે ને દેવોના પ્રિય એને ગંભીર માને છે. યવન દેશ સિવાય એવો કોઈ જનપદ નથી કે જ્યાં આ નિકાયો (વર્ગો) નથી—બ્રાહ્મણ અને શ્રમણ. ક્યાંય એવો જનપદ નથી કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં મનુષ્યોને એમાંના કોઈ ને કોઈ સંપ્રદાયમાં અનુરાગ ન હોય. કલિંગ દેશ પ્રાપ્ત થતાં જેટલા માણસ ત્યારે હણાયા ને મરી ગયા ને પકડાયા તેનો સોમો ભાગ કે હજારમો ભાગ (પણ) આજે દેવોના પ્રિય ગંભીર માને છે. વળી જે હાનિ કરે તેને જેટલું ખમી શકાય તે ખમી લેવા જેવું દેવોના પ્રિય માને છે. વળી દેવોના પ્રિયના રાજ્યમાં જે અટવી (અર્થાત્ અટવીના લોકો) છે, તેને પણ દેવોના પ્રિયનો પ્રભાવ અનુનય, અનુનિધ્યાન અને અનુતાપ કરે છે. તેઓને કહેવામાં આવે છે, શું? કે તેઓ શરમાય ને માર્યા જાય નહિ. કેમ કે દેવોના પ્રિય સર્વ પ્રાણીઓનાં અ-ક્ષતિ, સંયમ, સમ-વર્તાવ અને માર્દવ ઇચ્છે છે. ને દેવોના પ્રિયે આ વિજયને મુખ્ય માન્યો છે—ધર્મવિજયને. ને તે તો દેવોના પ્રિયને પ્રાપ્ત થયો છે, અહીં તેમ જ સર્વ સરહદી મુલકો—છસો યોજન સુધી પણ, જ્યાં અંતિયોક નામે યવન રાજા (છે) ને તે અંતિયોકની પાર ચાર (અંકે) ૪ રાજાઓ—તુલમય નામનો, અંતેકિન નામનો, મગ નામનો, અલિકસુદર નામનો—છે (તેમ જ) નીચે ચોળ, પાંડ્ય ...તામ્રપર્ણીય પર્યંત(ના)—તેમાં. એવી જ રીતે અહીં રાજાના મુલકમાં—યવન-કંબોજમાં, નાભકમાં, નાભપંતિઓમાં, ભોજ-પિતિનિકોમાં, અન્ધ્ર-પુલિન્દોમાં—સર્વત્ર દેવોના પ્રિયના ધર્માનુશાસનને અનુસરે છે. જ્યાં પણ દેવોના પ્રિયના દૂતો જતા નથી ત્યાં પણ દેવોના પ્રિયનાં ધર્મ-ઉક્ત (કે ધર્મ-વૃત્ત), વિધાન, અને ધર્માનુશાસન સાંભળીને ધર્મને અનુસરે છે ને અનુસરશે. એનાથી સર્વત્ર જે વિજય પ્રાપ્ત થાય છે તે પ્રીતિરસવાળો (છે). તે પ્રીતિ ધર્મવિજયમાં પ્રાપ્ત થાય છે. પરંતુ તે પ્રીતિ નાની (નજીવી) છે. દેવોના પ્રિય પારલૌકિકને જ મહાફળવાળું માને છે. ને આ હેતુ માટે આ ધર્મલિપિ લખાવી (કોતરાવી) છે—શા માટે?—કે મારા પુત્રો, (પૌત્રો અને) પ્રપૌત્રો હોય તે નવા વિજયને મેળવવા લાયક ન માને, પોતાના (કે પોતાના રસના) વિજયમાં ક્ષાન્તિ અને લઘુદંડતાની રુચિ કરે ને તેને જ વિજય માને. જે ધર્મવિજય છે. તે ઐહલૌકિક તથા પારલૌકિક છે. બધી ગાઢ પ્રીતિ ઉદ્યમ-પ્રીતિ થાય. કેમ કે તે ઐહલોકિક તથા પારલૌકિક છે.

## (૧૪)

આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી (કોતરાવી) છે. (એમાં કંઈક) સંક્ષેપથી છે, (કંઈક) મધ્યમસર છે (ને કંઈક) વિસ્તારથી છે. સર્વત્ર સર્વ ઘટાવ્યું નથી. કેમ કે રાજ્ય વિશાળ છે ને બહુ લખાયું છે ને હમેશાં લખાવીશ જ. આમાં (કંઈક) ફરી ફરી કહેવાયું છે, તે તે બાબતની મધુરતા માટે. શું કામ? જેથી લોકો તેમ વર્તે. આમાં કંઈક અપૂર્ણ લખાયું હશે, દેશનો કે સંક્ષેપ (કે સંક્ષય)ના કારણનો વિચાર કરીને અથવા લિપિકરના દોષને લઈને.

[સર્વશ્વેત હસ્તી (જે) સર્વ લોકને સુખ અપાવનારો (છે).—ગિરનાર]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૫. કલિંગના અલગ શૈલલેખ

(૧)

[ દેવોના પ્રિયના વચનથી તોસલીમાં મહામાત્રો - નગર વ્યાવહારકોને કહેવું. ધૌલી]

[ દેવોના પ્રિય આમ કહે છે — સમાપામાં મહામાત્રો - નગર વ્યાવહારકોને આમ કહેવું. — જૌગઢ ].

હું જે કંઈ જોઉં (વિચારું) છું તે ઇચ્છું છું. — શું? કે હું તેનું કર્મ વડે પ્રતિપાદન કરું ને તેનો ઉપાયો વડે આરંભ કરું. આ બાબતમાં મેં આને મુખ્ય ઉપાય માન્યો છે — તમારે વિશે અનુશાસન. કેમ કે તમે બહુ હજારો પ્રાણધારીઓ વિશે નિમાયા છો, જેથી મનુષ્યોની પ્રીતિ પામી શકીએ. સર્વ મનુષ્યો મારાં સંતાન છે. જેવી રીતે સંતાનો માટે હું ઇચ્છું છું — શું? કે તેઓ ઐહલૌકિક તથા પારલૌકિક સર્વ હિતસુખથી યુક્ત બને, તેવી રીતે હું સર્વ મનુષ્યો વિશે પણ ઇચ્છું છું. પણ તમે સમજતા નથી કે આ બાબતનું તાત્પર્ય ક્યાં સુધી રહેલું છે. અથવા કોઈ એક અધિકારી એને માને છે, તે પણ અંશને, સમસ્તને નહિ. તમે આ જુઓ (વિચારો) — આ નીતિ સુવિહિત છે. એવો એક પુરુષ પણ હોય કે જે બંધન અથવા પરિકલેશ પામે. તેમાં તેથી અકસ્માત્ બંધન-મૃત્યુ થાય ને બીજા ઘણા જણ અતિશય દુઃખી થાય. તેથી તમારે ઇચ્છવું જોઈએ — શું ? — કે અમે મધ્યમ માર્ગ અપનાવીએ. આ વૃત્તિઓથી સફળતા મળતી નથી — ઈર્ષ્યા, આશુલોપ, નિષ્ઠુરતા, ત્વરા, અનાવૃતિ, આળસ અને થાક. તેથી ઇચ્છવું જોઈએ — આ વૃત્તિઓ મારી ન થાય. એ સર્વનું મૂળ અનાશુલોપ અને અત્વરા છે. જે નીતિમાં કલાન્ત હોય તે ઉદ્‌ગતિ ન પામે. પરંતુ ઉદ્‌ગતિ કરવાની છે, આગળ વધવાનું છે ને પહોંચવાનું છે. આ રીતે જ જે જુએ, તેણે તમને કહેવું જોઈએ — અન્યોન્ય જુઓ (કે) દેવોના પ્રિયનું આવું અનુશાસન છે. એનું પાલન મહાફળવાળું છે; અ-પાલન મહાહાનિવાળું છે. જે પાલન ન કરે તેને નથી સ્વર્ગની પ્રાપ્તિ કે રાજાની કૃપા. આ કર્મના માનસિક અતિયોગને મેં બે ફળવાળો કર્યો છે. એનું પાલન થતાં તમે સ્વર્ગ પામશો તેમ જ (મારા) ઋણમાંથી મુક્ત થશો. ને આ લિપિ તિષ્ય (પુષ્ય) નક્ષત્રમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવી, ને તિષ્યની વચ્ચે પણ દર ઉત્સવે એક જણે પણ સાંભળવી. એમ કરતાં તમો તેનું પાલન કરી શકશો. એ હેતુ માટે આ ધર્મલિપિ લખી (કોતરી) છે, જેથી નગર-વ્યાવહારકો (કે મહામાત્ર નાગરકો) શાશ્વત સમય યુક્ત રહે (ને) નગરજનને અકસ્માત્ બંધન કે અકસ્માત્ હેરાનગતિ ન થાય. એ હેતુ માટે હું મહામાત્રોને પાંચ પાંચ વર્ષે બહાર મોકલીશ, જે અ-કર્કશ, અ-ચંડ અને સરલ પ્રવૃત્તિવાળા હશે. આ હેતુ જાણીને તેઓ તેવું કરે છે, જેવું મારું અનુશાસન છે. ઉજ્જયિનીથી પણ કુમાર આ જ હેતુ માટે આવા જ વર્ગને બહાર મોકલશે ને ત્રણ વર્ષને ઓળંગાવશે નહિ. એવી જ રીતે તક્ષશિલાથી પણ. જ્યારે તે મહામાત્રો પ્રવાસે નીકળશે ત્યારે પોતાના કામને તજ્યા વગર આ પણ જાણશે ને તેથી પણ તેવું કરે છે (કરશે) કે જેવું રાજાનું અનુશાસન છે.

## (૨)

[દેવોના પ્રિયના વચનથી તોસલીમાં કુમાર તથા મહામાત્રોને કહેવાનું.—ધૌલી]

[દેવોના પ્રિય આમ કહે છે—સમાપામાં મહામાત્રોને રાજવચનરૂપે કહેવાનું. —જૌગઢ].

હું જે કંઈ જોઉં (વિચારું) છું તે હું ઇચ્છું છું—શું?—કે હું તેનું કર્મ વડે પ્રતિપાદન કરું ને તેનો ઉપાયો વડે આરંભ કરું. આ બાબતનો મેં આને મુખ્ય ઉપાય માન્યો છે—તમારે વિશે અનુશાસન. સર્વ મનુષ્યો મારાં સંતાન છે. જેવી રીતે સંતાનો માટે ઇચ્છું છું—શું?—કે તેઓને હું ઐહલૌકિક તથા પારલૌકિક સર્વ હિત-સુખ વડે યુક્ત કરું, તેવી જ રીતે મારી ઇચ્છા સર્વ મનુષ્યો વિશે છે. અણજિતાયેલા સરહદીઓના (મનમાં) હોય કે રાજા અમારે વિશે કેવી ઇચ્છા રાખતા હશે. સરહદીઓ વિશે મારી આ જ ઇચ્છા છે—તેઓ પામે કે, રાજા આમ ઇચ્છે છે—મારા તરફ તેઓ ઉદ્વિગ્ન ન હો, મારામાં વિશ્વાસ રાખતા હો, તેઓ મારી પાસેથી સુખ જ મેળવે, દુ:ખ નહિ. ને તેઓ આમ પણ પામે—કે સાંખી શકાય તેવું હશે (ત્યાં સુધી) રાજા આપણને સાંખી લેશે, જેથી મારા નિમિત્તે તેઓ ધર્મ આચરે ને આ લોક તથા પરલોક પામે. આ હેતુ માટે હું તમને અનુશાસન કરું છું. એ વડે હું ઋણ-મુક્ત (થઉં છું.)—તમને અનુશાસન કરીને (તથા) ઇચ્છા જણાવીને—જે મારી ધૃતિ અને પ્રતિજ્ઞા છે તે અચળ છે. એ રીતે કરીને કર્મ આચરવું. ને તેઓને આશ્વાસન આપવું, જેથી તેઓ પામે—જેવા પિતા (હોય), એવા અમારે રાજા છે. (તે) જેવી રીતે પોતાના પર અનુકંપા કરે છે તેવી રીતે અમારા પર અનુકંપા કરે છે. જેવાં સંતાન (હોય), તેવા અમે રાજાને છીએ. તમને અનુશાસન કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ઇચ્છા જણાવીને મારી ધૃતિ અને પ્રતિજ્ઞા અચળ છે. આ બાબતમાં હું પ્રાદેશિક અધિકારીઓને નિયુકત કરીશ, કેમ કે તમે તેઓના આશ્વાસન માટે તેમ જ ઐહલૌકિક તથા પારલૌકિક હિતસુખ માટે પૂરતા (સમર્થ) છો. આમ કરતાં તમે સ્વર્ગ પામશો ને મારા ઋણમાંથી મુકત થશો. એ હેતુ માટે અહીં આ લિપિ લખી (કોતરી) છે, જેથી મહામાત્રો શાશ્વત કાલ સુધી સરહદીઓના આશ્વાસન માટે અને ધર્માચરણ માટે યુકત રહે. ને આ લિપિ દરેક ચાતુર્માસમાં તિષ્યે (પુષ્યે) સાંભળવી. ને વચ્ચે પણ સાંભળવી. ઉત્સવે ઉત્સવે એક જણે પણ સાંભળવી. એમ કરતાં પાલન કરી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૬. ગુફાલેખો

(૧)

અભિષેકને બાર વર્ષ થયાં ત્યારે રાજા પ્રિયદર્શીએ આ ન્યગ્રોધ(વડ)ગુફા આજીવિકોને (દાનમાં) આપી.

(૨)

અભિષેકને બાર વર્ષ થયાં ત્યારે રાજા પ્રિયદર્શીએ ખલતિક પર્વત પર આ ગુફા આજીવિકોને (દાનમાં) આપી.

(૩)

રાજા પ્રિયદર્શીને અભિષેક થયે ઓગણીસ વર્ષ થયાં. જલઘોષાગમ (વર્ષાગમ) માટે મેં આ ગુફા સુપ્રિય ખલતિક પર્વત પર (દાનમાં) આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૭. ફલકલેખ

પ્રિયદર્શી રાજા મગધના સંઘને અભિવાદન કરીને અપાબાધતા (નિર્વિઘ્નતા) અને સુખ-વિહાર કહે છે. તમને વિદિત છે, ભદંતો, કે મને બુદ્ધ, ધર્મ (અને) સંઘમાં કેટલાં બધાં ગૌરવ (આદર) અને પ્રસાદ (શ્રદ્ધા) છે. જે કંઈ, ભદંતો, ભગવાન બુદ્ધે કહ્યું છે તે સર્વ સારું કહેલું જ (છે). પણ જે કંઈ, ભદંતો, મારે બતાવવા જેવું છે—આ રીતે સદ્ધર્મ લાંબો વખત ટકશે તે હેતુથી—તે મારે કહેવું જોઈએ. ભદંતો, આ ધર્મપર્યાયો (નિત્ય પારાયણ માટેના ધર્મગ્રંથો કે કે ધર્મસૂત્રો) છે: **विनय-समुकस** (વિનય-સમુત્કર્ષ), **अलियवसानि** (આર્યવંશો), **अनागतभयानि, मुनि-गाथा, मौनेयसूत** (મૌનેય-સૂત્ર), **उपतिस-पसिन** (ઉપતિષ્ય-પ્રશ્ન) અને **लाघुलोवाद** (રાહુલાવવાદ)માં મૃષાવાદ(અસત્ય)ના સંબંધમાં ભગવાન બુદ્ધે જે કહ્યું છે તે. ભદંતો, આ ધર્મપર્યાયોને—શું? કે—ઘણાં પૂજ્ય ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓ વારંવાર (કે હંમેશાં) સાંભળે અને એનું મનન કરે. એવી જ રીતે ઉપાસકો તથા ઉપાસિકાઓ (પણ). આ(હેતુ)થી, ભદંતો, આ લખાવું (કોતરાવું) છું કે જેથી મારો ઉદ્દેશ જાણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૮. ગૌણ સ્તંભલેખો

## સંઘ-ભેદ-દંડને લગતો લેખ

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આજ્ઞા કરે છે—કૌશાંબીમાં (કે તે તે અન્ય સ્થાનમાં) મહામાત્રોને (કહેવાનું કે) પાટલિપુત્રમાં તથા બહારનાં નગરોમાં તેમ કરવું, જેથી કોઈ સંઘમાં ભેદ (તડ) પાડી શકે નહિ. મેં [ભિક્ષુઓના અને ભિક્ષુણીઓના—સાંચી] સંઘને સમગ્ર (સંઘટિત) કર્યો છે, [પૌત્ર-પ્રપૌત્ર તથા ચંદ્ર-સૂર્ય હોય ત્યાં સુધી —સાંચી]. જે કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી સંઘમાં ભંગ (ભેદ) કરશે, તેને શ્વેત વસ્ત્રો પહેરાવી અનુચિત (કે અન્ય) આવાસમાં રાખવામાં આવશે. [કેમ કે મારી ઇચ્છા છે—શી? કે—સંઘ સમગ્ર રહે અને લાંબો વખત ટકે.—સાંચી]

[આ રીતે આ શાસન ભિક્ષુસંઘમાં અને ભિક્ષુણીસંઘમાં વિજ્ઞાપિત કરવું. આમ દેવોના પ્રિય કહે છે—આવી એક લિપિ તમારી પાસે રહે એટલા માટે સંસરણ (રાજમાર્ગ) પર મૂકી છે. ને આવી જ એક લિપિ ઉપાસકો પાસે મૂકો. તે ઉપાસકો પણ દર ઉપોસથે (ઉપાવાસદિને) આ જ શાસનમાં વિશ્વાસ કરવા માટે આવે. ને દર ઉપોસથે નક્કી એકેક મહામાત્ર ઉપોસથ માટે આવે છે (આવે), આ જ શાસનમાં વિશ્વાસ કરવા માટે અને આજ્ઞા કરવા માટે. જ્યાં સુધી તમારું અધિકાર-ક્ષેત્ર હોય (ત્યાં) સર્વત્ર તમે આ અક્ષર (વચન) વડે વિવાસ (પ્રવાસ) કરો. એવી જ રીતે સર્વ કોટો (કોટવાળાં નગરો) અને વિષયો (જિલ્લાઓ)માં આ અક્ષર (વચન) વડે વિવાસ કરાવો.—સારનાથ]

## રાણીનો લેખ

દેવોના પ્રિયના વચનથી સર્વત્ર મહામાત્રોને કહેવાનું—કે અહીં બીજી રાણીનું દાન—આંબાવાડી, વાડી (કે વિશ્રામગૃહ) કે દાનગૃહ કે બીજું જે કંઈ પણ તે રાણીનું ગણાય છે, તે બધું આમ ગણાવું જોઈએ—'બીજી રાણી તીવરની માતા કારુવાકીનું.'

## નિગ્લીવ કે નિગલી સાગરનો લેખ

અભિષેકને ચૌદ વર્ષ થયાં ત્યારે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ બુદ્ધ કનકમુનિના સ્તૂપને બમણો મોટો કરાવ્યો. ને અભિષેકને વીસ વર્ષ થયાં ત્યારે જાતે આવીને પૂજન કર્યું ને શિલાસ્તંભ ઊભો કરાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રુમ્મિનદેઈનો લેખ

અભિષેકને વીસ વર્ષ થયાં ત્યારે દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ જાતે આવી પૂજન કર્યું, અહીં બુદ્ધ શાક્યમુનિ જન્મ્યા માટે, ને શિલાની વિકટ (મજબૂત) ભિત્તિકા (દીવાલ) કરાવી તથા શિલાસ્તંભ ઊભો કરાવ્યો. અહીં ભગવાન જન્મ્યા માટે લુંબિની ગામને ધર્મકરથી મુક્ત ને (જમીન-મહેસૂલની બાબતમાં) આઠમા ભાગવાળું કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૯. સાત મુખ્ય સ્તંભલેખ

(૧)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — અભિષેકને છવ્વીસ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી (કોતરાવી.) ઐહલૌકિક તથા પારલૌકિક સાધવાં મુશ્કેલ છે, સિવાય અતિશય ધર્મ-કામના, અતિશય પરીક્ષા (આત્મ-પરીક્ષણ), અતિશય શુશ્રૂષા, અતિશય ભય (અને) અતિશય ઉત્સાહ. પરંતુ આ મારી અનુશિષ્ટિ (અનુશાસન), ધર્મ-અપેક્ષા અને ધર્મ-કામના ખરેખર પ્રતિદિન વધી છે ને વધશે જ. ને મારા પુરુષો (રાજપુરુષો-અધિકારીઓ) — ઉપલા, નીચલા કે મધ્યમ — પણ (એનું) અનુવિધાન તથા સંપ્રતિપાદન કરે છે, ચપળ પાસે પણ પળાવવાને સમર્થ છે. એવી જ રીતે સરહદના મહામાત્રો પણ. આ જ વિધિ છે — ધર્મથી પાલન, ધર્મથી વિધાન, ધર્મથી સુખન, (અને) ધર્મથી રક્ષણ.

(૨)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — ધર્મ સારો છે. પણ ધર્મ કેવો છે? અલ્પ આસ્નવ (વિષયસંપર્ક અર્થાત્ પાપ), બહુ કલ્યાણ, દયા, દાન, સત્ય (અને) શુદ્ધતા. મેં ચક્ષુર્દાન પણ ઘણા પ્રકારનું દીધું છે. બેપગાં (માણસો) તથા ચોપગાં (પશુઓ) પર (તેમ જ) પક્ષીઓ તથા જળચરો પર મેં વિવિધ અનુગ્રહ કર્યો છે, પ્રાણ-દક્ષિણા સુધીનો. બીજાં પણ મેં બહુ કલ્યાણ કર્યાં છે. એ હેતુ માટે મેં આ ધર્મલિપિ લખાવી (કોતરાવી) છે, જેથી આ રીતે અનુવર્તે અને એ લાંબો વખત ટકે. ને જે આ રીતે અનુવર્તશે તે સુકૃત કરશે.

(૩)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — (માણસ) કલ્યાણ જ જુએ છે, કે આ મેં કલ્યાણ કર્યું. (તે) થોડું(ય) પાપ દેખતો નથી, કે આ મેં પાપ કર્યું કે આ આ આસ્નવ છે. આ ખરેખર અવલોકવું મુશ્કેલ છે. પરંતુ આ રીતે આ ખરેખર જોવું જોઈએ — આ આસ્નવ તરફ લઈ જાય છે, જેવાં કે ચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, અહંકાર (અને) ઈર્ષ્યા; આને લઈને હું પરિભ્રંશ ન પામું. આ સારી રીતે જોવું જોઈએ — આ મારા ઐહિક માટે છે, આ કંઈક મારા પારત્રિક (પારલૌકિક) માટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — અભિષેકને છત્રીસ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી (કોતરાવી). રજ્જુકોને મેં મારી પ્રજામાં લાખો પ્રાણધારીઓ પર નીમ્યા છે. તેઓનો જે અભિહાર (આરોપ મૂકવાનો અધિકાર) કે દંડ (દેવાનો અધિકાર) છે, તે મેં (તેમને) સ્વાયત્ત કર્યો છે—શા માટે? (કે જેથી) રજ્જુકો વિશ્વાસપૂર્વક અને નિર્ભયતાથી કામો કરે, જનપદના જનોનું હિત-સુખ આદરે અને (તેઓના પર) અનુગ્રહ કરે. તેઓ સુખનું કારણ તથા દુઃખનું કારણ જાણશે ને ધર્મ-યુક્તો દ્વારા જનપદના જનોને ઉપદેશ આપશે — કેમ ? કે જેથી તેઓ ઐહલૌકિક તથા પારલૌકિક મેળવે. રજ્જુકો પણ મારી સેવા કરવાને પ્રવૃત્ત (કે આતુર) છે. (રાજ) પુરુષો પણ મારી ઇચ્છા જાણી સેવા કરશે ને કેટલાકને ઉપદેશ આપશે, જેથી રજ્જુકો મને પ્રસન્ન કરી શકશે. જેવી રીતે સંતાન કુશળ ધાત્રીને સોંપીને (માણસ) નિશ્ચિત થાય છે કે કુશળ ધાત્રી મારા સંતાનને સુખ આપી શકશે, તેવી રીતે મેં જનપદના હિત-સુખ માટે રજ્જુકોને નીમ્યા છે, જેથી તેઓ નિર્ભય રીતે, વિશ્વાસપૂર્વક અને મૂંઝાયા વગર કામો આદરે. આથી મેં રજ્જુકોના અભિહાર કે દંડમાં સ્વાયત્તતા કરી છે. કેમ કે આ ઇચ્છવા જોગ છે — શું ? — વ્યવહારની સમતા અને દંડની સમતા. વળી મારી આજ્ઞા ત્યાં સુધી છે, કે જે લોકો બંધનમાં બંધાયેલા હોય, જેમને દંડ ફરમાવાયો હોય કે જેમનો વધ થવાનો હોય તેઓને મેં ત્રણ દિવસ કૃપાના આપ્યા છે. સગાઓ કાં તો તેઓના જીવિત માટે કેટલાકને વિચાર કરાવશે અથવા વિચાર કરાવનાર ન હોતાં તેઓ દાન દેશે કે પારલૌકિક ઉપવાસ કરશે. કેમ કે મારી ઇચ્છા છે કે આ રીતે બંધન-કાલમાં પણ તેઓ પારલૌકિક પામે, માણસનું વિવિધ ધર્મ-આચરણ, સંયમ અને દાન-વિતરણ વધે.

(૫)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — અભિષેકને છત્રીસ વર્ષ થયાં ત્યારે મેં આ પ્રાણીઓને અવધ્ય કર્યાં છે, તે આ પ્રમાણે — શુક, સારિકા, અરુણ, ચક્રવાક, હંસ, નન્દીમુખ, ગેલાટ, જતુકા, અમ્બા-પિપીલિકા (કીડીઓની રાણી), દુડિ (કાચબી), અસ્થિ વગરનો મત્સ્ય, વેદવેયક, ગંગા-પુપુટક (કુક્કુટ), સંકુચ (-મત્સ્ય), કમઠ (કાચબો) અને શલ્યક (સાહુડી), પર્ણ-શશ, સૃમર (બારશિંગું હરણ), સાંઢ, ઓકપિંડ (ઘરમાં ફરતાં પ્રાણીઓ, જેવાં કે ઉંદર, બિલાડી વગેરે), ગેંડો, શ્વેત-કપોત, ગ્રામકપોત અને દરેક ચોપગું, જે કામમાં આવતું નથી ને ખવાતું નથી. બકરી, ઘેટી કે ડુક્કરી ગાભણી કે દૂઝણી (અવસ્થામાં) અવધ્ય છે; અને કેટલાંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચ્ચાં પણ છ મહિનાનાં હોય ત્યાં સુધી. કૂકડાને ખસી કરવી નહિ. જીવવાળાં ફોતરાં બાળવાં નહિ. અનર્થ માટે કે હિંસા માટે જંગલને બાળવું નહિ. જીવને જીવથી પોષવો નહિ. ત્રણ ચાતુર્માસી(ચાતુર્માસની પ્રથમ પૂર્ણિમા)ઓએ, પૌષી પૂર્ણમાસીએ, ત્રણ દિવસોએ — ચૌદમી, પંદરમી અને પહેલી તિથિએ (અને) ચોક્કસ રીતે દર ઉપોસથે (ઉપવાસે) મત્સ્યનો વધ કરવો નહિ, ને વિક્રય પણ કરવો નહિ. એ જ દિવસોમાં હસ્તિ-વનમાં (અને) માછીમારોના જળાશયમાં જે બીજા જીવ-સમુદાય હોય તેને હણવા નહિ. (દરેક) પક્ષની અષ્ટમીએ, ચતુર્દશીએ, પંચદશીએ, તિષ્યે (પુષ્યે), પુનર્વસુએ, ત્રણ ચાતુર્માસીઓએ (અને) સારા દિવસે આખલાને ખસી કરવી નહિ. બકરો, ઘેટો, ડુક્કર અને જે બીજાને ખસી કરવામાં આવે છે તેને ખસી કરવી નહિ. તિષ્યે (પુષ્યે), પુનર્વસુએ, ચાતુર્માસીએ અને ચાતુર્માસીના પક્ષ(પખવાડિયા)માં અશ્વને (અને) આખલાને ડામ દેવો નહિ. અભિષેકને છવીસ વર્ષ થયાં ત્યાં સુધીમાં મેં આ ગાળામાં પચીસ બંધન-મોક્ષ (કેદીઓની મુક્તિ) કર્યા છે.

(૬)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — અભિષેકને બાર વર્ષ થયાં ત્યારે મેં ધર્મલિપિ લખાવી લોકોના હિતસુખ માટે, જેથી તેનો લોપ ન કરનાર તે તે ધર્મવૃદ્ધિ પામે. આ રીતે લોકનું હિતસુખ (છે) એમ તપાસ રાખું છું, જેવી રીતે આ સગાઓમાં તેવી રીતે નજીકનાઓમાં તથા દૂરનાઓમાં—કોને શું સુખ પહોંચાડું એ હેતુથી હું તે પ્રમાણે વિધાન કરું છું. એવી જ રીતે સર્વ વર્ગોમાં તપાસ રાખું છું. સર્વ સંપ્રદાયોને પણ મેં પૂજ્યા છે, વિવિધ પૂજા વડે. પરંતુ જે આ જાતે પ્રત્યુપગમન છે, તેને મેં મુખ્ય માન્યું છે. અભિષેકને છવીસ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી (કોતરાવી) છે.

(૭)

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — ઘણો સમય થયો, જે રાજાઓ થયા તેઓએ આમ ઇચ્છેલું — કેવી રીતે લોકો ધર્મવૃદ્ધિ વડે વૃદ્ધિ પામે? પરંતુ લોકો અનુરૂપ ધર્મવૃદ્ધિ વડે વૃદ્ધિ પામ્યા નહિ.

આ બાબતમાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — મને આમ થયું — ઘણો સમય થયો, રાજાઓએ આમ ઇચ્છેલું કે કેવી રીતે લોકો અનુરૂપ ધર્મવૃદ્ધિ વડે વૃદ્ધિ પામે, પરંતુ લોકો અનુરૂપ ધર્મવૃદ્ધિ વડે વૃદ્ધિ પામ્યા નહિ. તો કયા-(ઉપાય)થી લોકો (ધર્મને) અનુસરે? કયા(ઉપાય)થી અનુરૂપ ધર્મવૃદ્ધિ વડે વૃદ્ધિ પામે? કયા (ઉપાય)થી કેટલાકને ધર્મવૃદ્ધિ વડે અભ્યુન્નતિ કરાવું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાબતમાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — મને આમ થયું — ધર્મશ્રાવણો સંભળાવું, ધર્માનુશાસન કરું. લોકો તે સાંભળીને (તેને) અનુસરશે, અભ્યુન્નતિ પામશે. ને ધર્મવૃદ્ધિ વડે સારી રીતે વૃદ્ધિ પામશે. આ હેતુ માટે ધર્મશ્રાવણ સંભળાવ્યાં ને વિવિધ ધર્માનુશાસન ફરમાવ્યાં, જેથી મારા પુરુષો (અધિકારીઓ) પણ બહુ લોકો પર નિયુક્ત થયા છે તેઓ ઉપદેશ પણ કરશે ને વિસ્તાર પણ કરશે. રજ્જુકો પણ બહુ લાખો પ્રાણધારીઓ પર નિયુક્ત થયા છે. તેઓને પણ મેં આજ્ઞા કરી છે—ધર્મ-યુક્ત લોકોને આમ આમ ઉપદેશ આપો.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — મેં આવું જ અન્વીક્ષણ કરતાં ધર્મસ્તંભ કર્યા, ધર્મ-મહામાત્ર કર્યા (અને) ધર્મ-શ્રાવણ કર્યું.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — માર્ગો પર પણ મેં વડ રોપાવ્યા, તે પશુઓ તથા મનુષ્યોને છાયા માટે ઉપયોગી થશે. આમ્રવાટિકાઓ રોપાવી. (દર) અર્ધા કોશે કૂવા ખોદાવ્યા ને આરામગૃહ કરાવ્યાં. વારિ-ગૃહો મેં ઘણાં ત્યાં ત્યાં કરાવ્યાં છે, પશુઓ અને મનુષ્યોના ઉપયોગ માટે. પણ આ પ્રતિભોગ ખરેખર નાનો છે. અગાઉના રાજાઓએ પણ તથા મેં વિવિધ સુખ-સાધનો વડે લોકોને સુખી કર્યા છે. આ ધર્માચરણને આચરે એ માટે મેં આ કર્યું છે.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — તે ધર્મ-મહામાત્રોને પણ મેં બહુ પ્રકારના આનુગ્રહિક હેતુઓ માટે નીમ્યા છે, પ્રવ્રજિતોના તેમ જ ગૃહસ્થોના. તેથી (તેઓને) સર્વ સંપ્રદાયો વિશે પણ નીમ્યા છે. તેથી મેં સંઘ માટે પણ કર્યું, કે તેઓ નિયુક્ત થશે. એ જ રીતે બ્રાહ્મણોમાં (તથા) આજીવિકોમાં પણ મેં કર્યું કે તેઓ નિયુક્ત થશે. નિર્ગ્રન્થોમાં પણ મેં કર્યું, કે તેઓ નિયુક્ત થશે. (અન્ય) વિવિધ સંપ્રદાયોમાં પણ મેં કર્યું — તેઓ નિયુક્ત થશે. વિશેષ વિશેષ રીતે તેઓમાં તેઓમાં તે તે મહામાત્રો (છે); પરંતુ મારા ધર્મ-મહામાત્રો તેઓમાં જ નિયુક્ત થયા છે ને સર્વ અન્ય સંપ્રદાયોમાં.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — આ અને બીજા ઘણા મુખ્ય (મહામાત્રો) દાન-વિતરણમાં નિયુક્ત છે, તે મારા તથા રાણીઓના (દાન-વિતરણમાં). મારાં સર્વ અંતઃપુરમાં વિવિધ પ્રકારે તે તે તુષ્ટિકારક કાર્યો પ્રતિપાદિત કરે છે, અહીં (પાટલિપુત્રમાં) તથા અન્ય દિશાઓમાં. (રાજ)પુત્રોની (બાબતમાં) પણ મેં (આમ) કર્યું છે અને અન્ય રાણી-કુમારોની (બાબતમાં) પણ — તેઓ દાન-વિતરણમાં નિયુક્ત રહેશે, ધર્મ-અપદાન (ધર્મ-કાર્ય) માટે (અને) ધર્મ-અનુપ્રતિપત્તિ માટે. ધર્મ-અપદાન અને ધર્મ-અનુપ્રતિપત્તિ આ છે — દાન, સત્ય, શુચિતા, માર્દવ (અને) સત્કાર્ય લોકોમાં આ રીતે વધશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — જે કંઈ સત્કાર્યો મેં કર્યાં છે તેને લોકો અનુસર્યા છે, તેને આચરવામાં આવે છે તેનાથી (લોકો) વૃદ્ધિ પામ્યા છે ને વૃદ્ધિ પામશે — માતાપિતા વિશે શુશ્રૂષા વડે, ગુરુઓ વિશે શુશ્રૂષા વડે, વયોવૃદ્ધોના અનુસરણ વડે અને બ્રાહ્મણો તથા શ્રમણો, કૃપણો (દીનો) અને વરાકો (અનાથો)-થી માંડીને દાસો અને ભૃત્યો વિશે સદ્વર્તાવ વડે.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — કે મનુષ્યોની ધર્મવૃદ્ધિ બે પ્રકારે — ધર્મનિયમથી અને નિધ્યાતિથી (થઈ છે.) તેમાં તે ધર્મનિયમ ક્ષુદ્ર છે, ને નિધ્યાતિ છે તે જ મહાન છે. ને ધર્મનિયમ ખરેખર આ છે—કે મેં આ કર્યું— આ અને આ પ્રાણીઓ અવધ્ય (છે). ને બીજા પણ ઘણા ધર્મનિયમ મેં કર્યા. પરંતુ નિધ્યાતિથી જ મનુષ્યોની ધર્મવૃદ્ધિ વધારે વધી — પ્રાણીઓની અહિંસા માટે (અને) પ્રાણધારીઓના અ-વધ માટે. તેથી આ હેતુ માટે આ કર્યું છે, જેથી તે પુત્રો (પૌત્રો) અને પ્રપૌત્રો તથા ચંદ્ર-સૂર્ય હોય ત્યાં સુધી ટકે અને (લોકો) તે રીતે વર્તે. આ આ રીતે એનું અનુસરણ કરવાથી ઐહલૌકિક અને પારલૌકિક પ્રાપ્ત થાય છે. અભિષેકને સત્તાવીસ વર્ષ થયાં ત્યારે મેં આ ધર્મલિપિ લખાવી (કોતરાવી).

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા આમ કહે છે — આ ધર્મલિપિ જ્યાં શિલાસ્તંભો કે શિલાફલકો હોય, ત્યાં કરાવવી (લખાવવી—કોતરાવવી), જેથી એ લાંબો વખત ટકે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિભાષા

## ગુજરાતી—અંગ્રેજી

અનુશ્રુતિ = Tradition
અભિજ્ઞાન = Identification
અભિલેખ = Inscription
અસ્થિપાત્ર = Relic-casket
અંડ = Dome
ઉત્તરાધિકારી = Successor
ગુફાલેખ = Cave-inscription
દંડ = Shaft
દંતકથા = Legend
દૂત = Ambassador
દેહાંતદંડ = Capital punishment
ફલક = Slab; abacus
ફલકલેખ = Slab-inscription
મહાશિલા = Megalith
રાજ્યકાલ = Reign
રાજ્યતંત્ર = Administration
વાચન = Decipherment
વાસ્તુકલા = Architecture
વિહાર = Monastery
વેદિકા = Railing
શિરાવટી = Capital
શિલા = Stone
શિલાસ્તંભ = Stone-pillar
શિલ્પકલા = Sculpture
શૈલ = Rock
શૈલલેખ = Rock-inscription
સમયનિર્દેશ = Date
સમયાંકન = Chronology
સ્તંભ = Pillar
સ્તંભલેખ = Pillar-inscription

## અંગ્રેજી—ગુજરાતી

Abacus = ફલક
Administration = રાજ્યતંત્ર
Ambassador = દૂત
Architecture = વાસ્તુકલા
Capital = શિરાવટી
Capital punishment = દેહાંતદંડ
Cave-inscription = ગુફાલેખ
Chronology = સમયાંકન
Date = સમયનિર્દેશ
Decipherment = વાચન
Dome = અંડ
Identification = અભિજ્ઞાન
Inscription = અભિલેખ
Legend = દંતકથા
Megalith = મહાશિલા
Monastery = વિહાર
Pillar = સ્તંભ
Pillar-inscription = સ્તંભલેખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Railing = વેદિકા
Reign = રાજ્યકાલ
Relic-casket = અસ્થિપાત્ર
Rock = શૈલ
Rock-inscription = શૈલલેખ
Sculpture = શિલ્પકલા
Shaft = દંડ
Slab = ફલક
Slab-inscription = ફલકલેખ
Stone = શિલા
Stone-pillar = શિલાસ્તંભ
Successor = ઉત્તરાધિકારી
Tradition = અનુશ્રુતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir







૧. અભિલેખોનાં પ્રાપ્તિ-સ્થાનોનો નકશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir







૨ (આ). અશોકનું રાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir







૨ (આ). અશોકના વિદેશી સંપર્ક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






૩. અશોકના અભિલેખોની બ્રાહ્મી લિપિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






૪. અશોકના અભિલેખોની બ્રાહ્મી લિપિ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૫. કોલ્હુહા સ્તંભ



૬. લૌરિયા-નંદનગઢ સ્તંભ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૭. રામપુરવા સ્તંભની સિંહ-શિરાવટી



૮. સંકિસા સ્તંભની ગજ-શિરાવટી


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૯. રામપુરવા સ્તંભની વૃષભ-શિરાવટી




૧૦. સારનાથ સ્તંભની સિંહ-શિરાવટી


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






૧૧. અલાહાબાદ સ્તંભ-શિરાવટીનું ફલક



૧૨. સુદામા ગુફા




૧૩. લોમશ ઋષિ ગુફા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






૧૪. લોમશ ઋષિ ગુફાનું પ્રવેશદ્વાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૧૫. અશોકના ધર્મલેખ દર્શાવતો ગિરનાર શૈલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






૧૬. ગિરનાર શૈલલેખ નં. ૧--૨

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





૧૭. દિલ્હી—ટોપરા સ્તંભલેખ નં. ૧

For Private And Personal Use Only



૨૮. રુમ્મિનદેઈ ગામ સ્તંભલેખ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લેખક વિશે

**શ્રી. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**

બી.એ. (પ્રથમ વર્ગ) ૧૯૪૦
એમ.એ. (દ્વિતીય વર્ગ) ૧૯૪૨
પીએચ.ડી. ૧૯૪૭
વિષય : સંસ્કૃત (એપિગ્રાફી સાથે)
} મુંબઈ યુનિવર્સિટિ

૧૯૪૨થી અનુસ્નાતક અધ્યાપન—ફેલો તરીકે
૧૯૪૫થી ,, ,, —અધ્યાપક તરીકે
સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક
પીએચ.ડી. માટે પણ બન્ને વિષયોમાં માન્ય માર્ગદર્શક
હાલ—અધ્યક્ષ તથા અધ્યાપક :
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ-૯
ભારતીય સંસ્કૃતિ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ
પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ૭ અને સંસ્કૃતમાં ૧ મળી કુલ ૮ વિદ્યાર્થીઓ તેઓના માર્ગદર્શન નીચે પીએચ.ડી. થયા છે.

## લેખકનાં અન્ય પ્રકાશનો

**મૌલિક પુસ્તકો**

૧. 'હડપ્પા ને મોહેં જો-દડો' (૧૯૫૨)
૨. 'મૈત્રકકાલીન ગુજરાત', ભાગ ૧ (૧૯૫૫)
૩. 'મૈત્રકકાલીન ગુજરાત', ભાગ ૨ (૧૯૫૫)
૪. 'ઈન્ડોનેશિયામાં' (૧૯૫૭)
૫. 'Chronology of Gujarat' (as one of the contributors) (1960)
૬. 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' (૧૯૬૪), ગુજરાત યુનિવર્સિટી
૭. 'સિલોન' (૧૯૬૯), ગુજરાત યુનિવર્સિટી
૮. 'પ્રાચીન ભારત' : ભાગ ૧ અને ભાગ ૨ (૧૯૭૦) ગુજરાત યુનિવર્સિટી

**સંપાદન**

૯. 'સાંખ્યસાર તથા યોગસાર' (૧૯૫૨)
૧૦. 'સુમુખ આખ્યાન તથા નૃસિંહવર આખ્યાન' (૧૯૫૪)
૧૧. 'એકાદશી માહાત્મ્ય' (૧૯૫૫)
૧૨. 'कारकसंबन्धोद्योत' (संस्कृत) (१९५६)
૧૩. 'शब्दरत्नप्रदीप' (संस्कृत) (१९५६)
૧૪. 'કરુણાશંકર : શિક્ષકવિભૂતિ' (૧૯૬૧)
૧૫. 'काव्यशिक्षा' (संस्कृत) (१९६४)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સહાયથી પ્રસિદ્ધ થયેલા
## ગુજરાત યુનિવર્સિટીનાં માનવવિદ્યાવિષયક પ્રકાશનો

**મૌલિક પ્રકાશનો** રૂ. પૈ.

૧. પ્રાચીન ભારત, ભાગ ૧ [લે. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી] ... ૧૦--૦૦
૨. પ્રાચીન ભારત, ભાગ ૨ [લે. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી] ... ૧૧--૦૦
૩. ઑડિટિંગ ... ૧૧--૦૦
[લે. શ્રી. એમ. એમ. ચોકસી અને શ્રી. એમ. એમ. પટેલ]
૪. આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સિદ્ધાંત ... ૩--૫૦
[લે. શ્રી. એચ. કે. ત્રિવેદી]
૫. સહકારી મંડળીનો કાયદો અને વ્યવસ્થા ... ૧૧--૦૦
[લે. શ્રી. વાય. ટી. દેસાઈ અને શ્રી. રજનીકાંત શેઠ]
૬. વસિયતનામાનો કાયદો [લે. શ્રી. વી. આર. રણદીવે] ... ૮--૦૦
૭. સહકારી વેચાણ અને વ્યવહાર [લે. શ્રી. જે. એમ. મુલાણી] ... ૫--૦૦
૮. ભારતમાં સમવાયતંત્ર [લે. શ્રી. વી. એન. ગજેન્દ્રગડકર] ... ૩--૫૦
૯. સહકાર સિદ્ધાંતો : ઉદ્ભવ અને વિકાસ ... ૨--૨૫
[લે. શ્રી. જે. કે. ફડકે]
૧૦. અઢારસો સત્તાવન [લે. ડૉ. આર કે. ધારૈયા] ... ૮--૦૦
૧૧. નકશાશાસ્ત્ર ... ૧૧--૫૦
[લે. શ્રી. આઈ. યુ. દવે અને શ્રી. એન. જી. દીક્ષિત]
૧૨. જાપાનની શિક્ષણવ્યવસ્થા [લે. શ્રી. ઈશ્વરભાઈ પટેલ] ... ૪--૫૦
૧૩. બાળમનોવિજ્ઞાન [લે. ડૉ. લીલાબહેન શાહ] ... ૫--૫૦
૧૪. ફુગાવો [લે. શ્રી. આર. વી. શાસ્ત્રી] ... ૩--૨૦
૧૫. સહકાર અને રાજ્ય [લે. શ્રી. સી. એસ. રાઠોડ] ... ૫--૫૦
૧૬. પુસ્તક પસંદગી પરિચય [લે. શ્રી. ડી. એન. શુકલ] ... ૩--૬૦
૧૭. ભારતીય ઈતિહાસની સા[illegible] ...મના શ. શાહ] ... ૪--૩૦
૧૮. ભારતીય સંસ્કૃતિના વિક[illegible] ...ર ... ૫--૫૦
[લે. શ્રી. વિજયસિંહ
૧૯. સહકાર : સિદ્ધાંત અ[illegible] ... ૧૧--૦૦
[શ્રી. ડી. એમ. શી
૨૦. પ્રયોગાત્મક રાંધણકળા [લે. શ્રીમતી [illegible]] ... ૪--૫૦

Serving JinShasan
133532
gyanmandir@kobatirth.org

**અનુવાદિત પ્રકાશનો**

૨૧. ઈતિહાસનો અભ્યાસ ... ૨૧--૦૦
[અનુ. શ્રી. પી. વી. પાઠક, લે. શ્રી. ટોયન્બી]
૨૨. નીતિશાસ્ત્રપ્રવેશ ... ૨૫--૦૦
[અનુ. ડૉ. બી. જી. દેસાઈ, લે. શ્રી. જે. એસ. મેકેન્ઝી]
૨૩. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો સરળ ઈતિહાસ ... ૨૨--૫૦
[અનુ. ડૉ. જે. એ. યાજ્ઞિક, લે. શ્રી. એ. કે. રોજર્સ]
૨૪. અર્વાચીન રાજ્યબંધારણો ... ૧૨--૫૦
[અનુવાદકો : શ્રી. ગિરીશ સી. પટેલ, શ્રી. કાંતિલાલ ડી. શાહ
લે. શ્રી. સી. એફ. સ્ટ્રૉંગ]

---

**નોંધ.**—ઉપરોકત તમામ પ્રકાશનો મેસર્સ બાલગોવિંદ બુકસેલર્સ, ગાંધી રોડ, બાલાહનુમાન પાસે, અમદાવાદ–૧ પાસેથી મળી શકશે.

For Private And Personal Use Only